શ્રી અરવિન્દ ઘોષ રચિત

કારાવાસની કહાણી

વ્યાખ્યાનો, પત્રો અને લેખો

અનુવાદક:

ન. જ. ત્રિવેદી

રાષ્ટ્રીય સાહિત્ય કાર્યાલય,

અમદાવાદ.

સંવત ૧૯૭૮.

શ્રી અરવિન્દ ઘોષ રચિત

કારાવાસની કહાણી,

વ્યાખ્યાનો, પત્રો અને લેખો

અનુવાદક:

નવલરામ જ. ત્રિવેદી.

રાષ્ટ્રીય સાહિત્ય કાર્યાલય,

અમદાવાદ.

પ્રત ૧૧૦૦, સંવત ૧૯૭૮.

મૂલ્ય ૨૦ આના.

પ્રકાશક :

ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક.

રાષ્ટ્રીય સાહિત્ય કાર્યાલય તરફથી

અમદાવાદ

મુદ્રક:

ચીમનલાલ ઈશ્વરલાલ

'વસન્ત' મુદ્રણાલય

રાયપુર, અમદાવાદ.

પણ આવા એક મહાત્માના લેખનું ગુજરાતી પ્રગટ થાય, અને તેની ભાવનાઓ ગુજરાતી પ્રજા સમક્ષ રજુ થાય એ આપણી રાષ્ટ્રીય પ્રગતિનું રહસ્ય સમજવા માટે તેમજ ગુજરાતી સાહિત્યના સર્વદેશીય વિકાસ માટે જરૂરનું છે.

આ સંગ્રહમાં થોડાક જ લેખો આપ્યા છે. મને આશા છે કે ભાઇ ચન્દુલાલ બીજા લેખોનો સંગ્રહ બહાર પાડી અરવિંદાવલિ પુરી કરશે.

મુંબાઈ,
તા. ૨૧–૩–૨૨.

કનૈયાલાલ મા. મુનશી.

અનુક્રમણિકા

પ્રસ્તાવના

૧ કારાવાસની કહાણી ૧

૨ વ્યાખ્યાનો

૧ ઉત્તરપાડા ૭૦

૨ મુંબાઇ ૭૯

૩ પત્રો

૧ મૃણાલિની પરના પત્રો ૧–૨–૩ ૯૪

૨ બારીન્દ્રકુમાર પરનો પત્ર ૪ ૧૦૫

૪ લેખો

૧ સરજનહારનો હથોડો ૧૧૮

૨ મારા દેશબંધુઓ જોગ
ખુલ્લો પત્ર ૧૨૨

૩ મારા દેશબંધુઓ પ્રત્યે ૧૩૭

૫ અરવિંદ ઘોષ
પરિશિષ્ટ क ૧૪૧

૬ અરવિંદ ઘોષના જીવનના કેટલાક પ્રસંગો
પરિશિષ્ટ ख ૧૪૫



અરવિન્દ ઘોષ.

By Courtesy of "Samalochak."

કારાવાસની કહાણી

હું તા. ૧ લી મે સને ૧૯૦૮ ને શુક્રવારના રોજ 'વન્દે-માતરમ્' પત્રના કાર્યાલયમાં બેઠો હતો, ત્યાં શ્રીયુત્ શ્યામસુંદર ચક્ર-વર્તીએ મુઝફ્ફરપુરનો એક તાર મારા હાથમાં મૂક્યો. તાર વાંચતાં મને માલમ પડ્યું, કે મુઝફ્ફરપુરમાં બંબ ફેંકવામાં આવ્યો છે, અને તેથી બે મડમોનાં ખુન થયાં છે. તે દિવસના 'એમ્પાયર' નામના અંગ્રેજી પત્રમાં એમ પણ વાંચવામાં આવ્યું, કે પોલીસ કમિશ્નર કહે છે, કે "આ કરપીણ કામમાં સામેલ પ્રત્યેક જણને અમે સારી પેઠે ઓળખીએ છીએ, ને તે બધાને તાકીદથી હાથ કરવામાં આવશે." તે સમયે હું જાણતો નહતો, કે પોલીસના મત પ્રમાણે હુંજ મુખ્ય ગુન્હેગાર છું, અને રાજ્યક્રાન્તિવાદી નૌજવા-નોનો સલાહકાર અને ગુપ્ત નેતા મનેજ માનવામાં આવે છે. હું જાણતો નહતો, કે આજનો દિવસ મારા જીવનના એક ભાગનો અંતિમ અધ્યાય છે, મારી સન્મુખ એક વર્ષનો જેલનિવાસ છે. આ સમયે જ મનુષ્ય જીવન સાથે જે કાંઇ બંધન છે, તે સર્વ છિન્ન-ભિન્ન થશે. એક વર્ષ સુધી માણસના સહવાસની બહાર પશુની માફક પિંજરામાં પૂરાઈ રહેવું પડશે, અને પછીથી જ્યારે કર્મક્ષેત્રમાં પાછો આવીશ, ત્યારે જૂનો પરિચિત અરવિન્દ નહિ રહું, પણ એક નવોજ માણસ, નવું ચરિત્ર, નવી બુદ્ધિ, નવો પ્રાણ ને નવું મન લઇને અને એક નવા કામની જવાબદારી માથે લઇને અલીપુર "આશ્રમ" માંથી બહાર નીકળીશ.

મેં ઉપર 'એક વર્ષનો જેલનિવાસ' શબ્દો વાપર્યા છે, પણ તેને "એક વર્ષનો વનવાસ" અથવા એક વર્ષનો "આશ્રમવાસ" કહેવો જોઇએ. બહુ દિવસથી હું હૃદયવાસી નારાયણના સાક્ષાત્ દર્શન કરવાનો પ્રબલ પ્રયત્ન કરી રહ્યો હતો. મારા હૃદયમાં તીવ્ર ભાવના થયા કરતી હતી, કે જગદાધાર પુરુષોત્તમને બંધુભાવથી અથવા પ્રભુભાવથી પ્રાપ્ત કરૂં. પણ સંસારની હજારો વાસનાઓનું બંધન, અનેક કામની જંજાળ અને અજ્ઞાનરૂપી અંધકારને લીધે સફળતા મળી શકતી ન હતી. અંતે પરમદયાળુ મંગળમૂર્તિ શ્રીહરિએ તે સર્વ શત્રુઓનો એકી સામટોજ અંત લાવી, મારો માર્ગ ખુલ્લો કરી દીધો. પ્રભુએ મને યોગાશ્રમ બતાવ્યું, અને પોતે ગુરુરૂપે, સખારૂપે, તે કંગાળ કોટડીમાં આવી પ્રત્યક્ષ થયા. તે યોગાશ્રમ એટલે અંગ્રેજોની જેલ! હું મારા જીવનમાં સદા એક આશ્ચર્ય જોતો આવ્યો છું, કે મારા પરમ શુભેચ્છક મિત્રો મારા પર ગમે તેટલો ઉપકાર કાં ન કરે, તો પણ તેમની સાથે સરખાવતાં મારૂં અહિત ઇચ્છનારાઓ—શત્રુ કોને કહું? મારે શત્રુ છેજ નહિ—તરફથી મારા પર અધિક ઉપકાર થતો રહ્યો છે. મારૂં અનિષ્ટ ઇચ્છનારાઓને હાથે મારૂં ઇષ્ટજ થતું રહ્યું છે! બ્રિટીશ સરકારની કોપદૃષ્ટિનું ફળ એ આવ્યું, કે મને ભગવાન મળ્યા! આ લેખ પ્રકટ કરવામાં મારો ઉદ્દેશ જેલનિવાસ દરમિયાનના મારા આંતરિક જીવનનું બ્યાન આપવાનો નથી. આ સમયે તો એક બે ઉપર ઉપરનીજ બાબતો કહેવાની ઇચ્છા છે. જેલનિવાસ દરમિયાનનો મુખ્ય ભાગ આરંભમાંજ પ્રકટ કરવાનું એટલા માટે ઉચિત માનું છું, કે તેથી વાંચક એમ ન સમજે કે જેલમાં કેવળ કષ્ટજ હતું. હું એમ નથી કહેતો, કે કષ્ટ ન હતું, પરંતુ હું ખાત્રીપૂર્વક કહી શકું છું, કે મારો ઘણોખરો સમય આનંદમાંજ પસાર થતો હતો.

શુક્રવારે રાત્રે હું નચિંત મનથી સૂઈ રહ્યો હતો. પ્રભાતે લગભગ પાંચ વાગે મારી બ્હેન ગભરાયેલી સ્થિતિમાં મારા ખંડમાં

આવી, અને નામ દઇ મને બોલાવવા લાગી. હું જાગી ઉઠયો. એક ક્ષણમાં મારો નાનકડો ઓરડો હથિયારબંધ સિપાઇઓથી ભરાઇ ગયો. તેમાં સુપ્રિન્ટેન્ડન્ટ ક્રેગન, ૨૪ પરગણાના ક્લાર્ક સાહેબ, આપણા જાણીતા શ્રીમાન્ વિનોદકુમાર ગુપ્તની આનંદી અને લાવણ્ય-મયી મૂર્તિ, કેટલાક ઈન્સ્પેકટરો, સિપાઇ, ડિટેકટીવ અને જડતીના સાક્ષીઓ પણ હતા. તે સર્વ લોકો હાથમાં પિસ્તોલો રાખી એવી વીરતાથી દોડી આવ્યા, કે જાણે તેમને કોઈ તોપ અને બંદુકોથી સુરક્ષિત થયેલો કિલ્લો સર કરવો હોય! મેં મારી નજરે તો જોયું નહિ, પણ પાછળથી સાંભળ્યું, કે એક ગોરી ચામડીવાળાએ મારી બ્હેનની છાતીપર પણ બંદુક તાકી રાખી હતી. હું બિછાનાપર બેઠો હતો, અને મારી આંખોમાં ઉંઘ ભરી હતી, તે સમયે ક્રેગન સાહેબે મને પૂછ્યું, "અરવિન્દ ઘોષ કોણ છે?" મેં જવાબ આપ્યો, "હં, હુંજ અરવિન્દ ઘોષ છું." તે સાંભળતાં જ તેણે એક સિપા-ઈને મને કેદ કરવાનો હુકમ કર્યો. ત્યાર પછી ક્રેગને એક એવી અસભ્ય વાત કહી, કે તે પર અમારા વચ્ચે કાંઈ વાદવિવાદ પણ થઇ ગયો. મેં જડતીનું વારંટ માગ્યું, અને વાંચી તે પર સહી કરી. વારંટમાં બંબગોળાની વાત જોઈ હું જાણી ગયો, કે આજ અહીં પોલીસ ફોજની સ્વારી મુઝફરપુરમાં થયેલ ખુન બાબત આવી લાગે છે, પણ મારી સમજમાં આવી શકયું નહિ, કે બંબ અથવા બીજા ફાટી નીકળે તેવા પદાર્થ મારા ઘરમાંથી મળી આવ્યા પહેલાં જ, અને મારા નામનું કોઇ વારંટ નીકળ્યા સિવાય, મને કેમ પકડવામાં આવ્યો. પણ તે બાબતમાં મેં કાંઈ તકરાર કરી નહિ. ત્યારબાદ ક્રેગન સાહેબ-ના હુકમથી મારા હાથમાં હાથકડી અને કેડે દોરડું બાંધી દેવામાં આવ્યું. એક હિન્દુસ્થાની સિપાઈ તે દોરડું પકડી મારી પછવાડે ઉભો રહ્યો. તે વખતે શ્રીયુત્ અવિનાશચંદ્ર ભટ્ટાચાર્ય અને શ્રીયુત્ શૈલેન્દ્ર બાબુને સિપાઇઓ ઉપર લઈ આવ્યા. તેમને પણ હાથમાં હાથકડી અને કેડે દોરડું બાંધેલું હતું. અર્ધા કલાક પછી કોણ જાણે કોના

હુકમથી અમારા હાથની હાથકડીઓ અને કેડનાં દોરડાં કાઢી નાંખવામાં આવ્યાં. ક્રેગન સાહેબની વાતો પરથી એમ દેખાઇ આવતું, કે જાણે તે કોઈ હિંસક પ્રાણીની બોડમાં ઘુસ્યા હોય, અને અમે બધા જંગલી, હિંસક અને સ્વભાવથીજ કાયદાનો ભંગ કરનાર માણસો હોઇએ! અમારી સાથે સારી રીતે વર્ત્તવું, અથવા અમારી સાથે સારા માણસોની પેઠે વાત કરવી, તે ક્રેગન સાહેબને નિરર્થક લાગતું હતું. પણ મારી સાથેની તકરાર પછી તે જરા શાન્ત થઈ ગયો હતો. અમારા વિષે વિનોદબાબુએ તેને શાથે વાત કરી, કે તે ઉપરથી ક્રેગને મને કહ્યું, "મેં સાંભળ્યું છે, કે તમે બી. એ. થયેલા છો. તમારા જેવા ભણેલાગણેલા લોકો આવા મકાનમાં અને બિછાના વિનાના ઓરડામાં રહે, અને જમીનપર સુઇ રહે, એ શરમાવા જેવું નથી?" મેં કહ્યું, "હું ગરીબ માણસ છું, અને તેથી ગરીબની માફક જ રહું છું." એટલે સાહેબ બહાદૂર બરાડી ઉઠયા, "ત્યારે તમે પૈસાદાર થવા માટેજ આ કાવતરૂં રચ્યું છે કે શું?" હું ચેતી ગયો, કે દેશપ્રેમ, સ્વાર્થત્યાગ અને ઐચ્છિક ગરીબાઇનું મહત્ત્વ આ જડ બુદ્ધિના અંગ્રેજને સમજાવવું મુસ્કેલ છે, તેથી મેં તેવો પ્રયત્ન પણ ન કર્યો.

આ સમયે જડતી લેવાનું કામ ચાલતું હતું. તે સવારના સાડાપાંચથી શરૂ થયું હતું, અને લગભગ સાડા અગિયાર વાગે પૂરૂં થયું. પેટીઓમાં અને બહાર જે કાંઈ નકલો, પત્રો, ચિઠ્ઠીઓ, કવિતા, નાટક, પદ્ય, ગદ્ય, નિબંધ, અનુવાદ વગેરે જોવામાં આવ્યું, તેમાંથી એકે વસ્તુ આ સર્વભક્ષક જડતી લેનારાઓના પંજામાંથી બચી શકતી ન હતી. જડતીના સાક્ષીઓમાં એક 'રક્ષિત' નામના ગૃહસ્થ હતા. તે જરા ઉદાસ દેખાતા હતા. તેમણે ઘણા કરૂણ અવાજે મને કહ્યું, "પોલીસ અચાનક કાંઇપણ બોલ્યા ચાલ્યા વિના મને અહીં પકડી લાવેલ છે. મને જરાયે ખબર નહિ, કે આવા નીચ કામમાં

મારે મદદ કરવી પડશે." પોતાના સપડાવાની આ વાત રક્ષિત–બાબુએ ઘણી કરૂણાજનક રીતે કહી સંભળાવી. અમરનાથ નામના બીજા સાક્ષીની સ્થિતિ વળી જૂદીજ તરેહની હતી. તે બહુ ઉત્સાહ-થી એક સાચા રાજભક્તની જેમ જડતીના કામમાં દોડાદોડ કરી રહ્યા હતા. કેમ જાણે તેમના જન્મનું સાર્થક જડતી લેવાનાજ કાર્યમાં થતું હોય ! જડતી સમયે બીજી કાંઈ ખાસ લખવા જેવી બાબત બની નહિ. ફક્ત એક ન્હાનીશી વાત યાદ આવે છે. દક્ષિણેશ્વરની થોડી માટી એક ન્હાના પુંઠાના ખોખામાં પડી હતી, તેની સામે ક્લાર્ક સાહેબ ઘણીવાર સુધી તાકીને જોઇ રહ્યા. કેમ જાણે તેમણે એક નવો ભયંકર ફાટી નીકળે તેવો પદાર્થ શોધી કાઢ્યો હોય ! ક્લાર્ક સાહેબની આ શંકા પાયા વિનાની પણ કેમ કહી શકાય ? પણ અંતે નક્કી થયું, કે તે તો માટીજ હતી, અને રસાયનશાસ્ત્રીની પાસે પૃથક્કરણને માટે તે મોકલવાની જરૂર ન હતી. જડતી દરમિયાન મારૂં કામ તો ફક્ત પેટીઓ ઉઘાડવા પૂરતુંજ હતું. મને કોઈએ એકે કાગળપત્ર બતાવ્યો નહિ, અને વાંચી સંભળાવ્યો નહિ. ફક્ત અલક-ધારીજીનો એક પત્ર ક્લાર્ક સાહેબે પોતાનું મન રંજન કરવા માટે મોટેથી વાંચ્યો હતો. પ્રિય ભાઈ વિનોદગુપ્ત પોતાની સ્વાભાવિક લલિત ઢબે પગલાંઓ ભરી ઓરડી ધ્રુજાવી રહ્યા હતા, અને એકાદ કાગળ હાથમાં આવતાં "ઘણો જરૂરી, ઘણો જરૂરી" કહી ક્રેગન સાહેબને સુપરત કરતા હતા. હું જાણી શકતો નહતો, કે ઘણો જરૂરી કાગળ કયો હતો, અને મને જાણવાની ઇચ્છા પણ નહતી. કારણ મને ખાત્રી હતી, કે મારા મકાનમાં ફાટી નીકળે તેવો પદાર્થ બનાવવા સંબંધી અથવા કાવતરા સંબંધી કોઈ કાગળ હોય, તે અ-સંભવિત હતું.

•

મારા ઓરડાની બરાબર જડતી લેવાયા પછી પોલીસ અમને પાસેના ખંડમાં લઇ ગઇ. ક્રેગન સાહેબે બીજા ઓરડામાં જઇને

મારાં નાનાં માશીની પેટી ખોલી. એક બે વાર તેમના પત્રો પર નજર ફેરવી, અને પછી "સ્ત્રીઓના પત્ર લેવાની કાંઇ જરૂર નથી" એમ કહી, તેણે તે પત્રો ત્યાંજ રહેવા દીધા. ત્યાર પછી પોલીસ સૌથી નીચલા માળપર આવી, ત્યાં ક્રેગન સાહેબે ચાપાણી કર્યાં. મેં પણ એક પ્યાલો કોકો અને થોડી રોટી ખાધી. ત્યાં ક્રેગન સાહેબે પોતાના રાજનૈતિક વિચારો, યુક્તિ અને તર્કથી સાબીત કરવાનું આદર્યું. હું શાન્તિથી આ મનોવ્યથા સહન કરતો બેસી રહ્યો. આપણે ઘડીભર એમ માની લઈએ, કે શરીરપર અત્યાચાર કરવો, એ પોલીસની પરાપૂર્વની રૂઢી છે. પણ મન પર એવો હેવાનિયતભર્યો અત્યાચાર કરવો, એ કયા અણલખ્યા કાયદાને આધારે છે, એ સમજાતું નથી. હું આશા રાખું છું, કે આપણા પરમ માન્યવર દેશહિતેચ્છુ યોગેન્દ્રચન્દ્ર ઘોષ આ બાબતમાં ધારાસભામાં પ્રશ્ન ઉઠાવશે.

નીચેના ખંડોની અને 'નવશક્તિ' પત્રના કાર્યાલયની બારીક જડતી લીધા પછી પોલીસ એક ટ્રંક ઉઘાડવા માટે બીજા માળ પર ગઈ. ટ્રંક 'નવશક્તિ' ના દફતરની હતી. અર્ધો કલાક માથું ફૂટયા છતાં ટ્રંક ઉઘડી નહિ, ત્યારે તેને થાણાપર લઇ જવાનો ઠરાવ થયો. તેવામાં પોલીસના એક સાહેબે મકાનમાંથી એક બાઇસીકલ ખોળી કાઢી. તેના પર "કુષ્ટીયાર" રેલ્વેસ્ટેશનનો લેબલ લગાવેલો હતો. પછી શું બાકી રહે? તેણે તો એમ જ માની લીધું, કે કુષ્ટીયારના સાહેબને ગોળીથી ઉડાવનાર માણસની જ આ બાઇસીકલ છે. તેથી બહુજ આનંદમાં આવી જઈને પૂરાવાના આ મહાન સાધનને તેણે સાથે લઇ લીધું.

લગભગ સાડાઅગિયાર વાગે અમે અમારા મકાનપરથી નીકળ્યા. ઝાંપાની બહાર મારા માસા અને શ્રીયુત્ ભૂપેન્દ્રનાથ બસુ ગાડીમાં બેઠેલા મળ્યા. માસાજીએ પૂછયું, "કેમ? કયા ગુન્હા માટે પકડાયા છો?" મેં કહ્યું, "મને ખબર નથી. આ લોકો મારા ઘરમાં

ઘુસી આવી મને પકડી લાવ્યા છે, મારા હાથમાં હાથકડીઓ નાંખી દીધી છે, પણ મારા નામનું કોઈ વારંટ મને બતાવવામાં આવ્યું નથી." મારા માસાએ હાથકડી નાંખવાનું કારણ પૂછ્યું, ત્યારે વિનોદબાબુ બોલ્યા, "જુઓ, આમાં મારો કાંઈ દોષ નથી. તમે અરવિન્દ બાબુને પૂછો, કે મેં તો સાહેબને કહી હાથકડીઓ કઢાવી હતી કે નહિ?" પછી ભૂપેન્દ્રબાબુએ મારા ગુન્હા વિષે પૂછ્યું, ત્યારે ગુપ્ત મહાશયે "ખુન" ની કલમ બતાવી. તે સાંભળીને ભૂપેન્દ્ર બાબુ તો સડક જ થઈ ગયા. પાછળથી મારા સાંભળવામાં આવ્યું, કે અમારા વકીલ શ્રીયુત્ હિમેન્દ્રનાથ દત્તે ગેસ્ટ્રીટમાંથી આવીને અમારી તપાસ વખતે હાજર રહેવાની માગણી કરી હતી, પણ પોલીસે તેમને પાછા ધકેલ્યા હતા.

અમને ત્રણેને થાણાપર પહોંચાડવાનું કામ વિનોદબાબુને માથે આવ્યું. તેમણે થાણાપર પહોંચ્યા પછી અમારી સાથે બહુ સારૂં વર્ત્તન ચલાવ્યું. થાણાપર પહોંચી, ન્હાઈ, ધોઈ અમે લાલબજાર તરફ રવાના થયા. કેટલાક કલાક લાલબજારમાં બેસાડી મૂકયા પછી અમને રાયડ સ્ટ્રીટમાં પહોંચતા કરવામાં આવ્યા. સાંજ સુધી અમે તે મહાશુભસ્થાને બેસી રહ્યા. રાયડ સ્ટ્રીટમાં ડિટેકટીવકેસરી મૌલવી શમશુલઉલ્મા સાથે અમારે પહેલીવારની મુલાકાત થઈ, અને પરસ્પરમાં થોડો ઘણો સ્નેહ પણ બંધાઈ ગયો. તે સમયે મૌલવી સાહેબમાં અત્યારના જેટલો ઉત્સાહ ન હતો, કારણ તે સમયે તે ન હતા બંબ કેસમાં મુખ્ય તપાસ કરનાર, કે ન હતા નોર્ટન સાહેબની સાક્ષાત્ સ્મરણશક્તિ! અત્યાર સુધી રામસદય બાબુજ આ બધા કામમાં વરના બાપ થઇને ફરતા હતા. મૌલવી સાહેબે મને ધર્મ સંબંધી મહાભારત ઉપદેશ કર્યો. જનાબ બોલ્યા, "હિન્દુ અને મુસલ્મીન બન્ને ધર્મનો મૂળ મંત્ર એક જ છે. હિન્દુના ૐ કારની ત્રણ માત્રા, 'અ,' 'ઉ' ને 'મ' અને કુરાનના પહેલા ત્રણ અક્ષર

અ, લ્, ને મ, એકજ છે. કારણ ભાષાશાસ્ત્રના નિયમ પ્રમાણે 'લ' ને ઠેકાણે 'ઉ' વાપરી શકાય, માટે હિન્દુ અને મુસલમાન બન્નેનો મંત્ર એકજ છે. તોપણ પોતપોતાના ધર્મને જૂદો રાખવો જોઇએ. મુસલમાનો સાથે ભોજન કરવું, એ હિન્દુઓ માટે પાપરૂપ છે. પણ સાચું બોલવું, એ તેમના ધર્મની ફરજ છે. સાહેબ લોકો કહે છે, કે અરવિન્દ ઘોષ ખુની ટોળીના નાયક છે; આ વાત હિન્દુસ્થાન માટે દુઃખદાયક અને શરમભરેલી છે. પણ સાચું બોલવાથી હજી પણ બાજી હાથ રાખી શકાય તેમ છે. મને ખાત્રી છે, કે અરવિન્દ ઘોષ અને બિપીનબાબુ જેવા ઉચ્ચ ચારિત્ર્યના આદમીઓ પોતાનું દરેક કામ ખુલ્લા દિલથી કબુલ કર્યા વિના નજ રહે." શ્રીયુત્ પૂર્ણચન્દ્ર લાહીડી ત્યાં હાજર હતા. તેમણે આ બાબતમાં શંકા બતાવી, પણ મૌલવી સાહેબે પોતાનું નાકું પકડી રાખ્યું. મૌલવી સાહેબની વિદ્યા, બુદ્ધિ, અને ધર્મપરાયણતા જોઇ હું સાનંદાશ્ચર્ય પામ્યો. તે સમયે વધારે બોલવું, તે ધૃષ્ટતા ગણાય, એમ સમજી મેં નમ્રભાવથી તેમના અમૂલ્ય ઉપદેશામૃતનું પાન કર્યા કર્યું, અને ભારેપ્ર યત્ન કરી મારા હૃદયપટપર તેની છાપ પણ પાડી દીધી. એટલા બધા ધર્મ-પરાયણ હોવા છતાં મૌલવી સાહેબ ડિટેકટીવની નોકરી છોડી શકતા નહતા. તેમણે મને કહ્યું, "તમારા નાના ભાઈ બારીન્દ્રકુમારને બંબ બનાવવા માટે તમારો બગીચો વાપરવા આપવામાં તમે જબરી ભૂલ કરી છે. ડાહ્યા માણસે એવું કરવું ઠીક નહિ." મેં કહ્યું, "બાગ જેમ મારો છે, તેમ મારા નાના ભાઇનો પણ છે. છતાં ધારો કે મેં તેને બાગ આપ્યો, તોપણ તમે એમ કેમ કહી શકો, કે મેં તે બંબ-ગોળા બનાવવા માટેજ આપ્યો ?" તે પરથી મૌલવી સાહેબ જરા ઝંખવાણા પડી ગયા, અને બોલ્યા, કે "ના, ના, મારૂં કહેવું તો એમજ હતું, કે તમે કદાચ એમ કર્યું હોય." પછીથી તો આ મહાત્માએ પોતાના જીવનનો એક અધ્યાય જ અમારા આગળ શરૂ કરી દીધો, અને બોલ્યા, "જીંદગીમાં મારી જે કાંઈ નૈતિક અને

આર્થિક ઉન્નતિ થઈ છે, તેનું મૂળ કારણ મારા પિતાની એક અમૂલ્ય શિખામણ છે. તે હંમેશાં કહ્યા કરતા, કે "મોંએ આવેલો કોળીઓ કદી પાછો ઠેલવો નહિ." આ મહાવાક્ય મારી છાતીએ જડાઈ ગયું છે, અને તે પ્રમાણે ચાલવાથીજ મારી આટલી ઉન્નતિ થઇ છે." આ વાત કહેતાં મૌલવી સાહેબે મારા તરફ તીણી નજરથી જોયું. તેપરથી મને લાગ્યું, કે તે સમયે તેના મોંએ આવેલો કોળીઓ હુંજ હતો! સાંજે આપણા જાણીતા અને માનીતા શ્રીયુત્ રામસદય મુખોપાધ્યાય એકાએક ફુટી નીકળ્યા. તેમણે અમારા માટે ઘણી લાગણી અને દયા બતાવી, અને સૌને અમારા ખાવા-સૂવાની બાબતમાં સંભાળ રાખવાની સૂચના કરી દીધી. થોડી વારમાં કેટલાક લોકો મને અને શૈલેન્દ્રને લાલબજારની ચોકીપર લઇ જવા માટે આવ્યા. એ વખતે વરસાદ જોસથી વરસી રહ્યો હતો, અને પવન પણ વા'તો હતો. રામસદયબાબુ સાથે ફક્ત ત્યારેજ મારે એકવાર વાતચીત થઈ. મને તે બહુ ચાલાક અને ઉદ્યોગી માણસ લાગ્યા, પણ તેમની વાતમાં કૃત્રિમતા અને ઢોંગ સાફ દેખાઈ આવતાં હતાં. અને એમ જ લાગતું હતું, કે જાણે તે કોઇ નાટકના તખ્તા-પર પાઠ ભજવી રહ્યા હોય! કેટલાક માણસોનાં શરીર, વચન અને રીતભાત સર્વે કૃત્રિમતાના અવતારરૂપ હોય છે: આવા માણસો કાચાપોચાના હૃદયપર ઝટ અસર કરી શકે છે, પણ મનુષ્ય સ્વભાવને જાણવાવાળાઓ પાસે તેમની પોલ તરતજ દેખાઇ આવે છે.

શૈલેન્દ્રને અને મને લાલબજાર ચોકીમાં બીજા માળપર એક મોટા ઓરડામાં રાખ્યા. ત્યાં અમને કાંઇ ખાવાનું તો મળ્યું નહિ, પણ ફક્ત પાણી આપવામાં આવ્યું. થોડી વારમાં બે અંગ્રેજો મારા ઓરડામાં આવ્યા. પાછળથી મેં જાણ્યું, કે તેમાંથી એક પોલીસ કમિશ્નર હૈલિડે હતો. અમને બન્નેને સાથે જોઇ હૈલિડે સાર્જન્ટપર ઘણો તપી ગયો, અને મારા તરફ નિશાની કરી બોલ્યો, "ખબરદાર,

આ માણસની સાથે કોઇ રહેવા અથવા વાત કરવા ન પામે." એટલે શૈલેન્દ્રને બીજા ઓરડામાં પૂરી દીધો. બધા ત્યાંથી ચાલ્યા ગયા પછી હૈલિડેએ મને કહ્યું, "આવા હિચકારા કામમાં જોડાતાં તમે શરમાતા નથી?" મેં કહ્યું, "આ કામમાં મારો હાથ છે, એમ માની લેવાનો તમને શો હક્ક છે?" તે બોલ્યા, "માની લીધું નથી, હું બધું જાણું છું." મેં કહ્યું, "તમે જાણો કે ન જાણો, પણ હું કદી માની શકું તેમ નથી, કે આ ખુન સાથે મારે કાંઈ લેવા દેવા હોય." આનો કાંઇ જવાબ હૈલિડેએ આપ્યો નહિ.

રાત્રે બીજા પણ કેટલાક સજ્જનો મને મળવા માટે પધાર્યા. તે બધા પોલીસવાળા જ હતા. તેઓ ચોક્કસ કાંઈક મતલબે આવતા હતા, પણ આજ સુધી મને તેનો પત્તો લાગ્યો નથી. હું પકડાયો તે પહેલાં દોઢ મહિના પર એક અજાણ્યો માણસ મને મળવા આવ્યો હતો. તેણે કહ્યું હતું, કે "ભાઇ સાહેબ, તમારી સાથે મારે કાંઇ પરિચય નથી, પણ તમારાપર મને ઘણો ભાવ છે, તેથી હું તમને ચેતવણી આપવા આવ્યો છું. કોનનગરમાં તમારે કોઇની સાથે કાંઈ ઓળખાણ છે? તમે કોઇ વાર ત્યાં ગયા છો? અથવા તમારૂં એકે મકાન ત્યાં છે?" મેં કહ્યું, "મારૂં ત્યાં મકાન બકાન નથી, પણ એક વાર હું ત્યાં ગયો હતો. અને ત્યારે કેટલાક માણસો સાથે મારે વાતચીત થઈ હતી." તેણે કહ્યું, "હું વધારે નથી કહેતો, પણ એટલુંજ કહું છું, કે હવેથી તમે કોનનગરના કોઈ માણસ સાથે કાંઈ સંબંધ રાખશો નહિ. ત્યાંના કેટલાક હરામખોર લોકો તમારા અને તમારા ભાઈ બારીન્દ્રના વિરૂદ્ધ કાવતરૂં રચી રહ્યા છે, અને થોડા વખતમાં તમે બન્ને મુશ્કેલીમાં આવી પડશો, એટલુંજ હું તમને કહીશ." મેં કહ્યું, "ભાઇ, આ બધી વાત જાણવાથી મને શો લાભ? પણ તમે મારા પર આટલો ભાવ રાખો છો, તે સારૂ હું તમારો પાડ માનું છું. આ બાબતમાં કાંઇ વધારે જાણવાની મારી

ઇચ્છા નથી, ઇશ્વર પર મને પૂરો ભરોંસો છે, તે મારૂં સદા રક્ષણ કરશે. આ બાબતમાં કાંઇ પ્રયત્ન કરવો, અથવા કાળજી રાખવી તે ફોકટ છે." આ બનાવ પછી આ વિષય સંબંધી મને કાંઈ ખબર પડી નહિ. પણ આજે રાત્રે મને ખાત્રી થઇ, કે મારા તે શુભેચ્છક-ની ચિંતા પાયા વગરની ન હતી. એક ઇન્સ્પેકટર અને કેટલાક પોલીસે આવી મને પૂછ્યું, "તમે કોનનગરના મૂળ રહેવાશી છો? ત્યાં તમારૂં મકાન છે? ત્યાં કદી ગયા છો? જો ગયા હો તો ક્યારે અને શા માટે? બારીન્દ્રની કોનનગરમાં કાંઈ મિલ્કત છે?" આ પ્રમાણે કેટલાક પ્રશ્નો તે લોકોએ મને પૂછ્યા. તેમની બધી વાતનો ભેદ જાણવા માટે હું બધા સવાલોના જવાબ દેતો રહ્યો, પણ તેમાં મારૂં કાંઈ વળ્યું નહિ. પોલીસના સવાલો અને તેમની વાતચીત પરથી ફક્ત એટલું જાણવામાં આવ્યું, કે પોલિસને કોઇ વાતની બાતમી મળી છે, અને તેના ખરાખોટાપણા વિષે તપાસ થઇ રહી છે. મેં અનુમાન કર્યું, કે જેમ તાઇ મહારાજ કેસની બાબતમાં લોકમાન્ય તિલકને જૂઠા, પાખંડી, દગાબાજ અને અત્યાચારી ઠરાવવાનો પ્રયત્ન કર્યો હતો, અને તે પ્રયત્નમાં સામેલ થઇ મુંબઇ સરકારે પ્રજાના પૈસાનું પાણી કર્યું હતું, તે જ પ્રમાણે અહીં પણ કોઈ લોકો અમને હેરાન કરવાની જાળ પાથરી રહ્યા છે.

રવિવારનો આખો દહાડો જેલમાં જ ગયો. અમારા મકાનની સામે એક સીડી હતી, તે પરથી એક નાની ઉમ્મરના યુવકને ઉતરતાં મેં સવારમાં જોયો. હું તેને ઓળખતો ન હતો, પણ અનુમાનથી લાગ્યું, કે એ લોકો પણ આ મામલામાં પકડાયેલા હશે. પાછળથી જણાયું, કે તે બધા છોકરાઓ માનિકતલ્લા બાગના હતા. એક મહિના પછી જેલમાંજ એ લોકો સાથે મારો પરિચય થયો. થોડી વાર પછી હાથ મ્હોં ધોવા માટે મને નીચે લઇ ગયા. ન્હાવાનું કાંઇ ઠેકાણું ન હોવાથી હું ન્હાઇ શક્યો નહિ. સવારમાં મને

ઉતરી ગયેલી દાળ અને ભાત ખાવા માટે મળ્યાં. મહા મુશીબતે એકાદ બે કોળીયા જેમ તેમ કરીને પેટમાં નાંખ્યા, પણ છેવટ ખાવું પડતું મૂક્યું. સાંજે માત્ર ચવાણું આપવામાં આવ્યું. ત્રણ દિવસ આમ ચાલ્યું, પણ સોમવારે સાર્જન્ટદેવ મારા પર પ્રસન્ન થયા, અને મને ગુપચુપ ચા અને રોટી ખાવા માટે આપ્યાં.

પાછળથી મેં એમ પણ સાંભળ્યું, કે અમારા વકીલે કમિશ્નર સાહેબ પાસે ઘેરથી ભોજન મંગાવવાની રજા માગી હતી, પણ હૅલિડે સાહેબે રજા આપી નહિ. એમ પણ સાંભળવામાં આવ્યું, કે અમારા વકીલ કે એટર્નીને પણ અમારી મુલાકાત લેવાદેવામાં આવી ન હતી. હું સમજી શક્યો નથી, કે આ પ્રમાણે ક્યા કાયદાને આધારે કરવામાં આવ્યું હતું. અલબત વકીલની સલાહ મળવાથી મને કેટલીક સગવડ ચોક્કસ થાત, પણ મને કાંઇ તે વિના ચાલે જ નહિ એમ ન હતું. પણ બીજા ઘણા કેસોમાં આથી અવશ્ય નુકસાન થયું છે. સોમવારે અમને કમિશ્નર સાહેબ રૂબરૂ હાજર કરવામાં આવ્યા. અમને જૂદી જૂદી ટ્રકડીમાં લઇ ગયા. મારી સાથે શૈલેન્દ્ર અને અવિનાશ હતા. અમે ત્રણે અમારા પૂર્વજન્મના પૂણ્યને લીધે પહેલાં એક વાર પકડાઇ ચૂક્યા હતા, તેથી કાયદાની બારીકીનું થોડું ઘણું જ્ઞાન અમને થયું હતું! અને તેથી કમિશ્નર સાહેબ પાસે કોઇ વાત પ્રકટ કરવાનો અમે ઈન્કાર કર્યો. ત્યાં અમને કુમારકૃષ્ણ દત્ત, મેન્યુઅલ સાહેબ અને મારા એક નાતાદાર મળ્યા. મેન્યુઅલ સાહેબે મને પૂછ્યું, "પોલીસના કહેવા પ્રમાણે તમારા મકાનમાંથી કેટલાક શકપડતા લેખો મળી આવ્યા છે. એવો કોઈ કાગળ હતો?" મેં જવાબ આપ્યો, "હું છાતી ઠોકીને કહી શકું છું, કે એવો કોઈ પણ કાગળ કે પત્ર મારા મકાનમાં હોય એ અશક્ય છે." હું, તે સમયે મધુપત્રિકા (Sweet letter) અથવા ચીતરી કાઢેલા કાગળો (Scribbling) ની વાતની મને ખબર ન હતી.

મારા નાતાદારને મેં કહ્યું, "ઘેર કહી દેજો, કે કોઇ ચિંતા ન કરે. મારી નિર્દોષતા સંપૂર્ણરીતે સાબીત થઇ જશે." મારા હૃદયમાં દૃઢ વિશ્વાસ હતો, કે મારી પૂરેપૂરી નિર્દોષતા સાબીત થશે.

પહેલાં મારૂં મન એકાંતકેદમાં જરા જરા ડગવા લાગ્યું, પણ ત્રણ દિવસની પ્રાર્થના અને ધ્યાન કરવા પછી નિશ્ચળ શાન્તિ અને અચળ વિશ્વાસે ફરી મારી પાસે આવી સિંહાસન જમાવ્યું.

મારી કોટડી નવ ફુટ લાંબી અને પાંચ ફુટ પહોળી હતી. તેમાં એક બારી ન હતી. તેની સામે લોઢાના સળીઆ હતા. આ પાંજરામાંજ મારે રહેવાનું હતું. કોટડી બહાર એક પાકો ચોક અને ઈંટોની ઉંચી દિવાલો હતી. સામે લાકડાનો એક મોટો દરવાજો હતો, તે દરવાજામાં માણસની આંખની ઉંચાઇએ નાનાં નાનાં ગોળ કાણાં હતાં. દરવાજો બંધ હોય ત્યારે પહેરાવાળા તે કાણાંમાંથી કેદીની હીલચાલ જોયા કરતા. પણ મારા ચોકનો દરવાજો તો હંમેશાં લગભગ ઉઘાડો જ રહેતો. આવી જાતની છ કોટડીઓ પાસે પાસે હતી. તે કોટડીઓને "ડિક્રી" કહેવામાં આવે છે. "ડિક્રી"નો અર્થ 'ભારે સજાવાળાની કોટડી' એવો થાય છે. ન્યાયાધીશ તથા જેલ સુપ્રિન્ટેન્ડન્ટના હુકમ પ્રમાણે જે લોકોને એકાંતકેદની શિક્ષા થતી હતી, તેમને આ નાની નાની કોટડીઓમાં રહેવું પડતું હતું. એકાંત કેદમાં પણ વધારે ઓછી શિક્ષા થતી. જેમને વધારે સજા થતી, તેમનો આગલો દરવાજો બંધ કરવામાં આવતો, એટલે તેઓ માણસના સહવાસથી તદ્દન અલગ રહેતા. ફક્ત પહેરાવાળાઓ અને બે વાર ખાવાનું આપવા આવનાર કેદી સિવાય તેને આ દુનિયા સાથે કાંઈ સંબંધ નહતો. હેમચંદ્રદાસને છૂપી પોલીસવાળાઓએ મારા કરતાં વધારે ભયંકર માણસ તરીકે ઓળખાવ્યા હતા. તેથી તેમને આ જાતની સજા આપવામાં આવી હતી. અને વળી બાકી રહી જતું હોય, તેમ આવી એકાંતકેદમાં પણ હાથમાં હાથકડી

અને પગમાં બેડીઓ પહેરાવવામાં આવતી હતી. આવી સજા ફક્ત કજીયો તોફાન કરનારનેજ આપવામાં આવતી ન હતી, પણ જે લોકો જેલનું કામ કરવામાં બેપરવાઇ રાખતા હતા તેમને પણ આવી શિક્ષા મળતી. કેસ ચાલ્યા પહેલાં એકાંતવાસની સજા ભોગવતા કેદીને આવું દુઃખ આપવું, તે નિયમ વિરુદ્ધ છે, પણ 'સ્વદેશી' અને 'વન્દેમાતરમ્" વાળા કેદીઓને નિયમ બહાર ગણવામાં આવે છે, અને તેમની બાબતમાં બધી ગોઠવણ પોલીસની મરજી મુજબ કરવામાં આવે છે.

અમને ગાડીમાં બેસાડી થોર્નહિલ સાહેબની કચેરીમાં અલીપુર લઇ ગયા. અમારી ટોળીમાં નિરાપદ, દીનદયાળ, હેમચંદ્રદાસ વગેરે હતા. તે બધામાં હું ફક્ત હેમચન્દ્રદાસનેજ ઓળખતો હતો, કેમકે હું એક વાર મેદનીપુરમાં તેમને ત્યાં ઉતર્યો હતો. તે વખતે કોણ જાણતું હતું, કે તેમની સાથે ફરીથી મુલાકાત કેદીની અવસ્થામાં જેલના રસ્તાપર થશે? અમે અલીપુરના મેજીસ્ટ્રેટની કચેરીમાં તો ગયા, પણ અમને મેજીસ્ટ્રેટ સાહેબનાં દર્શન થયાં નહિ, કારણ કે તે લોકો અમારે માટે અંદરથી હુકમો લખાવી લખાવીને બહાર લઇ આવતા હતા. અમે પાછા જવા માટે ગાડીમાં બેસતા હતા, એવામાં એક ગૃહસ્થ મારી પાસે આવ્યા, અને મને કહ્યું, "મેં સાંભળ્યું છે, કે આ માણસોએ આપને એકાંતકેદમાં રાખવાની ગોઠવણ કરી છે. અને તે માટેનો હુકમ પણ લખાઈ ગયો છે. હવે તમને કોઇની સાથે મુલાકાત કરવા દેવામાં આવશે નહિ, માટે તમારે ઘેર કોઇને કંઇ પણ કહેવરાવવું હોય, તો મને કહો. એટલે હું ઘેર સમાચાર પહોંચાડી દઇશ." મેં તેનો ઉપકાર માન્યો, પણ મારે જે કાંઈ કહેવરાવવાનું હતું, તે તો મેં મારા નાતાદાર સાથે કહેવરાવી દીધું હતું, તેથી મારે તેને કાંઈ કહેવાનું ન હતું. મારી તરફ મારા દેશી બંધુઓની લાગણીના એક દાખલારૂપે આ બનાવ લખ્યો છે.

કચેરીમાંથી જેલમાં પાછા લાવી, અમને ત્યાંના અધિકારીઓને હવાલે કરવામાં આવ્યા. જેલમાં લઈ જતા પહેલાં અમને ન્હવડાવવામાં આવ્યા હતા. જેલનાં કપડાં પહેરાવી અમને બાંડીયાં અને ધોતીયાં ધોવા લઇ ગયા. ચાર દિવસ પછી ન્હાવાથી અમને સ્વર્ગનું સુખ મળ્યું હોય, તેમ લાગતું હતું. નાહ્યા પછી અમને પોતપોતાની કોટડીમાં પહોંચાડવામાં આવ્યા. હું અંદર પેઠો કે તરતજ મારી નાની કોટડી બંધ કરી દેવામાં આવી. અલીપુર જેલમાં હું તા. ૫ મી મેએ દાખલ થયો, અને તેમાંથી બરાબર એક વર્ષ ને બે દિવસે તા. ૬ ઠ્ઠી મેએ છૂટો થયો.

અમને રહેવા માટે આવું ઠેકાણું મળી ગયું. આપણી માયાળુ સરકારે અમારી તે સિવાયની મહેમાનગીરી કરવામાં પણ કાંઇ મણા રાખી નહિ. અમારી માલમિલ્કતમાં એક થાળી અને વાટકો હતાં, તે ચોકની શોભામાં અજબ વધારો કરી રહ્યાં હતાં. તે થાળી અને વાટકાને જ્યારે માંજવામાં આવતાં હતાં, ત્યારે તેની ચોકખાઈ જોઈ દિલ ખુશ થતું હતું, અને તેના પવિત્ર ચળકાટને દૈવી બ્રિટીશ રાજ્યની ઉપમા આપી હું રાજ્યભક્તિનો એક જાતનો નિર્મળ આનંદ ભોગવતો હતો. ફક્ત વાંધો એટલો જ હતો, કે મારો આ આનંદ જોઇ થાળી પણ ખુશાલીમાં આવી જતી, અને તેને આંગળી અડકાડવા જતો ત્યાં તો અરબસ્તાનના ફકીરોની માફક ઘૂમાઘૂમ કરી નાચવા માંડતી. ત્યારે એક હાથે થાળી પકડવી, અને બીજે હાથે ખાવું, એ સિવાય છૂટકો ન થતો. નહિ તો થાળી ફૂદાફૂદ કરી જેલના મુઠ્ઠીભર અમૂલ્ય અન્નને લઈ ભાગી જવાનું કરતી.

થાળી કરતાં વાટકો વધારે વહાલો હતો, ને ઉપયોગી પણ હતો. તે વાટકો જડ પદાર્થોમાં બ્રિટીશ સિવિલિયન જેવો હતો. કારણ કે દરેક સિવિલિયન જેમ સ્વાભાવિકરીતેજ દરેક કામમાં પારંગત અને દરેક કામને માટે લાયક હોય છે—ન્યાયાધીશ,

કલેકટર, પોલીસ અમલદાર, મ્યુનિસિપાલિટીનો પ્રમુખ, શિક્ષક, ધર્મોપદેશક, ફાવે તે બનાવો, ફક્ત કહેવાનીજ વાર છે; તે જ પ્રમાણે આપણા સિવિલિયન સાહેબ એકીવારે તપાસ ચલાવનાર, કેસ માંડનાર, ન્યાય ચૂકવનાર, અને કોઇ કોઇ કેસોમાં તો વાદી તરફના સલાહકાર અને પ્રીતિભોજન આપનાર, સર્વ કાંઇ થઇ શકે છે,—તેજ પ્રમાણે મારો પ્રિય વાટકો પણ હતો. તે વાટકો ભેદભાવ રાખવામાં કાંઇ સમજતોજ નહિ. જેલમાં આવતાંવારજ તે વાટકાવતી મેં હાથપગ ધોયા, તેમાં પાણી લઇને મોં ધોયું, અને ન્હાયો. થોડી વાર પછી જમવા બેઠો, ત્યારે તેજ વાટકામાં મને શાક અથવા દાળ આપવામાં આવ્યાં. પછી તેજ વાટકામાં લઇ પાણી પીધું. અને મોં પણ તેનાથીજ ધોયું. આવી જાતની અમૂલ્ય ચીજ જેનાથી સવ કામ સરી શકે, તે તો અંગ્રેજ સરકારની જેલમાં જ મળવી સંભવિત છે. આ વાટકો સાંસારિક બાબતોમાં ઉપયોગી થવા ઉપરાંત મારી યોગસાધનાનું પણ એક કારણરૂપ હતો. સૂગ છોડવા માટે આવો મદદગાર અથવા ઉપદેશક ક્યાં મળી શકે છે? એકાંતકેદ પછી જ્યારે અમને બધાને એક સાથે રાખવામાં આવ્યા, ત્યારે આપણા આ સિવિલિયન (વાટકો) ની પણ કેટલીક સત્તા ઓછી કરવામાં આવી, ત્યારે અમારે માટે શાચ સારૂ એક જૂદા વાસણની ગોઠવણ કરવામાં આવી.

એક માસ સુધી આ વાટકા મારફત મને ફરજીયાતરીતે સૂગ જીતવાનું શિખવવામાં આવ્યું. શૌચની બધી ગોઠવણ આ સૂગ જીતવા માટેજ કરવામાં આવી હતી, એમ કહી શકાય. હું ઉપર કહી ગયો છું, કે એકાંતકેદમાં એક ખાસ શિક્ષા છે. તે શિક્ષાનો સિદ્ધાંત ખુલ્લું આકાશ અને માણસનો સહવાસ એ બે બાબતથી અલગ કરવાનો છે. કોટડીની બહાર શૌચની ગોઠવણ કરવાથી કદાચ આ સિદ્ધાંતનો ભંગ થાય, તેથી કોટડીમાંજ ડામરથી રંગેલી બે ટોપ-

લીઓ મૂકવામાં આવી હતી. સવાર સાંજ ભંગી આવી તે ટોપલીઓ સાફ કરી જતો, અને માથાફોડ કરીએ તથા વારંવાર ટોકયા કરીએ, તો બીજી વખતે આવીને પણ સાફ કરી જતો; પણ નક્કી કરેલા વખત સિવાય પાયખાને જવાથી પ્રાયશ્ચિત રૂપે કેટલીક કલાક દુર્ગંધ સહન કરવી પડતી. બીજી વાર એકાંતકેદ મળી, ત્યારે આ બાબતમાં કંઈક સુધારો થયો હતો. પણ અંગ્રેજોની સુધારો કરવાની ઢબ જુની વાતનો સિદ્ધાંત કાયમ રાખી ફક્ત કામ કરવાની રીતમાંજ થોડોએક ફેરફાર કરવો તેવી છે; એ વાત કહેવાની કંઈ જરૂર લાગતી નથી, કે એવી નાની કોટડીમાં શૌચની ગોઠવણ રાખવાથી કાયમ માટે સાધારણ અને જમવા વખત તથા રાત્રે વધારે હેરાનગતી ભોગવવી પડતી. હું જાણું છું, કે સૂવાના ઓરડામાં પાયખાનાની ગોઠવણ હોવી, એ વિલાયતી સુધારાનો એક ઉપયોગી ભાગ છે. પણ એક નાની કોટડીમાં સૂવું, ખાવું ને પાયખાને જવું, એ ત્રણે બાબતો સાથે રાખવી એ તો હદપારનો સુધારો છે. ખરાબ ટેવો પડી ગએલી હોવાથી આપણે હિંદવાસીઓને માટે સુધારાના આ શિખરે પહોંચવું, તે બહુ મુશ્કેલીની વાત છે.

અમારા સામાનમાં બીજી પણ કેટલીક ચીજો હતી. ન્હાવા માટે એક ડોલ હતી, અને પાણી રાખવા માટે એક પીપ આપવામાં આવ્યું હતું. તે સિવાય જેલના બે કામળા હતા. ન્હાવાની ડોલ ચોકમાં રહેતી, અને હું ત્યાં જ ન્હાતો. મારા સદ્‌ભાગ્યે મને શરૂઆતમાં કંઇ પાણીની મુસ્કેલી ન હતી, પણ પાછળથી તે મુસ્કેલી પણ ભોગવવી પડી. શરૂઆતમાં પાસેની ગૌશાળાની ચોકી કરનાર કેદી ન્હાવાને વખતે મારી મરજી મુજબ ડોલમાં પાણી ભરી દેતો હતો. જેલની તપશ્ચર્યામાં ન્હાવાને વખતે દરેક કેદીને મોજમજાની ઇચ્છા તૃપ્ત કરવાનો વખત મળતો હતો, પણ બીજા કેદીઓના નશીબમાં તે પણ ન હતું. તેમને એક ડોલ પાણીમાંજ શૌચ, ન્હાવું

અને વાસણ માંજવાં; એ ત્રણ કામ ઉકેલવાં પડતાં. અમે મુકદ્દમાના કેદીઓ હતા, તેથી અમને કંઈ વધારે મોજ કરવાની છૂટ હતી. બીજા કેદીઓ ફક્ત બે ચાર વાટકા પાણીથીજ ન્હાવા પામતા. અંગ્રેજો એમ માને છે, કે પ્રભુપ્રેમ અને શારીરિક સ્વચ્છતા બન્ને સરખા અને દુર્લભ ગુણો છે. આ પ્રજાકીય માન્યતા જાળવી રાખવા ખાતર અથવા વધારે મોજ કરવાથી કેદીઓની તપશ્ચર્યાનો ભંગ થાય તે ખાતર, જેલમાં ન્હાવાની ગોઠવણ આ પ્રમાણે રાખી હતી. આ બેમાં મુખ્ય કારણ કયું છે, તે નક્કી થવું અસંભવિત છે.

કેદીઓ આ જાતના ન્હાવાને મશ્કરીમાં "કાગ—ન્હાવણ" કહેતા હતા. માણસને કદાપિ સંતોષ થતો નથી, એ વાત કાંઈ ખોટી નથી. ન્હાવાના કરતાંએ પીવાના પાણીની ગોઠવણ તો ચડી જાય તેવી હતી. તે વખતે ઉન્હાળો ચાલતો હતો. મારી નાની કોટડીમાં હવાને દાખલ થવાની પૂરી મનાઇ હતી, પણ મે મહિનાનો સખત તાપ કોઇ પણ જાતની અડચણ વિના તેમાં પેસી જતો હતો, અને થોડીવારમાં મારી નાનકડી કોટડી સળગતી ભઠ્ઠીના જેવી ધગી જતી. આ ભઠ્ઠીમાં તવાતી વખતે તરસ છીપાવા લોઢાના પીપનું ઉનું આંધણ જેવું પાણી પીધા સિવાય બીજો રસ્તો ન હતો. હું વારે વારે તે પીતો. તેથી તરસ તો ક્યાંથી છીપે? પણ પરસેવો નીકળવા માંડતો હતો, અને તરસે જીવ જવા માંડતો. કોઇ કોઇના ચોકમાં એક માટીનો ઘડો રાખવામાં આવતો. તે લોકો તેને પોતાના પૂર્વજન્મની તપશ્ચર્યાનું ફળ માની, પોતાને ભાગ્યશાળી માનતા હતા. એવી દશામાં ગમે તેવો પુરુષાર્થવાદી હોય, તેને પણ નશીબ પર જ વિશ્વાસ રાખવો પડતો હતો. કોઈ કોઈને સારે નશીબે ઠંડું પાણી પીવા મળતું, ત્યારે કેટલાકની તરસ પણ છીપે તેવું ન હતું. આ બધું નશીબમાં લખ્યું હોય, તે પ્રમાણે થતું. કારણ જેલના નોકરો તો કાંઈ પણ ભેદ રાખ્યા સિવાય પીપ અને ઘડા વહેંચી

આપતા હતા. મને પોતાને આ પાણીની મુસ્કેલીથી દુઃખ થતું હશે કે નહિ થતું હોય, પણ મારી આવી મુસ્કેલી જોઇ જેલના ડૅાક્ટરને કાંઈક લાગી આવ્યું. તે મારે માટે એક ઘડો મંગાવવાની તરખડમાં પડયો, પણ તે વાત તેના હાથમાં ન હતી, તેથી ઘણા દિવસો સુધી તેનાથી કાંઈ થઇ શકયું નહિ. છેવટે તેના કહેવાથી એક 'બેવકુફ' જમાદારે એક ઘડો શોધી કાઢયો, પણ ઘડો મળે તે પહેલાં તો મેં બહુ દિવસો સુધી ઘોર યુદ્ધ કરીને તરસને જીતી લીધી હતી. આ ગરમ કોટડીમાં જેલના બે કામળા મને બિછાના માટે મળ્યા. મારી પાસે એકેય ઓશીકું ન હતું, તેથી એક કામળાને સંકેલી, મેં મારૂં ઓશીકું બનાવ્યું, અને બીજાની પથારી બનાવી. જ્યારે ગરમીની પીડા સહન ન થઇ શકે એટલી થતી, ત્યારે હું જમીન પર ચતોપાટ સૂઈ જઈ કાંઈક આસાએશ મેળવતો. ભૂમાતાના શીતળ ખોળાનો સ્પર્શ કરવામાં કેટલો બધો આનંદ રહેલો છે? તેનો અનુભવ મને ત્યારે જ થયો. પણ જેલની જમીનનો સ્પર્શ એવો કાંઈ કોમળ ન હતો. તેથી ઉંઘમાં ખલેલ પડતી, અને છેવટ કામળાનો આશ્રય લેવો પડતો. કોઇ દિવસ વરસાદ પડતો ત્યારે બહુ મઝા પડતી. પણ તેમાં મોટી પીડા એ હતી, કે વરસાદ અને વાવાઝોડાને લીધે પુષ્કળ ધૂળ, પાંદડાં ને તણખલાં વગેરે તાંડવનાચ કરતાં કરતાં મારા પાંજરામાં આવી, પાણી ઉપર આમ તેમ તરવા લાગતાં. ત્યારે રાત્રે ભીનો કામળો લઈ કોટડીના ખૂણામાં ભરાઈ જવા સિવાય બીજો આરો ન હતો. કુદરતની આ લીલા પૂરી થયા પછી પણ પાણીથી ભીંજાએલી જમીન સૂકાઈ ન જતી ત્યાંસુધી ઉંઘની આશા છોડી, વિચારનો આશ્રય લેવો પડતો. કારણ જ્યાં ટોપલી મૂકાતી, તે એક જ જગા કોરી રહેતી. પણ ત્યાં કામળો પાથરવાની મરજી થતી નહિ. આ બધી અડચણો પડવા છતાં હું વરસાદ અને વાવાઝોડાને વધાવી લેતો હતો. કારણ ઘણી ચોકખી હવા આવવાથી કોટડીની ગરમી દૂર થઈ જતી. મેં અલીપુરની સરકારી હોટેલનું જે

વર્ણન કર્યું છે, અને આગળ જતાં પણ કરીશ તે મારી હેરાનગતિનાં રોદડાં રડવા માટે નથી, પણ તે બતાવવા માટે છે કે સુધરેલા ગણાતા બ્રિટીશ રાજ્યમાં મુકદ્દમાના કેદીઓ સાથે કેવું અજબ પ્રકારનું વર્ત્તન ચલાવવામાં આવે છે, અને તેથી નિરપરાધી લોકોને કેવી હાડમારીઓ વેઠવી પડે છે!

મેં બતાવી તે બધી હાડમારીઓ ખરેખર મોજૂદ હોવા છતાં મને ફક્ત બે એક દિવસ હેરાનગતિ લાગી, પણ ત્યાર પછી—શાથી તે આગળ લખીશ—મારૂં મન આ બધાં દુઃખોની પાર થઇ પીડા ભોગવવા સમર્થ થઈ ગયું. તેથી જ્યારે જ્યારે મને જેલ યાદ આવે છે, ત્યારે ત્યારે શોક થવાને બદલે મને ફક્ત હસવુંજ આવે છે. શરૂઆતમાં જ્યારે જેલનો વિચિત્ર પોશાક પહેરાવી મને પાંજરામાં બેસારવામાં આવ્યો, ત્યારે પણ મારા મનમાં આવીજ લાગણી ઉત્પન્ન થઇ હતી. હું તે જોઈને મનમાં ને મનમાં હસવા લાગ્યો. હું અંગ્રેજ લોકનો ઈતિહાસ અને તેમના આજકાલના ઢંગ જોઇને તેમની વિચિત્ર અને ભેદભરી રીતભાતને પહેલેથીજ પામી ગયો હતો. તેથી મારા તરફ તે લોકોનું આવું વર્ત્તન જોઇને મને કાંઈ આશ્ચર્ય કે દુઃખ નહિ થયું. સાધારણ દ્રષ્ટિએ જોતાં અમારી સાથે તેમણે આવું વર્ત્તન ચલાવ્યું તે ઘણું નિંદ્ય અને હલકું ગણાય. અમે બધા ખાનદાન કુટુંબના નબીરા હતા. ઘણા મોટમોટા જમીનદારોના દીકરાઓ હતા. કેટલાએ વંશ, વિદ્યા, ગુણ અને ચારિત્ર્યમાં ઈંગ્લાંડના ઉંચામાં ઉંચા દરજ્જાના માણસોના બરોબરીઆ હતા. સ્વદેશ માટે પરદેશી રાજ્યના નોકરો સાથે લડાઇની તૈયારીઓ કરવી અથવા લડાઇનું કાવતરૂં રચવું એવો અમારાપર આરોપ હતો. વળી ઘણાએ માણસોનું દોષિત સાબીત થવું અસંભવિત હતું. કારણ ફક્ત પોલીસની શંકાપરથીજ અમને પકડવામાં આવ્યા હતા. આવા સંજોગોમાં અમને ચોર લુંટારાની માફક પાંજરામાં પૂરી

પશુઓ પણ ન ખાય તેવો ખોરાક આપવાથી, પાણીનું દુઃખ, ભૂખ, તરસ, તડકો, વરસાદ, ગરમી વગેરે સહન કરાવવાથી બ્રિટીશ અમલદારો અને બ્રિટીશ પ્રજાની આબરૂમાં કાંઈ વધારો થઈ ગયો નથી. પણ તે તો તેમના પ્રજા તરીકેના લક્ષણનો દોષ છે. અંગ્રેજોના શરીરમાં ક્ષત્રિયો જેવા ગુણ હોવા છતાં પોતાના શત્રુ અથવા વિરોધીઓની સાથે વર્ત્તતી વખતે તે લોકો પાકા વાણીઆ જ બની જાય છે.

મારા મનમાં એકે વાતનો કંટાળો આવ્યો જ નહિ. પણ મને એ જોઇને આનંદ આવ્યો કે મારામાં અને મારા દેશના સાધારણ અભણ માણસોમાં કાંઈ તફાવત ગણવામાં આવ્યો ન હતો. આ બધી વાતોની માતૃભૂમિના પ્રેમમાં આહુતિ આપી, મેં તે વખતને યોગસાધન અને દ્વન્દ્વ ભાવનો જપ કરવાનો અપૂર્વ અવસર માની લીધો. વળી પ્રજાસત્તાક રાજ્ય અને ગરીબ તથા પૈસાદાર સૌનો સમાન હક એ બે બાબતો અમારા રાજકીય મતમાં મુખ્ય હતી. તે મતને આચારમાં ઉતારવાના ઇરાદાથી રાષ્ટ્રીય મહાસભા માટે સુરત જતી વખતે અમે બધા ગાડીના ત્રીજા વર્ગના ડબામાં બેઠા હતા, અને ઉતારા માટે પણ નેતાઓએ પોતપોતાની અલાયદી ગોઠવણ ન કરતાં બધાની સાથેજ મુકામ નાંખ્યો હતો. પૈસાદાર અને ગરીબ, બ્રાહ્મણ, વૈશ્ય અને શુદ્ર, બંગાળી, મરાઠા, પંજાબી અને ગુજરાતી–સર્વ ભાઇચારાથી એકઠા રહેતા હતા, જમીનપર સુતા હતા, દાળ, ભાત, દહીં ખાતા હતા, બધી રીતે પૂરા સ્વદેશી હતા. કલકત્તા અને મુંબઈના વિલાયત જઈ આવેલા લોકો અને મદ્રાસના ટીલાવાળા બ્રાહ્મણો દુધમાં પાણીની માફક ભળી ગયા હતા. આ અલીપુરની જેલમાં રહેતી વખત મારા દેશના કેદી, ખેડુત, લુહાર, કુંભાર, ઢેડ વગેરે સૌને સરખો ખોરાક, સરખું રહેવાનું, સરખું સુખદુઃખ, સરખું માનઅપમાન મળતું જોઇને મને લાગ્યું કે, આ સમાનવાદ, આ એકતા અને આ આખા દેશમાં ફેલાઈ ગયેલ ભાઈચારાની મારફત સૌનાં અંતઃકરણમાં વસી રહેલ

નારાયણુ મારી જીંદગીને સાર્થક કરી રહેલ છે. મારી સાથેના કેદીઓ, અને બીજા કેદીઓનું માયાળુ વર્ત્તન અને સરકારી અમલદારોએ જેલમાં કરેલ આવી સંકેતવાળી ગોઠવણુ જોઇને હૃદયમાં તે પવિત્ર દિવસનું ભાન જાગ્યું કે જે દિવસે માતૃભૂમિ રૂપી જગદંબાના પવિત્ર મંડપમાં દેશના એકેએક દરજ્જાનાં માણુસો ભાઈચારાથી એકપ્રાણુ થઈ દુનિયાની સામે ઉંચું માથું રાખી ઊભા રહેશે. તે દિવસનો વિચાર આવતાં હું વારંવાર આનંદમાં આવી જતો. થોડા દિવસ પર મેં જોયું કે પૂનાના 'ઈંડીયન સોશીયલ રીફોર્મર' નામના પત્રે મારૂં એક સાધારણુ વાક્ય "આજકાલ જેલમાં પ્રભુપ્રેમ વધારે દેખાય છે" તે પર મશ્કરી ઉડાવી હતી. અફસોસ! માનના ભૂખ્યા, અલ્પજ્ઞાન તથા લગીર સદ્‌ગુણુ ધરાવનાર માણુસોના અભિમાન અને અહંકાર પર શોક થાય છે. જેલમાં, ઝુંપડીમાં અને આશ્રમમાં વસતા દુઃખીઆંના હૃદયમાં જો પ્રભુપ્રેમનો પ્રકાશ ન થાય તો શું ધનિકોના વિલાસ ભવનોમાં અથવા સુખની પાછળ ફાંફાં મારનાર, સ્વાર્થમાં અંધ બની ગયેલા, દુનિયાદારી માણુસોના ગાદી તકીયામાં તેનો પ્રકાશ હોવો સંભવિત છે? ઈશ્વર વિદ્વત્તા, આબરૂ, માનઅકરામ, અને ઉપરની ટાપટીપ જોતો નથી. તે તો દુઃખીઆં પાસે દયાળુ માના રૂપમાં પ્રકટ થાય છે. જે લોકો માણુસ માત્રમાં, દેશબંધુઓમાં, દીન દુઃખી લોકોમાં, ગરીબોમાં, પાપીઓમાં, અને અધમ આચરણુ કરનારાઓમાં પણુ પ્રભુને જુવે છે, અને તે પ્રભુની સેવામાં પોતાનું જીવન અર્પણુ કરે છે, તેમનાં હૃદયમાં પ્રભુ વાસ કરે છે. અને જે લોકો કોઇ અવનતિમાં આવી પડેલ દેશની સેવા કરે છે, તે લોકોના એકાંત કેદખાનામાં પ્રભુપ્રેમનો પ્રકાશ હોવાનો વધારે સંભવ છે.

જેલર આવીને જ્યારે કામળા અને થાળીની ગોઠવણુ કરી ગયો ત્યારે હું તે કામળાપર બેસી જેલના દેખાવો જોવા લાગ્યો. લાલ બજારના કેદખાના કરતાં આ એકાંતકેદની કોટડી સારી લાગ-

તી હતી. લાલ બજારનો ઓરડો બહુ મોટો હોવાથી એકાંતના વિસ્તારમાં ઉમેરો થતો હતો. પણ આ નાનીશી કોટડીની દિવાલો મારી પાસે મને ભેટવા આવતી હોય, એમ મને લાગતું! લાલ બજારના બીજા માળના ઓરડાની ઉંચી ઉંચી બારીઓમાંથી આકાશ દેખાતું હતું. પણ અહીં ચોકનો દરવાજો ઉઘાડો રહેતો હતો, જેથી સળીયાની અંદર બેઠાં બેઠાં જેલની બહારનું ખુલ્લું મેદાન અને આવતા જતા કેદીઓ દેખાતા હતા. ચોકની ભીંતપર એક ઝાડ હતું. તેની લીલી ઘટા મારી આંખો અને હૃદયને ઠારતી હતી. "ડીકરી" ની ૭ કોટડીઓની સામે પહેરેગીર ફર્યાં કરતો હતો. અનેકવાર તેનાં મોં અને પગનો અવાજ વ્હાલસોયા સગાના જેવો પ્રિય લાગતો હતો.

પાસેની ગૌશાળાના કેદી મારી કોટડીની સામે થઇને ગાયોને ચરાવવા લઈ જતા. મને ગાયો અને ગોવાળીઆ જોવામાં દરરોજ મજા પડતી. અલીપુરની જેલમાં હું એક અપૂર્વ પ્રેમનો પાઠ શીખ્યો. અહીં આવ્યા પહેલાં મારો પ્રેમ બહુ થોડાં માણસોમાં બંધાઇ ગયો હતો. અને પશુ પક્ષિઓની તરફ પ્રેમનો ઝરો બિલકુલ વહેતો જ ન હતો. મને યાદ છે, કે રવિન્દ્ર બાબુની એક કવિતામાં ભેંસના તરફ ગામડાંનાં બાળકોના ગાઢ પ્રેમનું બહુ સુંદરરીતે વર્ણન કરવામાં આવ્યું છે. તે કવિતા વાંચી ત્યારે હું તેનો ભાવ ઝીલી શક્યો નહતો. અને મને તે વખતે તેમાં અતિશયોક્તિ અને અસંભવિતતા લાગતાં હતાં. પણ હવે તે કવિતા વાંચતાં મારા મનમાં જુદી જ જાતની લાગણી થાય છે. અલીપુરમાં રહીને હું શીખ્યો કે દરેક જાતના જીવજંતુઓ તરફ માણસના હૃદયમાં કેવો ગાઢ પ્રેમ ઉપજી શકે છે, અને કદી કદી ગાય, જંતુ અથવા કીડીને પણ જોવાથી માણસનું હૃદય કેવું આનંદસાગરમાં ઝોલાં ખાય છે.

જેલમાં પહેલો દિવસ બહુ શાંતિમાં ગયો. ચારે તરફ નવી નવી ચીજો જોઈ મનમાં બહુ આનંદ થતો હતો. લાલ બજારની ચોકી

સાથે આને સરખાવતાં મને આ દશાજ વધારે મીઠી લાગતી હતી. તે સાથે વળી ઇશ્વરપર મને આસ્થા હતી. તેથી એકાંતમાં પણ બહુ દુઃખ ન લાગતું. જેલનો ચિત્રવિચિત્ર ખોરાક જોઇને મારૂં મન જરાએ ડગ્યું નહિ. મોટા મોટા ચોખા, તેમાં માટી, કાંકરા, મંકોડા, વાળ વગેરે તરેહ તરેહનાં મસાલા પડેલા; ફીકી દાલ, જેમાં ઝાઝું તો પાણી જ હોય; શાકની જગાએ ઉખાઈ ગયેલ ઘાસ અને પાંદડાં; એજ અમારો ખોરાક. માણસનું ભોજન આવું બેસ્વાદ અને અસાર પણ બનાવી શકાય છે તે મને અગાઉ બિલકુલ માલુમ ન હતું.

એ કાળું કોલસા જેવું ભાજીનું શાક જોઇને હું હેબકાઈ ગયો. એક બે કોળીઆ ખાઈ મેં માનપૂર્વક તેને નવગજના નમસ્કાર કર્યા. બધા કેદીઓને એક જ જાતનું શાક મળે છે, અને એકવાર જે શાક મળવા માંડયું, તે અનંતકાળ સુધી ચાલ્યાં જ કરે છે. આ વેળા ભાજીનું રાજ ચાલતું હતું. દિવસ ગયા, પખવાડિયાં ગયાં, મહિના ગયા, પણ બન્ને વાર એની એ દાળ, ભાત અને એ જ ભાજીનું શાક. વસ્તુ બદલાવાની વાત તો બાજુએ રહી, પણ તેના દેખાવમાં પણ ફેરફાર થતો ન હતો. તે બધાનું એક જ નિત્ય, સનાતન, અનાદિ-અનંત, અદ્વિતીય સ્વરૂપ રહ્યા કરતું. બે દિવસમાં જ કેદીને આ નાશવંત માયાનું ખરૂં સ્વરૂપ જણાઈ આવતું હતું. ખોરાકની બાબતમાં પણ મારૂં ભાગ્ય બીજા કેદીઓ કરતાં કંઇક ઠીક હતું. તેનું કારણ ડાકટર સાહેબની દયા હતી. તેણે મારે માટે ઇસ્પીતાલમાંથી દૂધની ગોઠવણ કરી દીધી હતી. જેથી હું કેટલાક દિવસ સુધી ભાજીનાં દર્શનથી બચી ગયો.

પ્હેલી રાત્રે હું જરાક વ્હેલો સૂઈ ગયો, પણ શાન્ત ઉંઘ લેવી એ એકાંત કેદના નિયમોની વિરૂદ્ધ છે. શાન્ત ઉંઘ લેવાથી વખતે કેદીઓમાં સુખની લાલસા જાગૃત થઈ જાય, તેથી એવો નિયમ રાખવામાં આવ્યો છે કે જેટલી વાર પહેરા બદલાય, તેટલી વાર

જોરથી બૂમો પાડી કેદીને ઉઠાડવો. અને કેદી જવાબ ન દે ત્યાંસુધી તેનો કેડો મૂકવો નાહ. જે લોકો છ ડીગરીની તરફ પહેરો ભરતા હતા, તે કયારેક કયારેક આ ફરજનું પાલન કરવાનું છોડી દેતા હતા. સિપાઇઓમાં કડોરતાથી ફરજ બજાવવી, એ ગુણને બદલે દયા અને લાગણી જ વધારે દેખાતી હતી—ખાસ કરીને હિન્દુસ્તાની સિપાઇઓમાં. પણ કેટલાક સિપાઇઓ પોતાની ફરજ ભૂલી શકતા નહિ. અમને જગાડીને પૂછતા "બાબુ ! ઠીક છો ને ?" આવી રીતની કવખતની ખબરઅંતર હર વખત ગમે એવી વાત ન હતી. પણ હું જાણતો હતો, કે જે લોકો આમ કરતા હતા તે બિચારા ભોળે ભાવે માત્ર નિયમનું પાલન કરતા હતા. તેમનું જગાડવું દરરોજ બહુ આકરૂં લાગવા છતાંયે મેં કેટલાક દિવસ સહન કર્યું, પણ છેવટ મારી ઉંઘનો ભંગ થવા ન દેવાની ખાતર મારે તેમને ચેતાવવા પડયા. બે ચાર વાર ચેતવણી આપ્યા પછી રાત્રે ખબરઅંતર પૂછવાનો ચાલ નીકળી ગયો.

બીજે દિવસે સવારે ચાર વાગે જેલનો ઘંટ થયો. એ કેદીઓને જગાડવાનો પહેલો ઘંટ હતો. એ પછી કેટલીક મિનિટે બીજો ઘંટ વાગે છે. એટલે કેદીઓ હારબંધ બહાર આવે છે, અને હાથ મોં ધોઈ લાપસી ખાઈ કામ શરૂ કરે છે. ઘંટના અવાજમાં ઉંઘ આવી શકશે નહિ એમ ધારી હું પણ ઉઠી બેઠો થયો. પાંચ વાગે જેલનો દરવાજો ઉઘાડવામાં આવે છે. હું પણ હાથ મોં ધોઈ કોટડીમાં આવી બેઠો. થોડી જ વારમાં લાપસી મારા બારણામાં આવીને હાજર થઇ પણ તે દિવસે મેં તે લાપસી ખાધી નહિ. ફક્ત આંખોથી તેને જોઇ જ લીધી. કેટલાક દિવસો ગયા પછી એકવાર મેં આ દિવ્ય અન્નનો સ્વાદ અનુભવ્યો. જેલની ભાષામાં લાપસીનો અર્થ ઘી વિનાની રાબડી એવો થાય છે. તે કેદીઓનો સવારનો નાસ્તો છે. લાપસીનાં ત્રણ સ્વરૂપ—અવસ્થાઓ છે. પહેલે દિવસે લાપ-

સીનો પ્રાજ્ઞભાવ એટલે કોઇ પણ જાતના ભેળસેળ વિનાનો મૂળ પદાર્થ—શુદ્ધ શિવમૂર્ત્તિ નજરે પડી. બીજે દિવસે લાપસી હિરણ્યગર્ભ દાળ સાથે રંધાઈ, પીળા રંગની અનેક ગુણુ ધરાવનારી ખીચડીના સ્વરૂપે પ્રકટ થઈ. પણુ ત્રીજે દિવસે ધૂમાડાના રંગની લાપસીનું વિરાટ્ સ્વરૂપ, જેમાં ગોળ ભેળવવામાં આવ્યો હતો તે નજરે પડ્યું. તે લાપસી કાંઈક માણુસને ખાવા લાયક હતી. પ્રાજ્ઞભાવ અને હિરણ્ય-ગર્ભ સાધારણુ માણુસને માટે નથી એમ માની મેં ન ખાધી, પણુ વિરાટ્ના કોઈ કોઈવાર એક બે કોળીયા પેટમાં નાંખતો, અને બ્રિટિશ રાજ્યનો ઉપકાર, અને પશ્ચિમના સુધારાના વિશ્વપ્રેમનો ઉંચો આદર્શ જોઈ આનંદમાં મગ્ન થઈ જતો. ફક્ત લાપસી જ બંગાળી કેદીઓને પોષણુ આપે એવો ખોરાક છે. બીજી બધી વસ્તુઓ તદ્દન સારહીન હોય છે. પણુ લાપસીનો સ્વાદ એવી જાતનો હોય છે કે ફક્ત કકડીને ભૂખ લાગી હોય ત્યારે જ ખાઈ શકાય છે—અને તે પણુ મનને મુશીબતે મારી મારીને.

તે દિવસે હું ૧૧॥ વાગે ન્હાયો. શરૂઆતમાં ચાર પાંચ દિવસ ઘેરથી પહેરીને આવ્યો હતો તેજ કપડાં મેં પહેરી રાખ્યાં. પણુ ગૌશાળાનો બુઢ્ઢો દારોગો જેનું કામ મારીપર નજર રાખવાનું હતું, તે એક નાનકડી દોઢેક હાથ પહોળી લંગોટી ન્હાતી વખતે પહેરવા ખોળી લાવ્યો. મારૂં એકનું એક લુગડું સૂકાઈ જાય ત્યાંસુધી હું તે લંગોટી પહેરીને બેસી રહેતો. મારે મારૂં ધોતીયું ધોવું અથવા વાસણુ માંજવા પડતાં ન હતાં, કેમકે એ કામ ગૌશાળાનો એક કેદી મને કરી આપતો. બપોરે ૧૧ વાગે ખાવાનું મળતું. કોટડીની અંદરનો ભાગ ખરાબ ન થાય તે માટે તડકો અને તેજ સહીને પણુ હું ચોકમાં જ ખાવા બેસતો. પહેરેગીરો પણુ તેમાં કોઈ જાતની અડચણુ કરતા નહિ. સાંજે પાંચ સાડાપાંચ વાગે વાળુનો ખોરાક મળતો. ત્યાર પછી બારણું ઉઘાડવાની સખ્ત

બંધી હતી. સાંજના સાત વાગે ઘંટ થતો હતો. તે વખતે જમાદાર દારોગો કેદીઓને એકઠા કરી મોટેથી બધાનાં નામ પોકારતો; ત્યાર પછી કેદીઓ પોતપોતાને ઠેકાણે જતા રહેતા. થાક્યા પાક્યા કેદીઓ તે વખતે નિદ્રાદેવીનું આરાધન કરી જેલખાનાનાં એક માત્ર સુખનો અનુભવ કરતા હતા. જેમનાં હૃદય પોચાં હતાં તે એ વખતે પોતાનું દુર્ભાગ્ય અને જેલનાં ભાવિ કષ્ટોનો વિચાર કરી કરી રડવા બેસતા હતા. ભક્ત લોક રાતની શાન્તિમાં ઈશ્વરની સમીપતાનો અનુભવ કરતા અને ધ્યાન અથવા પ્રાર્થનામાં લાગી જઈ આનંદ ભોગવતા. અલીપુરની તે જેલ અભાગી, પતિત, અને દુઃખી એવા ત્રણ હજાર ઇશ્વરના જીવોને માટે મહા પીડાનું સ્થાન હતું. રાત્રીના વખતે તે તદ્દન શૂન્યકાર થઇ જતી હતી.

આ કેસમાં મારી સાથે જે લોકો પકડાયા હતા તેમની સાથે મળવાનું મારે બહુ થોડીવાર બનતું. તેમને એક જુદી જગાએ રાખવામાં આવ્યા હતા. ૭ ડીગરીની પછવાડે બીજી નાની નાની કોટડીઓની બે હારો હતી. તે બન્ને હારોમાં બધી મળી ૪૪ કોટડીઓ હતી. તેથી તેમને ૪૪ ડીકરી કહેતા. ડીકરીની એક હારમાં આ કેસના ઘણાખરા કેદીઓ રહેતા હતા. તે લોકો નાની નાની કોટડીમાં રહેતા હતા, છતાં એકાંતવાસનું દુઃખ તેમને ન હતું, કારણ એકેક કોટડીમાં ત્રણ ત્રણ માણસો રહેતાં હતાં. જેલની બીજી બાજુએ એક ડીકરી હતી તેમાં બાર બાર માણસો રહેતાં હતાં. નસીબજોગે જેમને આ ડીકરી મળતી હતી તે લોકો વધારે સુખી હતા. તે ડીકરીમાં એક ઓરડામાં ઘણાં માણસો રહેતાં તેથી તેમને રાતદિવસ વાતચીત કરવાનો અવસર મળતો, અને સોબત મળવાથી તેઓ બહુ સુખમાં પોતાના દિવસ વિતાડતા. પણ તે લોકોમાં એક માણસ આ સુખથી વંચિત હતા. તે હેમચંદ્રદાસ.

મારી સમજમાં એ વાત ઉતરી શકતી નથી કે અધિકારીઓને

તેમની એટલી બધી બીક શા માટે હતી? અથવા તેમનાપર એટલો બધો ક્રોધ તેઓ શા માટે રાખતા હતા? તે લોકોએ એટલા બધા માણસોમાંથી એકાંતકેદનું દુઃખ ભોગવવા માટે ફક્ત તેમને જ ચુંટી કાઢયા. હેમચંદ્રદાસ પોતે પણ જાણતા હતા કે પોલિસ જ્યારે ગુન્હાનો સ્વીકાર કરાવી શકી નહિ ત્યારે તેમનાપર ઘણી ગુસ્સે થઈ હતી. તેમને આ ડીકરીની એક બહુ ન્હાની કોટડીમાં પૂરી તેનો બહારનો દરવાજો બંધ કરી દેવામાં આવ્યો હતો. હું ઉપર કહી ગયો છું કે એકાંતકેદનું આ છેલ્લું પગથિયું છે.

વખતો વખત પોલિસ અનેક જાતના અને અનેક રૂપના સાક્ષીઓ લાવી લાવી ઓળખાવવાનો પ્રયત્ન કરતી હતી. તે વખતે અમારે બધાને ઑફીસ સામે લાંબી હાર કરી ઉભા રહેવું પડતું. જેલના અધિકારીઓ અમારી પાસે જેલના જુદા જુદા મુકદ્દમાના આરોપીઓને લાવીને તેમની સાથે અમને ઓળખાવતા. તે આરોપીઓમાં ભણેલ અથવા ખાનદાન માણસ એકે ન હતો. તે લોકોની સાથે અમે એક હારમાં ઉભા રહેતા ત્યારે આ બે જાતના આરોપીઓમાં બહુ મોટો તફાવત લાગતો. એક તરફ બંબ કેસમાં પકડાએલા બાળકોની તિક્ષ્ણ બુદ્ધિ અને તેમના તેજસ્વી ચ્હેરા, અને બીજી તરફ સાધારણ આરોપીઓનાં મેલાં કપડાં અને તેમના નિસ્તેજ મોં તે બધું જોઇને જે માણસ એમ ન બતાવી શકે કે કોણ કયા દરજ્જાનો છે, તેને અજ્ઞાન, અધમ અને મૂર્ખજ ગણી શકાય. આ ઓળખાવવાનું ફારસ આરોપીઓને પસંદ હતું. કારણ આ ફારસથી જેલના એકધારા જીવનમાં કાંઈ નવીનતા અથવા વિચિત્રતા આવતી હતી. સાથે સાથે એક બીજા જોડે વાતચિત કરવાનો પણ લાગ મળી જતો. એક દિવસ પકડાયા પછી આ રીતે મેં મારા ભાઈ બારીન્દ્રને પહેલ વહેલો જોયો. પણ તે વખતે મારે તેની સાથે કાંઈ વાત થઈ નહિ.

નરેન્દ્રનાથ ગુંસાઇ ઘણુંખરૂં આ વખતે મારી પાસે જ ઉભો રહેતો, તેથી મારે તેની સાથે વધારે ઓળખાણુ થઇ. ગુંસાઈ લાંબો, સાફ, બલવાન અને સુંદર જુવાન હતો, પણુ તેની આંખો ઉપરથી તેની બદદાનત દેખાઈ આવતી હતી. તેનામાં અને બીજા જુવાની-આઓમાં બહુ તફાવત લાગતો. તેમના મોંપર ઘણુંખરૂં ઉચ્ચ અને પવિત્ર ભાવો જ દેખાતા. તેમની વાતો પરથી તિક્ષ્ણુ બુદ્ધિ, જ્ઞાનની લાલસા અને મહાન નિઃસ્વાર્થતા દેખાઈ આવતી. ગુંસાઇની વાતો પણુ અણુસમજુ અને ક્ષુદ્ર મનના માણુસો જેવી હોવા છતાં તેજ અને સાહસથી ભરેલી લાગતી. તેને આ વખતે પોતે છૂટી જશે એવી ખાત્રી હતીં. તે કહ્યા કરતો “ મારા બાપ કોર્ટના કીડા છે. તેમને પોલિસ કદી પણુ હરાવી શકે એમ નથી; મારી જુબાની પણુ મારી વિરૂદ્ધ જશે નહિ, અને એમ જ નક્કી થશે કે પોલિસે મને શારીરિક કષ્ટ આપીને મારી પાસેથી જુબાની લખાવી લીધી છે.” મેં પૂછયું “ આ વાતનો સાક્ષી કોણુ છે ? ” ગુંસાઇએ એવો જવાબ આપ્યો કે “ મારા બાપે હજારો કેસ ચલાવ્યા છે. તે આ બધું ખૂબ સમજે છે. સાક્ષીની તો ખોટ પડતી હશે ? ” આવી જાતનાં માણુસો સરકારી બાતમીદાર (approver) બને છે.

આગળ મેં આરોપીઓનાં અનેક દુઃખ અને પીડાનું વર્ણુન કર્યું છે. પણુ સાથે સાથે એ પણુ કહી દેવું જોઇએ, કે આ બધો દોષ જેલના પરાપૂર્વથી ચાલતા આવેલા રિવાજોનો છે. આ બધું દુઃખ જેલના કોઇ એકાદ માણુસની કડકાઇ અથવા તેના હેવાનીયત-ભર્યા સ્વભાવને લીધે નથી થતું. ઉલટું અલીપુર જેલમાં જે લોકો પર જે કામની જવાબદારી હતી, તે બધા ખાનદાન, દયાળુ અને ન્યાયી માણુસો હતા. જો કોઇ જેલમાં કેદીઓને ઓછી પીડા મળતી હોય, અને યુરોપીય લોકોની જેલની રચનાની પાશવ કઠોરતા જો દયા અથવા ન્યાયપરાયણુતાના કારણુને લીધે ઓછી થઇ

ગઈ હોય તો તે અલીપુરની જેલમાં અને એમર્સન સાહેબના રાજ્યમાં. આ જેલ ઉત્તમ હોવાનાં ફક્ત બે મુખ્ય કારણો હતાં. એક જેલના અંગ્રેજ સુપ્રિન્ટેન્ડન્ટ એમર્સન, અને બીજું ઇસ્પીતાલના બંગાળી આસિસ્ટંટ ડાક્ટર વૈદ્યનાથ ચેટરજીના અસાધારણ ગુણ. તે બેમાં એક યૂરોપમાં હાલ ભાગ્યે જ આચરવામાં આવતા ખ્રિસ્તિ ધર્મનો નમૂનેદાર અવતાર હતો, અને બીજો હિન્દુ ધર્મનો સાર, દયા અને પરોપકારની જીવતીજાગતી મૂર્તિ હતો. એમર્સનના જેવા અંગ્રેજ આજકાલ આ દેશમાં બહુ થોડા આવે છે; અને વિલાયતમાં પણ એવા માણસ ઓછા જન્મે છે. એક ખાનદાન ખ્રિસ્તિમાં જે ગુણો હોવા જોઇએ તે બધા તેનામાં દેખાતા હતા. તે શાન્ત, વિચારશીલ, દયાળુ અને ન્યાયપરાયણ હતો; હલકામાં હલકા માણસ તરફ પણ તે સલુકાઇ બતાવતો; દાંડાઇનો તેના સ્વભાવમાં છાંટો પણ ન હતો. તે સીધો, ભોળો અને સંયમી પુરૂષ હતો. જો કોઇ દોષ કહી શકાય, તો તે એ જ કે તેનામાં કામ કરવાની શક્તિ અને ઉદ્યમ ઓછાં હતાં. જેલરનું બધું કામ છોડી, તે લહેર કર્યા કરતો પણ તેથી કાંઇ નુકસાન થતું હોય એમ મને લાગ્યું નહિ.

જેલર યોગેન્દ્ર બાબુ નિપૂણ અને લાયક માણસ હતો. બહુ મૂત્રતાના રોગથી પીડાતો હોવા છતાં, તે જાતે બધા કામની દેખરેખ રાખતો. તે સાહેબના સ્વભાવથી સારી રીતે પરિચિત હતો, તેથી જેલમાં હમેશાં ન્યાયનું પાલન કરવાનો અને કઠોરતા ઓછી કરવાનો પ્રયત્ન કરતો. જો કે એમર્સનની મહત્તા તેનામાં નહતી, અને તે એક સાધારણ બંગાળી અને સરકારી નોકર હતો તોપણ સાહેબને રાજી રાખવાની કળા તેને આવડતી હતી. બહુ બાહોશી અને ખંતથી તે પોતાનું કામ કર્યે જ જતો હતો. અને સ્વભાવિકરીતે જ બહુ સલુકાઇ અને ધીરજથી લોકોની સાથે કામ લેતો હતો. આ સિવાય બીજો કોઇ ખાસ ગુણ તેનામાં ન હતો. નોકરી તેને બહુ

વહાલી લાગતી. તે વખતે મે મહિનો ચાલતો હતો, અને તેને પેન્શન લેવાનો વખત પણ પાસે આવી લાગ્યો હતો. તે આશામાંને આશામાં મગ્ન થતો હતો કે જાન્યુઆરીમાં હું પેન્શન લઇ લાંબા વખતની મહેનતનું ફળ મેળવીશ—એટલે કે નિરાંતે આરામ ભોગવીશ.

અલીપુરની જેલમાં બંબ કેસના આરોપીઓ આવ્યા, ત્યારથી અમારા જેલર સાહેબ બહુ ગભરાયેલા અને ચિંતાતુર દેખાતા હતા. તે બિચારા વળી આ વિચાર કરતાં તો વધારે ગભરાયા કરતા હતા, કે કોને ખબર છે કે આ બધા જલદ સ્વભાવના તેજસ્વી બંગાળી ક્યારે શું કરી બેસશે ? તે પોતાની બાબતમાં કહ્યા કરતો કે તાડના ઝાડની ટોચે પહોંચવામાં ફક્ત દોઢ ઇંચ બાકી છે. પણ એ દોઢ ઇંચમાંથી અર્ધું જ તે ચડી શક્યો. ઓગસ્ટના અંતે બુકાનન સાહેબે આવી જેલનો બંદોબસ્ત જોઈ બહુ સંતોષ જાહેર કર્યો. જેલર સાહેબ તો બહુ આનંદમાં આવી ગયા અને કહેવા લાગ્યા: “ મારા રહેવા દરમ્યાન સાહેબની આ છેવટની મુલાકાત છે. હવે મારા પેન્શનની બાબતમાં કાંઈ ચિંતા કરવા જેવું રહ્યું નથી.” અફસોસ! માણસ આંધળો છે. એક કવિએ ખરૂં કહ્યું છે કે “ ઈશ્વરે દુઃખી માણસોની ઉપર બે મોટા ઉપકાર કર્યા છે. પહેલો એ કે માણસને ઘોર અંધારાથી ઢાંકી રાખ્યો છે અને બીજો તેને દિલાસો આપનારી યાને ટાઢક કરનારી આંધળી આશા આપી છે.” આ બનાવ પછી બે ચાર દિવસે નરેન્દ્ર ગુંસાઇ કનૈયાલાલ દત્તના હાથે માર્યો ગયો. બુકાનન સાહેબ વારંવાર જેલમાં આવવા લાગ્યા. પરિણામ એ આવ્યું કે યોગેન્દ્ર બાબુને વ્હેલા નોકરીમાંથી ફારક કરવામાં આવ્યા. તેથી તેનો રોગ બહુ વધી ગયો અને તેનો દેહ છૂટી ગયો. આ પ્રમાણે જો એમર્સન સાહેબે દરેક કામ નોકરોપર ન છોડી દેતાં પોતે બધા કામ પર દેખરેખ રાખી હોત તો તેના અમલમાં અલીપુરની જેલમાં વધારે સંસ્કાર અને ઉન્નતિનો સંભવ હતો. જે કામની તપાસ રાખતો તે

તે બહુ સારી રીતે પુરૂં કરાવતો. તેના સ્વભાવને લીધે જ જેલ શિક્ષાની જગા હોવા છતાં ગામના જેવી થઇ રહી હતી. આજ તે કોઇ બીજે ઠેકાણે ગએલ છે, છતાં તેની સાધુતાનું ફળ પૂરેપુરૂં નાશ નહિ પામ્યું હોય. તેની પછી આવનાર લોકો રૂપિઆમાં દશ આના તે સાધુતાના ગુણનું અવશ્ય પાલન કરતા હશે.

જેલના જુદા જુદા ભાગોના કર્તાહર્તા જેમ યોગેન્દ્રનાથ બંગાળી હતા, તે જ પ્રમાણે ઇસ્પિતાલમાં પણ બંગાળી ડાકટર બાબુ વૈદ્યનાથ જ મુખ્ય હતા. તેનો ઉપરી ડાક્ટર ડેલી એમર્સનના જેવો દયાળુ તો ન હતો, પણ બહુ ખાનદાન અને સમજુ માણસ હતો. તે બાળકોની શાંત રીતભાત તથા આનંદી અને કલ્લાગરા સ્વભાવનાં બહુ વખાણ કર્યાં કરતો, અને નાની ઉમ્મરનાં બાળકોની સાથે ઠઠ્ઠામશ્કરી અને બીજા આરોપીઓની સાથે રાજનીતિ, ધર્મ અને ફીલસુફીની ચર્ચા પણ કરતો. ડાકટર સાહેબ આયર્લૅાડનો વતની હતો, ને તે ઉદાર પ્રજાના ઘણા ગુણો તેનામાં ઉતરી આવ્યા હતા. તેનામાં નિષ્ઠુરતા નામે ન હતી. કોઈ કોઇ વાર ગુસ્સામાં આવી જઇને તે કડક વર્તન ચલાવતો, પરંતુ બીજા ઉપર ઉપકાર કરવો એ તેને બહુ ગમતું. તે જેલના કેદીઓની ચાલાકી અને તેમના બનાવટી રોગો હંમેશાં જોતો આવ્યો હતો, તેથી કોઇ વાર એમ પણ બનતું કે તે ખરા રોગીને ખોટો ગણી કાઢતો; પણ રોગ બરોબર જાણ્યા પછી તે ઘણી દયા અને કાળજીથી રોગીની ભાળ રાખતો. મને એકવાર સાધારણ રોગ થયો. ચોમાસાનો સમય હતો તેથી ચારે તરફથી ભેજવાળી હવા કોટડીમાં આવતી હતી, છતાં ઈસ્પિતાલમાં જવાનું અથવા દવા પીવાનું મને ગમતું ન હતું. રોગ અને તેના ઉપચારની બાબતમાં મારો મત છેક બદલાઇ ગયો હતો, અને ઓસડ ખાવામાંથી મારી શ્રદ્ધા ઉડી ગઇ હતી. મને તો લાગી ગયું હતું, કે જો રોગ ભારે ન હોય તો કુદરતી ઇલાજોથી આરોગ્ય મળી શકે છે. વરસાદની હવા

લાગવાથી જે કાંઇ પીડા થઇ હતી તે યોગના બળથી દબાવી દઈ મારી યોગક્રિયાની પરીક્ષા કરી તેની સચ્ચાઇ સાબીત કરી જોવાનો મને શોખ થયો હતો. પણ ડાક્ટર સાહેબ મારી બહુ ફિકર કર્યા કરતા. તેણે બહુ આગ્રહ કરી મને ઇસ્પિતાલમાં જવાની જરૂર સમજાવી. હું ઇસ્પિતાલમાં ગયો, ત્યારે તેણે મારા ખાવાપીવામાં મારા કહેવા પ્રમાણે ઘરના જેવો બંદોબસ્ત કરવા બનતું કરવામાં મણા રાખી નહિં. તે મારી તરફ આદરભાવ પણ સારો રાખતો હતો. કદાચ જેલમાં જવાથી મારી તબીઅત પાછી લથડે, એવી શંકાથી તેણે મને આ સુખી દશામાં વધારે વખત રહેવાનો આગ્રહ કર્યો; પણ ઇસ્પિતાલમાં રહેવાની મારી મરજી ન હતી. તેથી હું તો જેલમાં પાછો ગયો. ડાક્ટર સાહેબની રહેમ સૌપર સરખી ન હતી. ખાસ કરીને જાડા અને બળવાન માણસો માંદા પડે તોયે તેમને ઇસ્પિતાલમાં રાખતાં તે ડરતો હતો. તે એવી ભ્રમણામાં હતો, કે જેલમાં જો કંઇ ઉત્પાત થાય તો તે કેવળ મજબુત બાળકો જ કરે, પણ અન્તે તેથી ઉલ્ટું જ થયું. ઈસ્પિતાલમાં જે બનાવ બન્યો તેના કરનાર રોગની જાળમાં ફસેલો, અતિશય દુર્બળ અને સુકલકડી શરીરવાળો સત્યેન્દ્રનાથ બસુ, અને રોગી, દૃઢ મનવાળો અને ઓછા બોલો કનૈયાલાલ દત્ત હતા. ડાક્ટર ડેલીમાં અનેક ગુણો હોવા છતાં બાબુ વૈદ્યનાથ જ તેને સન્માર્ગે દોરનાર હતો. ખરૂં જોતાં બાબુ વૈદ્યનાથના જેવો ભલો માણુસ મેં પહેલાં કદી જોયો નથી, અને હવે પછી જોવાની આશા રાખતો નથી. તેનો જન્મ ઉપકાર અને દયા કરવા માટે જ થયો હોય એમ લાગતું હતું. કોઈના દુઃખની વાત સાંભળતાં જ તે દુઃખ દૂર કરવા દોડવું એવો તેનો સ્વભાવ હતો.

આ દુઃખોથી સબડતા પૃથ્વી પરના નર્કમાં પડેલા પ્રાણીઓને સ્વર્ગનું સુખ આપવા માટે તે મથન કરતો હતો. કોઇ જાતની અગવડ, અન્યાય અથવા પીડા દૂર કરવાનો સૌથી સારો અને સ્હેલો

ઉપાય એ હતો કે તે વાત ડાકટર બાબુના કાન સુધી પહોંચાડી દેવી. જો તે દૂર કરવાનું તેના હાથની વાત હોય તો તે દુઃખ દૂર થયું જ સમજવું. બાબુ વૈદ્યનાથનું હૃદય દેશભક્તિથી ભર્યું હતું, પણ સરકારી નોકર હોવાથી તે પોતાના હૃદયની લાગણીઓ દેખાડી શકતો નહિં. તેનામાં ફક્ત એક જ દોષ હતો, અને તે એ કે તે વધારે પડતી લાગણી બતાવી દેતો હતો. આ જાતનું વર્તન જેલના નોકરો માટે લાયક ન ગણાતું હોય, પણ ઉચ્ચ નીતિ પ્રમાણે માણસાઇનો પૂરો વિકાસ આમાં જ છે, અને ભગવાનને આ ગુણ જ બહુ વહાલો કહેવાય છે. તે સાધારણ કેદીઓમાં અને "વંદેમાતરમ્"ના કેદીઓમાં કોઈ જાતનો ફરક રાખતો નહિં. કોઇને માંદો જોતાં જ તેને તે કાળજીપૂર્વક ઈસ્પિતાલમાં લઈ જઈ રાખતો, અને જ્યાં સુધી પૂરેપૂરો સાજો થાય નહિ ત્યાંસુધી તેને કાઢી મૂકવાની વાત કરતો નહિ. આ દોષથી જ તેને નોકરીમાંથી નીકળી જવું પડયું. ગુંસાઇના ખુન પછી અધિકારીઓએ તેનાપર શંકા લાવી અન્યાયીરીતે તેને બરતરફ કર્યો.

આ બધા અધિકારીઓની દયા અને માણસાઈનું વર્ણન કરવું એ ખાસ જરૂરનું છે. અમારે માટે જેલમાં જે જે કાંઈ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો તેનું વર્ણન હું પહેલાં જ કરી ગયો છું, અને આગળ જતાં પણ બ્રિટીશ જેલની પ્રથાની હેવાનીયતભરેલી નઠોરતા સાબીત કરવાનો પ્રયત્ન કરીશ. વાંચનાર આ નઠોરતાનું કારણ અધિકારીઓની બુરાઈ હતું એમ માની ન લે, તે માટે મેં મુખ્ય અધિકારીઓના ગુણનું વર્ણન કર્યું છે. જેલનિવાસની શરૂઆતની હાલતના વર્ણનમાં આ લોકોના બધા ગુણોની વધારે સાબીતી જડી આવશે. . . . . . .

એકાન્ત કેદખાનામાં પહેલે દિવસે મનની જે દશા હતી તેનું વર્ણન હું કરી ચૂકયો છું. અહીં મારે કેટલાક દિવસ ચોપડી વગેરે

કાંઈ પણ જરૂરી સાધન વિના ગાળવા પડયા. ત્યાર પછી એક દિવસ એમર્સન સાહેબે આવીને મને ઘેરથી ધોતિયાં, પહેરણ અને વાંચવાની ચોપડીઓ મંગાવવાની રજા આપી. મેં જેલના અધિકારીઓ પાસેથી ખડીઓ, કલમ અને જેલની છાપવાળો કાગળ મંગાવી એક ચિઠ્ઠી મારા પૂજ્ય માસાજી—' સંજીવની ' પત્રના તંત્રીપર લખી, અને ધોતિયાં, પહેરણ અને વાંચવાનાં પુસ્તકોમાં ગીતા અને ઉપનિષદ્ મંગાવ્યાં. બે ચાર દિવસ પછી તે ચોપડીઓ મને મળી ગઇ. તે અગાઉ એકાંતકેદનો ખરો અર્થ સમજવાનો મને પૂરતો અવસર મળી ચૂકયો હતો. મને સમજાઇ ગયું કે આ જાતના કેદખાનામાં પાકી અને વખણાએલી બુદ્ધિ પણ કેમ બહેર મારી જાય છે, અને માણુસ થોડાજ દિવસમાં ગાંડા જેવો કેમ થઈ જાય છે. પણ તે સાથે મને એમ પણ લાગ્યું, કે આ જાતની એકાંતકેદમાં જ માણુસને ભગવાનની અપાર દયાનો અનુભવ કરવાનો અને તેની સાથે એકતા અનુભવવાનો દુર્લભ અવસર મળે છે. જેલમાં આવ્યા પહેલાં અમે બધાએ એક કલાક સવારે અને એક કલાક સાંજે ધ્યાન કરવાનો રિવાજ રાખ્યો હતો. આ એકાંતકેદમાં બીજું કાંઈ કામ ન હોવાથી મેં ઘણોખરો વખત ધ્યાનમાંજ ગાળવાનો પ્રયાસ આદર્યો. પણ માણુસનું ચંચળ ચિત્ત જે હજારો તરફ દોડતું રહે છે, તેને એકાગ્ર કરવું એ ટેવ વિનાના માણુસો માટે સ્હેલું નથી. જેમ તેમ કરી દોઢ બે કલાક હું એકાગ્ર ચિત્ત રાખી શકતો, પણ અંતે મન અને શરીર બંને હારી જતાં. શરૂઆતમાં મને અનેક ચિંતાઓ રહ્યાં કરતી, પણ કેટલાક દિવસ પછી મારી તે ખાલી, નકામી, અસહ્ય ચિંતાઓ ધીરે ધીરે મારા મનમાંથી સરી જવા લાગી. મારી અવસ્થા એવી થઈ ગઇ કે જાણે હજારો અસ્પષ્ટ ચિંતાઓ મારા મનની કોટડીની આસપાસ ફર્યાં કરતી હતી, પણ તેને અંદર દાખલ થવાનો દરવાજો બંધ હતો. એકાદ બે ચિંતાઓ દાખલ થવા પામી પણ ખરી, પણ હૃદયરૂપી રાજ્યને તદ્દન શૂન્યકાર જોઇ, ધીરે ધીરે તે પણ ભાગવા માંડી. હું

સાવ નવરો અને લાચાર હતો તેથી મને બહુ મુંઝવણુ થવા લાગી. કુદરતની શોભા જોઇ હૃદયને ઠારૂં એવી આશાથી મેં એકવાર બહાર નજર કરી જોઇ પણ ત્યાં ફક્ત એકજ ઝાડ, જરા આકાશનો કકડો, અને જેલનો સોગીઓ દેખાવ એનું એ વારંવાર જોઇ માણસનું આવી સ્થિતિએ પહોંચેલું મન કયાં સુધી ધીરજ રાખી શકે ? ભીંતો તરફ જોયું. જેલની તે સફેદ ભીંતો જોઇ મારૂં મન વિશેષ લાચાર થઇ જઇ માથારૂપી પાંજરામાં પછાડા મારવા લાગ્યું. હું ફરી ધ્યાન કરવા બેઠો; પણ કોઇ રીતે મન એકતાર થઇ શકયું નહિ. ઉલટું એવી સખત ફોગટ મહેનત કરવાથી મારૂં મન વધારે બહેર મારી ગયું, અને કાંઇ પણ કામધંધો નહિ હોવાને લીધે અંદરથી બળવા લાગ્યું. હું ચારે તરફ જોવા લાગ્યો. છેવટ મેં જોયું કે જમીનપર કેટલીક કાળી કાળી કીડીઓ પોતાના દર પાસે ફર્યાં કરતી હતી. તેનું ચલન વલન અને ટેવોનું અવલોકન કરવામાં મારો ઘણો વખત ચાલ્યો ગયો. તે પછી મેં જોયું કે કેટલીક નાની નાની લાલ કીડીઓ પણ ફરતી હતી. એટલામાં કાળી કીડીઓ અને લાલ કીડીઓ વચ્ચે લડાઇ શરૂ થઇ. લાલ કીડીઓ કાળી કીડીઓને કાપી કાપીને મારી નાંખવા માંડી. આવા જુલમનો ભોગ થઇ પડેલી કાળી કીડીઓનો હું જીવ બચાવવા લાગ્યો. મને આ એક કામ મળી ગયું અને વિચારને માટે પણ ખોરાક મળ્યો. મેં આ કીડીઓની મદદથીજ કેટલોક વખત ગાળ્યો. પણ લાંબા લાંબા દિવસો ગાળવાનું બીજું એક સાધન ન હતું. હું મારા મનને ઘણુંએ સમજાવું, બળાત્કારે વિચારમાં પરોવું પણ છતાંયે મન વારંવાર બળવો કરી ઉઠતું અને હાહાકાર મચાવી મૂકતું. વખત તેને અસહ્ય બોજારૂપ થઈ પડી, ભારે દુઃખ આપી રહ્યો હતો. તે બોજા નીચે મન ચગદાવા લાગ્યું અને તેનામાં હવે શ્વાસ લેવાની પણ હાય રહી નહિ. જેમ સ્વપ્નામાં દુશ્મન હલ્લો કરે ત્યારે શ્વાસ રૂંધાઇ માણસ મરવાની અણીપર આવે છતાં હાલવા ચાલવાની અથવા હાથપગ ચલાવવાની શક્તિ પણ તેનામાં રહેતી નથી,

એવી મારી દશા જોઇ મને નવાઇ લાગી. મને ક્યારેય નવરૂં અથવા આળસુ બેસી રહેવું ગમતું નહિં છતાં મેં ઘણીવાર એકલા બેસી વિચારમાં ને વિચારમાં ઘણો વખત ગાળી નાંખ્યો. પણ આ વખતે કોણજાણે મનની કેવીએ નબળાઇ આવી ગઇ કે થોડા દિવસ એકાંત કેદ ભોગવી એટલી વારમાં હું આટલો બધો અકળાઈ ગયો. મને ખાત્રી થઇ કે મરજીઆત એકાંતવાસ અને જબરદસ્તીના એકાંતવાસમાં ઘણો ફેર છે. ઘરમાં એકલા બેસી વખત વીતાડવો તે એક વાત છે, પણ બીજાની ઇચ્છાથી કેદખાનામાં એકાંતવાસ કરવો એ જુદી જ વાત છે. ઘરમાં મરજી થાય ત્યારે માણસની સોબતનો લાભ લઈ શકાય છે, પુસ્તકોનું જ્ઞાન અને તેની સુંદર ભાષા, મિત્રોની મીઠી વાતચીત, રસ્તાની ગડબડ તથા દુનિયાના તરેહવાર દેખાવોથી મનને રંજન અને હૈયાને ઠંડું કરી શકાય છે; પણ અહીં સખ્ત નિયમોને વશ રહી બીજાની મરજી મુજબ આખી માણસ જાતથી દૂર રહેવું પડે છે. કહેવત છે કે "જે એકલો રહી શકે તે કાં તો દેવ છે અથવા હેવાન છે." આવો સંયમ માણસના ગજા ઉપરાંત છે. પહેલાં હું આ વાત માની શકતો ન હતો. પણ હવે હું સમજી શકું છું કે યોગ સાધનારાઓને માટે પણ આ સહેલું નથી. ઈટાલી દેશના રાજ-હત્યા કરનાર, બ્રેશીની ભયાનક દશા આ વખતે મને સાંભરી આવી. નિષ્ઠુર ન્યાયાધીશોએ તેને મોતની સજા ન કરતાં સાત વર્ષની એકાંતકેદની શિક્ષા કરી હતી. એક વર્ષ પૂરૂં થયું નહિ એટલામાં તો તે ગાંડો થઈ ગયો. પણ તે તો આટલા દહાડાએ કાઢી શક્યો હતો. શું મારૂં મનોબળ તેના કરતાં પણ ઓછું? તે વખતે મને ન સમજાયું કે ભગવાન મારી સાથે ફક્ત રમત રમી રહ્યા છે, અને રમતના બ્હાના તળે મને ઉપયોગી આકરી તાલીમ દઈ રહ્યા છે. પહેલી વાત તો એ કે દૃઢ મનના કેદીને એકાંતકેદમાં જીવ-નના રહસ્યના વિચારો આવવા માંડે છે. ભગવાને આ બધું દેખાડીને મને એકાંતકેદની પાશવ નઠોરતાનું ભાન કરાવ્યું, અને યૂરોપની

જેલની વ્યવસ્થાનો મને પાકો વિરોધી બનાવી દીધો, જેથી હું મારી બધી શક્તિ વાપરી મારા દેશબાંધવોને અને દુનિયાના માણસોને આ અન્યાયી જેલવ્યવસ્થા સામેનો વિરોધ બતાવી શકું અને તેમને જેલની દયાળુ ગોઠવણના હિમાયતી કરી શકું. મને યાદ આવે છે કે પંદર વર્ષ પહેલાં જ્યારે હું વિલાયતથી દેશમાં પાછો આવ્યો, ત્યારે મુંબઈના " ઇન્દુપ્રકાશ " નામના પત્રમાં મેં કોંગ્રેસની જાચકવૃત્તિ (Begging Policy) ની વિરૂદ્ધ સખત દલીલોવાળી લેખમાળા શરૂ કરી તે વખતે સ્વ. મહાદેવ ગોવિંદ રાનડેએ નૌજવાનોના મનપર લેખોની થતી અસર જોઈ લેખો બંધ કરવાના હેતુથી મને શિખામણ આપી હતી. તેમણે જેલની વ્યવસ્થામાં સુધારો કરવાનો ભાર મને સોંપવાની ખાહેશ બતાવી હતી. રાનડે સાહેબની આ એકાએક યુક્તિથી હું પણ બહુ ગુંચવાયો. મને તે ગમી નહિં તેથી તે ભાર મારા પર લેવાની મેં ના કહી દીધી. ત્યારે મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે તે વાત એક દૂર દૂરના ભાવી બનાવની આગાહી આપતી હતી, અને એક દિવસ ઈશ્વર પોતે મને એક વર્ષ સુધી જેલનો અનુભવ આપી તેની વ્યવસ્થાની નિષ્ઠુરતા અને તેમાં સુધારો કરવાની જરૂર સમજાવશે. પણ મને એમ તો લાગે છે કે ચાલુ રાજ્યવ્યવસ્થામાં જેલમાં સુધારો થવો એ સ્હેલી વાત નથી. તોપણ સ્વરાજ્ય ભોગવતા ભારતવર્ષમાં પણ કદાચ આ વિદેશી સુધારાની નારકીય અસર રહી ન જાય, તે માટે આમાં સુધારો કરાવવા માટે પ્રયાસ કરવાનું ' પણ ' મારા અંતરાત્મા રૂબરૂ મેં જેલમાં જ લીધું. ભગવાનની બીજી મરજી મને એકાંતવાસની ટેવ પડાવવાની હતી. જે માણસ યોગ સાધવા ઇચ્છે છે તેને એકાંતવાસ કે વસ્તીમાં વાસ બન્ને સરખાં લાગવાં જોઇએ, અને બન્યું પણ એવું જ કે મારી આ નબળાઈ થોડા જ દિવસોમાં ચાલી ગઇ. હવે મને એમ લાગે છે કે જો હું દશ વર્ષ એકલો રહું તો પણ મારૂં મન રજ પણ ગભરાય નહિ. મંગળમૂર્તિ ઈશ્વર અમંગળમાંથી પણ મંગળ પેદા કરે છે.

ત્રીજી શિખામણ મને એ મળી, કે માત્ર મારા જ પ્રયત્નથી યોગસાધના થાય નહિ. ઈશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા અને તેને ખોળે બધું ધરી દેવું, એ જ સિદ્ધિ મેળવવાનો ઉપાય છે. ભગવાન પોતે પ્રસન્ન થઈ જે બળ, સિદ્ધિ અથવા આનંદ આપે તેનો ઉપયોગ કરી, તેનાજ કામમાં મંડ્યા રહેવું એ મારા જીવનનો હેતુ હોવો જોઈએ. જ્યારથી અજ્ઞાનનું અંધારૂં ઘટવા માંડયું, ત્યારથી જ હું જગતની ઘટમાળ જોઇ, મંગળમય શ્રીહરિનું આશ્ચર્યમય, અનંત, મંગળ સ્વરૂપ સમજવા લાગ્યો. જગતનો કોઈ બનાવ એવો નથી,—ચાહે તે નાનો હોય કે મોટો—કે જેની મારફત કોઇ શુભ કાર્ય થતું ન હોય. ભગવાન હંમેશાં એક કામથી અનેક હેતુઓ સાધે છે. આપણને ઘણીવાર દુનિયામાં એક આંધળી શક્તિ દોડાદોડ કરી રહી લાગે છે ત્યારે ભગવાનનો તેમાં સમાએલો શુભ ઉદ્દેશ સ્વીકારવાને બદલે આપણે તેની બુદ્ધિનો દોષ કાઢીએ છીએ, અને કુદરતમાં શક્તિ નકામી ચાલી જાય છે એમ કહીએ છીએ. આ માન્યતા ભૂલભરેલી છે. ઈશ્વરીય શક્તિ કદી આંધળીરીતે કામ કરતી નથી. તેની શક્તિના એક છાંટાનો પણ નાશ થતો નથી. પણ તે સંયમપૂર્વક થોડી મહેનતે એવાં એવાં ફળ નીપજાવે છે, કે જે માણસની કલ્પનામાં પણ આવી શકે નહિ.

મેં મનની અનેક વૃત્તિઓથી પીડાઈ કેટલાક દિવસો બહુ મુશ્કેલીમાં કાઢયા. એક દિવસ સાંજે હું કાંઇ વિચાર કરતો હતો. મારા મનમાં અનેક ચિંતાઓ ઉપજવા માંડી. ધીમે ધીમે તે બધી ચિંતાઓ એવી મેળ વિનાની થવા લાગી, કે ચિંતાઓની ઉપર બુદ્ધિનો કાબુ મને નાશ પામતો લાગ્યો. પણ મન જરા ઠેકાણે આવ્યું ત્યારે મને યાદ આવ્યું, કે બુદ્ધિનો કાબુ લોપ થવા છતાં બુદ્ધિ તો ઘડીવાર પણ લોપ અથવા ચલિત થઇ ન હતી, પણ શાન્ત રીતે મનની આ નવાઈની પ્રવૃત્તિ જોઈ રહી હતી. હું ગાંડો થઈ

જઇશ એવી બીકથી ગભરાઈ ગયેલો હોવાથી મને તે વખતે આ વાત સમજાઇ ન હતી. મારી બુદ્ધિને બહેકી જતાં બચાવી, તે ખાતર મેં અંતઃકરણપૂર્વક પ્રભુની પ્રાર્થના કરી. બરાબર તેજ વખતે મારા સમસ્ત અંતરમાં એક એવી શક્તિ ફેલાઇ, કે મારૂં આખું શરીર શીતળ થઇ ગયું. મારા બળતા હૈયામાં સુખ, આનંદ અને શાન્તિનો સંચાર થયો, અને મને અપૂર્વ આનંદનો અનુભવ થયો. જેમ એક બાળક બેફીકર અથવા નીડર થઈ પોતાની માની ગોદમાં સૂઈ જાય છે, તે પ્રમાણે હું પણ જગદંબાની ગોદમાં સૂવા લાગ્યો. તે દિવસથી મારાં જેલનાં બધાં દુઃખોનો અંત આવ્યો. ત્યારપછી કેદની અશાન્તિ, એકાંત અને નવરાશથી, મનની બેચેની તથા શારીરિક કલેશ અને વ્યાધિથી હું કોઇ કોઈ વાર કાયર થઇ જતો હતો. પણ તે દિવસે ભગવાને ઘડીવારમાં મારા અંતરાત્માને એવું બળ આપ્યું, કે બધાં દુઃખ મારા હૃદયમાં આવી જતાં રહેતાં પણ તેની કાંઇ નિશાની મારા મનમાં રહેતી નહિ. દુઃખમાં રહેતી વખતે પણ હું બળ અને આનંદ અનુભવતો હતો. મારી બુદ્ધિ પણ મનના આ દુઃખનો નાશ કરવા લાયક બની ગઈ હતી. આ બધાં દુઃખ અને કષ્ટ કમળપત્રને જેમ પાણીમાં રહેવા છતાં પાણી ચોંટતું નથી, તેમ મારા હૃદયને અસર કરી શકતાં નહિ. પાછળથી મારાં પુસ્તકો આવ્યાં ત્યારે તેની જરૂર બહુ જ ઘટી ગઇ હતી. તે પુસ્તકો ન આવ્યાં હોત તો પણ હું રહી શકત. આ લેખનો હેતુ જો કે આંતરિક જીવનનો ઇતિહાસ લખવાનો નથી, તોપણ આ વાતો લખ્યા વિના હું રહી શકતો નથી; કારણ તેથી હું કેવી રીતે ઘણા દિવસો સુધી કાળ કોટડીમાં આનંદથી રહી શક્યો તેનો ખુલાસો થઈ જાય છે.

ઈશ્વરે મને ગાંડો ન બનાવી મૂક્યો, પણ કાળ કોટડીમાં કેવી રીતે ધીમે ધીમે ઉન્મત્ત દશા ઉત્પન્ન થાય છે તે ખેલ મારી બુદ્ધિ સાબુત રાખી મને બતાવ્યો, તે બધાથી મને બળ મળ્યું; તથા

જુલમ અને નિષ્ઠુરતાથી પીડિત માણુસોપર મને વધારે ને વધારે દયા અને લાગણી થવા લાગી. મારામાં પ્રાર્થના કરવાની અસાધારણુ શક્તિ તથા સફળતા પણુ વધવા લાગી. એકાંતકેદ દરમીઆન ડાકટર ડેલી અને સુપ્રિન્ટેન્ડન્ટ લગભગ દરરોજ મારી કોટડીમાં આવી મારી સાથે બેચાર વાતો કરી જતા. હું કહી શકતો નથી, કે મારા માટે તે લોકો આટલો પક્ષપાત અને લાગણી શા માટે રાખતા હતા. હું તેમની સાથે વધારે વાતચિત કરતો ન હતો, પણુ જે કાંઈ તે પૂછતા તેનો જવાબ દેતો. તે લોકો કોઈ વિષય ઉપાડતા તો હું તે સાંભળ્યા કરતો, અથવા એકાદ બે વાતો કહી બંધ વાળતો. પણુ તે લોકો મારી પાસે આવવાનું છોડતા નહિ. એક દિવસ ડાકટર ડેલીએ મને કહ્યું, “ મેં સુપ્રિન્ટેન્ડન્ટને કહીને મોટા સાહેબની રજા લીધી છે. તેથી તમે સવારે ને સાંજે ડિક્રીની સામે આંટા મારી શકશો.” મને રાતદહાડો નાનકડી કોટડીમાં પૂરાઈ રહેવું ગમતું ન હતું. તેથી શરીર અને મન બન્ને બગડી જાય છે. તે દિવસથી મેં સવારસાંજ ડિક્રીની સામે ખુલ્લી જગામાં આંટા મારવાનું શરૂ કર્યું. સાંજે દશ પંદર અથવા વીસ મિનિટ અને સવારે એક કલાક, અને કોઇ કોઇ વાર બે કલાક સુધી હું બરાબર આંટા મારતો. વખતનો કાંઇ નિયમ ન હતો. મને આ વખત ઘણો ઠીક લાગ્યો. એક તરફ જેલનું કારખાનું અને બીજી તરફ ગૌશાળા, તે મારે સ્વાધીન રાજ્યની સીમા હતી. કારખાનાથી ગૌશાળા અને ગૌશાળાથી કારખાના સુધી આંટા મારતો અને આંટા મારતાં મારતાં ઉપનિષદોના ગંભીર વિચાર જગાડનાર અને અક્ષય શક્તિ આપનાર મંત્રો યાદ કરતો, અથવા કેદીઓનું કામકાજ અને તેમની અવરજવર જોઈ “ ઘટ ઘટમાં વ્યાપક રામ ” એ તત્વ સમજવાનો પ્રયત્ન કરતો. ઝાડ, મકાન, દિવાલ, માણુસ, પશુ, પક્ષી, ધાતુ, માટી “ સર્વં ખલ્વિદં બ્રહ્મ ” આ મંત્રનો મનમાં ને મનમાં ઉચ્ચાર કરતો, અને તે પ્રમાણે અનુભવવાનો પ્રયાસ કરતો. આમ કરતાં કરતાં મારી એવી

સ્થિતિ થઈ જતી, કે જેલ તે મને જેલ લાગતી નહિ. ચાર ઉંચી દિવાલો, લોઢાના સળીઆ, સૂર્યના તેજમાં ચળકતાં ઝાડપાન—સર્વ વસ્તુઓ જાણે કે મારે માટે જડ ન રહી, પણ સર્વવ્યાપી ચેતન-રૂપ ધારણ કરી સજીવ થઈ ગઈ હોય! મને લાગતું કે તે સર્વ પદાર્થો મારાપર પ્રેમ કરતા, અને મને ભેટવા તૈયાર થતા. માણસ, ગાય, કીડી, સર્વ ચાલતાં, ઉડતાં, ગાતાં, વાત કરતાં, પ્રકૃતિનો ખેલ ખેલી રહ્યાં છે; તે સર્વની અંદર એક મહાન્, નિર્મળ, નિર્લેપ, શાન્તિમય અને ચિદાનંદ આત્મા વસે છે; કોઇ કોઈ વાર એમ લાગતું કે જાણે ભગવાન ઝાડ નીચે આનંદમાં વાંસળી વગાડે છે, અને સ્વરની મધુરતાથી મારા હૃદયને ખેંચી રહેલ છે; મને સર્વદા એમ લાગતું હતું, કે કોઇ મને આલિંગન કરી રહેલ છે; કોઇએ મને પોતાની ગોદમાં રાખેલ છે; મારૂં સમગ્ર મન અને પ્રાણ આ ભાવનાને વશ થઇ ગયાં. મારા હૃદયમાં એવી નિર્મળ શાન્તિ નિવાસ કરવા લાગી, કે જેનું વર્ણન કરવું મારી શક્તિથી બહાર છે. મારા હૃદયનાં કમાડ ઉઘડી ગયાં, તથા સર્વ જીવોની તરફ પ્રેમની ધારા વહેવા લાગી. પ્રેમની સાથે દયા, કરૂણા, અહિંસા ઇત્યાદિ સાત્વિક વૃત્તિઓએ આવી મારી રાજસી વૃત્તિને ઢાંકી દીધી, અને પોતાનો અધિક ફેલાવ કરવા લાગી. જેમ જેમ આ ભાવોનો પ્રકાશ થવા લાગ્યો, તેમ તેમ આનંદ વધવા લાગ્યો, અને નિર્મળ શાંતિનો ભાવ ગંભીર થવા લાગ્યો.. મુકદ્દમાની ચિંતા તો ક્યારનીએ દૂર ભાગી ગઇ હતી, પણ હવે તો મારા મનમાં બીજી એક વાત પેદા થઇ. મને ખાત્રી થઈ ગઈ, કે ભગવાન મંગળમય છે, અને મારૂં મંગળ કરવા માટેજ મને કેદખાનામાં લાવેલ છે; અને હું નક્કી નિર્દોષ ઠરી કેદખાનામાંથી છૂટી જઇશ, અને જેલના કષ્ટમાંથી થોડા દિવસોમાં મુક્ત થઇશ.

આ અવસ્થાને દઢ કરવામાં મને કેટલાક દિવસ લાગી ગયા, એટલામાં માજીસ્ટ્રેટ સાહેબની કચેરીમાં મુકદ્દમો શરૂ થઇ ગયો.

એકાંતકેદની શાન્તમાંથી એકદમ કોલાહલમાં આવવાથી શરૂઆતમાં મારૂં મન બહુ મુંઝાવા લાગ્યું. સાધનાની સ્થિરતામાં ભંગાણુ પડ્યું, અને પાંચ કલાક સુધી મુકદ્દમાની શુષ્ક અને વાદવિવાદવાળી વાતો સાંભળવી મારા મનને બિલકુલ ગમી નહિ. પહેલાં તો મેં કચેરીમાં બેસીને જ સાધના કરવાનો પ્રયત્ન કર્યો, પણુ ટેવ નહિ હોવાથી મન હરેક અવાજ અને દેખાવ તરફ ખેંચાઇ જતું, અને ગરબડાટમાં મારી મહેનત નિષ્ફળ જતી. કેટલાક દિવસો પછી આ વૃત્તિમાં ફેરફાર થઇ ગયો. આસપાસના અવાજ અને દેખાવોને મનમાંથી કાઢી નાંખી બધું વિચારબળ અંદર લઈ જવાની શક્તિ મારામાં આવી ગઈ. શરૂઆતમાં જ્યારે મારામાં ધ્યાન કરવાની પૂરેપૂરી શક્તિ ન હતી, ત્યારે એવો નકામો પ્રયત્ન છોડી દઇને હું કોઈ કોઇ વાર સર્વ પ્રાણીઓમાં રહેલ ઈશ્વરને જોઈને જ સંતોષ માનતો. બાકીના વખતમાં હું મારા સાથીઓનાં સુખદુઃખની વાતો સાંભળતો, તેમની હિલચાલ જોતો, અથવા કોઈ બીજી બાબતનો વિચાર કરતો બેસતો. કયારેક નોર્ટન સાહેબની સાંભળવા જેવી વાતો અથવા સાક્ષીઓની જુબાનીઓ પણુ સાંભળતો. મેં જોયું, કે એકાંતકેદમાં વખત ગાળવાનું કામ જેટલું સહેલું અને આનંદદાયક હતું, તેટલું માણુસોમાં અને આ ભારે મુકદ્દમો જ્યાં જીવનમરણુની વાતો થઈ રહી હતી ત્યાં, વખત ગાળવો સહેલું નહતું. આરોપી બાળકોની ઠઠ્ઠા મશ્કરી સાંભળવામાં અને તેમની મોજમજાઓ જોવામાં બહુ આનંદ લાગતો હતો, તે ન હત તો કચેરીનો સમય વળી વિશેષ લૂખો લાગત. સાડાચાર વાગે બહુ આનંદથી કેદીઓની ગાડીમાં બેસી અમે જેલે પાછા આવ્યા કરતા.

પંદર સોળ દિવસની કેદ પછી છૂટા માણુસોના સહવાસમાં આવવાથી અને એક બીજા સાથે વાતચિત કરવાનો અવસર મળવાથી કેદીઓને બહુ આનંદ થતો. ગાડીમાં બેસતાં જ તે મનોહર હાસ્યનો ફુવારો ખુલી જતો, અને દશ પંદર મિનીટ સુધી તેઓ

ગાડીમાં રહેતા ત્યાં સુધી તેનો પ્રવાહ ક્ષણભર પણ અટકતો નહિ. પહેલે દિવસે અમે બડી ધામધૂમથી કચેરીમાં પ્રવેશ કર્યો. અમારી સાથે એક ગોરા સિપાઇઓની નાનીશી ફોજ ચાલતી હતી, તેમાંના દરેકની પાસે ભરેલી પિસ્તોલો રહેતી. ગાડીપર ચડતી વખતે હથી-આરબંધ સિપાઈઓ ટોળાબંધ અમને ઘેરીને ઉભા રહેતા; અને ગાડીની પાછળ કૂચનો અવાજ કરતા. ગાડીપરથી ઉતરતી વખતે આવી જ ધામધૂમ કરવામાં આવતી. આ બધા ઠાઠ જોઇને કોઈ કોઇ અજાણ્યા જોનારને એમ નક્કી લાગ્યું હશે, કે આ હસતા મોંવાળા, નાની ઉમ્મરના બાળકો કેવાયે જબરા, પ્રખ્યાત અને મહાન યોદ્ધાઓ હશે! અને તેમના શરીર અને હૃદયમાં કેટલુંયે બળ હશે, કે હજારો પોલીસો અને ગોરા સિપાઇઓથી ઘેરાએલા હોવા છતાં તે બધાને વીંધીને તેમને હાથ ઘસતા રાખી કયાંયે નાસી જાય! આ પ્રમાણે ધામધૂમથી લઈ જવાનો ઠાઠ કેટલાક દિવસ સુધી ચાલ્યો, પણ ધીરેધીરે ભપકો ઓછો થવા લાગ્યો. છેવટ તો ફક્ત બે ચાર ગોરા સિપાઈઓ જ અમને લાવવા મૂકવાનું કામ કરતા. ગાડી પરથી ઉતરતી વખતે પણ તે લોકો અમારા પર કાંઇ અધિ-કાર ચલાવતા નહિ, અને અમે જેલમાં કેવી રીતે દાખલ થઇએ છીએ, તે પણ જોતા નહિ. અમે જેલમાં એવી રીતે દાખલ થતા કે જાણે ફરવા જઈ આવીને ઘેર પાછા આવતા હોઇએ. આવી જાતની મોળી દેખરેખ જોઇ પોલીસ કમિશ્નર અને કેટલીક વાર સુપ્રિન્ટેન્ડન્ટ બહુ નારાજ થઇ કહેતા કે, “પહેલે દિવસે પચ્ચીસ ત્રીશ સાર્જન્ટોનો બંદોબસ્ત કર્યો હતો, હવે પાંચ સાત આદમી પણ આવતા નથી!” આ લોકો સિપાઈઓને ધમ-કાવીને અમારી રક્ષાનો પાકો બંદોબસ્ત કરતા. આમ કરવાથી બે ચાર દિવસ એકાદ સિપાઇ વધતો, પણ પછી પાછું પહેલાંની જેમજ કામ મંદ પડી જતું. સિપાઇઓએ જોયું કે આ બધા “બંબ-ભકતો” બહુ શાન્ત અને સીધા માણસો છે, તે ભાગવાનો કાંઈ

પ્રયત્ન કરતા નથી, અને કોઇની ઉપર હુમલો કરવાનો અથવા કોઈને મારી નાંખવાનો પણુ તેમનો ઈરાદો લાગતો નથી. તેથી તેમણે વિચાર કર્યો, કે આપણે આપણો કિંમતી વખત આ કામમાં શા માટે ગુમાવવો? પહેલાં તો કચેરીમાં પેસતાં અને ત્યાંથી નીકળતાં અમારી જડતી લેવાતી, અને સિપાઈ દાદાના કોમળ હસ્તસ્પર્શનું સુખ અનુભવતા. આ સિવાય બીજી કોઇ લાભહાનિ જડતીથી થવાનો સંભવ ન હતો. અમારા રખેવાળોને આવી જડતી લેવાની જરૂર પણુ છેવટે લાગી નહિ. બે ચાર દિવસ પછી તે કામ બંધ થયું, અને અમે કોઈ પણુ જાતની અડચણુ વિના ચોપડીઓ, રોટલી, સાકર વગેરે વસ્તુઓ મરજી મુજબ કચેરીમાં લઇ જઈ શકતા. સિપાઇઓને ખાત્રી થઈ ગઇ હતી, કે અમે કચેરીમાં પિસ્તોલ કે બંબગોળો ચલાવીશું નહિ; પણુ એક બીક તો તેમના હૃદયમાં હંમેશાં રહ્યાં કરતી કે કોણુ જાણે ક્યારેય કોઈના મનમાં ન્યાયાધીશ સાહેબના માનનીય મસ્તકપર જોડા ફેંકવાની બદદાનત થઇ આવે, અને તેમ થાય તો સત્યાનાશ વળી જાય! તેથી જોડા પહેરીને અંદર જવાની મનાઈ હતી. આ બાબતમાં સિપાઈઓ હંમેશાં સાવધ રહેતા. તેવા સાવધ એમને મેં બીજી કોઈ બાબતમાં જોયા નથી.

મુકદ્દમાનું સ્વરૂપ કાંઇ વિચિત્ર જ હતું. મેજીસ્ટ્રેટ, વકીલ, સાક્ષી, જુબાની, સાબીતીની વસ્તુઓ તથા આરોપીઓ બધા જ વિચિત્ર હતા. દરરોજ સાક્ષીઓ તથા વસ્તુઓનો એકસરખો દરોડો ચાલુ રહેતો. વકીલોના નાટકીય હાવભાવ, બાલીશ સ્વભાવના મેજીસ્ટ્રેટની બાલોચિત ચપળતા અને લઘુતા, તે અપૂર્વ આરોપીઓની અપૂર્વ રીતભાત વગેરે જોઇ જોઇને અનેકવાર હૃદયમાં એમ લાગી જતું, કે અમે બ્રિટીશ કચેરીમાં નહિ, પણુ કોઇ નાટકશાળા અથવા નવલકથાની દુનિયામાં બેઠા છીએ. હવે હું આ તમાશાનાં વિચિત્ર પાત્રોનું ટુંક વર્ણન કરીશ.

આ નાટકનો નેતા સરકાર બહાદૂરનો વકીલ નૉર્ટન હતો. તે નેતા એટલા માટે કે તે જ આ નાટકનો રચનાર, સૂત્રધાર અને સાક્ષીઓને ઉભા કરનાર હતો. આવી અજબ શક્તિવાળા માણસો દુનિયામાં વિરલાજ પેદા થાય છે! નૉર્ટન સાહેબ મદ્રાસી છે, ને તેથી જ એમ જણાય છે કે તે બંગાળાના બારિસ્ટરોમાં દેખાતી નીતિ અને સભ્યતાથી અજાણ્યા છે! તે એકવાર રાષ્ટ્રીય મહાસભાનો નેતા હતો, અને તેથી લાગે છે કે વિરોધી વર્તન અને સામો જવાબ તે સહી શકતો નથી; અને વિરોધીઓને દબાવવાની ટેવ રાખે છે! આવા સ્વભાવને લોકો સિંહસ્વભાવ કહે છે. નૉર્ટન કોઈવાર મદ્રાસની કોરપોરેશનનો સિંહ હતો કે નહિ, તે મને ખબર નથી, પણ તે અલીપુરની કચેરીનો સિંહ તો હતો જ. તેના કાયદાના જ્ઞાન પર આફરીન થવું મુશ્કેલ હતું. તેનું કાયદાનું જ્ઞાન એવું હતું કે ભર ઉન્હાળે ઝાકળ પડે! પણ તેના ભાષણનો ધોધમાર પ્રવાહ, તેની વાતોની લબ્બાશ, પાયા વિનાની અને નિરૂપયોગી વાતો કહેવાની અજબ છાતી, સાક્ષીઓ અને નવાસવા બારિસ્ટરો પરનો રૂઆબ અને ધોળાને કાળું કરી બતાવવાની અજબ આવડતમાં નૉર્ટન સાહેબની અસાધારણ ચતુરાઇ પર આફરીન થવું જ પડતું.

ઉત્તમ વકીલોના ત્રણ વર્ગ છે: એક એ કે જે કાયદાના જ્ઞાન, કેસની યોગ્ય રજુઆત અને ઝીણી દલીલોથી ન્યાયાધીશના મનમાં ખાત્રી ઉત્પન્ન કરી શકે છે; બીજો એ કે જે ચાલાકીથી સાક્ષીઓ પાસેથી ઉલટપાલટ તપાસમાં મુકદ્દમાની ઉપયોગી ખરી હકીકતો કઢાવે છે, અને તે પર વિવેચન કરી જ્યુરીનું મન પોતાની તરફ ખેંચે છે; અને ત્રીજો વર્ગ એ કે જે ફક્ત વાતોના જોર પર રૂદ્રસ્વરૂપ ધારણ કરી, જીભના જોરે સાક્ષીઓને ગભરાવી દઈ, મુકદ્દમામાં ગોટાળો ઉભો કરી, પોતાના કંઠના જોરે ન્યાયાધીશ અને જ્યુરીની બુદ્ધિને બહેરી કરી દઇ મુકદ્દમો જીતે છે. આ ત્રીજા વર્ગમાં નૉર્ટન

સાહેબનો નંબર ઘણો ઉંચો છે. આમાં કંઇ ખોટું નથી. વકીલ લોકો ધંધાદારી માણસો છે. તેમનું કામ રૂપિયા લેવાનું છે. જે તેમને રૂપિયા આપે તેમનું કામ સાંગોપાંગ પાર ઉતારવું, એ તેમની ફરજ છે. આજકાલ અંગ્રેજી કાયદાના ધોરણ પ્રમાણે ખરી વાત બહાર આણવી તે વાદી કે પ્રતિવાદીનો ઉદ્દેશ નથી હોતો, પણ બન્નેનો ઉદ્દેશ હરકોઈ રીતે મુકદ્દમામાં જીત મેળવવી તેજ હોય છે. તેથી વકીલો પણ આજ બાબતની કાળજી રાખે છે, નહિ તો તેમની ફરજ બજાવવામાં તે ચૂક્યા ગણાય. ભગવાને નૉર્ટનમાં આ સમયે કાંઇ વિશેષ ગુણ ઉત્પન્ન કર્યો નહિ, તેથી જે ગુણ તેનામાં હતો તે ગુણથી જ આ મુકદ્દમો તેણે જીતવો રહ્યો, અને એથી એમ કરતાં તે પોતાની ફરજ જ બજાવતો હતો. સરકાર બહાદૂર તેને દરરોજ હજાર રૂપિયા આપતી હતી, અને નૉર્ટન સાહેબ પણ એટલા માટે જ તનતોડ મહેનત કરી રહ્યા હતા, કે સરકારના પૈસા નકામા ન જાય. પણ રાજકીય મુકદ્દમાઓમાં આરોપીઓને ખાસ સગવડ આપવી, અને શંકાશીલ કે અનિશ્ચિત પૂરાવાપર બહુ વજન ન આપવું એ બે બ્રિટીશ કાયદાના નિયમો છે. જો નૉર્ટને આ નિયમો હંમેશાં સ્મરણમાં રાખ્યા હોત તો મને લાગે છે કે તેના કેસમાં કાંઈ નુકસાન થાત નહિ, અને અનેક માણસોને એકાંતકેદનું દુઃખ ભોગવવું પડયું હોત નહિ. આ દોષનું મૂળ કારણ વકીલ સાહેબની સિંહપ્રકૃતિ જ હતું. જેમ હાલગશેડ, હલ અને પ્લુટાર્કે શેકસપીઅર માટે ઐતિહાસિક નાટકનું વસ્તુ આગળથી તૈયાર કરી રાખ્યું હતું, તે જ પ્રમાણે પોલિસે પણ આ મુકદ્દમારૂપી નાટકનું વસ્તુ એકઠું કરી રાખ્યું હતું અમારા આ નાટકના શેકસપીઅર નૉર્ટન સાહેબ હતા. પણ શેકસપીઅર અને નૉર્ટન સાહેબમાં મને એક મોટો ભેદ લાગ્યો, અને તે એ કે શેકસપીઅર તૈયાર વસ્તુમાંથી કાંઇક કાંઇક છોડી દે છે, પણ નૉર્ટન સાહેબ તો સાચું, જુઠું, સારૂં ખરાબ, સંબંદ્ધ, અસંબંદ્ધ, **अणो अणीयान् महतो महीयान्** જે કાંઈ મળતું, તેમાંથી કાંઇ છોડતા

નહિ. ઉપરાંત તેણે જાતે પોતાની કલ્પનાથી અસંખ્ય અનુમાન, સૂચના અને સંકેત એકઠા કરી એવું સુંદર વસ્તુ રચ્યું, કે શેક્સ-પીઅર, ડીફો વગેરે સર્વોત્તમ કવિ અને નવલકથાકાર પણ આ મહા પ્રભુથી હાર પામે. નિંદાખોર લોકો કહી શકે, કે જેમ ફાલૂમટાફની હોટેલના હિસાબમાં એક આનાના ભોજન પાછળ અસંખ્ય દારૂનાં પીપ રહેતાં તેમ નૉર્ટનના વસ્તુમાં નવટાંક સાચી હકીકતની સાથે ખાંડી અનુમાન અને માન્યતાઓ ભેળવી દેવામાં આવતી, પણ આવી રીતે નિંદા કરનારાઓ પણ આ વસ્તુની મોહકતા તથા બના-વટની ખુબીનાં વખાણ કર્યા વિના રહી શકે તેમ નથી. આ નાટ-કનો નાયક બનવા માટે નૉર્ટન સાહેબે મને જ પસંદ કર્યો, તે જોઇ મને પણ બહુ રમૂજ પડી. મિલ્ટનના "પૅરેડાઇઝ લોસ્ટ" કાવ્યમાં જેમ સેતાન નાયક છે, તેમ જ નૉર્ટન સાહેબની કૃતિમાં હું સર્વ રાજદ્રોહી કાવતરાંઓનો આત્મા ગણાઇ નાયકનું માન મેળવી શકયો. હું એક અસાધારણ, તિક્ષ્ણ બુદ્ધિવાળો, કાર્યકુશળ તથા ફાટેબાજ બદમાશ (Bold bad man) હતો! હું જ રાષ્ટ્રીય હિલચાલનો આદિ, અન્ત અને ઉત્પન્ન કરનાર હતો તથા બ્રિટીશ સામ્રાજ્યને નાશ કરવાના પ્રયત્નમાં લાગી રહેલો હતો. કોઇ ઉત્તમ અને તેજસ્વી અંગ્રેજી લેખ જોતાં જ નૉર્ટન સાહેબ ઉછળી પડતા, અને મહેર-બાન બરાડી ઉઠતા," અરવિંદ ઘોષ!" હિલચાલનાં જેટલાં દેખાતાં અને વણદેખાતાં સંકળાએલાં અંગ હતાં, તે બધાંનો કર્તા અરવિન્દ ઘોષ! અને અરવિન્દ ઘોષની રચનામાં યુક્તિ પાર પડે તે ઉપરાંત કોઇ નહિ ને કોઇ ગુપ્તભેદ છૂપાએલો હોવો જ જોઇએ. મને લાગે છે કે નૉર્ટન ખાત્રીથી માનતો હશે, કે જો અરવિન્દ ઘોષ પકડાત નહિ તો એ વર્ષમાં હિંદુસ્તાનમાંથી અંગ્રેજી રાજ્યનો લોપ થઇ જાત. મારૂં નામ એકાદ ફાટેલા કાગળના કકડાપર પણ લખેલું મળતું તો તે બહુ આનંદમાં આવી જઇ ઘણા જ આદરપૂર્વક તે મહા ઉપયોગી સાધન મેજીસ્ટ્રેટ સાહેબના ચરણકમળમાં અર્પણ કરતો. દુઃખની વાત

છે, કે હું કોઇ અવતારી પુરુષ નથી, નહિ તો નૉર્ટનની મારાપર એટલી ભક્તિ હતી, કે મારા ધ્યાનમાં લીન થઈ તે તત્કાળ મુક્તદેહ પામત, અને અમારા કેદના સમયમાં ને સરકારના પૈસાના ખર્ચમાં બન્નેમાં ઘટાડો થાત. જ્યારે સેશનમાં હું નિર્દોષ ઠર્યો, ત્યારે નૉર્ટન સાહેબની રચના અને તેનો ભરમ બન્ને ભાંગી પડયાં. ન્યાયમૂર્તિ બીચક્રાફ્ટ એવો અરસિક કે તેણે રામાયણમાંથી રામનું નામ ઉડાવી દઈ, વિસમી સદીના આ ઉત્તમ કાવ્યને બેડોળ બનાવી મૂક્યું. અવલોકન-કારને કાવ્યમાં ફેરફાર કરવાનો અધિકાર આપવામાં આવે તો પછી આવી દુર્દશા કેમ ન થાય? નૉર્ટન સાહેબને બિચારાને વળી બીજી પણ પીડા હતી. કેટલાક સાક્ષીઓ એવા મૂર્ખ મળેલા, કે તેના મતને મળતી આવે એવી સાક્ષી આપતા નહિ. આથી નોર્ટન સાહેબ ક્રોધથી લાલચોળ થઈ જતા, અને સિંહગર્જના કરી, સાક્ષીઓની જુબા-નીને ડગાવી દઈ તેમને ચૂપ કરી દેતા. પોતાની બનાવેલી કવિતાનો કોઇ ખોટો અર્થ કરે, ત્યારે કવિઓને જેવો ક્રોધ ચડે છે, તથા પોતે શીખવાડેલ હોય તેથી ઉંધી રીતનો પલટો, સૂર અથવા હાવભાવ જોઇને નાટકના સૂત્રધારને જેવો વ્યાજબી અને ઉગ્ર ક્રોધ આવે છે, તેવો સાત્વિક ક્રોધ આ જોઈ નૉર્ટનને પણ આવતો.

ભૂવન ચેટર્જી બેરિસ્ટરની સાથે નૉર્ટન સાહેબને જે ઝઘડો થયો હતો, તેનું કારણ પણ આ સાત્વિક ક્રોધ જ હતું. ચેટર્જી મહા-શયના જેવો અરસિક માણસ મેં બીજો જોયો નથી. તેને વેળા કવેળાનું બિલકુલ ભાન જ ન હતું. નૉર્ટન સાહેબ જે વખતે સંબંધ-વાળી વાતોને તિલાંજલિ આપી, ફક્ત ખૂબીની ખાતર આડીઅવળી બાબતો ઘુસાડવા જતા, ત્યારે ચૅટર્જી મહાશય ઉઠીને કોઈ કોઈ પૂરા-વાને સંબંધ વિનાનો અથવા અયોગ્ય કહી, વચમાં વિઘ્ન નાંખતા. તે એટલું સમજી શકતા નહિ, કે આ બધા સાક્ષીઓને ઉપયોગી જાણીને બોલાવવામાં આવતા નથી, પણ નૉર્ટનકૃત નાટકમાં જરૂર

હોવાથી તેમને હાજર કરવામાં આવતા હતા. આ પ્રમાણે તાલભંગ થતો જોઇ નૉર્ટન સાહેબ જ નહિ, પણ શ્રીમાન્ બર્લે સાહેબ પણ નારાજ થઇ જતા. એકવાર બર્લેએ ચેટર્જીને ઘણા કરૂણ અવાજે કહ્યું, Mr. Chatterjee, we were getting on very nicely before you came—અર્થાત્, આપ આવ્યા ન હતા, ત્યાં સુધી અમારો કેસ બહુ મજેનીરીતે ચાલતો હતો. અને એ વાત ખરી છે, કે નાટક ચાલતું હોય ત્યારે વચ્ચે વારંવાર ડખલ કરવાથી નાટક કરનારાઓ અને જોનારાઓ બન્નેના રંગમાં ભંગ પડે છે.

જો નોર્ટનને આ નાટકનો રચનાર, મુખ્ય ખેલાડી અને સૂત્રધાર કહીએ તો મેજીસ્ટ્રેટ બર્લેને તેનો મુરબ્બી ગણવો જોઇએ. શ્રીમાન્ બર્લે સાહેબ સ્કોચ જાતિના ભૂષણ હતા, અને તેમના ચહેરાપર સ્કૉટલેંડની અનેક નિશાનીઓ હતી. તેમનો રંગ બિલકુલ ધોળો, ડીલ લાંબું તથા શરીર દુર્બલ હતું. તેમના આ લાંબા લાકડી જેવા દેહપર એક નાનકડું માથું જોઇ એમ લાગતું હતું, કે જાણે ગગનચુંબી આક્ટરલોનીના સ્મારકપર નાનકડો આક્ટરલોની બેઠો છે, અથવા ક્લિયોપેટ્રાના ઓબેલીસ્કની ટોચે પાકું નાળીએર લાગી રહ્યું છે. તેમના માથાના વાળ નદીની રેતીના રંગના હતા. અને સારા સ્કોટલેંડનો બરફ જાણે તેમના મોંપર ઢળી ગયો હોય એમ લાગતું. જેનો દેહ આટલો લાંબો હોય, તેની બુદ્ધિ પણ એટલી લાંબી જ હોવી જોઇએ, નહિ તો કુદરતની વહેંચણીની નીતિમાં શંકા ઉપજે. પણ આ બાબતમાં બર્લે સાહેબની ઉત્પત્તિ વખતે કુદરત બેપરવા થઈ ગઈ હશે એમ લાગે છે. એક અંગ્રેજ કવિ 'મરલીને' કહ્યું છે, કે "Infinite riches in a little room"—અર્થાત્ નાનીશી કોટડીમાં અપાર ધન, પણ બર્લેને જોવાથી ઉલટો વિચાર મનમાં આવતો હતો. Infinite room and little

riches—મોટા મારા આભલામાં નહિ જેવું ધન. આવા લાંબા શરીરમાં આટલી ટુંકી વિદ્યા અને બુદ્ધિ જોઇ ખરેખર દિલગીરી થતી હતી. વળી વધારે તો એ વિચાર કરતાં કે આવી જાતના થોડાક રાજકર્તાઓ મારફત ત્રીશ કરોડ ભારતવાસીઓપર રાજ ચલાવવામાં આવે છે. તે વખતે અંગ્રેજોના મહિમા અને બ્રિટીશ રાજકારભારપર પ્રેમનો ઉમળકો આવતો હતો. બર્લે સાહેબની વિદ્યા શ્રીયુત્ વ્યોમકેશ ચક્રવર્તિનું નામ લેતી વખતે દેખાઇ આવતી હતી. આટલા દિવસ મેજીસ્ટ્રેટપણું ડોળ્યા છતાં તેઓશ્રીના કરકમળમાં મુકદ્દમો ક્યારે આવ્યો, અથવા કયા રીતે આવ્યો, તેનો નિર્ણય કરતાં શ્રીમાન્ બર્લે સાહેબના માથામાં ચક્કર આવી ગયા. આ સમસ્યાનો ઉકેલ નહિ થઈ શકવાથી ચક્રવર્તી મહાશયપર તેનો ભાર ઢોળી દઇ સાહેબે છૂટી જવાનો પ્રયાસ કર્યો. અત્યારે પણ, બર્લેએ ક્યારે મુકદ્દમો હાથમાં લીધો, તે પ્રશ્ન મુકદ્દમાની એક ગુંચ ગણાય છે. મેં ચેટર્જી મહાશયની સામેનું બર્લે સાહેબનું કરૂણ નિવેદન જે ઉપર બતાવ્યું છે, તેપરથી પણ સાહેબ બહાદૂરની વિચારશૈલીનું થોડું ઘણું માપ થઇ શકશે. તે પહેલેથીજ નોર્ટન સાહેબના પાંડિત્ય અને વકતૃત્વથી અંજાઈ ગયા હતા, અને તેને વશ થઈ ગયા હતા. તે એવી નમ્રતાથી નોર્ટનનું અનુકરણ કરતા કે નોર્ટન હસે ત્યારે હસતા, નોર્ટન ક્રોધ કરે ત્યારે ક્રોધ કરતા, તેમના પ્રમાણેજ હમેશાં મત બતાવતા—એટલેસુધી કે તેમનું આવું અબુદ્ધ બાળક જેવું વર્ત્તન જોઇ મારા મનમાં પ્રબળ પ્રેમ અને વાત્સલ્યભાવ ઉભરાઇ આવતા. બર્લે અતિશય બાળક સ્વભાવવાળો હતો. મને તે કદી મેજીસ્ટ્રેટ લાગતોજ નહિ. એવું લાગતું હતું, કે જાણે કોઇ નિશાળીઓ શિક્ષક બની જઇ શિક્ષકના ઉચ્ચપદપર ચઢી બેઠો હોય. જો કોઈ તેને ન ગમે એમ વર્તે તો નિશાળ માસ્તરની માફકજ તે તેનાપર હુકમ ચલાવતો. અમારામાંથી કોઈ મુકદ્દમાના આ ફારસથી નાખુશ થઈ અંદર અંદર વાત કરવા લાગે તો બર્લે માસ્તર તેને ધમકાવતો. અને જો કોઇ

તેથી પણ ગાંઠે નહિ, તો ઉભા થવાનો હુકમ ફરમાવતો. અને જો હુકમે માનવામાં ન આવે, તો સિપાઇઓને ઉભા કરી દેવા હુકમ કરતો. અમે તેની આ નિશાળ માસ્તરની રીતભાત જોઇ જોઇને એટલા ટેવાઇ ગયા હતા, કે જ્યારે મિ. ચેટર્જી અને બર્લે વચ્ચે ઝઘડો ચાલી રહ્યો હતો, ત્યારે અમે ક્ષણે ક્ષણે એવી આશા રાખતા હતા, કે હમણાં બારિસ્ટર મહાશયને પણ ઉભા થવાનો હુકમ મળશે ! પણ બર્લે સાહેબે ઉલટો ઉપાય કર્યો. તેણે Sit down, Mr. Chatterjee, (બેસી જાઓ) એવી બૂમ પાડી, પોતાની અલીપુરની નિશાળમાં આવેલ આ નટખટ બાળકને બેસાડી દીધો. જેમ કોઈ કોઇ માસ્તર છોકરાંઓ કાંઇ સવાલ પૂછે, અથવા વધારે બોલે તો નારાજ થઇ જઇ શિક્ષા કરે છે, તે પ્રમાણે બર્લે પણ કરતો. આરોપીઓનો વકીલ જો કાંઈ અડચણ ઉભી કરતો, તો તે નારાજ થઈ તેને શિક્ષા કરતો. કોઈ કોઈ સાક્ષી નોર્ટન સાહેબને બહુ હેરાન કરતા. નોર્ટન એમ સાબીત કરવા માગતો હતો કે અમુક લખાણ અમુક આરોપીના હાથનું છે. જો સાક્ષી કહે " હોય પણ ખરૂં ને નયે હોય, હું ચોક્કસ કહી શકતો નથી," વગેરે અને આવો જવાબ ઘણા સાક્ષીઓ આપતા, તો નોર્ટન અધીરો થઇ જતો. બકવાદ, જક, ધમકી, શિક્ષા ગમે તે ઉપાયે પણ મનમાન્યો જવાબ કઢાવવાની તે મહેનત કરતો. તેનો છેલ્લો સવાલ આવો થતો: What is your belief ?—તમે શું ધારો છો ? હા કે ના ? સાક્ષી બિચારો ' હા ' પણ ન કહી શકે, અને ' ના ' પણ ન કહી શકે. તેથી ફરી ફરીને છેવટ તેજ જવાબ આપતો. તે લોકો નોર્ટનને એમ સમજાવવાનો પ્રયત્ન કરતા, કે તેમની કોઈ ધારણાજ ન હતી, તેઓ તો શંકામાંજ રહી ગયા હતા. પણ નોર્ટનને આવો જવાબ જોઇતો ન હતો. એ વારંવાર ગર્જના કરતો, અને આ પ્રાણનાશક પ્રશ્નથી સાક્ષીઓના માથાપર વજ્ર તૂટી પડતું—" Come, Sir, what is your belief ? " નોર્ટન સાહેબનો ક્રોધ જોઇ, બર્લે પણ ક્રોધ

બતાવતો, અને ખુરશીપરથી ગરજતો, "ટોમરા કયા વિશ્વાસ હૈ ?" બિચારો સાક્ષી ભારે મુશ્કેલીમાં પડી જતો. એક તરફ મેજીસ્ટ્રેટ ને બીજી તરફ નોર્ટન. બન્ને ભૂખ્યા વાઘની જેમ તેનાં આંતરડાં ચીરી, તે અમૂલ્ય, અપ્રાપ્ત, "વિશ્વાસ" ને બહાર કાઢવા માટે કેડ બાંધીને તૈયાર થઈ જતા, અને બન્ને તરફથી ભયંકર ગર્જનાઓ કરતા. પણ ઘણુંખરૂં "વિશ્વાસ" નીકળતોજ નહિ. અંતે સાક્ષી પરસેવાથી રેબઝેબ થઇ જઇ હાંફતો હાંફતો આ છટકામાંથી જીવ લઈ નાસી જતો. કોઇ કોઇ વિશ્વાસ કરતાં જીવને વધારે વહાલો ગણી, બનાવટી વિશ્વાસ-રૂપી ભેટ નોર્ટન સાહેબના ચરણકમળમાં અર્પણ કરી પોતાનો જીવ બચાવતા અને નોર્ટન સાહેબ પણ તેથી સંતોષ પામી, પ્રસન્ન થતા હતા. જેવો વકીલ તેવોજ મેજીસ્ટ્રેટ મળી જવાથી મુકદ્દમો વળી ઓર નાટકીય બની ગયો હતો.

કેટલાક સાક્ષીઓએ આ પ્રમાણે વિરૂદ્ધ આચરણ કર્યું, પણ ઘણાખરાઓએ નોર્ટનના સવાલોના અનુકૂળ જવાબ આપ્યા. આ સાક્ષીઓમાં મારા પરિચિત બહુ થોડા હતા, કારણ હું કોઈ કોઇ-કને જ ઓળખતો હતો. દેવદાસ કરણ નામે એક સજ્જને અમારી વિરક્તિ દૂર કરી અમને ખૂબ હસાવ્યા હતા તે માટે લાંબા વખત સુધી અમે તેમના આભારી રહીશું. આ સાચા સાક્ષીએ પોતાની જુબા-નીમાં કહ્યું કે, "મેદનીપુરની સભામાં જ્યારે સુરેન્દ્રબાબુએ પોતાના વિદ્યાર્થીઓને ગુરૂભક્તિ દેખાડવાની પ્રાર્થના કરી હતી ત્યારે અરવિન્દ બાબુ બોલી ઉઠયા હતા, 'દ્રોણે શું કર્યું હતું' ?" આ સાંભળતાંજ નોર્ટન સાહેબના આગ્રહ અને કુતૂહળની સીમા ન રહી. તેણે નક્કી એમજ માન્યું કે દ્રોણ કોઇ બંબભક્ત અથવા હિંસાવાદી રાજકીય પુરૂષ છે, અથવા માનિકતલ્લા બાગ કે વિદ્યાર્થીભંડાર સાથે સંબંધ રાખે છે. નોર્ટન આ વાક્યનો અર્થ એવો સમજ્યો કે નક્કી અરવિન્દ ઘોષે સુરેન્દ્રબાબુને બંબરૂપી ગુરૂદક્ષિણા દેવાની વિદ્યાર્થીઓને

સલાહ આપી હતી. બસ, પછી શું બાકી રહ્યું ? આ વાતથી જ મુકદ્દમામાં બહુ સરળતા થઈ જતી હતી તેથી તેણે બહુ ભાર મૂકીને પૂછ્યું "દ્રોણે શું કર્યું હતું ?" પહેલાં તો સાક્ષી તેના આ પ્રશ્નનો મરમ કોઈ પણ રીતે સમજી શક્યો નહિ. પાંચ મિનિટ સુધી આમને આમ ખેંચતાણ ચાલી. અંતે કરણ મહાશયે બન્ને હાથ આકાશની તરફ ઉંચા કરી નૉર્ટનને સમજાવ્યું કે "દ્રોણે અનેકાનેક આશ્ચર્યકારક બાબતો કરી હતી." તેથી નૉર્ટનને સંતોષ ન થયો. દ્રોણના બંબનો પત્તો લગાડયા વિના તેને સંતોષ કેમ થાય, ભલા ? તેણે ફરી પૂછ્યું, "તે અનેક બાબતો કયી હતી ? સ્પષ્ટ બોલો, તેણે શું શું કર્યું હતું ?" સાક્ષીએ તેના ઘણા જવાબ આપ્યા પરંતુ એકે વાતથી દ્રોણાચાર્યના જીવનના આ ગુપ્ત રહસ્યનો ભેદ ખુલી શક્યો નહિ. નૉર્ટને ક્રોધમાં આવી જઈ ગરજવું શરૂ કર્યું. સાક્ષીએ પણ બૂમ પાડીને બોલવા માંડયું. એક વકીલે હસીને એવી શંકા બતાવી કે, "સાક્ષીને જ ખબર લાગતી નથી કે દ્રોણે શું શું કર્યું ?" કરણ મહાશય આ વાત સાંભળતાં જ ક્રોધ અને અભિમાનથી સળગી ઉઠયા અને બૂમો પાડીને બોલવા લાગ્યા, "શું દ્રોણે શું કર્યું તે મને ખબર નહિ હોય ? મેં શું આરંભથી તે અંત્ સુધી મહાભારત નહિ વાંચ્યું હોય ?" અર્ધો કલાક સુધી દ્રોણાચાર્યના મૃત દેહને સારૂ કરણ અને નૉર્ટન વચ્ચે ઘોર યુદ્ધ જામ્યું. પાંચ પાંચ મિનિટને અંતરે નૉર્ટન અલીપુરની કચેરીને કંપાવતો પોતાના પ્રશ્નની ઘોષણા કરતો રહ્યો:

"Out with, Mr. Editor. What did Drona do ?"

"જલ્દી બોલો, તંત્રી મહાશય, દ્રોણે શું કર્યું ?" તંત્રી મહાશયે જવાબમાં એક લાંબી રામકહાણી સંભળાવા માંડી, પણ તેમાંયે દ્રોણે શું કર્યું તે વાતનો કાંઈ વિશ્વાસજનક પત્તો મળી શક્યો નહિ. આખી કચેરીમાં હસાહસ થવા લાગી. નાસ્તાનો વખત પણ આવી પહોંચ્યો.

ત્યાર પછી કરણ મહાશય પોતાનું મગજ ઠંડું કરી તથા કાંઈક વિચાર કરી પાછા આવ્યા ત્યારે તેમણે આ સમસ્યાનો એવો ઉકેલ બતાવ્યો કે "બિચારા દ્રોણે કાંઈ પણ કર્યું ન હતું. નકામી જ આપણે અર્ધો કલાક સુધી તેના પરલોકવાસી આત્માની ખેંચતાણ કરી. ઉલટું અર્જુને જ દ્રોણાચાર્યનો વધ કર્યો હતો." આ પ્રમાણે મિથ્યા આરોપમાંથી છૂટતાં વાર જ દ્રોણે કૈલાસમાં જઈ સદાશિવની સ્તુતિ કરી કે "કરણ મહાશયની સાક્ષીને લીધે જ મારે અલીપુરની કચેરીમાં આવીને સાક્ષીના પાંજરામાં ઉભા રહેવું પડ્યું નહિ. તંત્રી મહાશયની એક વાતથી સ્હેજમાંજ અરવિન્દ ઘોષ સાથે મારો સંબંધ સાબીત થાત, પણ હે ભોળા શંભુ ! તેંજ મારી રક્ષા કરી."

જે લોકો સાક્ષી આપવા આવતા હતા તેમના ત્રણ ભાગ પાડી શકાય. એક પોલીસ અને છૂપી પોલીસ; બીજા પોલીસના મળતીઆ નીચલા દરજ્જાના લોકો; અને ત્રીજા ખાનદાન માણસો જેમના પર પોલીસની ખફામરજી રહેતી, તથા જેમને જબરદસ્તીથી લાવી સાક્ષી બનાવી દેવામાં આવતા. દરેક જાતના સાક્ષીઓની સાક્ષી આપવાની રીત પણ નિરાળી જ હતી. પોલીસવાળા બહુ આનંદથી તથા સંકોચ વિના પોતાની માહિતી કહી નાંખતા. જેમને ઓળખવાની જરૂર હતી તેમને ઓળખાવતા, અને કોઈ જાતની શંકા કે ભૂલચૂક ન થવા દેતા. પોલીસના મળતીઆઓ પણ બહુ ભાર દઈને સાક્ષી આપતા. જેમને ઓળખવાની જરૂર હતી, તેમને તે ઓળખી લેતા. જે લોકોને જબરદસ્તીથી લાવવામાં આવતા તેઓ જે કાંઈ જાણતા તે કહેતા હતા, પણ તેવા બહુ થોડા હતા. નોર્ટનને તેથી સંતોષ થતો નહિ, અને તે એમ જ સમજ્યા કરતો, કે સાક્ષીઓના પેટમાં કોઈને કોઈ અમૂલ્ય તથા સન્દેહ ટાળનાર સાબીતી અવશ્ય બાકી રહી જાય છે અને તેથી પોતાની જીકરથી અનેક પ્રયત્નો કરી સાક્ષીના પેટને ચીરી તે સાબીતી કાઢવાની તનતોડ મહેનત કરતો. તેથી બિચારા

સાક્ષીઓ મહામુશ્કેલીમાં આવી પડતા. એક તરફ નોર્ટનની ગર્જના અને બર્લેની લાલપીળી આંખો, અને બીજી તરફ જૂઠી સાક્ષીઓ આપી, પોતાના દેશબંધુઓને કાળાપાણીએ મોકલવાનું મહાપાપ ! નોર્ટન અને બર્લેને રાજી કરવા કે ભગવાનને ? આ પ્રશ્ન બિચારા સાક્ષીઓ માટે કોઈ કોઇવાર બહુ વિકટ થઈ પડતો. એક તરફથી માણસના ક્રોધથી ક્ષણભર વિપત્તિ, અને બીજી તરફ પાપ, નરક અને પરલોકનું દુ:ખ. પણ તે વિચારતા, કે પરલોક અને નરક તો દૂર રહ્યાં, પણ મનુષ્યકૃત વિપત્તિ તો સામે જ આવીને ઉભી છે, અને હમણાં ગળી જશે. કોને ખબર છે, કે જૂઠી સાક્ષી આપવાનો ઇન્કાર કરવાના કારણસર જ જૂઠી સાક્ષી દેવાના અપરાધમાં પકડાવું પડે ! આવો ભય ઘણાકના મનમાં રહેતો હતો, કેમકે એવા અવસરોમાં આવા દાખલાઓ કાંઇ ઓછા ન બનતા. આથી આ જાતના સાક્ષીઓ જયાં સુધી સાક્ષીના પાંજરામાં રહેતા, ત્યાં સુધી તેમનો સમય મહાભય અને ચિંતામાં કપાતો. સાક્ષી પૂરી થતી, એટલે અર્ધો નીકળી ગયેલો પ્રાણ ફરી દેહમાં પાછો આવતો, અને આ મુશ્કેલીમાંથી છૂટકારાનો દમ લેતો. કેટલાક સાક્ષીઓએ નોર્ટન સાહેબની ગર્જનાની લેશ પણ પરવા ન કરતાં ઘણીજ નીડરતાથી સાક્ષી આપી. જ્યારે જ્યારે આમ થતું, ત્યારે તે અંગ્રેજ બારિસ્ટર પણ પોતાની જાત પર જઇ એકદમ નરમ થઈ જતો. આ પ્રમાણે કેટલાયે સાક્ષીઓ આવી ગયા, અને કેટલીયે જાતની જુબાનીઓ આપી, પણ તેમાંથી એકેએ પોલીસના લાભની એક વાત ન કહી. એક સાક્ષીએ તો સાફ સાફ જણાવી દીધું, કે "હું આ બાબત કાંઇ જાણતો નથી. મને તો એ જ સમજાતું નથી, કે પોલીસ મને અહીં શામાટે ઘસડી લાવી છે ?" આવી રીતે તો હિન્દુસ્થાનમાં જ કેસ ચલાવી શકાય. જો કોઈ બીજા દેશમાં આ પ્રમાણે બન્યું હોત, તો ન્યાયાધીશ આવી આવી વાતોથી નારાજ થઈ પોલીસને સખત ઠપકા સાથે શિક્ષા દેત, એક વાતનો કાંઇએ

પત્તો મેળવ્યા વિના તથા અપરાધી અને નિરપરાધીનો વિચાર કર્યા વિના સેંકડો સાક્ષીઓને લાવી લાવીને પાંજરામાં ઉભા કરવા, દેશનું ધન વેડફવું, તથા આરોપીઓને નિરર્થક લાંબા વખત સુધી કેદના કષ્ટમાં રાખવા તે કેવળ આ દેશની પોલીસને જ જેબ આપે છે. પણ બિચારી પોલીસેય શું કરે ? તે કેવળ નામ માત્ર જ છૂપી પોલીસ છે. પરંતુ તેનામાં યોગ્યતા ન હોવાથી આવી જાતની જુબાની માટે વિશાળ જાળ ફેલાવી ઉત્તમ, મધ્યમ, કનિષ્ટ સર્વ તરેહના સાક્ષીઓને એકઠા કરી, અટકળ પંચા દોઢસો પાંજરામાં ખડા કરી દેવા તેજ તેમના હાથમાં એક માત્ર ઉપાય હતો; પછી ભલેને સાક્ષી જાણતો હોય, કે ન જાણતો હોય, તથા કોઇ જાતનો પુરાવો દઈ શકતો હોય કે ન દઈ શકતો હોય.

આરોપીઓને ઓળખાવવાની રીત પણ વિચિત્ર હતી. પહેલાં સાક્ષીને પૂછવામાં આવતું કે "તમે આમાંથી કોઇને ઓળખો છો ?" જો સાક્ષી 'હા' કહે તો તુરતજ નોર્ટન પ્રફુલ્લિત થઇ ઓળખવાના તમાશાનો બંદોબસ્ત કરી દેતો તથા સાક્ષીને પોતાની સ્મરણશક્તિને સતેજ કરવાનું કહેતો. જો કહે કે "મને નથી લાગતું કે હું ઓળખતો હોઉં" તો નોર્ટન જરા ઉદાસ થઇ કહેતો "વારૂ, જુઓ પ્રયત્ન તો કરો." અને કોઈ એમ કહેતો કે "ના, હું ઓળખી શકીશ નહિ; આ લોકોને મેં કદી નથી જોયા" તો પણ નોર્ટન તેને છોડતો નહિ. તે એવા વિચારથી કે કદાચ આટલા મોં જોવાથી સાક્ષીને પૂર્વજન્મની કોઇ સ્મૃતિ જાગી ઉઠે; તેથી તેને પણ પરીક્ષા કરવા માટે મોકલતો પણ સાક્ષીઓમાં આ પ્રકારની યોગશક્તિ ન હતી. કદાચ પૂર્વજન્મની વાતોમાં તેમને વિશ્વાસ પણ નહિ હોય. તે લોકો સાર્જન્ટોની પાછળ પાછળ, આરોપીઓની બન્ને લાંબી હારની પાસે થઇને, પહેલેથી છેલ્લે સુધી ગંભીરતા ધારણ કરી નીકળી જતા અને અમારા મોં તરફ જોયા વિનાજ માથું હલાવી

કહેતા " નહિ, હું ઓળખતો નથી. " નોર્ટન બાપડો નિરાશ થઇ આ માછલાં વિનાની જીવતી જાળ ઉપાડી લેતો.

માણસની સ્મરણશક્તિ કેટલી પ્રખર અને ચોક્કસ હોઇ શકે છે તેનો પુરાવો મને આ મુકદ્દમાથી મળી ગયો. ત્રીશ, ચાળીશ આદમીઓ ઉભા છે, તેમનાં નામ પણ માલુમ નથી; તેમથી સાથે જન્મારામાંયે વાતચિત થઈ નથી; પણ આજથી બે મહીના પહેલાં કોને જોયો હતો અને કોને નહિ—અમુકને અમુક ત્રણ જગાએ જોયો હતો—અમુકને બે જગાએ જોયો ન હતો—આને દાતણ કરતો એકવાર જોયો છે, તેથી તેનો ચહેરો જન્મ જન્માંતરને માટે મારા મન પર અંકિત થઇ ગયો છે—આને મેં ક્યારે જોયો, આ શું કરતો હતો, કોઇ તેની સાથે હતું કે નહિ તે કાંઇ યાદ નથી, પણ તેનો ચહેરો કેંક જન્મારાનો ઓળખીતો હોય એ પ્રમાણે મારા મનમાં જડાઇ રહ્યો છે—હરિને દશ બાર વખત જોયો છે, એટલે તેને ભૂલી જવાનો કંઈ સંભવ નથી—શ્યામને કેવળ એકવાર અર્ધી મિનિટ મેં જોયો હતો, પણ તેનેયે મરતાં સુધી નહિ ભૂલી શકું—ભૂલવાનો સંભવ જ નથી. આ જાતની યાદદાસ્ત આ અધૂરા માનવ સ્વભાવમાં, આ અંધકારમય મૃત્યુલોકમાં જવલ્લે જ જોવામાં આવે છે. કિંતુ એક બે નહિ પણ આ અવસર પર પ્રત્યેક પોલીસ પુંગવમાં આ પ્રકારની વિચિત્ર અજબ સ્મરણશક્તિ જોવામાં આવી હતી. આ બધું જોઇને છૂપી પોલીસપરની અમારી ભક્તિ તથા શ્રદ્ધા દિવસે દિવસે વધતી ચાલી. પણ દુઃખની વાત છે કે સેશન કોર્ટમાં ગયા પછી આ ભક્તિ કમી કરવી પડી. મારે કહી દેવું જોઇએ કે મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં અમારા મનમાં એક બે વાર શંકા અવશ્ય ઉત્પન્ન થઈ હતી, કેમકે જ્યારે મેં લખેલા બ્યાનમાં જોયું કે શિશિર ઘોષ એપ્રીલમાં મુંબઈ હતો, અને બરોબર તે જ વખતે કેટલાએક પોલીસ સાક્ષીઓએ તેને કલકત્તાની સ્કાટ્સ લેનમાં અથવા હેરીસનરોડ પર

પણ જોયો હતો, ત્યારે જ મને થોડી થોડી શંકા થવા માંડી હતી. જ્યારે શ્રીહટ્ટનિવાસી વીરેન્દ્ર ચંદ્રસેનનું સ્થૂળ શરીર વાનીઆચંગમાં તેના બાપના ઘરમાં રહેતું, ત્યારેજ તેનું સૂક્ષ્મ શરીર સ્કાટ્સ લેનમાં અને બગીચામાં સી. આઈ. ડી. વાળાઓની સૂક્ષ્મ દૃષ્ટિએ પડયું હતું,—જો કે સાક્ષીઓના લખેલા કાગળોમાંથી સજ્જડ પુરાવો મળ્યો હતો કે વીરેન્દ્ર સ્કાટ્સ લેનનું ઠેકાણું સુદ્ધાં જાણતો નહતો; આ વખતે મારી શંકામાં વધારો થયો; વિશેષે કરીને જે માણસોએ કદીયે સ્કાટ્સ લેનપર પગ નથી મૂકયો તે લોકોએ અમુક માણસોને અનેકવાર ત્યાં દેખ્યા હતા, એવું સાંભળતાં ચિત્તમા શંકા ઉપજ્યા વિના રહી નહિં. મેદનીપુરનો એક સાક્ષી જેને મેદનીપુરના આરોપીઓએ છૂપીપોલીસવાળા તરીકે ઓળખાવ્યો, તેણે કહ્યું કે “ મેં શ્રીહટ્ટના હેમચંદ્રસેનને તમલૂક નગરમાં ભાષણ આપતાં જોયો હતો! જો કે હેમચંદ્રે આ સ્થૂળ ચક્ષુએ કદી તમલૂક જોયું નથી, તોપણ તેના છાયામય શરીરે શ્રીહટ્ટથી દૂર તમલૂક સુધી પહોંચી જઈ ત્યાં એક જોરદાર રાજદ્રોહી સ્વદેશી ભાષણ આપીને ગોવિન્દ મહાશયનાં આંખકાન તૃપ્ત કર્યાં હતાં. ચન્દનનગરનિવાસી ચારૂ ચંદ્રરાયના છાયામય શરીરે માનિકતલ્લામાં પહોંચી વિશેષ અદ્ભૂત કાર્ય કરી બતાવ્યું હતું. પોલીસના સિપાઇઓએ સોગંદપર કહ્યું કે, “ અમે અમુક સમયે ચારૂ બાબુને શ્યામબજારમાં જોયો હતો. તે શ્યામબજારમાંથી એક મુખ્ય કાવતરાંખોર સાથે માનિકતલ્લા બાગમાં પગે ચાલતો ગયો હતો. અમે પણ ત્યાં સુધી તેની પાછળ પાછળ ગયા. અમે બહુ નજદીક જઈ તેને ઓળખી લીધો હતો, તેથી ભૂલચૂક થવાનું કાંઈ કારણ નથી. ” વકીલોની તપાસથી તે બે સાક્ષીઓ જરા પણ ડગ્યા નહિ. “ બાવો બોલ્યા તે સત્ય ” એ વચનની અનુસાર પોલીસની સાક્ષી કદી ખોટી હોઈ શકતી નથી. દિવસ અને સમયની બાબતમાં પણ તે લોકોથી ભૂલ નથી થઈ શકતી. કેમકે ચન્દનનગરના ડુપ્લે કોલેજના પ્રીન્સીપાલની સાક્ષીથી સાબીત થયું હતું કે તે દિવસે ચારૂ

બાબુ કૉલેજમાંથી રજા લઈ કલકત્તામાં ગયેલો, પણ નવાઇની વાત છે કે બરાબર તેજ દિવસે તેજ સમયે ચારૂ બાબુ ચન્દનગરના નગરશેઠ તારદીવાલ મહાશય, તેમની સ્ત્રી, ચન્દનગરના ગવર્નર અને કેટલાક યૂરોપીય ગ્રહસ્થો સાથે વાતચિત કરતો હાવડા સ્ટેશનના પ્લાટફૉર્મપર ફરી રહ્યો હતો ! આ બધા માણુસોએ બધી વાતો યાદ કરી ચારૂ બાબુના પક્ષમાં સાક્ષી આપવાનો વિચાર કર્યો, પણ ફ્રેંચ સરકારના પ્રયત્નથી ચારૂ બાબુને પોલીસે છોડી દીધો, તેથી અદાલતમાં આ વાતનું રહસ્ય ખુલ્લું થયું નહિં. ચારૂ બાબુને મારી એવી સલાહ છે કે પોલીસની આ બધી સાબીતીઓ તેણે "માનસશાસ્ત્ર સંશોધક મંડળ"ના પર મોકલી દઈ માણસજાતના જ્ઞાનસંગ્રહમાં સહાયતા કરવી ! પોલીસવાળાઓની સાક્ષી કદી જૂઠી હોઈ શકતી જ નથી ખાસ કરીને છૂપી પોલીસની. તેથી થીઓસોફીનો આશરો લીધા સિવાય આપણી પાસે બીજો એકે રસ્તો નથી ! ટુંકમાં કહેવાનું એટલું જ કે બ્રિટીશ કાયદાના આધારે કેટલા નિર્દોષ લોકોને સહજમાં કેદ, કાળું પાણી અને ફાંસી પણ મળી જતી, એ વાતના દૃષ્ટાંત મને આ મુકદ્દમામાં ડગલે અને પગલે મળતાં હતાં. પાંજરામાં ઉભા રહ્યા સિવાય કેવળ કલ્પનાથી જૂઠાણાની જાળનો ખ્યાલ આવી શકે તેમ નથી. યૂરોપની ન્યાયપદ્ધતિ જુગારના જેવી જ છે. તેમાં માણસની સ્વતંત્રતા, સુખદુઃખ, તેના તથા તેના પરિવાર અને સગાંવહાલાંની જીંદગીભરની પીડા, અપમાન, તથા જીવતાંજીવત મોતની સાથે જુગાર ખેલવાનો છે. તેમાં કેટલાયે દોષી બચી જાય છે, કેટલાયે નિર્દોષી માર્યા જાય છે—તેનો હિસાબ કરી શકાય તેમ નથી. યૂરોપમાં સામ્યવાદ અને અરાજકતાના ફેલાવ અને પ્રભાવનું કારણ આ જુગારના ખેલમાં એકવાર સપડાવાથી તથા આ નિષ્ઠુર, અવિચારી સમાજરક્ષક કે ભક્ષક ઘંટીમાં એકવાર દળાવાથી સારી રીતે સમજમાં આવી જાય છે. આવી અવસ્થામાં અનેક ઉદાર અને દયાળુ માણસોનું એવું કહેવું થાય કે આ સમાજને તોડી તેને છિન્નભિન્ન કરી નાંખો

તો તેમાં શી નવાઈ છે? આટલું પાપ, આટલું દુઃખ, આટલા નિર્દોષીઓની હાયવરાળ તથા હૃદયના લોહીથી જ જો સમાજની રક્ષા થઈ શકતી હોય તો એવી રક્ષાની જરૂર નથી.

માજીસ્ટ્રેટની અદાલતમાં એક માત્ર વિશેષ ઉલ્લેખ કરવા યોગ્ય બનાંવ નરેન્દ્ર ગુંસાઇની સાક્ષી હતી. તે બનાવનું વર્ણન કરતાં પહેલાં હું મારી વિપત્તિના સાથી બાલકઆરોપીઓ વિષેની કેટલીક વાતો કહીશ. અદાલતની અંદર આ બાળકોનું આચરણ જોઇને મને બરોબર ખાત્રી થતી હતી કે બંગાળામાં એક નવીન યુગનો આરંભ થયો છે, એક નવીન પ્રજા માતૃભૂમિના ખોળામાં વાસ કરવા લાગી છે. પહેલાના વખતમાં બે જાતના બંગાળી છોકરાઓ જોવામાં આવતા હતા. એક તો શાન્ત, શિષ્ટ, નિસ્પૃહ, સદાચરણી, બ્હીકણ તથા આત્મસન્માન અને મહત્ત્વાકાંક્ષાહીન; અને બીજા દુરાચારી, લબાડ, લુચ્ચા, ઠગ, તથા સંયમ અને સત્યતા રહિત. આ બે છેડાઓની વચ્ચે અનેક પ્રકારના જીવોએ બંગ માતાની ગોદમાં જન્મ લીધો હતો, કિન્તુ આઠ દશ ભાવિમાર્ગદર્શક, અસાધારણ પ્રતિભાશાળી તથા શક્તિવાન માણસો બાદ કરતાં આ બે જાત સિવાય તેજસ્વી આર્યસંતાનો લગભગ જોવામાં આવતા ન હતા. બંગાળીઓમાં બુદ્ધિ અને હોશિયારી હતી, પણ તેમનામાં શક્તિ અને મરદાઈની ખામી હતી. પણ આ બાળકોને જોઈ લાગતું હતું કે આ બધા લોકો કોઈ જુદા જ સમયના, જુદા જ પ્રકારનું શિક્ષણ પામેલા, ઉદાર અને સ્વતંત્ર સ્વભાવના, તેજસ્વી પુરૂષો ફરીથી ભારતવર્ષમાં પાછા અવતર્યા છે. તેમની નિર્ભય તથા સરળ દૃષ્ટી, તેજસ્વી વાતો, ચિંતા રહિત અને આનંદી હાસ્ય, આ ઘોર વિપદ્‌માં પણ દેખાતી સંપૂર્ણ તેજસ્વીતા, મનની પ્રસન્નતા, શાન્તિ, ચિંતા અને શોકનો અભાવ વગેરે તેમના સમયના અંતમ ભારતવાસીઓનાં જેવાં ન હતાં. તે સર્વે નૂતન પુત્ર, નૂતન જાતિ તથા નૂતન કર્મયુગનાં લક્ષણો હતાં. તે

લોકો જો હિંસાવાદી હોય તો પણ કહેવું પડે કે હિંસાની ખુની છાયા તેમના સ્વભાવ પર પડી ન હતી. ક્રૂરતા, ઉન્મત્તતા, અથવા પાશવભાવનો આ લોકોમાં છાંટોયે ન હતો. તે લોકોને ભવિષ્યની અથવા મુકદ્દમાના પરિણામની લેશમાત્ર ચિંતા ન હતી. જેલના દિવસો તે બાલકોએ આમોદપ્રમોદ, રમતગમત તથા વાંચનવિનોદમાં જ ગાળી નાંખ્યા. તે લોકોએ થોડા જ દિવસોમાં જેલના નોકરો, સિપાઇઓ, કેદીઓ, યુરોપીઅન સાર્જન્ટો, ડિટેકિટવો તથા અદાલતના નોકરો સર્વેની સાથે દોસ્તી કરી લીધી. અને દુશ્મન કે દોસ્ત, મોટા કે નાના વગેરેનો જરાયે વિચાર કર્યા વિના તે લોકો સર્વની સાથે ગપસપ, ટોળટપ્પા, અને આનંદ કરવા બેસી જતા. કચેરીનો વખત તે લોકોને અતિશય કંટાળાભરેલો લાગતો. કેમકે મુકદ્દમાના ફારસમાં રસ બહુ થોડો હતો. કચેરીમાં વખત ગાળવા માટે તે લોકો પાસે વાંચવાની એકે ચોપડી પણ ન હતી, અને વાતચિત કરવાની પણ મનાઈ હતી. જે લોકોએ યોગ કરવાની શરૂઆત કરી હતી, તેઓ પણ ત્યારસુધી ગડબડ વચ્ચે ધ્યાન કરવાનું શીખ્યા ન હતા. તે લોકોને આ સમય ગાળવો બહુ મુસ્કેલીની વાત થઈ પડતી. શરૂઆતમાં બેચાર લોકો વાંચવાની ચોપડીઓ સાથે લાવવા લાગ્યા. તેમની દેખાદેખી બીજાઓએ પણ તે રસ્તો લીધો. ત્યાર પછી તો એવો અદ્દભૂત દેખાવ જોવામાં આવતો, કે એક બાજુ મુકદ્દમો ચાલી રહ્યો છે, ત્રીશ ચાલીશ આરોપીઓનું ભવિષ્ય ઘડવાની વાત થઈ રહી છે જેનું ફળ ફાંસી અથવા જન્મદેશનિકાલ આવે—અને બીજી બાજુ આરોપીઓ તે તરફ નજર પણ કરતા નથી, પણ કોઈ બંકીમની નવલકથા, કોઈ વિવેકાનંદકૃત રાજયોગ અથવા Science and Religion, કોઈ ગીતા, કોઈ પુરાણ તથા કોઈ યૂરોપની ફીલસુફીનાં પુસ્તકો વાંચવામાં મશગુલ થઈ ગયા હોય છે. અંગ્રેજ સાર્જન્ટો અથવા દેશી સિપાઇઓ કોઈ તેમના આ કામમાં અડચણ કરતા નહિ. તે લોકો માનતા હતા, કે જો આટલાથી જ પાંજરામાં

પૂરેલા વાઘ શાન્ત બેસી રહે તોયે આપણું કામ ઓછું થઈ જાય. અને આમાં કોઇને કાંઇ નુકસાન પણ ન હતું. પણ બર્લે સાહેબની નજર આ તરફ ગઈ. મેજીસ્ટ્રેટ સાહેબ આ સહન કરી શક્યા નહિ. પણ બે ત્રણ વખત તે કાંઈ બોલ્યા નહિ. ત્રીજે દિવસે તે ન રહી શક્યા, ને ચોપડીઓ લાવવાની બંધી કરવામાં આવી. બર્લે સાહેબના સુંદર વિચારો સાંભળી આનંદ માણવાને બદલે ચોપડી વાંચવા માંડવી, તે બર્લેની મહત્તા અને બ્રિટીશ રાજ્યના મહિમાનું ઘોર અપમાન કરવા જેવું હતું.

અમે જેટલા દિવસ કાળ કોટડીઓમાં પૂરાએલા રહ્યા, તેટલા દિવસ કેવળ ગાડીમાં, મેજીસ્ટ્રેટના આવવા પહેલાં અને નાસ્તાને વખતે વાતો કરવાનો કેટલોક સમય મળતો હતો. ઓળખીતાઓ અરસ્પરસ એકાંતકેદનો અનુભવ કહેતા, અને હાસ્યવિનોદમાં તથા જૂદી જૂદી બાબતોની ચર્ચામાં સમય ગાળતા. પણ તેવે વખતે અજાણ્યા માણસો સાથે વાતો કરવાનું સરળ ન હતું, તેથી મારા ભાઈ બારીન્દ્ર અને અવિનાશ સિવાય હું કોઈની સાથે વાતચિત કરતો નહિ. તેમની વાતો સાંભળતો, પણ તેમાં ભળતો નહિ, પણ એક માણુસ વચ્ચે વચ્ચે ખસીને મારી પાસે આવી જતો–તે ભાવિ બાતમીદાર (approver) નરેન્દ્ર ગોસ્વામી હતો. તે સાહસિક, હલકા મનનો અને હલકા સ્વભાવનો તથા વચનમાં અને કર્મમાં અસંયમી હતો. પકડાવાની વખતે નરેન્દ્રે પોતાનો સાહસિક સ્વભાવ અને જોર બતાવ્યાં હતાં, પણ શોખીન હોવાથી જેલનું જરાયે દુઃખ અથવા અગવડ તેનાથી સહન ન થઈ શક્યાં. તે જમીનદારનો દીકરો હતો, અને મોજશોખમાં ઉછર્યો હતો, તેથી જેલના કડક નિયમો અને મુશ્કેલીઓથી તે કાયર થઈ ગયો, અને પોતાની તે વૃત્તિ સર્વ સમક્ષ દર્શાવતાં તે આંચકો ખાતો નહિ. ગમે તે ઉપાયે પણ આ પીડામાંથી છૂટવાની તીવ્ર ઇચ્છા તેના મનમાં દિવસે દિવસે વધવા લાગી. પહેલાં

તો તેને એવી આશા હતી, કે પોતાની કબૂલાત માટે નામુકર જઇ તે એવું સાબીત કરી શકશે કે પોલીસે તેને શારીરિક કષ્ટ આપી ગુન્હો મનાવ્યો હતો. તે અમારી પાસે કહી ચૂકયો હતો, કે તેનો બાપ એવી ખોટી જુબાની ઉભી કરવા માટે પ્રયત્ન કરી રહ્યો હતો. પણ થોડા દિવસમાં તેની વૃત્તિમાં ફેરફાર દેખાવા લાગ્યો. તેનો બાપ અને એક વકીલ જેલમાં તેની પાસે વારંવાર આવવા લાગ્યા અને છેવટમાં શમસુલઆલમ પણ તેની પાસે આવીને ઘણીવાર એકાંતમાં વાતો કરવા લાગ્યો. આ સમયે અચાનક ગુંસાઇની જીજ્ઞાસાવૃત્તિ અને કુતૂહલતામાં એકાએક વધારો થઇ આવ્યો જોઇ, ઘણાને શંકા થવા લાગી. દેશના મોટા મોટા માણસો સાથે કોને કોને સંબંધ હતો, ગુપ્તસમિતિને કોણે કોણે આર્થિક મદદ આપી હતી, હવે સમિતિનું કામ કોણ ચલાવશે, શાખાસમિતિઓ કયાં કયાં છે ?—વગેરે ન્હાના મોટા અનેક પ્રશ્નો તે બારીન્દ્રને પૂછતો. ગુંસાઇની આ જીજ્ઞાસાવૃત્તિની વાત તુરતજ બધાને કાને આવી ગઈ. અને શમસુલઆલમની સાથેના તેના પરિચયની વાત પણ હવે છાની રહી નહિ. તે વાતોપર ઘણી વાર ચર્ચા થતી રહેતી. અને કોઇ કોઇના લક્ષમાં તો એ પણ આવી ગયું, કે પોલીસનાં દર્શન થયા પછીજ એવા નવા પ્રશ્નો ગુંસાઇના મનમાં ઉઠતા હતા. કહેવાની જરૂર નથી, કે તેને આ પ્રશ્નોના સંતોષકારક જવાબ મળતા નહિ. ગુંસાઇએ જાતેજ શરૂઆતમાં આરોપીઓની પાસે કહ્યું હતું, કે પોલીસ તેની પાસે આવી તેને 'સરકારનો સાક્ષી' બનાવવા માટે તરેહવાર રીતે સમજાવવાનો પ્રયત્ન કરતી હતી. તેણે મને પણ કોર્ટમાં એક વખત આ વાત કહી હતી. મેં તેને પૂછયું હતું, 'તમે શો જવાબ આપ્યો છે ?" તેણે કહ્યું, "હું કયાં સાંભળું એવો છું ? અને સાંભળું તોયે તેમના દિલને અનુકૂળ સાક્ષી કેમ આપું ?"

ત્યાર પછી કેટલેક દહાડે જ્યારે આ વાત નીકળી, ત્યારે મેં જોયું, કે વાત બહુજ વધી ગઇ છે. જેલમાં ઓળખાવવાના તમાશા

વખતે મારી પાસે ગુંસાઇ ઉભો હતો, ત્યારે તેણે મને કહ્યું, "પોલીસ તો મારી પાસે આવ્યાજ કરે છે!" મેં મશ્કરીમાં કહ્યું, "તમે એમ કેમ નથી કહેતા કે સર એન્ડ્રુજ ફ્રેઝર અમારી ગુપ્તસમિતિના મુરબ્બી છે. તેમ કહેશો તો એ લોકોનો શ્રમ સાર્થક થશે." ગુંસાઇએ કહ્યું, "એવુંજ કહ્યું છે. મેં કહ્યું કે સુરેન્દ્રનાથ બેનરજી અમારા મુખી છે, તેમને એકવાર બંબગોળા બતાવવામાં આવ્યા હતા." મે ચકિત થઇને પૂછ્યું, "આવી વાત કહેવાનું શું પ્રયોજન હતું?" ગુંસાઈ બોલ્યો, "હું તેમનો દમ કાઢી નાંખીશ. આવી આવી તો બીજી કેટલીએ ખબરો આપી છે. બેટાજી પુરાવો ઢુંઢી ઢુંઢીને મરશે. વખતે આ ઉપાયથી મુકદ્દમો તૂટી પણ જાય!" તેના જવાબમાં મેં ફકત એટલુંજ કહ્યું, કે "આ લત છોડી દે. પોલીસ્ સાથે ચાલાકી કરવા જતાં કદાચ માર્યો જઇશ." ગુંસાઈની આ વાત કેટલે સુધી સાચી હતી, તે કહી શકાય નહિ. બીજા બધા આરોપીઓનો મત એવો હતો, કે "અમારી આંખમાં ધુળ નાંખવા માટે જ તેણે આ વાત કહી હતી." મને તો લાગે છે, કે તે સમયે ગુંસાઈ બાતમીદાર બનવાના પૂરા નિશ્ચય પર આવ્યો ન હતો. તેનું મન અવશ્ય તે તરફ બહુ ખેંચાઈ ગયું હતું, પણ પોલીસને થાપ દઇ, તેમના મુકદ્દમાને ધૂળમાં મેળવી દેવાની આશા પણ તેના મનમાં હતી. ચાલાકીથી અને ખોટે રસ્તે કાર્ય સિદ્ધ કરવું, તે નીચ લોકોનો સ્વભાવ છે. તે સમયેજ મને ખાત્રી થઈ હતી, કે ગુંસાઈ પોલીસને વશ થઇ, સાચું જૂઠું—જેવી જરૂર કહીને પોતાનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરશે. એક નીચ સ્વભાવના માણસનું દુષ્ટતામાં થતું એ વિશેષ અધઃપતન મારી આંખોની સામે નાટકની માફક દેખાવા લાગ્યું. મેં જાણ્યું કે દિવસે દિવસે ગુંસાઇનું મન કોઇ રીતે બદલાતું જાય છે. તે વિશ્વાસઘાતનું કામ કરી પોતાના સોબતીઓનું સર્વનાશ કરવાનો જે પ્રયત્ન કરી રહ્યો હતો તેને ટેકો આપવા માટે ક્રમે ક્રમે અનેક પ્રકારની યુક્તિઓ તે અજમાવવા લાગ્યો. એના જેવું પાત્ર માનસશાસ્ત્રના અભ્યાસીને

મળતું મુશ્કેલ છે. પ્રથમ તો કોઇએ પણ ગુંસાઇને ન જાણુવા દીધું કે તેનું કપટ સર્વના જાણુવામાં આવી ગયું છે. અને તે પણ એવો બેવકૂફ હતો, કે ઘણા દિવસો સુધી કાંઇ સમજી શકયોયે નહિ. " હું કેવી ચાલાકીથી પોલીસને મદદ કરી રહ્યો છું, " એમ વિચારીને તે તો મનમાં ફુલાતો હતો, પણ કેટલાક દિવસો પછી જ્યારે એકાંત કેદમાંથી લાવી સર્વને સાથે રાખવામાં આવ્યા ત્યારે સાથે રહેવાથી અને વાતચિત થવાથી ગુંસાઇની વાત ઝાઝો વખત છાની રહી શકી નહિ. તે વખતે એક બે છોકરાઓને ગુંસાઇ સાથે ટટો થયો. તેમની વાતો અને અતડી વર્તણુકથી તેને લાગ્યું, કે તેનું કપટ કોઇથી અજાણ્યું રહ્યું નથી. જ્યારે ગુંસાઇએ સાક્ષી આપી ત્યારે કેટલાક અંગ્રેજી પત્રોમાં એવી ખબર આવી હતી, કે આરોપીઓ આ નવી બાબતો સાંભળી, આશ્ચર્યચકિત અને ઉત્તેજીત થઇ ગયા. કહેવાની જરૂર નથી, કે આ રિપોર્ટરોની નરી કલ્પનાજ હતી. કેટલાયે દિવસો અગાઉથી જ બધા જાણી ગયા હતા, કે આ જાતની સાક્ષી આપવામાં આવશે એટલું જ નહિ પણ કયે દિવસે કેવી સાક્ષી આપવામાં આવશે, તે પણ બધાના જાણુવામાં હતું.

તે સમયે એક આરોપીએ ગુંસાઇની પાસે જઇને કહ્યું, " ભાઇ, હવે મારાથી પણ આ સર્વ કષ્ટ સહ્યું જતું નથી, માટે હું પણ સરકારી સાક્ષી થઈશ. તું સમશુલઆલમને કહી દે કે તે મને પણ છોડાવવાનો બંદોબસ્ત કરે. "

ગુંસાઇએ આ વાત માની લીધી અને કેટલાક દિવસો પછી તેને કહ્યું, " સરકાર તરફથી આ બાબતમાં કાગળ આવ્યો છે. તો તમારી અરજ પર અનુકૂળ નિર્ણય થવાનો સંભવ છે. " એમ કહીને ગુંસાઇએ તેને ઉપેન્દ્ર વગેરે પાસેથી ગુપ્તસમિતિની શાખા સમિતિઓ કયાં કયાં છે ? તેમના નેતા કોણ કોણ છે ? વગેરે જરૂરી બાબતો કઢાવવા વિષે કહ્યું. સરકારનો સાક્ષી બનવાનો ઢોંગ કરનાર

આ નકલી બાતમીદાર ગમ્મતી અને રસિક હતો. તેણે ઉપેન્દ્ર સાથે મસલત કરીને કેટલાંક કલ્પિત નામો બતાવ્યાં, અને કહ્યું, કે મદ્રાસમાં વિશ્વંભર પિલ્લે, સતારામાં પુરૂષોત્તમ નાટેકર, મુંબઈમાં પ્રોફેસર ભટ્ટ, તથા વડોદરામાં કૃષ્ણજીરાવ ભાવ ગુપ્તસમતિની શાખા સમિતિઓના મુખી હતા. ગુંસાઇએ આનંદમાં આવી જઈ, આ ખાનગી સમાચાર પોલીસને કહ્યા. પોલીસ પણ મદ્રાસના ખૂણે ખૂણે શોધો વળી. અનેક પિલ્લે મળ્યા, પણ વિશ્વંભર કે અર્ધ વિશ્વંભર પિલ્લે કોઈ પણ મળ્યો નહિ. સતારામાં પુરૂષોત્તમ નાટેકરે પણ પોતાના અસ્તિત્વને ગાઢ અંધકારમાં છૂપાવી રાખ્યું. મુંબઈમાં એક પ્રોફેસર ભટ્ટ મળ્યા, પણ તે ભલા માણુસ તો એવા અચળ રાજભક્ત હતા, કે તેમની નીચે કાઈ જાતની ગુપ્તસમિતિ હોવાનો સંભવ નહતો. પણ ગુંસાઇએ સાક્ષી આપતી વખતે ઉપેન્દ્રનાથ પાસેથી સાંભળેલી વાતપર વિશ્વાસ મૂકી, પોતાના કલ્પનારાજ્યમાં વાસ કરનાર વિશ્વંભર પિલ્લે ઈત્યાદિ મહારથી કાવતરાં બાજોને નોર્ટન સાહેબના શ્રીચરણે અર્પણ કરી, તેની અદ્‌ભૂત કલ્પનાને પોષણ આપ્યું. વીર કૃષ્ણજીરાવ ભાવને માટે પોલીસે એક ઓર જ તમાસો કર્યો. તે લોકોએ માનિકતલ્લાના બગીચામાંથી કોઇ ઘોષ મહાશયે મોકલેલ વડોદરાના કૃષ્ણજીરાવ દેશપાંડેના નામના એક તારની નકલ કાઢી હાજર કરી. એ નામનો કોઇ માણુસ વડોદરામાં છે કે નહિ, એ વાતનો પત્તો વડોદરાનિવાસીઓ ભલે ન લગાડી શકે, તો પણ સત્યવાદી ગુંસાઇએ વડોદરાવાસી કૃષ્ણજીરાવ ભાવનું નામ આપ્યું છે, માટે કૃષ્ણજીરાવ ભાવ અને કૃષ્ણજી દેશપાંડે એક જ હોવા જોઇએ. અને જો કોઇ કૃષ્ણજીરાવ દેશપાંડે પણ ન મળે, તો મારા પ્રિયમિત્ર કેશવરાવ દેશપાંડેનું નામ કાગળપત્રોમાં મળ્યું જ હતું. તેથી કૃષ્ણજીરાવ ભાવ, કૃષ્ણજીરાવ દેશપાંડે તથા કેશવરાવ દેશપાંડે, એ બધા એક જ માણુસ છે, એટલે સાબીત થયું, કે કેશવરાવ દેશપાંડે ગુપ્ત કાવતરાંના એક મુખ્ય પંડયા હતા. આવી જાતનાં સર્વ વિચિત્ર અનુમાનો પરજ નૉર્ટન સાહેબની પ્રખ્યાત

કલ્પના આધાર રાખતી હતી. જો ગુંસાઇની વાતોપર વિશ્વાસ મૂકીએ, તો એમ પણ માનવું પડે, કે તેના કહેવાથી અમારી એકાંતકેદનો અંત આવ્યો, અને અમને બધાને એક ઠેકાણે રાખવામાં આવ્યા. તેણે અમને કહ્યું હતું, કે પોલીસે એને સર્વની સાથે રાખી, કાવતરાંની છૂપી વાતોનો પત્તો મેળવવાના ઉદ્દેશથી આ વ્યવસ્થા કરી છે. ગુંસાઇ જાણતો ન હતો, કે અમે સર્વ આગળથી જ તેના આ નવા વ્યવસાયની વાત જાણી ગયા હતા. આ ઉદ્દેશથી તે ,એવા પ્રશ્ન કરતો, કે "કોણ કોણ કાવતરાંમાં સામેલ છે ? ક્યાં ક્યાં શાખાસમિતિઓ છે ? કોણ રૂપીઆ અથવા સહાયતા આપે છે ? હવે ગુપ્ત સમિતિઓનું કામ કોણ ચલાવશે ?" ઇત્યાદિ. તેના સર્વ પ્રશ્નોના જવાબ તેને કેવી જાતના મળતા હતા, તેનું દૃષ્ટાંત હું આગળ આપી ગયો છું. કિંતુ ગુંસાઇની ઘણી ખરી વાતો જૂઠી જ હતી. ડૉકટર ડેલીએ અમને કહ્યું હતું, કે "મેં પોતે એમર્સન સાહેબને કહીને આ ફેરફાર કરાવ્યો છે. અને ડેલીની વાત જ ખરી હોવી જોઇએ. અને પોલીસે તો આ નવી વ્યવસ્થા જોઈ તેનો લાભ લેવાનો પ્રયત્ન કર્યો હશે. ગમે તેમ હોય, પણ આ ફેરફાર જોઇ મારા સિવાયના બધા બહુ ખુશ થયા. હું તે સમયે માણસોને મળવા માગતો ન હતો. મારૂં સાધનાનું કામ તે સમયે જોરમાં હતું. સમતા, નિષ્કામતા અને શાન્તિનો થોડો ઘણો સ્વાદ મને મળી ચૂકયો હતો, પણ મારી તે વૃત્તિ તે સમય સુધી દૃઢ થઈ ન હતી. લોકોની સાથે મળવાહળવાથી તેમની ગડબડના પ્રવાહમાં મારો આ નવીન ભાવ તણાઇ જવાનો સંભવ હતો. અને બન્યું પણ તેમ જ. તે સમયે હું જાણતો ન હતો, કે મારી સાધનાની પૂર્ણતાને માટે વિપરીત ભાવોની આવશ્યકતા છે. તે કારણથી જ અંતર્યામી પરમાત્માએ મને મારી પ્રિય એકાંત જગા છોડાવી, અને અચાનક ઉદ્યમ અથવા રજોગુણનો પ્રવાહ વહેવડાવ્યો, અને સર્વ આનંદમાં ગરકાવ થઈ ગયા. હેમચન્દ્રદાસ, સચીન્દ્રસેન ઇત્યાદિ ગાયનના શોખીનોને જે ઓરડામાં રાખવામાં

આવતા હતા તે મોટો હતો. તેથી તેમાં ઘણા આરોપીઓને રાખ્યા. તે ઓરડામાં તે રાત્રે બે વાગ્યા સુધી કોઈ સૂતું નહિ. આખી રાત હાસ્યની લહર, ગાયનનો અસ્ખલિત પ્રવાહ, અને આટલા દિવસ સુધી રોકી રાખેલ ગપ્પાં, ચોમાસાની નદીઓના પૂરની માફક વહેવાં લાગ્યાં. અને તે શૂન્યકારમાં કોલાહલ મચી રહ્યો. હું સૂઈ ગયો, પણ જ્યારે જ્યારે મારી ઉંઘ ઉડી જતી, ત્યારે એવાંને એવાં ગાયન, એવું ને એવું હસવું, તથા એનીએ ગપ્પાંબાજી જોતો. પાછલે પહોરે જરા શાન્તિ થઈ, ગાયનના શોખીનો સૂઈ ગયા, અને અમારો વોર્ડ પણ શાન્ત થઈ ગયો.

વ્યાખ્યાનો

૧. ઉત્તરપાડા†

મને જ્યારે આ સભામાં કાંઈ કહેવા માટે આગ્રહ કરવામાં આવ્યો ત્યારે મને હિંદુધર્મ પર કાંઈક કહેવાની ઈચ્છા થઈ હતી. પણ હવે હું કહી શકતો નથી કે હું તે વિષે બોલીશ કે નહિ. કારણ કે મારા દિલમાં કાંઈ જુદી જ વાત કહેવા તરંગ ઉઠ્યો છે. આ વાત કારાવાસમાં રહેતી વખતે મને માલૂમ પડી છે. એ મારે આખી હિંદી પ્રજાને કહેવાની છે. તે વાત આપણી પ્રજાને કહેવા માટે જ હું જેલમાંથી છૂટીને આવ્યો છું.

લગભગ એક વર્ષ પહેલાં જ્યારે હું છેલ્લીવાર આ સભામાં આવ્યો હતો, તે સમયે મારી બાજુમાં હિન્દી પ્રજાના એક ધુરન્ધર સેવક બેઠા હતા. તે સમયે એ પોતાના ઈશ્વરદત્ત એકાંતવાસથી છૂટીને આવેલ હતા. ભગવાનની પવિત્ર વાણી સુણવા માટે જ તેમને આવો એકાંતવાસ મળ્યો હતો. આપ લોકોમાંથી સેંકડો અને હજારો ગૃહસ્થો મળીને તેમનું સ્વાગત કરવા માટે હાજર થયા હતા. હાલ તે બહાદૂર આપણાથી હજારો માઈલ દૂરપર બિરાજે છે. મેં પણ એક વર્ષ

† ૩૦ મી મે, ૧૯૦૯.

એકાંતમાં ગાળ્યું છે. હાલમાં બહાર આવીને જોઈ રહ્યો છું કે પહેલાંની સર્વ વાતો બદલાઈ ગઈ છે. દેશભરમાં એક મહા ભારે તોફાન વ્યાપી રહ્યું છે. એક સજ્જન* જે સદૈવ મારી સાથે રહેતા હતા અને મારા હરેક કામમાં સામીલ થયા હતા, તે બ્રહ્મદેશમાં દેશનિકાલની કેદ ભોગવી રહ્યા છે. બીજા ઉત્તર હિંદમાં નજરબંધીનું દુઃખ ભોગવી રહ્યા છે. જ્યારે હું કારાવાસમાંથી છૂટીને આવ્યો ત્યારે આસપાસ જોયું તો જે લોકો સદૈવ મારી સાથે રહેતા હતા, ભગવદ્વાક્ય સાંભળવા માટે જેમની તરફ હું નજર નાંખતો તે કયાંયે ન મળ્યા. તેથીએ વધારે મારા પર વીત્યું. જ્યારે હું જેલમાં ગયો હતો ત્યારે સંપૂર્ણ દેશને બંદેમાતરમની ગર્જનાથી સજીવ જોયો હતો, સંપૂર્ણ દેશમાં જાતીયતાની સજીવ આશા ધડકી રહી હતી. તે આશા અવનતિની દશામાંથી ઉઠેલ કરોડો માણસોની અતિપ્રિય આશા હતી. હું જેલમાંથી છૂટીને આવ્યો ત્યારે અવશ્ય તે અવાજ મેં સાંભળ્યો, પણ તે અવાજ સર્વત્ર દબાયલા કંઠમાંથી નીકળી રહ્યો હતો, જાણે કોઇને સૂજ ન પડતી હોય કે કયે રસ્તે જવું? સર્વ બાજુએથી એક જ પ્રશ્ન ઉઠી રહ્યો છે કે અમે શું કરીએ? હવે શું કરવું જોઇએ?

હું નથી જાણતો કે હવે કયાં જવું જોઇએ, અને શું કરવું જોઇએ? પણ એટલું જાણું છું કે ભગવાનની અનંત શક્તિએ જ તે અવાજ ઉઠાવ્યો હતો, તે આશા ઝગકાવી હતી, અને હાલ આપણો કંઠ રૂંધાઈ ગયો છે તે પણ તેની ઇચ્છાથી જ. આ મૌનસાધના જોઇને હું નિરાશ નથી થયો. કેમકે મૌનસાધનાનો મને અભ્યાસ છે અને વર્ષભરની લાંબી કેદથી મને શીખામણનો પાઠ મળ્યો છે.

હું આજ આપને જેલમાંથી છૂટીને મળ્યો છું, અને જે સભામાં આપ મારૂં સ્વાગત કરી રહ્યા છો તે રાજનૈતિક નથી, પણ આપણા ધર્મની રક્ષા માટેની છે. મને અલીપુર જેલખાનામાં વર્ષભરની લાંબી

---

* બાબુ શ્યામસુંદર ચક્રવર્તી.

કેદ દરમ્યાન ભગવાન હરઘડી સંદેશા દઈ રહ્યા હતા. તે સંદેશા તેણે મને છૂટીને આવ્યા પછી તમને સંભળાવવાની આજ્ઞા આપી છે.

હું જાણુતો જ હતો કે હું છૂટીને આવીશ. વર્ષભરનો એકાંતવાસ તે મારા અભ્યાસનું વર્ષ હતું નહિં તો મને જેલમાં રાખવાની શક્તિ કોનામાં છે? ભગવાને પોતાનો સંદેશો તમને પહોંચાડવા માટે મને કહ્યો છે. જ્યાં સુધી હું તે કામ ન કરૂં ત્યાં સુધી કયા માણુસમાં શક્તિ છે કે મારૂં ગળું દબાવે? મને રોકે? હાલ જ્યારે હું બહાર આવ્યો છું ત્યારે કેટલાયે વખતથી ભગવાન મારા મનમાં ભરાઈ રહેલ, તેણે કહેલ વાત બહાર કઢાવવાનું કરી રહેલ છે. તેની આજ્ઞાથી જ હું અહિં ભાષણુ કરી રહ્યો છું.

જ્યારે હું પકડાયો અને લાલબજારની ચોકીમાં મને રાખવામાં આવ્યો ત્યારે હું ભગવાનનો આંતરિક હેતુ જાણી શકયો ન હતો. ક્ષણુભર મારૂં મન ડગ્યું. મેં તેને પૂછ્યું. " ભગવાન, આ શું કર્યું?" હું તો જાણુતો હતો, કે જ્યાં સુધી હું તેનું કામ ન કરી રહું, ત્યાં સુધી હું તેની રક્ષા નીચે છું. ફરીથી મેં વિચાર કર્યો, કે મને અહીં કેવી રીતે લાવ્યા? તે સમયે અંતમાં મારા મનમાં એવી વાણી સંભળાઈ કે " ચૂપ થઈ જુઓ, શું થાય છે. " બસ, હું શાન્ત થયો, અને ચૂપચાપ બધું જોવા લાગ્યો. મને લાલબજારની ચોકીમાંથી અલીપુરની જેલમાં પહોંચાડ્યો. એક માસ સુધી બીજા માણુસોથી અલગ એકાંત કોટડીમાં મને રાખવામાં આવ્યો. હું રાતદહાડો ભગવાનની વાણી સાંભળવા માટે, મારે શું કરવું પડશે તેની આજ્ઞા મેળવવા માટે રાહ જોવા લાગ્યો. તે એકાંતમાં પહેલવહેલાં મારા હૃદયમાં એવું સંભળાયું, " ચૂપચાપ એકાંતમાં રહો. હૃદયવાસી ભગવાન સાથે ખેલ્યાં કરો. " હું દુર્બળ હતો. હુકમ માનવાનું મારાથી બની શક્યું નહિ. દેશનું જે કામ હું કરતો હતો, તેજ મને પ્રિય લાગવા માંડ્યું. અહંકારથી હું વિચારવા લાગ્યો, કે તે કામ મારા વિના

બગડશે, બંધ થઈ જશે, અને તેથી મને લાગ્યું, કે તેનાથી છૂટા થવું મારે માટે ઠીક નહિ. ભગવાનની વાણી મારા કાનપર અથડાઈ. તેણે કહ્યું, કે "જે બંધનો તોડવાની શક્તિ તારામાં નથી તે મેં તોડી નાંખ્યાં છે. કારણ કે તે બંધનો વધારે વખત રાખવાં તે મારી ઈચ્છાની વિરૂદ્ધ છે. તારો આ મોહ છોડાવવા માટેજ હું તને અહીં લાવ્યો છું." બસ, તેણે મારા હાથમાં ગીતા મૂકી, તેનું બળ મારી નસોમાં પેઠું, અને મારામાં કેવળ તેને સમજવાની જ નહિ, પણ તે પ્રમાણે આચરણ કરવાની શક્તિ આવી, કે શ્રીકૃષ્ણે અર્જુન પાસે શું કરાવવા માગ્યું હતું, તથા જે લોકો ભગવાનનું કામ કરવા ચાહે છે, તેમની પાસે ભગવાન શું કરાવવા માગે છે. હુ અનુભવ કરવા લાગ્યો, કે હિન્દુધર્મનો અર્થ શો છે? આપણે હિન્દુધર્મની, સનાતનધર્મની વાતો કર્યા કરીએ છીએ, પણ બહુ જ થોડા લોકો તેનો અર્થ સમજે છે.

બીજા ધર્મો વચન અને વિશ્વાસના ધર્મ છે. સનાતનધર્મ મનુષ્યત્વની પ્રાપ્તિ અને મુક્તિનો ધર્મ છે. પૃથ્વીભરમાં ફેલાવવા માટે આપણને આ ધર્મ મળ્યો છે. પૃથ્વીભરને તે અર્પણ કરવા માટેજ હિન્દ આજે જાગ્યો છે. તેની જાગૃતિ બીજા દેશોની જાગૃતિ જેવી નથી. બીજા દેશો જાગૃત થાય છે તે દુર્બળ લોકોના પગમાં બેડીઓ નાંખવા માટે, પણ હિન્દુસ્થાન જાગૃત થયો છે પૃથ્વીભરમાં ધર્મની પવિત્ર જ્યોતિ ફેલાવવા માટે. તેથી ભગવાને પહેલાં હિન્દુધર્મના મુખ્ય તત્ત્વનો અનુભવ મારા હૃદયને કરાવ્યો. તેણે મને કેદ કરનારાનું હૃદય મારી તરફ ફેરવી નાંખ્યું. જેલખાનાનો ભાર જે અંગ્રેજ પર હતો, તેને મને કેદ કરનારે કહ્યું, કે "આ માણસ એકાંતકેદની પીડા સહી રહ્યો છે, માટે બીજું કાંઈ નહિ તો છેવટ તેને સવારે અને સાંજે કોટડીની પાસે ફરવા દ્યો." તેણે તેવી ગોઠવણ કરી, અને ફરતી વખતે દૈવી શક્તિ મારામાં આવી, મેં શું જોયું?

જોયું કે સાક્ષાત્ વાસુદેવ મને દર્શન દઈ રહ્યા છે. હું એક ઝાડની ડાળીની નીચે ફરી રહ્યો હતો. મેં જોયું, કે સાક્ષાત્ વાસુદેવ–સાક્ષાત્ શ્રીકૃષ્ણ ઝાડ બનીને મને તડકાથી બચાવી રહેલ છે. મેં કેદખાનાના બારણા તરફ જોયું, તો ત્યાંયે મેં વાસુદેવને જોયા, નારાયણને જોયા. હું પાછો ફર્યો, તો મને લાગ્યું, કે શ્રીકૃષ્ણ મને પોતાના હાથમાં રાખી રહ્યા છે. મેં જાણ્યું, કે મારા પિતા, પ્રેમી પુરૂષોત્તમ મને આલિંગન દઈ રહ્યા છે. મેં જેલખાનાના કેદીઓ તરફ જોયું. ચોરોને, હત્યારાઓને, ઠગોને દેખ્યા; તે બધા નારાયણ, વાસુદેવ જ જણાયા. તેમાંના કેટલાકે પોતાની સહાનુભૂતિથી મને મોહિત કર્યો. તે એજ લોકો છે જે આપણી પ્રજાના ખેડુતો છે, જેમને લખતાં વાંચતાં આવડતું નથી, અને જેમને આપણે હલકા ગણીએ છીએ. તેમનામાં મેં એક દયાનો અવતાર સાચો, સાધુ જોયો, તેને ચૌદ વર્ષની સખ્ત જેલ મળી છે. ભગવાને મને કહ્યું, કે "જો મેં કેવો માણસ તારી પાસે મોકલ્યો છે. આ સંતને જોયો? આવાજ માણસોને હું જગાડી રહ્યો છું."

હવે મેજીસ્ટ્રેટની અદાલતની વાત સાંભળો. ત્યાં આવ્યો, ત્યારે ભગવાને મને કહ્યું, કે "જેલમાં આવતી વખતે તેં ગભરાઈને કહ્યું હતું, કે ભગવાન! તારૂં શરણ ક્યાં છે? જો, મેજીસ્ટ્રેટની તરફ જો. બારીસ્ટરની તરફ જો." જોયું, કે કોર્ટમાં મેજીસ્ટ્રેટ નથી. ન્યાયાસનપર વાસુદેવ નારાયણ બેઠા છે. મારા તે પ્રેમી, મારા નાથ, ત્યાં બેઠા બેઠા હસી રહ્યા છે. ભગવાને પૂછ્યું, કે "કાં, હજુએ તને ડર છે? લે, મારૂં શરણ તને આપું છું. તારા પર જે કેસ છે, તે મારા પર છોડી દે. તારા લાભને માટે આ પ્રમાણે નથી કહેતો, કહું છું મારા પોતાના કામ માટે; બીજા કોઇના માટે નહિ."

જ્યારે કેસ ચાલ્યો, ત્યારે હું મારા બારિસ્ટર માટે સલાહની વાતો લખવા બેઠો, તે સમયે એક બનાવ બન્યો. મારી તપાસ

માટે જે ગોઠવણુ થઇ હતી, તે અચાનક બદલાઈ ગઈ. એક નવો બારિસ્ટર મારા માટે હાજર થયો. મને ખબર ન હતી કે તે આવશે. તેને જોઇને હું આશ્ચર્યમાં ડૂબી ગયો. ભગવાને મને કહ્યું, “ આ તને જાળ કાપી બચાવશે. સલાહ આપવા માટે જે કાગળ લખે છે, તે ફેંકી દે. તું તેને સલાહ આપનાર કોણ ?” હું બારિસ્ટર ચિત્તરંજનદાસની વાત કરૂં છું. તેણે પોતાનું બધું કામ મૂકી દીધું. મારૂં રક્ષણુ કરવા માટે પોતાનો વ્યવસાય છોડી દીધો. મેં તેના પર પૂરેપૂરો ભરોંસો રાખ્યો, અને સલાહ માટે લખવું બંધ કર્યું. જે પરિણુામ આવ્યું, તે તમે જાણો છો. વારંવાર મારા મનમાં એકજ વચન સંભળાવા લાગ્યું. તે એ હતું, કે “ હું તને રસ્તો દેખાડી રહ્યો છું, ડર નહિ. હું જે કામ માટે તને જેલમાં લાવ્યો છું, તેના પર મનને રોક્ય. જ્યારે તું જેલમાંથી છૂટી જાય, ત્યારે તારે કદી ડરવું નહિ, કદી પાછું હઠવું નહિ. યાદ રાખવું, કે આ હું કરી રહ્યો છું, તે માટે ગમે તેટલાં વાદળાં ચઢી આવે, ગમે તેટલી વિપત્તિઓ આવી પડે, ગમે તેટલી અસંભવિત વાતો બને, તેને બંધ કરવાનું કામ માણુસની શક્તિ બહારનું છે. હું નારાયણુ છું, હું વાસુદેવ છું. મારે માટે કાંઇ અસંભવિત નથી. હું જે ચાહું તે જ થશે.” આપમાંથી ઘણુાએ મારા આત્મત્યાગની પ્રશંસા કરી છે. જેલમાંથી આવ્યા પછી હું એવી જ વાતો સાંભળ્યાં કરૂં છું, પણુ મેં જેલમાં મારી આસપાસ અનેક નૌજવાનો જોયા છે, જેમની તુલનામાં હું મારી જાતને કાંઇ હિસાબમાં લેખતો નથી. ભગવાને મને કહ્યું, કે “ આજ હિન્દુસ્તાનના ભાવિ બાળકો છે. આ નૂતન શક્તિવાન પ્રજા ઉભી થવા લાગી છે. તું ડરેછે શાને ? જ્યારે તું સૂઇ જઇશ, ત્યારે તારી જગાએ આ નૌજવાનો કામ કરશે. તું કેમ નિરાશ થાયછે ? આ પ્રજાને કહેવા માટે તને મારી વાણી મળી ગઇ છે. તે વાણી આ પ્રજાને જગાડશે.” બધું ભગવાને મને બતાવ્યું. પછી એક નવો બનાવ અચાનક બન્યો, જેથી ક્ષણુભરમાં એણે મને એકાંતકેદમાં નાંખી દીધો, તે

એકાંતકેદના સમયમાં જે કાંઈ બન્યું, તે જાણવાનો હાલ સમય નથી.

દિનપરદિન ભગવાન મને પોતાના ચમત્કાર દેખાડવા લાગ્યા. તેણે મને હિન્દુધર્મના સત્યનો અનુભવ કરાવ્યો. હું ઇંગ્લાંડમાં વિદેશી ભાવની વચ્ચે ઉછર્યો છું. હું હિન્દુધર્મને કલ્પના, સ્વપ્ન અને વ્યર્થ અભિમાનની સામગ્રી સમજતો હતો. હું ધારતો હતો, કે તેમાં કાંઇએ ખરૂં હશે નહિ. એકાંતવાસમાં મને શરીર, મન અને હૃદયથી હિન્દુધર્મની સચ્ચાઇનો અનુભવ થવા લાગ્યો. તે મારે માટે સજીવ, સચેત બની ગયો. મારે માટે એવા એવા વિષય ઉઘડી ગયા, કે જેને એકે વિજ્ઞાન સમજાવી શકે તેમ નથી. હું ભગવાનને શરણે ગયો હતો ત્યારે ભક્તિના અનુભવથી અથવા જ્ઞાનના અનુભવથી ગયો ન હતો. બહુ દિવસો પહેલાં જ્યારે સ્વદેશીનો આરંભ પણ થયો ન હતો, ત્યારે વડોદરામાં રહેતી વખતે હું ભગવાનને શરણે ગયો. તે સમયે મારા હૃદયમાં ભગવાન પર એવો વિશ્વાસ પણ ન હતો. ભગવાન છે કે નહિ? તેની પણ મારા મનમાં ખાત્રી ન હતી. તે સમયે એક એવી વાત બની, કે જેથી હું વેદોની સચ્ચાઈ અને હિન્દુધર્મની સચ્ચાઈ પર ખેંચાવા લાગ્યો. મને અનુભવ થયો, કે યોગમાં, ધર્મમાં અસામાન્ય સત્ય રહેલું છે. મેં પ્રાર્થના કરી, કે "હે ભગવન! જો તું મારા હૃદયને જાણતો હો તો મને આ પ્રજાને જગાડવાનું બળ દે. આ પ્રજાને માટે મારૂં જીવન મેં અર્પી દીધું છે."

મેં મુક્તિ ન માગી. બીજા જે માગે છે, તે મેં ન માગ્યું. બહુ દિવસો સુધી મેં તે બળ મેળવવાનો પ્રયત્ન કર્યો. એકાંતકેદની કોટડીમાં મેં ફરી પ્રાર્થના કરી, કે "મને તારો આદેશ સંભળાવ્ય. હું નથી જાણતો, કે શું કરૂં? હું નથી જાણતો, કે કેમ કરૂં? મને તારો સંદેશો સંભળાવ્ય." તે પરથી બે સંદેશા મને મળ્યા. પહેલો:—"તને જે કામ આપવામાં આવ્યું છે, તે એ છે, કે તું

આ પ્રજાને જગાડ્ય. તારો જેલમાંથી બહાર નીકળવાનો દિવસ પાસે છે. હું ઇચ્છતો નથી, કે તું બીજાઓની માફક સ્વદેશ માટે ક્લેશ સહન કરીને જેલમાં દિવસો ગાળ્ય. મેં તને કામનો ભાર આપ્યો છે. હું તને હુકમ કરૂં છું, કે જા કામ કર્ય." બીજો સંદેશો આ આવ્યોઃ—"તને આ એકાંતવાસના વર્ષમાં જે દેખાડવામાં આવ્યું છે, તે હિન્દુધર્મનું સત્ય છે. તે સત્ય હું પૃથ્વીભરમાં પ્રકટ કરવા ચાહું છું. તે સત્ય મેં ઋષિઓ, સંતો અને અવતારોદ્વારા પૂર્ણતાએ પહોંચાડયું છે. હવે તારામાં તે સત્ય આવે છે જેથી તું તારી પ્રજાનું કામ પૂર્ણ કરી શકે. હું મારી વાણી સંસારમાં ફેલાવાને માટે આ પ્રજાને જગાડી રહ્યો છું. આ જ સનાતન ધર્મ છે, આ જ અવિનાશી ધર્મ છે, જેને તું પહેલાં જાણતો ન હતો, અને જે મેં તારામાં પ્રકટ કર્યો છે. મેં તને એવી ખાત્રી આપી છે, કે જેથી તારો ભ્રમ ટળી ગયો છે. જા, તારી પ્રજામાં જઈને આ વાણી સંભળાવ્ય, કે સનાતન ધર્મને માટે તારી પ્રજા જાગી રહી છે. સંભળાવ્ય, કે પૃથ્વીમાં સનાતન ધર્મના મહિમાનો પ્રચાર કરવા માટે જ તારી પ્રજા ઉભી થઇ રહી છે. હું તને પૃથ્વીના લાભાર્થે સ્વતંત્રતા આપું છું. તું જા, અને સંસારને આ સંદેશો સંભળાવ્ય, કે જ્યારે જાગૃતિની વાત થાય છે, જ્યારે હિન્દુસ્તાનની વડાઈની વાત થાય છે, ત્યારે સનાતન ધર્મની વડાઈ જ ગવાય છે. જ્યારે હિન્દુસ્તાનની ઉન્નતિની વાત થાય છે, ત્યારે હિન્દુધર્મની ઉન્નતિની જ વાત સમજાય છે. આ ધર્મના વિકાસનો અર્થ જ આ દેશનો વિકાસ સમજવો. હું તને દેખાડી ચૂક્યો છું, કે હું સર્વવ્યાપક છું, હું કેવળ જે દેશને માટે તું પ્રયત્ન કરી રહેલ છે, તેમનામાં જ કામ કરી રહ્યો નથી, પણ જે તેમના માર્ગમાં વિઘ્ન નાંખે છે તેમનામાં પણ હું કામ કરી રહ્યો છું. કેમકે કામ કરનાર અને વિઘ્ન નાંખનાર સર્વ મારા જ માણસો છે. હું નથી જાણતો, કે તું કયે રસ્તે ચાલી રહ્યો છું. મારી શક્તિ મૂકાઇ રહી છે. બહુ દિવસોથી હું તેની

તૈયારી કરી રહ્યો છું. હિન્દુધર્મ શું છે? હિન્દુઓ તેને જાળવી રહ્યા છે, માટે જ હિન્દુધર્મ છે. યુગયુગમાં તેની રક્ષા કરાઇ છે. તું તે એક જ દેશમાં પ્રકાશવા માટે નથી. પૃથ્વીના એક ભાગમાં તેની સીમા બાંધી શકાતી નથી. હિન્દુધર્મ તે જ છે, કે જે અવિનાશી છે. હિન્દુધર્મ તે ધર્મ છે. જે સાર્વભૌમ છે. હિન્દુધર્મ તે છે, જે સર્વ ધર્મોને આલિંગન કરે છે. તે માત્ર એક જ ધર્મ છે જે પાર્થિવ વસ્તુઓના મોહપર વિજય મેળવી શકે છે. તે એ ધર્મ છે, કે જે હૃદયમાં એવી વાત નાંખી દે છે કે જેથી માણુસ ભગવાન સુધી પહોંચી શકે છે.

આ એક જ ધર્મ એવો છે, કે જે જુએ છે, કે સંસાર શું છે? તે સમજાવી દે છે, કે સંસાર વાસુદેવની લીલા છે. આ જ કેવળ એવું કારણ છે, કે જે ધર્મથી અને મૃત્યુથી જીવનને અલગ થવા દેતું નથી."

આ વાણી આપની પાસે આજે કહેવા માટે મારા મુખમાં મૂકવામાં આવી હતી. હું જે કહેવા ચાહતો હતો, તે કહી ચૂક્યો છું. મને જે કાંઈ કહેવાનું આપવામાં આવ્યું હતું, તેથી વધારે કહેવાનું સામર્થ્ય મારામાં નથી. જે વાણી આપને કહેવાની હતી, તે પૂરી થઇ છે. આ ઉદ્યોગ રાજનૈતિક નથી, આ ધર્મ છે, આ મત છે, આ સંપ્રદાય છે. મારૂં કહેવું એવું છે, કે આજ સનાતન ધર્મ છે. સનાતન ધર્મ હિન્દુ જાતિમાં વિદ્યમાન છે. તેનામાં તે ફૂલેફાલે છે. જો સનાતન ધર્મમાં નાશ પામવાનો ગુણુ હોય, તો તે ધર્મની સાથે સાથે જ આ જાતિ પણુ નાશ પામશે. સનાતન ધર્મ એ જ જાતિયતા છે. આ મારો સંદેશો છે.

૨. મુંબાઇ*

આજે નારાયણ અધ્યક્ષ છે એવી હૃદયમાં ભાવના રાખીને અને તે જગનિયંતા મને પ્રેરણા કરે એવી પ્રાર્થના કરીને હું આજના વ્યાખ્યાનનો આરંભ કરૂં છું. × × × હિન્દુસ્તાનમાં હાલ એક જ ધર્મ નિર્માણ થયો છે. તેનું નામ રાષ્ટ્રધર્મ છે. આ ધર્મ બંગાળથી ઉદ્ભવ્યો છે. તમારામાંથી ઘણાએ એ ધર્મની દીક્ષા લીધી છે. તમે પોતાને રાષ્ટ્રધર્મી તરીકે ઓળખાવો છો. રાષ્ટ્રધર્મ એ રાજતરંગનો પ્રકારમાત્ર નથી. એ તો ઈશ્વરપ્રણિત ધર્મ છે. કેવળ કીર્તિને ખાતર રાષ્ટ્રપક્ષમાં ભળશો નહિ. "હું રાષ્ટ્રપક્ષનો" એમ કહેવાથી તમે દેશભક્ત થયા અને નહિ કહેનારથી ચઢીઆતા થયા એવો ખ્યાલ સ્વપ્ને પણ લાવશો નહિ. રાષ્ટ્રપક્ષમાં જો તમારે ભળવું હોય, રાષ્ટ્રધર્મ જો તમને સાચે પસંદ હોય તો ભક્તિપૂર્ણ હૃદયે તેમાં પ્રવેશ કરજો. માતૃભૂમિનો ઉદ્ધાર કરવા અર્થે જ ભગવાને આપણને નિર્માણ કર્યા છે એ લક્ષમાં રાખજો. કર્તાહર્તા તો નારાયણ છે, આપણે તો એના હાથમાં નિમિત્ત માત્ર છીએ એ ભાવ મરતાં સુધી હૃદયમાં કોતરી રાખજો.

બંગાળામાં શું બન્યું તે તમે જાણો છો? તમે તમારી જાતને રાષ્ટ્રધર્મી તરીકે ઓળખાવો છો, પણ બંગાળામાં જે બન્યું તે અહીંઆ બનશે તો તમે શું કરશો? બંગાળામાં તો આ (જેલ

* તા. ૧૯ જાન્યુઆરી, ૧૯૦૮.

અને દંડની) વાતો રોજની થઈ ગઇ છે, કારણ કે બંગાળીઓ સમજે છે કે રાષ્ટ્રધર્મ એ જ ધર્મ છે, અને એ પવિત્ર દૃષ્ટિએ તેનો તેમણે સ્વીકાર કર્યો છે. આ ધર્મની વિરોધી પણ કેટલીક બાબતો છે, અને તે એનું વધતું જોર તોડી પાડવા મથી રહી છે. જ્યારે જ્યારે નવા ધર્મનો ઉદય થાય છે, દૈવી શક્તિનો જન્મ થાય છે ત્યારે ત્યારે એ નવા ધર્મને કચડી નાંખવા, એ દૈવી શક્તિને રૂંધી નાંખવા હજારો વિરોધી બાબતો ઉભી થાય છે. બંગાળામાં આવા નવા ધર્મ, દિવ્ય ધર્મ, સાત્વિક ધર્મનો ઉદય થયો છે. તેને કચડી નાંખવા વિવિધ પ્રયત્નો થઇ રહ્યા છે. છતાં નારાયણની કૃપાથી અમે અદ્યાપિ જીવતા રહ્યા છીએ. રાષ્ટ્રધર્મ કદાપિ કચડયો કચડાવાનો નથી, રૂંધ્યો રૂંધાવાનો નથી. એ તો અવિનાશી છે, અલૌકિક છે, અમર છે. નારાયણની તેને સહાય છે. ગમે તેવા પ્રયત્નો છતાં તેનો નાશ થનાર નથી. બંગાળામાં જે કામ થઈ રહ્યું છે તેનો નિયામક નારાયણ છે. નારાયણને કોણ મારી શકે તેમ છે? તેને કોણ જેલમાં નાંખી શકે તેમ છે? તે તો અજર છે, અમર છે.

બોલો, આવા બનાવ તમારી તરફ બનવા માંડશે, ત્યારે તમે શું કરશો? બંગાળી લોકો વર્તે છે તેમ તમે વર્તશો? (હા, હા) ખાલી હા, હા ન જાણશો. સાક્ષાત નારાયણ તમને આ સવાલ પૂછી રહ્યો છે એમ સમજજો. બોલો, શો જવાબ આપો છો? તમે બોલો છો તેની ઉપર તમને શ્રદ્ધા છે? તમારા હૃદયમાં નારાયણનો પગસંચાર થયો છે? તમારા દેહ પણ તમારે સ્વાધીન નથી, તમે નારાયણના હાથમાં નિમિત્ત માત્ર છો એવી શ્રદ્ધા તમારે હૈયે બેઠી છે. જે કંઈ કરે છે તે એ નારાયણ કરે છે, તમે તો એના હાથમાં યંત્રરૂપ છો એવો વિશ્વાસ તમારા હૃદયમાં આવ્યો છે? એવી શ્રદ્ધા બેઠી હશે, એવો વિશ્વાસ આવ્યો હશે તો જ તમે રાષ્ટ્રધર્મી કહેવાશો, તો જ તમારા હાથે હિન્દમૈયાનો ઉદ્ધાર થશે. બંગાળી લોકોમાં કોઈનામાં વધારે તો કોઈનામાં ઓછી આ શ્રદ્ધા ઉત્પન્ન થઇ છે. તમા-

રામાં તે ઉત્પન્ન થવી જોઇએ. આવી શ્રદ્ધા દરેક ભારતવાસીના હૃદયમાં ઉત્પન્ન થશે એટલે આપણા કાર્યને નારાયણનો આશિર્વાદ મળશે, પ્રાચીનકાળની ધર્મપ્રીતિ ફરીથી જાગશે અને રાષ્ટ્રનો ઉદય થશે. ભારતવર્ષનો જ્ઞાનદીપ બૂઝાય નહિ, ભારતવર્ષનો દિવ્યાત્મા મંદતેજ થાય નહિ તે માટે નારાયણે તમને નિર્માણ કર્યા છે. તમારા હાથે નારાયણ પોતાનું કામ કરાવવા ચાહે છે.

આજથી પહેલાં બંગાળાની શી દશા હતી તે તમે જાણો છો. પહેલાં કોઇને બંગાળી કહેવો એ તેનું એકરીતે અપમાન કર્યા બરાબર મનાતું. પણ આજે શું છે ? આજે બંગાળ સૌથી મોખરે છે. આ અજબ ફેરફારનું કારણ શું ? બંગાળીમાં આ કાયાપલટ શાથી? બંગાળામાં એક વાત બની. બંગાળીને પોતાપર શ્રદ્ધા બેઠી. શરૂઆતમાં બંગાળે યૂરોપના સુધારાની મદિરાનું યથેચ્છ પાન કર્યું, યૂરોપની વિદ્યાનો બહુ બારીક અભ્યાસ કર્યો, અને યૂરોપના બુદ્ધિવાદી શિક્ષણનો સ્વીકાર કર્યો. આથી બંગાળાની બ્રહ્મનિષ્ઠાનો લોપ થયો, બંગાળ સંદેહી અને નિરાશાવાદી બન્યું. પરંતુ બંગાળનો એક ગુણ કાયમ રહ્યો. એ ગુણ તે બંગાળની શ્રદ્ધા. જે વાતપર બંગાળીની શ્રદ્ધા ચોંટે છે એ વાત વહેવારમાં ઉતારવી એ બંગાળીનો ખાસ ગુણ છે, પછી ભલે તે વાત સત્ય હોય કે અસત્ય હોય, યોગ્ય હોય કે અયોગ્ય હોય. બંગાળી બ્રહ્મસમાજી હો કે સનાતની હો પણ જે સંપ્રદાયપર તેની શ્રદ્ધા ચોંટે છે એ સંપ્રદાયના સિદ્ધાંતો તે અમલમાં મૂકે છે. શ્રદ્ધા કેવળ બૌદ્ધિક વસ્તુ નથી તેમ માનસિક પણ નથી. એ તો અપૂર્વ—અલૌકિક વસ્તુ છે. દૈવીપ્રેરણાથી તે ઉત્પન્ન થાય છે. મનુષ્યના હૃદયમાં તે વાસ કરે છે. બંગાળીઓમાં આવી અમલી શ્રદ્ધા હતી તેથી જ નારાયણે અમને હિન્દના કુરૂક્ષેત્રમાં સૌથી મોખરે રાખ્યા, અમારાપર વિપદ્ નાંખી અમારી શ્રદ્ધાની કસોટી કરી, અને અમારી પડખે નારાયણ છે એ ભરોંસે એ સર્વ દુઃખ અમે હસતે મ્હોડે સહન કર્યા.

બંગાળામાં કેટલાંક વર્ષોપર વિલક્ષણ સાધુપુરૂષોનો જન્મ થયો. નારાયણે બંગાળીઓની આંખો ઉઘાડી, પોતાની શ્રદ્ધાને લીધે બંગાળીઓએ તેમને ઓળખ્યા, અને યૂરોપિય શિક્ષણ જેમને નજીવા માને તેવા પુરૂષોપર સ્ત્રીપુરૂષ સર્વે મોહિત થયા. આમાંના એકની* બંગાળાપર અદ્‌ભૂત અસર પડી. બંગાળાનો ઉદ્ધાર કરવા એણે ભગીરથ પ્રયાસ આરંભ્યો. જગતની દ્રષ્ટિએ એ દુનિયાને બોજારૂપ હતો. કાળા અક્ષરને કૂટી મારે એવો તે અક્ષરશત્રુ હતો. એકડોયે ઘુંટતા તેને આવડતો નહિ. પણ તેનામાં એક અલૌકિક શક્તિ હતી. પોતાની અલૌકિક શ્રદ્ધાના બળે એણે પ્રભુનાં દર્શન કર્યાં હતાં. ઉપલક દષ્ટિએ એની રીતભાત ગાંડા માણસ જેવી લાગતી, એની બુદ્ધિ જડ, સંસ્કાર વિનાની લાગતી, અંગ્રેજી તાલીમ પામેલા નૌજવાનોની દષ્ટિએ એ સમાજને કાંટારૂપ નહિ તો બોજારૂપ અવશ્ય લાગતો, છતાં એ માણસ શો ઉદ્યોગ કરી રહ્યો હતો, એ નારાયણથી છાનું ન હતું. એણે એને બંગાળમાં મોકલ્યો. બંગાળમાં આવી કલકત્તાના દક્ષિણેશ્વરના દેવાલયમાં એણે ડેરો નાંખ્યો. સેંકડો સુશિક્ષિત, ફેશનેબલ, યૂરોપિય શિક્ષણ પામેલા, વિશ્વવિદ્યાલયની ઉપાધિવાળા નૌજવાનોનાં ટોળેટોળાં એ દેવાલયનાં દર્શન કરવા આવવા લાગ્યાં. તેઓ આ પરમ પવિત્ર સાધુનાં ચરણોમાં પડયાં. તે દિવસથી ભારતવર્ષની મુક્તિનાં દ્વાર ખુલ્યાં.

હિન્દુસ્તાનમાં એવા પણ માણસો છે જેઓ રાષ્ટ્રધર્મને ગાંડપણ માને છે. આ લોકો વિદ્વાન છે, સાક્ષર છે, અર્થશાસ્ત્રના અભ્યાસી છે, આગેવાન થવાની યોગ્યતાવાળા છે, છતાં તેઓ એમ માને છે કે રાષ્ટ્રધર્મ હિન્દુસ્તાનને પાયમાલ કરશે. તેમનામાં ઘણા સાચા દેશભક્ત છે, શુદ્ધ અંતઃકરણથી દેશનું હિત ચાહનારા છે છતાં તેઓ આમ કહે છે એનું કારણ શું? કારણ એ જ કે અત્યાર સુધી

* રામકૃષ્ણ પરમહંસ

તેમને જે શિક્ષણ મળ્યું છે તે કેવળ બુદ્ધિને જ લગતું મળ્યું છે. "તમે જેને માટે હામ ભીડીછે તે કામ મહાભારત છે. બળીઆ સાથે તમે બાથ ભીડી છે. આધુનિક શસ્ત્રોથી સરકાર સુસજ્જ છે. સત્તા અને અધિકારનો તેને સહાયો છે. આવા વિરોધીનો પ્રતિકાર કરી વિજય મેળવવા, તમારી પાસે કયાં સાધનો છે?" બુદ્ધિની દૃષ્ટિએ– તર્કની દૃષ્ટિએ આમાં નિરાશા સિવાય કાંઇ નજરે ચઢે નહિ. આ લોકો આ જ દૃષ્ટિએ વિચાર કરે છે, અને તેથી તેમને સઘળું શૂન્યકાર ભાસે છે.

હવે આ નૌજવાનો તરફ નજર નાંખો. તેમના પર કેસ ચાલે છે, કેસમાં બચાવ કરતાં તેમને આવડતો નથી. તેમણે સીધો જેલખાનાનો માર્ગ ઝાલ્યો છે. "આવી રીતનો પ્રતિકાર કેટલા જણ કરી શકશે? આ અસહ્ય પ્રતિકાર કેટલા દિવસ નભશે? બધા આગેવાનોને જેલમાં ખોસી દેશે. તમે જાતે પાયમાલ થશો, અને આખો દેશ પાયમાલ થશે." આમ કહેનારા પણ મળી આવે છે. તર્કશાસ્ત્રીની દૃષ્ટિએ જ વિચાર કરીએ તો આ વાત બરાબર છે, કારણ કે આમ કહેનારાને ઇશ્વર પર ભરોંસો નથી, તેમનો ભરોંસો પારકા પર છે. ભારતનો ઉદ્ધાર કરવા અર્થે જે ખુદ પરમેશ્વર કરનાર નથી તે પારકી સરકાર કરશે એવું કેટલાક માને છે. આમને મારો એજ જવાબ છે કેઃ "ખુદ પરમેશ્વરના હાથથી જે વસ્તુ મળવાની તમને આશા નથી એ વસ્તુ બ્રિટિશ સરકાર પાસેથી મળશે એવી તમે આશા બાંધી બેઠા છો, પણ તમારી એ આશા ફોગટ છે. કારણ તમારૂં હિત અને એમનું હિત જૂદું છે. જેમાં તેમનો લાભ છે એ જ વાત તેઓ કરવાના છે. આથી બીજું સાંભવે જ નહિ." તો તમે વિચારો કે તમારો આ તર્કશાસ્ત્ર–બુદ્ધિવાદ તમને કયાં તરફ લેઈ જાય છે. બુદ્ધિવાદ જણાવે છે કે તમારે શસ્ત્રબળ જોઇએ. તે તમારી પાસે નથી. તમે કહેશો કે શસ્ત્રબળ મેળવીશું. પણ સર-

કાર એવી ગાંડી નથી કે તમને તે મેળવવા દે. ટૂંકમાં બુદ્ધિવાદનો એ જ સાર નીકળે છે કે આપણે કરવા જેવું કાંઈ રહ્યું નથી, અને દેશ પાયમાલ થવા બેઠો છે.

સ્વદેશીનો આરંભ થયો ત્યારથી ત્રણ ચાર વર્ષ પહેલાં હું બંગાળામાં હતો. તે વખતે લોકોના મનની સ્થિતિ કેવી છે, લોકો હિલચાલ ઉપાડી લેશે કે નહિ, આપણો ઉદ્ધાર થવાની કાંઇ આશા છે કે નહિ એ તપાસવાનો મારો ઉદ્દેશ હતો. મને લોકોમાં નિરૂત્સાહ અને નિરાશા નજરે પડયાં. તે પહેલાં તેમને એવી આશા હતી કે પારકાને હાથે તેમની ઉન્નતિ થશે, પારકી પ્રજા તેમને ટેકો આપી બહાર કાઢશે, પણ એ આશા પોકળ નીકળી. આથી તેઓ ભગ્નોત્સાહ અને નિરાશ થયા. જે લોકો પૂરા હૃદયથી હિલચાલમાં જોડાયા હતા તેમને પણ, ફતેહ મળશે એવો ભરોંસો ન હતો. તેઓએ ગાંઠ વાળી હતી કે દેશ ડૂબશે. આવી રીતે લોકો નિરાશ થયા એ બંગાળાની દૃષ્ટિએ ઠીક જ થયું, કારણ કે બુદ્ધિવાદે તો હદ કરી દીધેલી. હવે બુદ્ધિનો કંઈ ઉપયોગ નથી, તે કેવળ નિરૂપયોગી છે એમ બંગાળામાં સદ્ધાને માટે નક્કી થયું.

બુદ્ધિ થાકી એટલે હૃદય આગળ આવ્યું. હૃદયે ઇશ્વરી પ્રેરણાનો સ્વીકાર કર્યો. તુરત જ બંગાળે હૃદયનો આદેશ સ્વીકાર્યો. પળવારમાં આખું રાષ્ટ્ર ખળભળી ઉઠયું, ભ્રમ અને નિરાશાનો અંત આવ્યો, સ્વપ્નાવસ્થા બદલાઇને જાગ્રતાવસ્થા આવી, અને બંગાળાના મોક્ષનો માર્ગ નજરે પડયો. રાષ્ટ્ર અમર છે, તે દુઃસ્થિતિમાં રહેનાર નથી એવી આખા ભારતવર્ષને શ્રદ્ધા બેઠી. બંગાળામાં આવી શ્રદ્ધાનો જન્મ થયો. આ દુનિયાનાં જડ તત્ત્વો કરતાંયે વધારે મહત્વનું તત્ત્વ બંગાળને હાથ લાગ્યું. ઇશ્વર પર શ્રદ્ધા રાખીને કાર્ય કર્યે જવું અને કાર્યનું ફળ એને સોંપવું એ નૂતન ભાવનાનો જન્મ થયો. ઇશ્વરનિર્મિત શક્તિઓની સામે એણે જ સૃજેલી બીજી શક્તિ-

ઓનો વિરોધ થાય છે, કારણ કે વિરોધ વિના ઈશ્વરનિર્મિત દૈવી શક્તિઓનું સામર્થ્ય વધતું નથી. સંકટો સહન કર્યા વિના, નિષ્કામ કર્મ કર્યા વિના અને સ્વાર્થનો ત્યાગ કર્યા વિના આપણા હૃદયમાં વિરાજેલી ઈશ્વરી પ્રેરણાનું સામર્થ્ય પ્રગટતું નથી. પરોપકાર માટે વ્હારે ચઢવાથી, અસુરોએ ત્રાસ દીધાથી જ શ્રીકૃષ્ણનું સામર્થ્ય પ્રગટ્યું—નજરે આવ્યું. આ પ્રેરણા બંગાળના મનમાં ઉદ્‌ભવી, અને ભાવિ ઉન્નતિ વિષે આશા બંધાઈ. દૈવી અને આસુરી શક્તિઓ વચ્ચે યુદ્ધ શરૂ થયું અને બંગાળી રાષ્ટ્ર આગળ સવાલ ઉભો થયો કેઃ "તમે સંકટ સહન કરવા તૈયાર છો? તમે દારૂણ દુઃખના સમુદ્રમાં ઝંપલાવવા તૈયાર છો?" નવી ઉત્પન્ન થએલી શ્રદ્ધાથી પ્રેરિત થએલા જુવાન બંગાળીઓએ આ સમુદ્રમાં ઝૂકાવ્યું. તેમને ભારે હાડમારી ભોગવવી પડી, ખૂબ સંકટો સહેવાં પડયાં અને જશને બદલે મૃત્યુને ભેટવું પડયું. તેમના હૃદયમાં જે સામર્થ્ય પ્રવેશ્યું હતું તે તેમનું પોતાનું ન હતું. તે તો એક અદૃશ્ય શક્તિનું હતું. તેની હજી કસોટી થવાની હતી. તેમને શીખવાનું હતું કે તે શક્તિ તેમનાથી પર હતી—ભિન્ન હતી, તેઓ તે શક્તિના હથિયાર માત્ર હતા.

હું આજ સુધી ઘણા વિષયો પર બોલ્યો છું. સ્વદેશી, બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ અને ગ્રામપંચાયત વગેરે ઘણાયે વિષયો પર લેખ લખ્યા છે, પણ મેં અથવા મારી સાથેના માણસોએ જે કાંઈ ઉપદેશ કર્યો છે તેનો સાર આ સ્વાવલંબનની શક્તિ છે.

અમારા દેશનો ઉત્કર્ષ માત્ર રાજકીય ચળવળથી થવાનો નથી, માત્ર રાષ્ટ્રીય શિક્ષણ કે સ્વદેશીથી થવાનો નથી, એ તો માત્ર બહિષ્કારથી જ થશે. એકલા સ્વદેશીથી થોડી સંપત્તિ વધશે, અને સંપત્તિની ધૂનમાં અને તેના આકર્ષણમાં, તેને સુરક્ષિત રાખવાના લોભમાં મુખ્ય બાબત ભૂલી જવાશે. પરાયા દેશના અમલ તળે સપડાયેલા બીજા દેશોમાં પણ સંપત્તિનો વધારો થયેલો છે. રોમન સામ્રાજ્યમાં

ખૂબ જાહોજલાલી હતી, ઉદ્યોગવેપાર પણ ખૂબ હતો પણ એથી રાષ્ટ્રમાં જીવન આવ્યું ન હતું. કસોટીનો સમય આવ્યો ત્યારે જણાઇ આવ્યું કે ઉદ્યોગ અને વણજવેપારમાં આગળ વધેલાં રાજ્યો ટકી શક્યાં નહિ. એ રાજ્યો જીવતા મૂઆસમાન હતા. બહારથી જરા ધક્કો લાગતાં વાર જ તેમના ચૂરેચૂરા થઈ ગયા. આથી એમ નહિ સમજતા કે કોઈ ખાસ પદ્ધતિની આજે દેશને જરૂર છે. આ તો માત્ર કામ કરવાના જૂદા જૂદા રસ્તા સૂચવ્યા છે. ઈશ્વરી પ્રેરણા દેશમાં કામ કરી રહી છે તેનાં આ દૃશ્ય સ્વરૂપો છે. પણ તેની આજે જરૂર નથી. આજે કયી વાતની જરૂર છે? આજે કેદમાં ગયેલા લોકોને કોનો આધાર છે? માયાજાળ તોડવાનું, સંકટો સહન કરવાનું, મુસ્કેલીઓની સામે ટક્કર ઝીલવાનું જોર આ લોકોમાં ક્યાંથી આવ્યું? એ જોર એક કલ્પનામાંથી આવ્યું. તે કલ્પના એ છે, કે "એક અદ્ભૂત દિવ્ય શક્તિ ભારતવર્ષને ઉન્નતિમાર્ગે ચઢાવી રહી છે, અમે માત્ર એ શક્તિની આજ્ઞાનું પાલન કરી રહ્યા છીએ."

આપણે શું કરી રહ્યા છીએ એવી ખબર ઘણી વાર આપણુ પોતાને નથી હોતી. આપણને અંદરથી કોણ પ્રેરણા કરે છે, આપણે ક્યાં જઇએ છીએ એનો હરહંમેશ ખ્યાલ આપણને નથી હોતો. આપણી ખાતરી આપણા બુદ્ધિવાદની નહિ પણ આપણા હૃદયની ખાતરી છે કે આપણને પ્રેરણા કરનાર શક્તિ સર્વશક્તિમાન છે, અજીત છે, અમર છે, જગતમાં કોઈ તેનો પ્રતિકાર કરી શકે તેમ નથી, તે પોતાનું ધાર્યું કામ પાર ઉતારશે. આપણે કાંઈ કરવાનું રહેતું નથી. આપણે માત્ર તે શક્તિની આજ્ઞા પાળવાની છે, તે લેઈ જાય ત્યાં જવાનું છે, તે કહે તે કરવાનું છે. તેણે જેલ તરફ આંગળી કરી એટલે જેલમાં જવાનું છે. તેણે દુઃખ તરફ આંગળી કરી એટલે દુઃખ ખમવાનું છે. આ સઘળું આપણે હસત મ્હોડે સહેવાનું છે. જેલમાં જવાથી કે દુઃખ ખમવાથી શો ફાયદો છે તે

આપણે જોવાનો નથી. આપણે તો માત્ર એ શક્તિની આજ્ઞાનું પાલન કરવાનું છે. દુનિયાના વહેવારૂ લોકો કહેશે કે: આ કામ ડહાપણનું નથી. આથી દેશનું બળ કમી થશે, ઉત્તમ, બત્રીશલક્ષણા પુરૂષોનો નાશ થશે, આપણી શક્તિ ક્ષીણ થશે અને દેશનું સામર્થ્ય એકત્ર થવા પામશે નહિ. પણ બહારથી દેખાતા સામર્થ્ય કરતાં દેશની પાસે કાંઈ જૂદા જ પ્રકારનું સામર્થ્ય છે. તે એક એવી શક્તિ છે જેને નથી મારી જરૂર કે તમારી જરૂર, બિપિનચન્દ્ર પાલની જરૂર કે જેલમાં ગએલા કાર્યકર્ત્તાઓની જરૂર. તેને કોઇની જરૂર નથી. કોઇ પણ માણસના જેલ જવાથી એ શક્તિને આંચ આવે એમ નથી, કે દેશને નુકસાન થાય એમ નથી. કર્ત્તાહર્ત્તા નારાયણ છે, અમે કંઈ કરતા નથી. જે સંકટો સહન કરવાની તે અમને આજ્ઞા કરે છે એ અમે હસતે મ્હોડે સહીએ છીએ, કારણ કે એથી બીજાઓમાં પ્રાણ પુંકાય છે. જ્યારે અમારી ઉપયોગિતા રહેતી નથી ત્યારે તે અમને કોરાણે કાઢી નાંખે છે. આમ ને આમ જો ચાલ્યાં કરશે તો એકલા જેલખાનાથી બસ થશે નહિ, પણ અમારામાંથી કેટલાક આગેવાનોએ મૃત્યુને ભેટવું જોઇશે. જ્યારે નારાયણને એની જરૂર લાગશે, અને એ પ્રમાણે તે આજ્ઞા કરશે ત્યારે સર્વે સહર્ષ મૃત્યુને આલિંગન કરશે અને શ્રદ્ધા રાખશે કે એમની જગ્યાએ એ આજ્ઞા કરનાર બીજા વીર નર ઉપજાવી લેશે. અમારો કર્ત્તાહર્ત્તા એ નારાયણ છે, અમારૂં કાર્ય પણ એ નારાયણનું છે અને અમારા ગયા પછી અમારી ખાલી પડેલી જગ્યાઓ સાચવનાર પણ એ નારાયણ છે. લોકોના અંતઃકરણમાં એ સર્વદા વસી રહેલો છે. ઘટ ઘટ એ વ્યાપી રહેલો છે. ટુંકામાં, બંગાળીમાં જે કાંઇ વિશેષતા છે તે એ શ્રદ્ધા છે. કેટલાક લોકો એ પણ નહિ જાણતા હોય કે તેમનામાંયે એ શ્રદ્ધા છે. કેટલાક તેને શ્રદ્ધા તરીકે ઓળખતા નહિ હોય, છતાં પણ તેમનામાં એ શ્રદ્ધા છે. મેં કહ્યું તેમ અમારામાં બુદ્ધિનો વિકાસ બહુ થયો. તેનો અમલ હજીયે ઉતર્યો નથી, અમારા

પર થાલુ છે, ઘણામાં આ શ્રદ્ધા ઉત્પન્ન થઇ છે, કારણ કે ઘણાને એવી ભાવના ઉત્પન્ન થઇ છે કેઃ "હું દેશ માટે જીવું છું. હું દેશ માટે દુઃખ વેઠું છું. મારા હૃદયમાં જ નહિ પણ મારા તમામ દેશ-બન્ધુઓનાં હૃદયમાં નારાયણનો વાસ છે. નારાયણ પર મારી ભક્તિ છે, પ્રેમ છે. એના પ્રેમને વશ થઈ હું આ દુઃખ વેઠું છું." આવી રીતે ઘણા લોકો ઇશ્વરપ્રણિત કાર્ય કરવા લાગ્યા છે. માણસને કયી દિશા બતાવવી એ નારાયણ સારી રીતે સમજે છે. તે સારી દિશા જ બતાવશે એમાં સંદેહ ન હોઈ શકે.

શ્રદ્ધાની સાથે સાથે સ્વાર્થત્યાગની પણ જરૂર છે. બંગાળામાં ચાલી રહેલી હિલચાલ સ્વાર્થહેતુ વિનાની છે. અમારો સ્વાર્થ સાધવા સારૂ અમે તે હિલચાલ શરૂ નથી કરી. એ તો ધર્મ છે, અને તે પ્રમાણે અમે આચરણ કરીએ છીએ. રાષ્ટ્રમાં—દેશબંધુઓમાં જે નારાયણનું સ્વરૂપ છે તે આ રીતે ઓળખી શકાય છે. ત્રીશ કરોડ માનવોમાં રહેલું નારાયણનું સ્વરૂપ ઓળખવાનો અમે પ્રયાસ કરી રહ્યા છીએ. જાણતાં કે અજાણતાં એનું કાર્ય કરવા અને મરવા માટે અમે પ્રયત્ન કરી રહ્યા છીએ. કોઈ જુવાન બંગાળીને જેલમાં જવું પડે કે દુઃખ સહેવું પડે તો એથી તેને દુઃખ થતું નથી. તે દુઃખથી ડરતો નથી પણ આનંદથી દુઃખ વ્હોરી લે છે. તે પોતાના મનને સંબોધીને કહે છે કે, "મારૂં કામ પૂરૂં થવાનો વખત આવ્યો. નારાયણની મારા પર મહદ્ કૃપા છે કે એની યજ્ઞભૂમિ પર ચઢવાનો મારે અમુલખ અવસર આવ્યો. દેશબંધુઓના કલ્યાણ સારૂ કષ્ટ સહેવાનું મને સદ્‌ભાગ્ય સાંપડયું. આજે મને અત્યાનંદ થાયછે. આજે મારા જન્મનું સાર્થક થયું."

રાષ્ટ્રધર્મનું આ બીજું સ્વરૂપ છે. હું કોઈ ભિન્ન વ્યક્તિ નથી. ત્રીશ કરોડ લોકો એટલે જ હું અને ત્રીશ કરોડ લોકો એટલે જ નારાયણ.

ધૈર્ય—નિર્ભયતા એ ત્રીજો ગુણ છે. શ્રદ્ધા અને સ્વાર્થત્યાગનું આ ત્રીજું અંગ છે. નારાયણપર તમને વિશ્વાસ હોય, સર્વ કાંઈ નારાયણ જ કરે છે, નારાયણ જ મારો માર્ગદર્શક છે, હું કાંઈ કરતો નથી, એવી તમને શ્રદ્ધા હોય તો પછી તમને ભય શાનો ? દેશહિત સાધતાં તમારો જાનમાલ કુરબાન કરવાનો તમે નિશ્ચય કર્યો અને એને જ ધર્મ માન્યો તો પછી ભય ક્યાં રહ્યો ? તમને કોઈનો ભય નથી. આ દુનિયાના ન્યાયાસન આગળ તમારી તપાસ ચાલતી વેળા તમારૂં ધૈર્ય રંચમાત્ર પણ ડગવાનું નથી, કારણ કે તમારો ધર્મ જ કહે છે કે તમે ધૈર્યવાન છો. આ રાષ્ટ્રધર્મની દીક્ષા લીધી ત્યારથી જ તમે પોતાપણું ગુમાવી નારાયણરૂપ બન્યા છો. આ જગતના કાજીઓ કે સમસ્ત જગત તમારા હૃદયસ્થ નારાયણને શું કરી શકે તેમ છે ? જે અજ છે, અમર છે, જેને શસ્ત્ર ઘાયલ કરી શકતું નથી, જેને અગ્નિ બાળી શકતો નથી, જેને પાણી ભીંજાવી શકતું નથી તેને આ જગતના નશ્વર શત્રુઓ શું કરી શકે તેમ છે ? તેને જેલ જેલમાં રાખી શકતી નથી, ફાંસી ફાંસીપર લટકાવી શકતી નથી. આપણા હૃદયમાં નારાયણનો વાસ છે પછી ડર શાનો ? અર્થાત્ ધૈર્ય હોવું જરૂરી છે, સ્વાભાવિક છે, અનિવાર્ય છે. જો તમે યૂરોપની દૃષ્ટિથી એટલે જડ દૃષ્ટિથી રાષ્ટ્રધર્મના અનુયાયી થયા હશો, જો તમારે પરરાજ્ય કાઢીને બીજું રાજ્ય લાવવું હશે તો પછી તમે માત્ર જડ દૃષ્ટિથીજ બદલાયા છો. આ દૃષ્ટિ કાંઈ ધર્મ નથી. એનો એવો અર્થ નથી થતો કે ત્રીશ કરોડ મનુષ્યો માટે તમારી લાગણી દુઃખાય છે, ત્રીશ કરોડ મનુષ્યોની તમારે ઉન્નતિ કરવી છે, તેમનું શ્રેય કરવું છે. આનો અર્થ તો એટલોજ થાય કે હાલના રાજ્યકર્તા પરદેશીછે, એમની જગ્યાએ તમારે રાજ્યકર્તા થવું એવી તમારી ઈચ્છા છે. તમારે દેશને માટે સ્વતંત્રતા નથી જોઇતી. માત્ર પારકાનું રાજ્ય જઈને તમારૂં રાજ્ય થાય એ જ તમારી મુરાદ છે. જો તમે આવી દૃષ્ટિથી જોડાયા હશો તો તમે કોર્ટમાં કેવી રીતે ટકી શકશો ? તે વખતે તમા-

રામાં ધૈર્ય ક્યાંથી આવશે? કેસ સામે ટક્કર ઝીલવાની તમારામાં હિંમત ક્યાંથી આવશે? જો તમે બુદ્ધિવાદી રાષ્ટ્રપક્ષના અનુયાયી થયા હશો તો કસોટીનો સમય આવશે ત્યારે તમારૂં અંતઃકરણુ તમને શું કહેશે? તમારી બુદ્ધિ તમને શું કહેશે? તે કહેશે કે, "દેશને માટે મહેનત કરવી એ બધું ઠીક છે, પણુ અહીંઆ મારા બાર વાગ્યા છે. આથી કાંઈ લાભ હશે તો તે મને કેવી રીતે મળશે? હું તો મરી જઇશ. બીજાના સુખ સારૂ મારે શા માટે દુઃખ ભોગવવું? આ મારૂં ઘર છે, આ મારી મિલ્કત છે. આ મારાં બૈરીછોકરાં છે, આ બધાય પર ધાડ આવશે. આપણે આ લપમાં પડવું નથી." જો તમારામાં ઇશ્વર પર શ્રદ્ધા અને સંપૂર્ણ સ્વાર્થત્યાગ નહિ હોય તો આ માયા તમારાથી છૂટવાની નથી. પોતાને લાભ નહિ હોય એવી બાબત સારૂ દુઃખ તમારાથી વેઠાવાનાં નથી. તો પછી ધૈર્ય ક્યાંથી આવે? પણુ જો તમારામાં દિવ્ય કલ્પના હશે કે "મારી પાસે કાંઇ નથી, હું કોઈ નથી, ત્રીશ કરોડ લોકોએ જ નારાયણુ છે, ત્રીશ કરોડ લોકો એ જ હું છું." તો તમને જણાશે કે તમે કોઇ અમર વસ્તુ સારૂ સઘળું કરી રહ્યા છો, કોઇ અમર વસ્તુ તમારે હાથે સર્વ કાંઇ કરાવી રહી છે, એટલે પછી કોઈ પણુ તમને નડતર કરશે નહિ, બીજો કોઇ પણુ ખ્યાલ તમારા દિલમાં આવશે નહિ, ધૈર્ય એની મેળે ચાલ્યું આવશે, એને લાવવાની જરૂર રહેશે નહિ. એ દિવ્ય શક્તિની આજ્ઞા મુજબ તમે કામ કરશો. તે સર્વ-શક્તિમાન અમર શક્તિ તમારૂં અહોનિશ રક્ષણુ કરશે, અને મૃત્યુના મ્હોંમાં પડયા પડયા પણુ તમને ખાત્રી થશે કે તમે અમર છો, તમને દુઃખ પહોંચાડવાની કોઇનામાં શક્તિ નથી.

આ ત્રણે ગુણો હાલની પરિસ્થિતિને અંગે આવશ્યક છે. જે કાર્ય ઉપલક દષ્ટિએ જોનારને અશક્ય અને દુઃસાધ્ય લાગે છે એ કાર્ય તમે માથે લીધું છે. જેમ પ્રાચીન કાળમાં નારાયણે અવતાર

ધારણ કર્યાં, ત્યારે ત્યારે અતિશય બળવાન અસુરોનો પણ જન્મ થયો હતો, તેમ તમારા આ પ્રયત્નથી અતિ બળવાન શત્રુઓ તમારી સામે ઉભા થશે. તમે આ રાષ્ટ્રધર્મ સ્વીકાર્યો છે ત્યારથી જગતમાં કોઈથી પણ હારે નહિ એવો જડશક્તિરૂપી શત્રુ તમારી સામે ઉભો થયો છે એ લક્ષમાં રાખજો. કસોટીનો સમય દૂર નથી, તે આવ્યો જ છે. એ સમયે કેવળ બુદ્ધિમતાનો શો ઉપયોગ થશે? ઉપર ઉપરનો ઉત્સાહ હશે તો તે કેટલો કામ લાગશે? કેવળ 'વંદેમાતરમ્' ના પોકારો કરવાથી શું રંધાશે? કસોટીની વેળાએ આવા બાહ્ય દેખાવોથી શો લાભ થશે? સમજો કે બંગાળામાં જે લોકો સંકટો સહન કરી રહ્યા છે તેમની જગ્યાએ તમે પોતે છો, તેમનાપર જેવો પ્રસંગ આવ્યો છે તેવો તમારા પોતા પર પ્રસંગ આવ્યો છે. વિચારો કે તેનો જવાબ આપવાની તમારામાં શક્તિ છે કે નહિ? કયી શક્તિથી તમે એને મ્હાત કરશો અને એના પર વિજય મેળવશો? મેં હમણાં જણાવ્યું તેમ જડ સામર્થ્યથી તે પ્રસંગ સામે તમારાથી ટક્કર ઝીલી શકાશે નહિ. શું આ સિવાય તમારામાં બીજી જાતનું સામર્થ્ય છે કે? રાષ્ટ્રધર્મ એટલે શું એની કલ્પના તમારા દિલમાં આવી છે કે? 'રાષ્ટ્રધર્મ એ જ ધર્મ છે અને તેનો આપણે સ્વીકાર કરીએ છીએ' એવી તમારી ખાત્રી થઇ છે કે? જો તમારા દિલમાં એવી કલ્પના આવી હોય, તમને એવી ખાત્રી થઇ હોય તો જ તમારી જાતને રાષ્ટ્રધર્મના અનુયાયી કહેવડાવો, અને આજન્મ એ પ્રમાણે આચરણ કરવાને તૈયાર થાઓ. તમારા અંતરનું જે સામર્થ્ય છે તેને ઓળખો-પિછાણો અને તમે જે કાર્ય કરશો તે તમે નહિ પણ તમારો અંતરાત્મા કરશે. આ રીતનું તમારૂં સામર્થ્ય આખા જગતને બતાવો, એટલે તમારા હૃદયમાં જે દિવ્ય શક્તિ વાસ કરી રહી છે તેનો તમને સાક્ષાત્કાર થશે, તે તમારા દરેક વિચારોને પ્રેરશે. પછી તમે એવી ફરિયાદ નહિ કરો કે લોકો આળસુ છે, તમારી કલ્પનાને તેઓ ગ્રહણ કરતા નથી. પછી તમે એમ પણ નહિ કહો

કે અમારા આગેવાનો સારા નથી, અમારા આગેવાનોમાં એકમત નથી, બધા જૂદા જૂદા રસ્તા બતાવે છે; કારણ કે પછી તમને કોઇ આગેવાનની જરૂર રહેશે નહિ. તમારા હૃદયમાં જ તમારો આગેવાન વિરાજે છે. તે પ્રેરણા અને તે સામર્થ્ય તમારા હૃદયમાં જ છે. તેને પૂછીને તમે વર્તશો તો લોકો તમારૂં સાંભળ્યા વિના રહેનાર નથી. જો તમારી આ હૃદયસ્થ શક્તિને તમે ઓળખશો, તમે તે શક્તિની સાનિધ્યમાં રહેતા હશો, તેની સાથે તદ્રૂપ થયા હશો તો તમને ખાત્રીથી જણાઈ આવશે કે લોકો તમારૂં કહેવું માથે ચઢાવશે, તમારા કહેવા પ્રમાણે વર્તશે. તમે કહેશો તે મંત્ર સ્વીકારશે, અને સો-પચાસ વરસે નહિ પણ ઘણીજ થોડી મુદતમાં, બંગાળા પ્રમાણે ફક્ત ત્રણ વરસમાં આપણા રાષ્ટ્રનું નામ ગાજી રહેશે. રાષ્ટ્રધર્મનો મંત્ર બંગાળમાં ઉદ્ભવ્યો અને એ મંત્રની શક્તિ બંગાળે જ સિદ્ધ કરી બતાવી. જે બંગાળને કોઇ માનની દૃષ્ટિએ જોતું ન હતું, જ્યાંના લોક આખા હિન્દુસ્તાનમાં પોચાપચાક મનાતા તેજ બંગાળ ત્રણ વરસમાં અજબરીતે બદલાઈ ગયો છે. આનું કારણ માત્ર એ જ છે કે, હૃદયમાં વિરાજી રહેલા નારાયણના સ્વરૂપને બંગાળીઓએ ઓળખ્યું, તે નારાયણની આજ્ઞાનુસાર વર્તન કર્યું, અને તેમ કરતાં જે દુ:ખ પડયું તે હસતે મ્હોડે ભોગવ્યું, અને પોતાના આચરણથી બીજાને દાખલો બેસાડયો. આવી રીતે ત્રણ વરસમાં બંગાળમાં અજબ ફેરફાર થયો છે. અને જે તે ચકિત થઇ પૂછે છે, કે "બંગાળામાં આ તે શું ચાલ્યું છે?" કોઈ પણ વિઘ્નથી આ હિલચાલનો પ્રવાહ રોકાતો નથી, કોઈ પણ શક્તિથી એની પ્રગતિ રૂંધાતી નથી. રાષ્ટ્રમાં નવીન અવતારે જન્મ લીધો છે, અને જો તમે તમારા હૃદયમાં વિરાજેલા નારાયણના સ્વરૂપને ઓળખ્યું હશે, પિછાણ્યું હશે તો આનાથી પણ થોડા વખતમાં નારાયણ આખા ભારતવર્ષને બદલી નાંખશે, કારણ કે આ દિવ્યશક્તિ શરૂઆતથી જ પ્રગટ થઇ છે, અને હવે તે પોતાનું કાર્ય વધારે ને વધારે ત્વરાથી કરવા માંડશે.

આખા જગતની આંખો ખુલે અને આ શક્તિનું રહસ્ય તેને સમજાય ત્યાંસુધી તે પોતાનું કાર્ય અખંડ, અવિશ્રાંત ધારે ચાલુ રાખશે. ગોકુળમાં જેમને કોઇ માન આપતું ન હતું એવા ગરીબ, ગોકુળના લોકોમાં, વંદ્રાવનના ગોવાળોમાં થએલા શ્રીકૃષ્ણ પોતાનું માહાત્મ્ય પ્રગટાવશે. આ રાષ્ટ્રનો ઉદય થશે, આ દેશના લોકોનો ઉદ્ધાર થશે, તેમનામાં ઇશ્વરી પ્રેરણા થશે, જગતમાં કોઈ પણ તેમનો પ્રતિબંધ કરી શકશે નહિ, કોઇ પણ તેમના માર્ગમાં વિઘ્ન લાવી શકશે નહિ, કારણ કે જે કાર્ય તેઓ કરી રહ્યા છે એ નારાયણનું છે, નારાયણની તેમને સહાય છે. ઉચ્ચપદે ચઢેલા આપણા પ્રાચીન રાષ્ટ્ર સારૂ તેણે એક મહત્વનું કાર્ય યોજ્યું છે. તે કરવા સારૂ એ ફરીથી તમારામાં ઉત્પન્ન થયો છે. તે કાર્ય એ જ છે કે બીજાં રાષ્ટ્રોની માફક ઉન્મત્ત નહિ થતાં, ગરીબોને પગ તળે નહિ રગદોળતાં આ જગતનો ઉદ્ધાર કરવા માટે તમારે કંઈ ને કંઇ કરતા જવું. તે "કંઇ ને કંઇ" તમારા પ્રાચીન ઋષિમુનિઓએ ઓળખીને પ્રગટ કર્યું છે, તેને તમે ફરીથી ઓળખો અને આખા જગતને ઓળખાવો; અને નારાયણ પ્રગટ થાય એટલા સારૂ તમારા હૃદયમાં રહેલું તેનું સ્વરૂપ પિછાણો, તમારૂં જીવન પવિત્ર બનાવો, રાષ્ટ્રનું જીવન પવિત્ર બનાવો એટલે તમારાદ્વારા, તમારા રાષ્ટ્રદ્વારા નારાયણ જગતની આગળ પ્રગટ થશે અને તમારૂં કાર્ય પૂર્ણ કરશે. તમારે આ જ કાર્ય કરવાનું છે. આ ઉપરથી તમે સમજી જશો કે આજની હિલચાલ રાજકીય નથી પણ નારાયણ નિર્મિતધર્મ છે.

પત્રો

૧.

૩૦ ઓગસ્ટ, ૧૯૦૫.

પ્રિયતમા મૃણાલિની,

તારો ૨૪ મી ઓગસ્ટનો પત્ર મળ્યો. તારાં માતાપિતાને ફરીથી તેજ દુ:ખ થયું, એ સાંભળી દુ:ખી થયો છું. કયા છોકરાનો સ્વર્ગવાસ થયો, તે તેં લખ્યું નથી. દુ:ખ આવ્યું તો શું થયું? સંસારમાં સુખની શોધ કરવા જતાં સુખમાં જ દુ:ખ જોવામાં આવે છે. સર્વદા દુ:ખ સુખને ઘેરી રહેલું છે, એ નિયમ કેવલ પુત્રકામનાના સંબંધમાં જ લાગુ પડતો હોય એમ નથી. બધી સાંસારિક કામનાનું ફળ એ જ હોય છે. ધીર ચિત્તે સમસ્ત સુખદુ:ખનું ભગવાનના ચરણકમળમાં સમર્પણ કરવું, એ જ મનુષ્યને માટે એકમાત્ર ઉપાય છે.

હું તારા પત્રમાં વીસ રૂપીઆને બદલે દશ રૂપીઆ સમજ્યો હતો, તેથી જ દશ રૂપીઆ મોકલીશ એમ મેં લખ્યું હતું. પંદર રૂપીઆની જરૂર હોય, તો પંદર રૂપીઆ મોકલીશ. આ મહીનામાં સરોજિનીએ તારે માટે દાર્જીલિંગમાં સાડી ખરીદી છે તેના રૂપીઆ મોકલી આપ્યા છે. વળી તેં ઉછીનું લીધું છે, તે હું શી રીતે જાણું? (સાડીના) પંદર રૂપીઆ બેઠા હતા, તે મોકલ્યા છે. બીજા પણ

ત્રણ ચાર રૂપીઆ જોઇશે, તે આવતે મહિને મોકલીશ. હવેથી તને વીસ રૂપીઆ મોકલીશ.

હવે હું તે જ વાત કહું છું. હું ધારૂં છું કે હવે તને ખબર પડી હશે, કે જેની સાથે તારૂં ભાગ્ય જોડાયું છે, તે એક વિલક્ષણ પ્રકારનો મનુષ્ય છે. આ દેશના આજકાલના મનુષ્યોના જેવા મનોરથ, જીવનનો ઉદ્દેશ અને કર્મનું ક્ષેત્ર મારાં નથી. બધી જ બાબતમાં ભિન્ન—અસાધારણ છું. અસાધારણ મત, અસાધારણ પ્રયત્ન અને અસાધારણ ઉચ્ચ આશાને સાધારણ મનુષ્યો જે દૃષ્ટિએ જુએ છે, તે હું ધારૂં છું, કે તું જાણુતી હોઇશ. એ બધા ભાવોને તેઓ પાગલપણું કહે છે. પણ પાગલને કર્મક્ષેત્રમાં સફળતા મળ્યા પછી તેને પાગલ નહિ, પણ પ્રભાવશાલી મહાપુરૂષ કહે છે. પરંતુ કેટલા મનુષ્યોનો યત્ન સફળ નીવડે છે? હજારમાં દશ માણસ અસાધારણ હોઇ શકે, અને તે દશ જણાઓમાંયે એકાદ સફળ નીવડે છે. મારા કર્મક્ષેત્રમાં સફલતાની વાત તો દૂર રહી, હજી તો હું કર્મક્ષેત્રમાં પૂરો ઉંડો ઉતર્યોયે નથી. અને તેથી લોકો મને પાગલ સમજશે. પાગલને પાલે પડવું એ સ્ત્રીને માટે મોટી પીડા છે, કારણ કે સ્ત્રી જાતિની બધી આશા સાંસારિક સુખદુ:ખમાં જ સમાયલી હોય છે. પાગલ પોતાની સ્ત્રીને સુખ ન આપતાં દુ:ખ જ દે છે.

હિન્દુ ધર્મના પ્રવર્તકો એ વાત સમજી શક્યા હતા. તેઓ અસાધારણ ચારિત્ર, અસાધારણ યત્ન અને અસાધારણ આશાને અતિ સ્નેહની દૃષ્ટિએ જોતા. પાગલ કહો કે મહાપુરૂષ કહો, પણ એવા અસાધારણ પુરૂષને વધારે માનની દૃષ્ટિએ જોતા, પણ એ બધી અસાધારણતાથી સ્ત્રીની જે ભયંકર દુર્દશા થાય, તેનો શો ઉપાય? ઋષિગણોએ એનો ઉપાય યોજ્યો છે. તેઓએ સ્ત્રી જાતિને સંબોધીને કહ્યું છે, કે તમે બીજા બધા મંત્રને છોડી "**पतिः परमो गुरुः**" એને જ તમારો એકમાત્ર મંત્ર સમજો. સ્ત્રી

સ્વામીની સહધર્મિણી છે; પતિ જે કાર્યને સ્વધર્મ તરીકે સ્વીકારે તેમાં સહાય, સલાહ અને ઉત્સાહ આપવો, અને તેને દેવતા સમાન માનવો, તેના જ સુખમાં સુખ અને તેના જ દુઃખમાં દુઃખ માનવું, એ સહધર્મિણીનું કર્ત્તવ્ય છે; કાર્ય નક્કી કરવું એ પુરૂષનો અધિકાર છે, અને તેમાં સહાય અને ઉત્સાહ આપવો, એ સ્ત્રીનો અધિકાર છે,

હવે કહેવાનું એટલું જ છે, કે તું ઉપરોક્ત હિન્દુ ધર્મનો માર્ગ સ્વીકારીશ, કે નવા સુધરેલા ધર્મનો ? પાગલ સાથે તારે પાનાં પડયાં છે, એ તારા પૂર્વજન્મના કર્મદોષનું ફળ છે. કોઈ રીતે પડ્યું પાનું નિભાવી લેવું પડશે. કયા રીતે ? શું પાંચ જણના કહેવા પરથી તું પણ તેને પાગલ ગણી ઉડાવી દેઈશ ? પાગલ તો પોતાને માર્ગે દોડવાનો જ. તું તેને પકડી શકીશ નહિ. તારા કરતાં તે સ્વાભાવિક રીતે જ બળવાન છે. ત્યારે તું શું ખૂણામાં બેસી રડયાં કરીશ, કે તેનો સાથ કરીશ ? જેમ ગાંધારી બન્ને આંખે પાટા બાંધી પતિની જેમ અંધ બની હતી, તેમ તું પાગલની સાથે પાગલ બનીશ કે ? તું હજાર બ્રહ્મસમાજ સ્કૂલમાં કાં ન પઢી હો, તો પણ તું હિન્દુની બાલા છું, અને હિન્દુ વડવાઓનું લોહી તારા શરીરમાં વહે છે, તેથી મને સંદેહ નથી, કે તું છેલ્લો માર્ગ જ સ્વીકારીશ.

મારામાં ત્રણ પ્રકારનું પાગલપણું છે. પહેલું એ કે મારી દૃઢ માન્યતા છે, કે ભગવાને જે ગુણ, જે પ્રતિભા, જે ઉચ્ચ શિક્ષા, જે વિદ્યા તથા જે ધન મને આપ્યું છે, તે સમગ્ર ભગવાનનું જ છે. જેટલું કુટુંબપરિવારના ભરણપોષણમાં જોઈએ, અને અત્યંત જરૂરનું જણાય , તેટલું જ પોતાને માટે ખરચવાનો અધિકાર છે. જે બાકી રહ્યું, તે ભગવાનને પાછું આપવાનું છે. જો હું બધું જ પોતાના સુખવિલાસમાં ખર્ચ કરૂં તો ચોર કહેવાઉં. હિન્દુશાસ્ત્ર કહે છે, કે ભગવાન તરફથી મળેલું ધન જે ભગવાનને અર્પણ કરતો નથી, તે ચોર છે. આજસુધી ભગવાનને ફક્ત બે જ આના આપી,

બાકી ચૌદ આના પોતાને માટે ખર્ચ કરી હિસાબ ચૂકાવી દઈ, સાંસારિક સુખમાં મગ્ન થઇ રહ્યો હતો. એવી રીતે અર્ધું જીવન વૃથા ગયું. પશુયે પોતાનું અને પોતાના પરિવારનું ઉદરપોષણ કરીને કૃતાર્થ થાય છે.

હું કળી શકયો છું, કે હું આજ સુધી પશુવૃત્તિ અને ચૌર્યવૃત્તિ કરતો આવ્યો છું, અને તેથી ઘણો જ પશ્ચાતાપ થાય છે, અને જાત ઉપર તિરસ્કાર આવ્યો છે. હવે તે પાપવૃત્તિ સદાને માટે છોડી છે. ભગવાનને સમર્પણ કરવું, એટલે ધર્મકાર્યમાં વ્યય કરવો. જે રૂપીઆ સરોજિની તથા ઉષાને આપ્યા છે, તેને માટે કાંઈ પશ્ચાતાપ નથી, કેમ કે પરોપકાર એ ધર્મ છે. પણ કેવળ ભાઈબેનને આપવાથી હિસાબ પતી જતો નથી. આ દુઃસમયમાં સમસ્ત દેશ મારે આંગણે આશ્રિત છે. આ દેશમાં મારાં ત્રીશ ક્રોડ ભાઈબ્હેન છે. તેઓમાંનાં અનેક તો નિરાહાર મરે છે, અને ઘણો ભાગ દુઃખથી પીડિત થઇ, જેમ તેમ દિવસ કાઢે છે. તેઓનું હિત કરવું એ મારો ધર્મ છે.

શું કહે છે ? આ વિષયમાં સહધર્મિણી થઇશ ? સાધારણ મનુષ્યની માફક રહેતાં ખાવાપીવામાં તથા પહેરવાઓઢવામાં જેટલું જોઈએ તેટલું જ રાખી, બાકીનું બધું ભગવાનને અર્પણ કરવાની મારી ઈચ્છા છે, તારો મત મળે–તું ત્યાગ સ્વીકાર, એટલે મારી ઈચ્છા પૂર્ણ થશે. તું કહેતી હતી કે "મારી કોઇપણ પ્રકારની ઉન્નતિ થઇ નહિ." તો ઉન્નતિનો આ માર્ગ બતાવ્યો છે. તે માર્ગે જઇશ કે ?

બીજું પાગલપણું હમણાં જ દાખલ થયું છે. તે એ કે કોઇ પણ રીતે ભગવાનનો સાક્ષાત્કાર કરવો. વાતવાતમાં મોઢેથી 'એ રામ !' બોલવું, બધાની સમક્ષ સેવાપૂજા કરવી અને લોકોને બતાવવું, કે અમે તો કેવાયે ધાર્મિષ્ટ છીએ ! એ જ આજકાલનો ધર્મ થઇ પડયો છે. તે મને પસંદ નથી. ઈશ્વર હોય તો તેનાં દર્શન

કરવાનો અને તેને મેળવવાનો માર્ગ હોવો જ જોઇએ. તે વાટ ગમે તેટલી વસમી કાં ન હોય, તો પણ તે વાટે જવાનો મેં દૃઢ સંકલ્પ કર્યોછે. હિન્દુ ધર્મ કહેછે, કે પોતાના શરીરમાં જ–પોતાના અન્તરમાં જ–તે વાટ રહેલી છે; જવાનો નિયમ પણ બતાવી આપ્યો છે. તે સઘળું પાલન કરવાનું આરંભ્યું છે. એક મહીનામાં હું અનુભવી શકયો છું, કે હિન્દુધર્મની વાત ખોટી નથી. જે જે લક્ષણ કહેવામાં આવ્યાં છે, તે બધાં હું અનુભવું છું. તને પણ તે વાટે લઈ જવાની મારી ઇચ્છા છે. તારાથી બરાબર સાથે સાથે ચાલી શકાશે નહિ, કેમકે તને એટલું જ્ઞાન થયું નથી. તો પણ મારી પાછળ પાછળ આવવામાં કોઈપણ જાતનો વાંધો નથી. તે વાટે બધાને સિદ્ધિ મળી શકે છે. પરંતુ આવવું, ન આવવું, એ પોતાની ઇચ્છાને આધીન છે. તને કોઈ જોરજુલમથી લઇ જઈ શકે નહિ. તારી ઇચ્છા હશે, તો એ વિષયમાં વધારે લખીશ.

ત્રીજું પાગલપણું એ છે, કે બીજા બધા લોકો સ્વદેશને એક જડ પદાર્થ માને છે. કેટલાક મેદાન, ક્ષેત્ર, વન, પર્વત, નદી વગેરેનો સમુદાય માને છે. પણ હું સ્વદેશને માતા માનું છું. તેની ભક્તિ કરૂં છું–તેની પૂજા કરૂં છું. માતાના વક્ષઃસ્થલ ઉપર બેસી કોઇ રાક્ષસ રક્ત પીવાને તૈયાર હોય, ત્યારે સન્તાને શું કરવું ? નિશ્ચિંતભાવે આહાર–વિહારમાં પડયા રહેવું–સ્ત્રી પુત્ર સાથે આમોદપ્રમોદ કરતા બેસી રહેવું, કે માતાના ઉદ્ધાર માટે દોડી જવું ? હું જાણું છું, કે આ પતિત જાતિનો ઉદ્ધાર કરવાની શક્તિ મારામાં છે. શારીરિક શક્તિ નહિ (તલવાર કે બન્દૂક લઇ હું યુદ્ધ કરવા ઇચ્છતો નથી) પરંતુ જ્ઞાનશક્તિ. ક્ષાત્રતેજ એ જ તેજ નથી, બ્રહ્મતેજ પણ છે. તે તેજ જ્ઞાન ઉપર પ્રતિષ્ટિત છે. એ ભાવ નૂતન નથી–આજકાલનો નથી, પરન્તુ એ ભાવને લઇને જ હું જન્મ્યો છું. એ ભાવ મારા હાડમાં વ્યાપી રહ્યો છે. ભગવાને એ મહાવ્રતના સાધનને માટે જ

મને પૃથ્વી ઉપર મોકલ્યો છે. ૧૪ વર્ષની વયે એ ભાવરૂપી બીજ અંકુરિત થવા લાગ્યું. ૧૮ વર્ષની વયે એ દૃઢ—અચલ થયું. તેં ન... માસીની વાતથી માન્યું હતું, કે કોઈ બદમાસે તારા ભલા, ભોળા સ્વામીને ખોટે રસ્તે ચઢાવ્યો છે. પણ તે તારા ભલા, ભોળા સ્વામીએ જ તે માણસને અને બીજા સેંકડો માણસોને તે જ રસ્તે—ખરો કહે કે ખોટો—ચઢાવ્યા છે, અને હજી કેટલાનેયે ચઢાવશે. કાર્યસિદ્ધિ મારી હયાતીમાં જ થશે એમ હું નથી કહેતો, પણ થશે તો ખરી જ.

હવે કહે, તું એ વિષયમાં શું કરવા ધારે છે? સ્ત્રી સ્વામીની શક્તિ છે. તું ઉષાની શિષ્યા બની સાહેબપૂજાના મંત્રનો જપ કરતી બેસી રહીશ કે? તારે ઉદાસી થઈ સ્વામીની શક્તિ બરબાદ કરવી છે, કે સહાનુભૂતિથી ઉત્સાહને બેવડાવવો છે? તું કહીશ, કે "આવાં મોટાં કામમાં મારા જેવી સાધારણ સ્ત્રી શું કરી શકે? મારામાં શક્તિ નથી, બુદ્ધિ પણ નથી તેથી એ બધાનો વિચાર કરતાં હું ભય પામું છું;" તેનો ઉપાય સહેલો છે. ભગવાનનો આશ્રય ગ્રહણ કર, ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં એકવાર પ્રવેશ કર. તારામાં જે જે ઉણપ છે તે ભગવાન પૂરશે. જે ભગવાનનો આશ્રય લે છે, તેની પાસેથી ભય ધીરે ધીરે દૂર થઇ જાય છે. અને જો મારા ઉપર વિશ્વાસ રાખી શકતી હો, દશ જણની વાતને ધ્યાનમાં ન લેઇ મારી જ વાત સાંભળતી હો તો હું મારૂં પોતાનું સમગ્ર બળ તને આપી શકું. તેમાં મારા બળની ક્ષતિ ન થતાં વૃદ્ધિ જ થશે. આપણે કહીએ છીએ, કે "સ્ત્રી સ્વામીની શક્તિ છે," એટલે સ્વામી, પોતાની સ્ત્રીમાં પોતાની પ્રતિમૂર્તિ જોઇ, તેની પાસે પોતાની મહત્વાકાંક્ષાનો પ્રતિધ્વનિ સાંભળી બેવડી શક્તિ મેળવે છે.

શું હરહંમેશ એ ભાવે જ જીવન વ્યતિત કરવું છે? સારાં સારાં વસ્ત્ર પહેરવાં, સારૂં સારૂં ભોજન કરવું, હસવું, ખેલવું સર્વ પ્રકારનાં સુખ ભોગવવાં, મનની એવી સ્થિતિને ઉન્નતિ ન કહેવાય.

આજકાલ આપણા દેશની સ્ત્રીઓનું જીવન અતિ સંકીર્ણ અને ક્ષુદ્ર થઈ ગયું છે. તું એ બધું જવા દે. મારી સાથે ચાલ. જગતમાં ભગવાનનું જે કામ કરવા આવ્યા છીએ તે જ કામનો આરંભ કરીએ.

તારા સ્વભાવમાં એક દોષ છે. તું ઘણી ભોળી છે, તેથી કોઇ પણ જે કાંઇ કહે, તે બધું માની લે છે. એથી મન સર્વદા અસ્થિર રહે છે, બુદ્ધિનો વિકાસ થતો નથી, તેમ કોઇ કામમાં મન એકતાર થતું નથી. એ દોષ સુધારવો જોઇએ. એક જ માણસની વાતમાં વિશ્વાસ રાખી જ્ઞાનસંચય કરવો જોઇએ. એક નેમ રાખી સ્થિર ચિત્તે કાર્ય સાધવું જોઈએ. લોકનિન્દાને અવગણી અવિચળ ભક્તિ રાખવી જોઈએ.

બીજો પણ એક દોષ છે. તે તારા સ્વભાવનો નથી, પણ સમયનો છે. દેશમાં સમય જ એવો આવ્યો છે કે લોકો ગંભીર વાત પણ ગંભીરતાથી સાંભળી શકતા નથી. ધર્મ, પરોપકાર, મહત્વાકાંક્ષા, દેશોદ્ધાર વગેરે ગંભીર, ઉચ્ચ અને મહત્ વિષયો પણ હસીને ઉડાવી કાઢવામાં આવે છે. બ્રાહ્મપંથમાં રહેવાથી તારામાં પણ એ દોષ થોડો થોડો આવી ગયો છે. બારીન્દ્રમાં પણ એ દોષ હતો. થોડા ઘણા અંશે આપણે બધા એ દોષથી દૂષિત છીએ; પણ દેવઘરના લોકોમાં તો એ દોષે જબરૂં ઘર ઘાલ્યું છે. એ દોષને દઢતાથી દૂર કરવો જોઈએ. તારાથી એ કામ સહેજે થઈ શકશે. ફરીથી એક વાર ચિન્તન કરવાની ટેવ પાડયાથી તારો અસલ સ્વભાવ જાગી ઉઠશે. પરોપકાર તથા સ્વાર્થત્યાગ તરફ તારૂં આકર્ષણ છે. એક માત્ર મનના જોરની જ ખામી છે. ભગવદુપાસનાથી તે જોર મળી રહેશે.

મારી ગુપ્ત વાત એ જ છે. કોઇની પાસે બહાર ન પાડતાં મનમાં ધીર ચિત્તથી એ બધાનો વિચાર કર. એમાં ભય પામવા જેવું કાંઇ નથી; પણ ચિન્તવન કરવાનું ઘણુંએ છે. પહેલવહેલા

બીજું કાંઈ પણ કરવું પડશે નહિ. કેવળ રોજ અર્ધો કલાક ભગવાનનું ધ્યાન કરવું જોઈએ, અને તેની પાસે પ્રાર્થનારૂપે પોતાની પ્રબળ ઇચ્છા પ્રકટ કરવી જોઇએ. મન ધીરે ધીરે તૈયાર થશે. તેની પાસે સર્વદા એવી પ્રાર્થના કરવી જોઇએ, કે "હે પ્રભો! હું સ્વામીના જીવનોદ્દેશ અને ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં અડચણ ન કરતાં સદા સહાયક નીવડું—સાધનભૂત થાઉં." એમ કરીશ કે?

તારો

२.

કલકત્તા,

૨૩ મી સ્કાટ્સ લેઈન,

૧૭ મી ફેબ્રુઆરી, ૧૯૦૭.

પ્રિય મૃણાલિની,

બહુ દિવસથી પત્ર ન લખ્યો એ મારો પૂરાતન દોષ છે. તે માટે તું નિજગુણ અનુસાર ક્ષમા ન કરે તો બીજો ઉપાય શો ? જે હાડદોષ છે તે એક દિવસમાં દૂર થતો હશે ? એ દોષ સુધારતાં જન્મારો વહી જશે એમ લાગે છે.

૮ મી જાન્યુઆરીએ આવવાનું નક્કી હતું, પણ અવાયું નહિ. પણ તે **મારી** ઇચ્છાથી થયું નથી. ભગવાન જ્યાં લઇ ગયા ત્યાં જવું પડયું. આ વખતે હું મારા કામમાં નહિ પણ તેના જ કામમાં રોકાયો હતો. મારી માનસિક અવસ્થા હવે જુદા પ્રકારની થઇ છે; તે વાત આ પત્રમાં લખીશ નહિ. તું અહીં આવે, ત્યારે જે કાંઈ કહેવાનું છે તે રૂબરૂમાં જ કહીશ. હમણાં તો એટલું જ કહીશ કે હવે હું સ્વાધીન નથી. જ્યાં ભગવાન લઈ જશે, ત્યાં તેના યંત્રરૂપે જવું પડશે. હમણાં એ વાતનો અર્થ સમજવો તારે માટે મુશ્કેલ છે. તો પણ કહી રાખવું જરૂરનું છે, નહિ તો મારી હિલચાલથી દુ:ખી થઇ તું આક્ષેપ કરે. તું ધારીશ કે હું તારી અવગણના કરી કામ કરૂં છું, પણ એવું માનીશ નહિ. આજ સુધી મેં તારા ઘણા અપરાધ કર્યા છે. તેથી તને અસંતોષ થયો, તે સ્વાભાવિક હતો. પણ હવે હું સ્વાધીન નથી. હવેથી તારે સમજવું જોઇએ, કે મારાં બધાં કામ મારી ઇચ્છા ઉપર ન રહેતાં એના આદેશ પર રહેલાં

છે. તું આવીશ, ત્યારે મારો આશય સમજીશ. ભગવાને મને પોતાની અપાર કરૂણાનો જે પ્રકાશ દેખાડયો છે તે તને પણ દેખાડશે, પણ તે તેની ઇચ્છાધીન છે. તું જો સહધર્મિણી થવા ઈચ્છતી હો તો પ્રાણપણથી યત્ન કર, જેથી તારી દૃઢ ઇચ્છાના બળથી ભગવાન તને પોતાનો કરૂણાપથ દર્શાવે. આ પત્ર કોઇને પણ બતાવીશ નહિ, કારણ કે જે વાતો કહી છે તે અત્યંત ખાનગી છે. તારા સિવાય બીજા કોઈને કહી નથી. કારણ કહેવાનો નિષેધ છે. આજ એટલુંજ.

તારો સ્વામી.

તા. ક. સાંસારિક વાતો સરોજિનીના પત્રમાં લખી છે, તેથી તને ફરીથી અલગ લખવાની જરૂર નથી. તે પત્ર વાંચવાથી જણાશે.

૩.

૬ ડિસેમ્બર, ૧૯૦૭.

પ્રિય મૃણાલિની,

મને પરમ દિવસે પત્ર મળ્યો, તે જ દિવસે ઉનની ચાદર મોકલી હતી, પણ તે તને શા કારણથી ન મળી, એ કાંઈ સમજાતું નથી.

× × × ×

× × × ×

મને એક ઘડીની પણ નવરાશ નથી. લખવાનો ભાર મારા ઉપર, કોંગ્રેસને લગતાં કામનો ભાર મારા ઉપર, અને વંદેમાતરમનો ઝઘડો મટાડવાનો ભાર પણ મારા ઉપર જ છે. તે સિવાય મારૂં પોતાનું કામ પણ મારા ઉપર હોય છે. તે છોડી શકાય એમ નથી.

મારી એક વાત સાંભળીશ કે ? હાલ મારી સ્થિતિ કફોડી થઇ પડી છે. ચારે તરફથી જે ખેંચાખેંચી થાય છે, તેમાં પાગલ થઇ જવાનો સંભવ છે. આ વખતે જો તને અસ્થિર જોઈશ, તો મારી ચિન્તા અને મારો ઉદ્વેગ વધી જશે. તારા ઉત્સાહ અને સાન્ત્વનામય પત્રથી મને જોર મળશે, અને પ્રફુલ્લચિત્તે બધી વિપત્તિ તથા ભયથી હું છૂટી જઇશ. હું જાણું છું, દેવઘરમાં એકલાં રહેતાં તને કષ્ટ થાય છે, પણ મનને દૃઢ કરી, આસ્થા રાખવાથી દુઃખને જીતી શકાશે. જ્યારે તારાં લગ્ન મારી સાથે થયાં છે, ત્યારે હવે એ દુઃખ તારા જીવનમાં જડાયું છે. વખતોવખત વિયોગ તો થશે જ, કેમકે હું પરિવાર તથા સ્વજનના સુખને સાધારણ બંગાલીની માફક જીવનનો મુખ્ય ઉદ્દેશ રાખી શકું એમ નથી. એવી હાલતમાં મારો ધર્મ તેજ તારો ધર્મ હોવો જોઇએ. મારા નિર્દિષ્ટ કામની સફલતા એજ તારૂં સુખ હોવું જોઇએ. એમ માન્યા સિવાય બીજો ઉપાય નથી.

બીજી એક વાત એ છે, કે જેમની સાથે તું હાલમાં રહે છે, તેમાંના ઘણા આપણા મોટેરા છે. તેઓ કડવું વેણ કહે, અઘટિત વાત કહે, તો પણ તેમના ઉપર ક્રોધ કરીશ નહિ અને જે કાંઇ તેઓ બોલે છે તે અંતરથી બોલે છે, અથવા તને દુઃખ દેવાને બોલે છે, એમ માનીશ નહિ. ઘણીવાર ક્રોધમાં વિના વિચાર્યે ઘણી વાતો બોલાઇ જાય છે, તેને પકડી રાખવી ઉચિત નથી. જો તું નજ રહી શકે, તો હું ગિરીશ બાબુને કહીશ, કે હું જેટલા દિવસ કોંગ્રેસમાં રહું તેટલા દિવસ દાદા મહાશય ત્યાં રહે.

હું આજે મેદિનીપુર જઇશ. ત્યાંથી આવી અહીંની સઘળી વ્યવસ્થા કરીને સુરત જઈશ. બનતાં સુધી પંદરમી સોળમીએ જવાનું થશે. જાન્યુઆરીની બીજી તારીખે પાછું આવવું થશે.

તા.

૪.*

૭ એપ્રીલ, ૧૯૨૦.

પ્રિય—

તમારો પત્ર મળ્યો. હજી સુધી ઉત્તર નથી લખાયો. અત્યારે લખવા બેઠો છું તે એક ચમત્કાર છે, કેમકે મારે પત્ર લખવાનું યુગમાં એકવાર બને છે. બંગાળીમાં તો આ પાંસ સાત વર્ષમાં એકવાર પત્ર લખ્યો નથી. આ પત્ર જો ટપાલમાં નંખાય તો ચમત્કાર પૂરો થાય.

પ્રથમ તમારા યોગની વાત. તમે મને જ તમારા યોગનો ભાર ઉપાડી લેવા ચાહો છો, હું તે લેવા રાજી છું. તેનો અર્થ એછે, કે જે મને અને તમને પ્રકટ અથવા ગુપ્ત રીતે પોતાની ભગવતી શક્તિદ્વારા ચલાવી રહેલ છે, તેને ભાર સોંપવો. પણ આ વાત ચોક્કસ જાણવી, કે મારો યોગ પંથ તેનો આપેલો છે—જેને પૂર્ણયોગ કહે છે—અને તે પંથે જ ચાલવું પડશે...જેના વડે શરૂઆત કરી હતી... તે માર્ગ શોધવાની અવસ્થા હતી, તેમાં અહીંતહીં ઘૂમીને જોવું, પૂરાણુ સર્વ યોગખંડોનો સ્પર્શ કરવો, હાથમાં લઇ તેની પરીક્ષા કરવી, અને એક રીતે તેનો પૂરેપૂરો અનુભવ મેળવો, તેને ઓળખવો—એ કામ કરવાનાં હોય છે.

ત્યાર પછી પોંદીચેરીમાં આવતાં તે ચંચળ અવસ્થા દૂર થઇ ગઇ. અન્તર્યામી જગદ્‌ગુરુએ મને મારા પંથનો પૂર્ણ નિર્દેશ આપ્યો. તેનું સંપૂર્ણ તત્વ યોગશરીરના દશ અંગમાં સમાયેલું છે.

---

* આ પત્ર શ્રી અરવિન્દઘોષે બંબ કેસમાં કાળાપાણીની સજા ભોગવી પાછા આવેલા પોતાના નાના સહોદર બારીન્દ્રકુમાર ઘોષને લખ્યો હતો.

આ દશ વર્ષમાં તેનો અનુભવ કરી વિકાસ કરી રહ્યો છું. હજી સુધી કામ પૂર્ણ થયું નથી. બીજાં બે વર્ષ લાગશે. જ્યાં સુધી કાર્ય પૂર્ણ થશે નહિ, ત્યાં સુધી બંગાળામાં પાછો આવીશ નહિ, એમ લાગે છે, પોંદીચેરી જ મારી યોગસિદ્ધિનું નિર્દિષ્ટ સ્થળ છે. મારા કાર્યનું કેન્દ્ર બંગાળા છે. જો કે આશા રાખું છું, કે સમસ્ત ભારત અને સમસ્ત પૃથ્વી તેનો પરિધિ થશે.

યોગ પંથ શું છે? તે પછી લખીશ, અથવા તમે અહીં આવશો, ત્યારે રૂબરૂ વાત કરીશ. આ વિષયમાં લખવા કરતાં મોંની વાત સારી છે. આ સમયે કેવળ એટલું જ કહી શકું છું, કે પૂર્ણ જ્ઞાન, પૂર્ણ કર્મ અને પૂર્ણ ભક્તિના સામ્ય અને ઐક્યને માનસિક ભૂમિકાની level ઉપર ઉઠાવી મનને અંતિમ વિજ્ઞાનભૂમિમાં પૂર્ણ સિદ્ધ કરવું, એ જ તેનું મૂળતત્ત્વ છે. પૂરાણા યોગમાં દોષ એ હતો, કે તે મન, બુદ્ધિ અને આત્માને જાણતો, અને મનની અંદર જ આધ્યાત્મિક અનુભવ મેળવી સંતુષ્ટ રહેતો. કિન્તુ મન તો વિભાગ ગ્રહણ કરી શકે છે; અનંત, અખંડ, સંપૂર્ણને તે પકડી શકતું નથી. તે પકડવા માટે સમાધિ, મોક્ષ, નિર્વાણ વગેરે જ મનના ઉપાય છે, બીજા ઉપાય નથી. તે લક્ષ્યહીન મોક્ષ એકે એક માણસ મેળવી શકે છે, પણ તેથી લાભ શો? બ્રહ્મ, આત્મા, ભગવાન તો છે જ. પણ વ્યક્તિમાં, સમષ્ટિમાં, જીવનમાં ઈશ્વરનો અનુભવ કરવો, to realise God in life.

પૂરાતન યોગપ્રણાલી અધ્યાત્મ અને જીવનનો મેળ કે એકતા નહિ કરી શકતી. જગતને માયા અથવા લીલા કહી ઉડાવી દેતી. પરિણામ એ આવ્યું, કે જીવનશક્તિનો હ્રાસ થયો. ભારતની અવનતિ થઈ. ગીતામાં કહ્યું છે, કે—उत्सीदेयुरिमे लोका: न कुर्यां कर्म चेदहम—ભારતના इमे लोका: ખરેખર ઉત્સન્ન જ થઈ ગયા છે. કેટલાયે સન્યાસી, વૈરાગી, સાધુ, સિદ્ધ મુક્તિ

મેળવે છે, કેટલાયે ભક્તિપ્રેમમાં, ભાવમાં, આનંદમાં અધીર થઇ નૃત્ય કરે છે ત્યારે સમસ્ત પ્રજા નિર્જીવ, બુદ્ધિહીન થઇ ઘોર અંધકારમાં ડૂબી રહી છે—આ તે કચી જાતની આધ્યાત્મસિદ્ધિ ? પહેલાં માનસિક ભૂમિકાનો અનુભવ કરી મનને આધ્યાત્મરસમાં તરબોળ કરી, આધ્યાત્મપ્રકાશથી પ્રકાશમાન કરવામાં આવે છે. ત્યારપછી ઉપર ચડયા સિવાય અર્થાત્ વિજ્ઞાનભૂમિમાં ચડયા સિવાય જગતનું શેષ રહસ્ય જાણી શકાય નહિ, જગતની સમસ્યાની મીમાંસા (solve) થઈ શકે નહિ. એમ આત્મા અને જગત્, અધ્યાત્મ અને જીવન, એ દ્વંદ્વની અવિદ્યાનો નાશ થાય છે. તે સમયે જગતને માયા સ્વરૂપે જોવામાં આવતું નથી, પણ તેને ભગવાનની સનાતન લીલા, આત્માનો નિત્ય વિકાસ માનવામાં આવે છે. તે સમયે ભગવાનને પૂર્ણરૂપે જાણવાનું, મેળવવાનું બની આવે છે. આને ગીતામાં કહ્યું છે, **समग्रं मां ज्ञातुम्।** અન્નમય દેહમાંથી પ્રાણ, મન, બુદ્ધિ, વિજ્ઞાન અને આનંદ એ આત્માની પંચભૂમિમાં જેટલો મનુષ્ય ઉંચો ચઢે છે તેટલો આધ્યાત્મિક વિકાસની અંતિમ સિદ્ધિની નજદીક આવે છે. વિજ્ઞાન સુધી ચડયા પછી આનંદમાં ચડવું સ્હેલું છે. ત્યાં અખંડ, અનંત આનંદની અવસ્થામાં સ્થિરતા થઈ જાય છે. કેવળ ત્રિકાલાતીત પરબ્રહ્મમાં નહિ, પણ દેહમાં, જગતમાં, જીવનમાં, પૂર્ણ અધિકાર, પૂર્ણ ચૈતન્ય અને પૂર્ણ આનંદ વિકસિત થઇને જીવનમાં મૂર્ત થાય એવો પ્રયત્ન કરવો, તે મારા યોગપંથની વડી ચાવી central clue છે.

આમ થવું સ્હેલું નથી. આ પંદર વર્ષ પછી હું કેવળ વિજ્ઞાનના ત્રણ થરમાંથી સૌથી નીચેના થરમાં પહોંચી, નીચેની સર્વ વૃત્તિઓને ત્યાં ખેંચી લાવવાનો પ્રયત્ન કરૂં છું. જ્યારે આ સિદ્ધિ પૂર્ણ થશે, ત્યારે ભગવાન મારી દ્વારા બીજાને અલ્પ પ્રયાસે વિજ્ઞાનસિદ્ધિ દેશે, તેમાં કાંઈ પણ સંદેહ નથી. ત્યારે મારૂં અસલ કામ શરૂ

થશે. હું કાર્યસિદ્ધિ માટે અધીરો નથી. જે થવાનું છે, તે ભગવાનના ધારેલા સમયે થશે. ઉન્મત્તની માફક દોડી જઇને ક્ષુદ્ર "અહંપણા"ને વશ થઇ કાર્યક્ષેત્રમાં કૂદી પડવાની જરૂર નથી. કાર્યસિદ્ધિ ન થાય, તો પણ હું ધીરજ હારૂં એમ નથી. કારણ આ કામ મારૂં નથી, પણ ભગવાનનું છે. હું બીજા કોઇનો સાદ સાંભળવાનો નથી. ભગવાન જ્યારે દોરશે, ત્યારે જ દોરાઇશ.

બંગાળા બરોબર તૈયાર નથી, એ હું જાણું છું. જે આધ્યાત્મિક ભરતી આવી છે, તે મોટેભાગે પૂરાતનનું નવીન સ્વરૂપ છે, અસલ સ્વરૂપ નથી. પણ તેનીયે જરૂર હતી. બંગદેશ પૂરાતન યોગને પોતાનામાં જગાડી, તેના સંસ્કારને ઉલેચી, exhaust કરી, અસલ સાર ખેંચી જમીનને તૈયાર કરી રહ્યો છે. આગળ વેદાંતના અખાડા હતા—અદ્વૈતવાદ, સંન્યાસ, શંકરની માયા વગેરે હતું. આ સમયે વૈષ્ણવ ધર્મનો વારો આવ્યો છે. તેમાં લીલા અને પ્રેમભાવના આનંદમાં મસ્ત થવાનું હોય છે. આ સર્વ પૂરાતન છે. નવીનયુગ માટે અનુપયોગી છે. આ સર્વ ટકશે નહિ, કારણ ઉન્માદનો અવધિ અલ્પ હોય છે. તથાપિ વૈષ્ણવભાવનો એવો ગુણ છે, કે તે ભગવાનની સાથે જગતનો એક પ્રકારનો સંબંધ રાખે છે. તેમાં જીવનનો એક પ્રકારનો અર્થ કરવામાં આવે છે, પણ તે અધૂરો, પૂર્ણ નહિ. જે તડાં પડવાની વૃત્તિ જુઓછો, તે અનિવાર્ય છે. મનનો સ્વભાવ છે, કે પોતાના વિભાગને પૂર્ણ કહેવો, અને બીજા સર્વ વિભાગોનો ત્યાગ કરવો. જે સિદ્ધપુરૂષ છે, તે આ ભાવ ગ્રહણ કરે છે, પણ અપૂર્ણનું અવલંબન કરવા છતાં પૂર્ણની શોધ ચાલુ રાખે છે. પણ શિષ્ય છે તે પૂર્ણને મેળવતો નથી, મૂર્ત કરતો નથી છતાં ગાંઠ વાળી દે છે. બાંધવા દ્યો. જ્યારે ભગવાનનો પૂર્ણાવતાર દેશમાં થશે, ત્યારે ગાંઠ આપોઆપ છૂટી જશે. આ સવ અપૂર્ણતાનાં—કાચી અવસ્થાનાં—લક્ષણો છે, તેનાથી ગભરાવાનું નથી. દેશમાં અધ્યાત્મભાવ

આવવો જોઈએ—ગમે તે રીતે, અને ગમે તેટલાં તડાંઓ દ્વારા આવે એ જોઈ લેવાશે. આ નવા યુગની embryonic ગર્ભાવસ્થા છે; આરંભ નથી, માત્ર આભાસજ છે.

* * * *

આ યોગની વિશિષ્ટતા એ છે કે સિદ્ધિ ઉપર ન આવે, તો ભૂમિકા પણ પાકી થતી નથી. મારા યોગની જે સાધના કરે છે, તેમનામાં આગળનાં અનેક સંસ્કારો હતા. તેમાંથી કેટલાક મટી ગયા છે, કેટલાક હજુયે છે. આગળ તમારા સંસ્કાર સંન્યાસના હતા—તમે અરવિન્દ–આશ્રમ બનાવવા માગતા હતા. હાલ (તમારી) મતિ એવી થઈ છે, કે સંન્યાસની જરૂર નથી. પણ હૃદયપરથી તે પૂરાતન છાપ હજુ પૂરેપૂરી ભૂંસાઈ નથી; તેથીજ સંસારમાં રહીને ત્યાગી સંસારી થવાનું કહોછો. તમે વાસનાત્યાગ કરવાની અગત્ય સમજ્યા છો, પણ વાસનાત્યાગ અને આનંદયોગનું ઐકય પૂરૂં સમજ્યા નથી. વળી મારા યોગને તમે બંગાળીઓના સામાન્ય સ્વભાવ પ્રમાણે ગ્રહણ કર્યો હતો—જ્ઞાનપૂર્વક નહિ, પણ ભક્તિપૂર્વક—કર્તવ્ય સમજીને. હાલ કંઈક જ્ઞાન થયું છે, પણ ઘણું બાકી છે. અને લાગણીઓનો હજુ સદંતર નાશ થયો નથી. તમે સર્વ હજુ સાત્વિકતાનો પરિઘ પૂરો ફરી વળ્યા નથી. ‘ અહં ’ હજુ પણ છે. સંક્ષેપમાં એટલું જ કે, વિકાસ થયો નથી. મારે પણ કંઈ ઉતાવળ નથી. હું તમારો તમારા સ્વભાવ પ્રમાણે વિકાસ થવા દઉંછું. હું એકજ બીબામાં સર્વને ઢાળવા માગતો નથી. સર્વ અસલ વસ્તુ એક જ રહેશે. તે જૂદીજૂદી રીતે, જૂદાજૂદા રૂપમાં વિકસશે. સર્વ અંદરથી વિકાસ પામવાનો પ્રયત્ન કરી રહ્યા છે, ત્યાં હું બહારથી ઘડવા નથી માગતો. તમે જ્યારે મૂળ વસ્તુ મેળવશો, ત્યારે બાકીનું સર્વ આવી મળશે.

આપણે ભેદ પર સ્થપાએલ સમાજ ન જોઈએ. આત્માનો ઐકયની મૂર્તિરૂપ, આત્માપર સ્થપાએલ સંઘ જોઈએ. આ idea

વિચારને લઇનેજ દેવસંઘ નામ આપવામાં આવ્યું છે. જે લોકો દેવજીવન ગાળવા માગે છે, તેમનો સંઘ તે દેવસંઘ. આ જાતનો સંઘ એક સ્થાનમાં સ્થાપીને પછી સારા દેશમાં તેની સ્થાપના કરવાની છે. આવા પ્રકારના સંઘમાં જ્યારે અહંપણાનો ભાવ આવે છે, ત્યારે સંઘનું તડું થઈ જાય છે. એમ દેખાય છે, કે જે (શુદ્ધ) સંઘ અંતે દેખાશે, તેજ આ છે. આ એક કેન્દ્રનો પરિઘ થશે. જે તેની બહાર હશે તે, અને જે અંદર હોવા છતાં ભ્રમમાં હશે તે સર્વ અંદરના નહિ ગણી શકાય.

તમે કદાચ કહેશો, કે સંઘની શી જરૂર છે ? છૂટા રહીને સર્વ સ્થળોમાં વસતું, સર્વ એકાકાર થઈ જાય, અને આ બૃહદ્ એકાકાર-માંથી જ કાંઇ ને કાંઈ થઈ રહેશે. આ ખરી વાત છે, પણ તે સત્યનો કેવળ એક ભાગ છે. આપણો કારોબાર કેવળ નિરાકાર આત્માને લઇને જ નથી. જીવનને પણ (તેની સાથેજ) ચલાવવું પડશે. અને મૂત્ત સ્વરૂપ સિવાય જીવનની અકસીર effective ગતિ નથી. નિરાકાર જે સાકાર થયેલ છે, તે ફક્ત માયાનો ખાલી ખેલ નથી. પણ આકારનું પ્રયોજન હોવાથી જ તે થયેલ છે. આપણે સંસારનું કોઈપણ કામ બાકી રાખવા નથી માગતા. રાજનીતિ, વાણિજ્ય, સમાજ, કાવ્ય, શિલ્પ, કળા, સાહિત્ય ઈત્યાદિ સર્વ રહેશે. આ સર્વને નૂતન પ્રાણ, નૂતન આકાર દેવો પડશે.

રાજનીતિ મેં કેમ છોડી ? આપણી રાજનીતિ ભારતની અસલ ચીજ નથી, તે વિલાયતથી આયાત કરવામાં આવેલ છે—વિલાયતી ઢંગનું અનુકરણ માત્ર છે. પણ તેનીએ જરૂર હતી. મેં પણ વિલાયતી ઢંગની રાજનીતિ ચલાવી હતી. ન ચલાવાથી દેશ કદાપિ જાગૃત થાત નહિ, તેમ પૂર્ણ વિકાસ પણ ન થાત. હજુએ તેનો ઉપયોગ છે. જો કે હિન્દના બીજા ભાગોમાં જેટલો ઉપયોગ છે, તેટલો બંગાળમાં નથી. પણ હવે સમય આવ્યો છે કે, પડછાયાનો વિસ્તાર કરવાને

બદલે વસ્તુને પકડવી. ભારતના આત્માને જગાડી સર્વ કામ તેને અનુરૂપ કરવાં જોઇએ.

લોકો હાલ રાજનીતિને આધ્યાત્મિક સ્વરૂપ આપવા માગે છે. × × × × તેનું ફળ—જો કોઈ સ્થાયી ફળ આવશે તો—એક પ્રકારનું Indianised બોલ્શેવીઝમ આવશે. આવા કામમાં પણ મારે કાંઈ વાંધો નથી. જેને જેવું સૂઝે, તેવું કરે; પણ આ અસલ વસ્તુ નથી. અશુદ્ધરૂપમાં આધ્યાત્મિક શક્તિ ઢાળવાથી કાચા ઘડામાં પાણી નાંખવા જેવું થશે. કાંતો કાચી વસ્તુ તૂટી જશે, અને પાણી ઢોળાઈ જશે, અથવા તો આધ્યાત્મિક શક્તિને લુપ્ત કરી દઇને અશુદ્ધ સ્વરૂપને જ રહેવા દેશે. સર્વ સ્થળે આમજ થાય છે. આધ્યાત્મિક શક્તિ આપી શકાય છે. પણ તે શક્તિનો expended વ્યય કરવો પડે છે. રામ-મંદિરમાં વાનર મૂર્ત્તિ સ્થાપિત કરવાથી, વાનર કદાચિત્ પ્રાણપ્રતિષ્ઠાથી શક્તિમાન થઇ ભકત હનુમાન બનીને રામનાં અનેક કામ કરી આપશે—જ્યાં સુધી તે શક્તિ રહેશે ત્યાં સુધી—પણ આપણે ભારતમંદિરમાં હનુમાન માગતા નથી, પ્રભુ અવતાર સ્વયં રામને માગીએ છીએ.

સર્વની સાથે આપણે મળી શકીએ છીએ—કિન્તુ સર્વને ઉપર કહેલ રસ્તે ખેંચવા માટે જ. અને તે પણ આપણા આદર્શના ભાવ તથા રૂપને અક્ષત રાખીને. એવું ન કરવાથી દિશાભ્રમ થશે, અને આપણું ધારેલું કામ થઈ શકશે નહિ. વ્યકિતગત ભાવે સર્વ દિશામાં કાંઈ ને કાંઈ અવશ્ય થઈ શકે, પણ સંઘરૂપે તેનાથી દશગણું થઈ શકે છે. હજુ તેનો સમય નથી આવ્યો. ઉતાવળ કરવાથી ઇચ્છા પ્રમાણે બરાબર કામ થઈ શકે નહિ. સંઘ તે આદર્શનું પહેલું પ્રકટ સ્વરૂપ છે. જેમણે આદર્શ પ્રાપ્ત કરી લીધા હશે, તે ઐકય ધારણ કરી જૂદાજૂદાં સ્થળે કામ કરશે. બાદ ધર્મસંઘ Spiritual Commune જેવું રૂપ આપીને સંઘબદ્ધ થઇને સર્વ કર્મોને આત્માનુરૂપ, યુગાનુરૂપ આકાર આપવો જોઇશે—કઠોર, અચળ રૂપ નહિ પણ સમુદ્રના જળની માફક

ફેલાય એવું સ્વાધીન રૂપ જે અનેક ઢંગથી કર્મોને ઘેરીને, પલાળીને ગળી જશે. આમાંથી ધીમે ધીમે દેવજાતિ થશે. આ મારો હાલનો વિચાર છે. હજુ તે વિચાર સંપૂર્ણ વિકસિત થયો નથી. સર્વ ભગવાનના હાથમાં છે. તે જ સર્વ કામ કરાવે છે.

હવે તમારા પત્રની કેટલીક વિશેષ વાતો પર આવીશ. તમારા યોગની બાબતમાં તમે જે લખ્યું છે, તે સંબંધી આ પત્રમાં વિશેષ લખવા માગતો નથી. રૂબરૂમાં જ વાતચિત કરવાનું ઠીક પડશે. દેહને શબ માનવું એ સંન્યાસના નિર્વાણ પંથનું લક્ષણ છે. પણ આ વિચાર પ્રમાણે સાંસારિક વાતો નથી ચાલી શકતી. સર્વ વસ્તુઓમાં આનંદ લેતાં શિખવું જોઇયે—જેમ આત્મામાં તેમજ દેહમાં—દેહ ચૈતન્યમય છે. જગતમાં જે કાંઈ છે તેમાં ભગવાનને જોવાથી—**સર્વમિદં બ્રહ્મ—વાસુદેવ: સર્વમ**—વિશ્વાનંદ પમાય છે. શરીરમાં પણ તે આનંદના તરંગો દોડે છે. આ અવસ્થામાં આધ્યાત્મિકભાવમાં પૂર્ણ થઈને ઘરબાર, વિવાહ ઈત્યાદિ સર્વ કામ થઈ શકે છે. સર્વ કામમાં પણ ભગવાનનો આનંદમય વિકાસ મેળવી શકાય છે. (મેં મારી અંદર) અનેક દિવસોથી માનસિક ભૂમિમાં મનની ઈંદ્રિયોને, સર્વ વિષય તથા અનુભવને આનંદમય કરી દીધેલ છે. હવે તે સર્વ વિજ્ઞાનાનંદનું (Supramental)રૂપ ધારણ કરી રહેલ છે. આ અવસ્થામાં સચ્ચિદાનંદનાં પૂર્ણ દર્શન તથા અનુભવ થાય છે.

દેવસંઘની વાત લખીને તમે લખો છો, "હું દેવતા નથી. વારંવાર ટીપાવાથી ચળકતું થયેલ લોઢું છું......" દેવતા કોઈ નથી, પણ પ્રત્યેક માણુસની અંદર દેવતા વાસ કરે છે. તેને પ્રકટ કરવા, એ દેવજીવનનું લક્ષ્ય છે. એવું આપણે સર્વ કરી શકીએ છીયે. તે કામ મહાભારત છે, એ હું જાણું છું. પરંતુ તમારા સંબંધમાં તમે કરેલ વર્ણનને હું યથાર્થ નથી માનતો. વળી માણુસ ગમે તેવો હોય, તોપણ એક વાર ભગવાનનો સ્પર્શ થાય છે, એટલે નાના

મોટામાં ખાસ તફાવત રહેતો નથી. અધિક અડચણો થાય, અધિક સમય લાગે—તે બાબતો હંમેશાં ચોક્કસ જ નથી. પણ અંદરના દેવતા તે અડચણ અને વિઘ્નોનો હિસાબ નથી રાખતા. તેને હઠાવીને આગળ ધપાવે છે. મારામાં પણ ક્યાં ઓછા દોષ હતા? મન, ચિત્ત, પ્રાણ તથા દેહની અડચણો થોડી હતી? સમય પણ શું નથી લાગ્યો? ભગવાને ટીપ્યો પણ થોડો છે? દિવસે દિવસે, ઘડીએ ઘડીએ દેવતા થઈ રહ્યો છું કે શું થઈ રહ્યો છું, તે જાણતો નથી, પણ કંઈક થઈ ગયો છું, અથવા થઇ રહ્યો છું,—ભગવાને જે બનાવવા ધાર્યું છે, તે યથેષ્ટ જ છે. સર્વની બાબતમાં આમ કહી શકાય. આપણી શક્તિ નહિ પણ ભગવાનની શક્તિ જ આ યોગની સાધક છે. હું જે અનેક દિવસોથી જોઈ રહ્યો છું તેમાંથી એક બે વાતો ટુંકામાં લખું છું. મારી એવી માન્યતા છે કે ભારતની દુર્બળતાનું મુખ્ય કારણ પરાધીનતા નહિ, દારિદ્ર્ય નહિ, અધ્યાત્મજ્ઞાન અથવા ધર્મ રહિતતા નહિ, કિન્તુ વિચારશક્તિનો નાશ—જ્ઞાનની ભૂમિમાં અજ્ઞાનતાનો વિસ્તાર—છે. સર્વત્ર વિચાર કરવાની અશક્તિ અથવા અનિચ્છાજ inability or unwillingness to think દેખાય છે. મધ્યયુગમાં ગમે તેમ હો, પણ આ સમયે આ ભાવ ઘોર અવનતિનું લક્ષણ છે. મધ્યયુગ હતો રાત્રિકાળ, અજ્ઞાનના જયનો દિવસ. પણ હાલ જગતમાં જ્ઞાનના જયનો યુગ ચાલે છે. જે અધિક વિચાર કરે છે, વિશ્વના સત્યને શોધી શીખે છે તેની શક્તિ તેટલી વધે છે. યૂરોપની તરફ જુઓ તો તમને બે વાતો દેખાશે—અનંત, વિશાળ વિચારસાગર તથા પ્રચંડ, વેગવતી, નિયમિત શક્તિનો ખેલ. આ બળથી તે જગતને ગ્રાસ કરવા સમર્થ છે. તેઓ આપણા સત્યયુગના તપસ્વિઓ જેવા છે કે જેમના પ્રભાવ વડે વિશ્વના દેવતાઓ પણ ભય અને શંકા પામી વશ થતા. લોકો કહે છે કે યૂરોપ નાશની તરફ દોડી રહ્યો છે. હું એમ નથી માનતો: આ જે વિપ્લવ થઈ રહ્યો છે, આ જે ઉથલપાથલ મચી રહી છે,

એ સર્વ નવી સૃષ્ટિની પૂર્વાવસ્થા છે.

હવે ભારતની તરફ નજર કરો. થોડાક મોટા માણસો બાદ કરતાં સર્વત્ર મામૂલી આદમી છે, જે કદિયે વિચાર નથી કરતા—નથી કરી શકતા, જેમનામાં છાંટાભાર શક્તિ નથી, કેવળ ક્ષણિક જુસ્સો છે. ભારતના લોકોને જોઇયે છીયે: સરળ વિચાર, સહેલી વાત. યૂરોપના લોકોને જોઇયે છીયે: ગંભીર વિચાર, ગૂઢ વાત. ત્યાં સામાન્ય મજૂર લોકો પણ વિચાર કરે છે, સર્વ કાંઈ જાણવા માગે છે. અધૂરૂં જાણીને સંતુષ્ટ નથી થતા, પણ વાતનું રહસ્ય જાણવા માગે છે. વાંધો માત્ર એટલો જ છે કે યૂરોપની વિચારશક્તિ તથા બળને ઘાતક સીમા છે. અધ્યાત્મક્ષેત્રમાં આવતાં તેની વિચારશક્તિ કામ કરી શકતી નથી, ત્યાં યૂરોપને ચારે બાજુ ન ઉકેલી શકાય તેવા કોયડાઓ, અસ્પષ્ટ યૌગિક ભ્રમણા દેખાય છે. ધૂમાડામાં આંખો ચોળતાં તેને કાંઈ સૂજતું નથી. છતાં આ સીમા ઓળંગવા માટે યૂરોપમાં હાલ ઓછો પ્રયત્ન નથી થતો. આપણામાં અધ્યાત્મજ્ઞાન આપણા પૂર્વજોના લીધે છે. અને જેને અધ્યાત્મજ્ઞાન છે, તેના હાથમાં એવું જ્ઞાન—એવી શક્તિ છે કે જેની એક ફુંકથી યૂરોપની પ્રચંડ શક્તિ તણખલાંની માફક ઉડી જાય. તે શક્તિ મેળવવા માટે ઉપાસનાની જરૂર છે, પણ આપણે શક્તિના ઉપાસક નથી, "સહજ"ના ઉપાસક છીએ. 'સહજ'માં શક્તિ નથી મળતી. આપણા પૂર્વજોએ વિચારના વિશાળ સમુદ્રમાં તરીને વિશાળ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, વિશાળ સુધારો ખડો કરી દીધો હતો; તે માર્ગમાં જતાં જતાં પાછળના લોકો થાકી ગયા; વિચારશક્તિનો વેગ ઓછો થયો, તેની સાથે જ શક્તિનો વેગ પણ કમ થયો, એટલે આપણો સુધારો થઈ ગયો સ્થાવર, ધર્મ થઈ ગયો એક પ્રકારની ઘેલછા, અને અધ્યાત્મભાવ થઈ ગયો ઝાંખો પડછાયો અથવા ક્ષણિક ઉન્માદનો તરંગ. આ અવસ્થા જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી ભારતના સ્થાયી પુનરુત્થાનનો સંભવ નથી.

બંગદેશમાં આ દુર્બળતાની અંતિમ અવસ્થા છે. બંગાળીની બુદ્ધિ તેજસ્વી છે, તેનામાં વિચારશક્તિની યોગ્યતા છે, અદશ્ય જ્ઞાનશક્તિ છે; આ સર્વ ગુણોમાં તે ભારતમાં શ્રેષ્ઠ છે. આ સર્વ ગુણો જરૂરના છે, પણ તેટલા જ બસ નથી. તેની સાથે જો વિચાર-ગાંભીર્ય, ધીરતા, વીરોચિત સાહસ, દીર્ઘપરિશ્રમ કરવાની શક્તિ તથા આનંદ પણ આવી જાય, તો બંગાળીઓ ભારતના તો શું પણ સમસ્ત સંસારના નેતા થઈ જાય! પણ બંગાળીઓને આ નથી જોઈતું, તેમને તો સહેલાઈથી કામ કરવું છે. વિચાર કર્યા વગર જ્ઞાન લેવું છે, મહેનત વિના ફળ જોઈએ છીએ, સહજની ઉપાસના કરી સિદ્ધિ મેળવવી છે. તેમની પાસે ભાવનાશક્તિરૂપી ઉત્તેજિત સાધન છે. પણ સમજ્યા વિના અતિશય ભાવનામય થઈ જઇ તેમણે રોગીની દશા પ્રાપ્ત કરી છે. તેમના કાર્યની પછવાડે અજ્ઞાન રહેલું છે, તેથી દેશની ધીમે ધીમે અવનતિ થઈ રહી છે, અને જીવનશક્તિનો નાશ થતો ચાલ્યો છે. અંતે બંગાળીઓ પોતાના દેશમાં કેવી દશાએ પહોંચ્યા છે? તેમને નથી મળતું ખાવા, કે નથી મળતાં કપડાં; ચારે તરફ હાહાકાર મચી રહ્યો છે; ધન, દોલત, ધંધો, વેપાર, જર, જમીન સુદ્ધાં બીજાઓના હાથમાં જવા લાગ્યાં છે. આપણે શક્તિની સાધના છોડી દીધી છે, અને શક્તિએ પણ આપણને છોડી દીધા છે. પ્રેમની સાધના કોઈ કરે છે, પણ જ્યાં જ્ઞાન તથા શક્તિ નથી ત્યાં પ્રેમ નથી રહેતો, સંકીર્ણતા અને ક્ષુદ્રતા જ આવે છે. ક્ષુદ્ર, સંકીર્ણ મનમાં–પ્રાણમાં પ્રેમનું સ્થાન નથી. બંગદેશમાં પ્રેમ ક્યાં છે? ઝઘડા, મનની મલિનતા, ઈર્ષ્યા, ઘૃણા, ફાટફુટ–સર્વ આ દેશમાં ભર્યા છે. ભેદભાવથી ભરેલ ભારતમાં પણ આટલું બધું ક્યાંયે નથી.

આર્યજાતિના વીર યુગમાં આટલાં ગપ્પાં, આટલો આડંબર ન હતો. તે લોકો જે કાંઈ પ્રયત્ન કરતા તે સૈકાઓ સુધી ચાલુ રાખતા, પણ બંગાળીઓનો પ્રયત્ન બે દહાડાજ ટકે છે.

તમે કહો છો, કે દેશને જુસ્સાવાળો કરવાની અને ઉત્તેજિત કરવાની જરૂર છે. રાજનીતિક્ષેત્રમાં આ સર્વ હું કરી ચૂકયો છું. તમે કહો છો, કે સ્વદેશીના દિવસોમાં જે કાંઈ મેં કર્યું હતું, તે સર્વ ધૂળમાં મળી ગયું છે. તો અધ્યાત્મક્ષેત્રમાં શું વધારે સારૂં પરિણામ આવશે ? હું નથી માનતો કે કાંઈ પણ પરિણામ આવ્યું ન હતું–આવ્યું જ હતું. જેટલી ચળવળ થાય છે તેનું પરિણામ કાંઈ ને કાંઈ અવસ્ય આવે છે જ, પણ મોટે ભાગે તેથી માત્ર સંભવ વધે છે. કાર્ય કરવાની આ રીત ઉત્તમ નથી તેથી હવે હું જુસ્સાને વધારવાનો હેતુ રાખીને કામ કરવા નથી માગતો. મારા યોગની પ્રતિષ્ઠા કરવા માટે હું વિશાળ સમતા માગું છું. તે સમતાના આધારરૂપે સર્વ વૃત્તિઓથી પૂર્ણ, દૃઢ તથા અચળ શક્તિ વિરાજે છે. શક્તિસમુદ્રમાં જ્ઞાનસૂર્યનાં કિરણોનો વિસ્તાર થાય ત્યારે આ તેજોમય વિસ્તારમાં અનંત પ્રેમ, આનંદ તથા ઐકયની પ્રફુલ્લતા વ્યાપે છે. લાખો શિષ્યોની જરૂર નથી. એક સો અહંકારવર્જીત પૂરા તૈયાર મનુષ્ય ભગવાનના યંત્રરૂપે વર્તનાર મળી જાય તો બસ છે. પ્રચલિત ગુરુગીરી પર મને આસ્થા નથી, માટે હું ગુરુ થવા માગતો નથી. મારા સ્પર્શથી જાગીને કે બીજા કોઈના સ્પર્શથી જાગીને પણ કોઈ પોતાના સુષુપ્ત દેવત્વને જાગૃત કરે અને ભગવત જીવન પ્રાપ્ત કરે એટલું જ હું તો માગું છું. આવી જાતના માણસો જ ભારતનો ઉદ્ધાર કરશે.

આ લેકચર વાંચીને એમ ન સમજશો કે હું બંગદેશના ભવિષ્યના સંબંધમાં નિરાશ છું. લોકોના માનવા પ્રમાણે હું પણ આશા રાખું છું, કે બંગદેશમાં જ આ વખતે મહાજ્યોતિનો વિકાસ થવાનો છે, પણ મેં ઢાલની બીજી બાજુ જોવાનો પ્રયત્ન કર્યો છે—દોષ, ત્રુટી, ન્યૂનતા કયાં છે તે જોવાનો પ્રયત્ન કર્યો છે. આ સર્વ ત્રુટીઓ કાયમ રહે તો જ્યોતિ મહાજ્યોતિ પણ નહિ થાય, અને સ્થાયી પણ નહિ થાય.

આ અસાધારણ લાંબા પત્રનું તાત્પર્ય એ છે કે હું પણ પોટલી બાંધી રહ્યો છું, પણ હું આશા રાખું છું કે આ પોટલી સંત પિતરની ચાદરના જેવી છે. અનંતનો બધો ભક્ષ તેની અંદર હલમલી રહ્યો છે. હમણાં પોટલી નથી ખોલતો. કસમયે ખોલવાથી ભક્ષ ભાગી જાય છે. દેશમાં પણ હમણાં નથી આવતો—કાચાઓની અંદર આવીને કાચો શું કરી શકે? હાલ એ જ.

તમારો "સેજ—દા.*"

---

* ઘ્યોટભાઈ.

લેખો

૧. સરજનહારનો હથોડો

(કર્મયોગી–૧૯૦૮)

દમનનીતિનો દોર આપણા રાજકિય જીવનના બાહ્ય સ્વરૂપને દબાવીને તે જીવનનો અંત લાવવા મથી રહેલ છે. પણ એક પ્રજા જ્યારે એકવાર જાગૃત થાય છે—સરજનહારના પોકારથી સફાળી જાગી ઉઠે છે ત્યારે તેને સખ્તાઇથી દાબી શકાય એ જરીપૂરાણી માન્યતા જેટલી વિચિત્ર છે તેટલી જ ભૂલભરેલી છે. કોઇ પણ પ્રજાના ઇતિહાસમાં આવી વિચિત્ર ઘટના બની નથી, અને ભારતવર્ષના ઇતિહાસમાં તે બનવાની નથી. આપણી ચોમેર ભારે તોફાન મચી રહ્યું છે. મેં તેને આવતા જોયું હતું. વંટોળીઆનો સુસવાટ અને વરસાદની ઝડી મેં જોઇ કે તુરત મને વિચાર થયો કે આ તોફાન શાનું ચઢી આવે છે? મારા અંતરાત્માએ જવાબ આપ્યો, કે "વંટોળીઆની પાંખોપર સરજનહાર ચઢી આવે છે, અને એને લીધે જ આ બધું તોફાન મચી રહ્યું છે. એની જ શક્તિ, એનું જ બળ આપણાં ઘરને અને છાપરાંને હચમચાવી રહ્યાં છે." આવું જ તોફાન આપણા પ્રજાજીવનપર ફરી વળ્યું છે. એ પણ એ સરજનહારનું જ કરતૂત છે. આપણે માતૃપૂજાને માટે એક

નવું, સુન્દર મંદિર બાંધી રહ્યા હતા. તેટલામાં તો તે એ મંદિરપર તૂટી પડયો. એણે એના બે બળવંતા હાથે મંદિરને પકડી ખૂબ હચમચાવ્યું, અને મંદિરનો કેટલોક ભાગ નીચે તૂટી પડયો. સરજનહારે આમ શાને કર્યું ? દમનનીતિ બીજું કાંઇયે નહિ પણ સરજનહારનો હથોડો છે. તે આપણને મહાપ્રજા બનાવવા માટે અને સૃષ્ટિમાં એનું કાર્ય કરવા સમર્થ બનાવવા માટે ટીપીટીપીને ઘડી રહેલ છે. તેના એરણપર આપણે લોઢું બન્યા છીએ. આપણો નાશ કરવા નહિ પણ આપણી પુનર્રચના કરવા તે આપણા પર હથોડાના ઘા કરી રહ્યો છે. દુઃખ વિના સુખ નથી, આત્મભોગ વિના ઉન્નતિ નથી.

* * *

અને આપણે ભારતવાસીઓ કસોટીમાં પાછા પડીએ તેમ નથી. આપણે જેવી તેવી પ્રજા નથી. આપણા પર્વતો અને આપણી નદીઓ જેટલી પ્રાચીન છે તેટલા જ આપણે પ્રાચીન છીએ. આપણી અનેકવિધ મહત્તાની બરોબરી કરનાર ઇતિહાસ જગતની પ્રજા હવે ઘડશે. આધ્યાત્મિક ઉન્નતિને માટે કાને ન સાંભળ્યાં હોય એવાં અસંખ્ય કષ્ટો, અને માણસજાત સહન ન કરી શકે એવાં પારાવાર દુઃખો સહન કરી તપશ્ચર્યામાં મગ્ન રહેનાર ઋષિમુનિઓનાં આપણે વંશજો છીએ. પતિની પાછળ હસતે વદને સળગતી ચિતાપર ચઢી સ્વર્ગે સીધાવતી સતી કુલવધૂઓનાં આપણે સંતાનો છીએ. દુઃખોને તો આપણે સામા જઇ ભેટીએ છીએ. પશુબળને મ્હાત કરનાર આત્મબળ આપણામાં છે અને તેથી શારીરિક કષ્ટોને શાન્તિથી સહન કરવા આપણે સંપૂર્ણરીતે સમર્થ છીએ. માનવજાતિના ઇતિહાસના વિરલ પ્રસંગે આપણી વચ્ચેજ અવતાર લઇ પ્રભુએ પૃથ્વીપરની પ્રજાઓમાં આપણી મહત્તા સ્થાપી છે. અત્યારે પ્રભુનો અવતાર ફરીથી પાછો આપણી વચ્ચે થનાર હોવાથી એણે લોકોના દિલમાં વાસ કર્યો છે, અને આપણી ઉન્નતિ કરી રહ્યો છે.

* * *

આપણે આપણા પ્રજાજીવનની પરાકાષ્ટાએ પહોંચવા માગીએ છીએ. સ્વરાજ્ય એ આપણા પ્રજાજીવનની પરાકાષ્ટા છે. તેને આપણે શોધી રહ્યા છીએ, અને તેને માટે જ પ્રભુએ આપણને અવતાર આપ્યો છે કે આપણે આપણી વ્યક્તિની, આપણા કુટુમ્બની, આપણી કોમની, આપણી પ્રજાની, આપણી આખી માનવજાતિની પરાકાષ્ટાએ પહોંચી એનું મહાત્મ્ય પ્રગટાવીએ. આ પરાકાષ્ટાએ પહોંચવું તેનું નામ જીંદગી; તેનાથી ચ્યુત થવું તેનું નામ મોત.

* * *

આપણે શું કરવાનું છે? ઇસુએ સ્વર્ગને ઢૂંઢનાર શિષ્યને સંબોધીને કહ્યું હતું, "સ્વર્ગ તારી અંદર છે." તે જ પ્રમાણે સ્વરાજ્યને ખોળનારને આપણે કહી શકીએ, કે "સ્વરાજ્ય તારી અંદર છે." આપણે આપણું પ્રજા તરીકેનું વ્યક્તિત્વ જાણી લઇએ, ગૌરવ સમજી જઇએ, આપણા દરેકની અંદર તથા સમસ્ત પ્રજાજનની અંદર રહેલા પરમાત્માને પિછાણી લેઇએ અને તેને જ અર્પણ કરી સઘળાં કાર્યો કરતાં થઈ જઇએ તો દુનિયા પર એવી કોઈ શક્તિ નથી કે તેમાં દખલ કરી શકે, દુનિયા પર એવો કોઈ કાળો કાયદો નથી કે તેના પર અમલ ચલાવી શકે. અંતરમાં જાગૃત થએલ બ્રહ્મનો આવિર્ભાવ અટકાવવાનું કામ અશક્ય છે. માનસશાસ્ત્રનો નિયમ છે કે એ અંતર્ગત બ્રહ્મને બહાર દેખાવું જ પડે.

* * *

પ્રથમ બંગાળે આ દૈવી આદેશ સંભળાવવાનું કામ માથે લીધું, અને તેથી મારને મોખરે ઉભા રહેવાનું અને યુદ્ધનો બોજો ઉચકવાનું તેને માથે પડયું. બંગાળીઓને માથે દુ:ખનો મોટો ભાર નાંખી પ્રભુએ તેમના પ્રત્યેનો પોતાનો પક્ષપાત દર્શાવ્યો. હિન્દુસ્તાનનું નસીબ બંગાળીઓને હાથ છે. તેઓ જેવો જવાબ વાળશે તેવું ભારતનું ભવિષ્ય ઘડાશે. આ કાંઈ ઘડી બે ઘડીનું રમખાણ નથી, આ તો

લાંબા કાળનું યુદ્ધ છે. બંગાળીઓની સામે સવાલ ઉભો છે અને આ સવાલનો કેવો જવાબ વાળવો તેની જવાબદારી તેમને શિર છે.

* * *

આપણે સર્વેએ શાન્તિથી સહન કરવાનું છે, મક્કમ રહી માર ખાવાનો છે. પછી આ દમનનીતિ મિથ્યા નીવડશે. આપણે માત્ર સહનશક્તિનો ગુણ કેળવવાની જરૂર છે, આપણી હિમ્મત, સહનશક્તિ અને મક્કમતા ટકાવી રાખવાનાં છે. કેટલાક એવો અભિપ્રાય દર્શાવે છે કે અત્યારે નમી જવાથી દેશ દમનનીતિમાંથી બચી જશે. તે અભિપ્રાય બરાબર નથી. સપ્તાનાં તોફાનની સામે છાતી કાઢી ખડકની માફક અડગ ઉભા રહ્યે જ દેશ ઉગરશે, હિમ્મતથી અને મક્કમતાથી જ દેશ ઉંચો ચઢશે. આપણી પાસે ભારતમૈયા આ જ માગે છે—પ્રભુ પણ આ જ માગે છે. તેણે કાલે તોફાન મોકલ્યું અને આપણા મંદિરના ઘુમટને ખૂબ હચમચાવ્યો. પણ ઘુમટ અક્ષત છે. આપણી પાસે તે જે માગી રહ્યા છે તે આ છે: " મેં તમારી પાસે મારૂં તોફાન મોકલ્યું છે તે એટલા સારૂ જ કે તમે કેળવાઓ અને તમારી શક્તિનું માપ કાઢી શકો. એથી તમને કાંઇ ઇજા થાય, કાંઇ ભાંગતોડ થાય તો ગભરાતા નહિ. માત્ર તમે એટલું સમજી લ્યો તો બસ છે કે આ સર્વ તમારી શક્તિ વધારવા માટે છે—શક્તિ વધારવા માટે જ છે." હિન્દના અને ખાસકરીને બંગાળાના નૌજવાનોએ આ શિક્ષા ગ્રહણ કરવાની છે. ભવિષ્યમાં આપણાપર કદાચ આથીયે પ્રચંડ તોફાન આવે તે સમયે આ વાત લક્ષમાં રાખી બહાદુરીથી તેની બરદાસ કરજો, તમારી શક્તિનું માપ કાઢજો, પવનના જોરની સામે ટક્કર ઝીલી તમારી શક્તિને કેળવજો, અને એ કેળવેલી અને વધારેલી શક્તિથી દેશમૈયાના મંદિરનો ઘુમટ અક્ષત રાખજો. આમીન.

૨. મારા દેશબંધુઓ જોગ ખુલ્લો પત્ર

[કર્મયોગી—૩૧ જુલાઈ, ૧૯૦૮]

માતૃભૂમિ પ્રત્યેની પોતાની ફરજ અદા કરનાર જાહેર પુરૂષની સ્થિતિ હિન્દુસ્તાનમાં આજકાલ ડામાડોળ છે. કાલે શું થશે એ કહેવાય એમ નથી. હું હમણાંજ એક વરસની જેલમાંથી છૂટીને આવ્યો છું. મારા પર ગુન્હો સાબીત કરવાને રત્તીભાર વિશ્વાસજનક પૂરાવો ન મળ્યો તેથી હું છૂટ્યો છું, પણ આજે હું છૂટો છું તેથી કાલે પણ મારા પર નવો કેસ ઉભો કરી કામ ચલાવવામાં ન આવે, ગુન્હો બતાવવાની કે પૂરાવો રજુ કરવાની કડાકૂટ દૂર કરનાર દેશપારના જહાંગીરી કાયદાથી મને દેશપાર કરવામાં ન આવે એમ કહી શકાય નહિ. જ્યારે ઍંગ્લો–ઇન્ડિયન પત્રકારોના શિકારી કૂતરાઓ મારી પૂંઠે પડયા છે અને દરેક દેશપ્રેમી, દેશવત્સલ પુરૂષને ખસેડવા સરકાર આગળ ચિચિયારી કરી રહ્યા છે ત્યારે કોઈ પણ માણસની સ્થિતિ ડામાડોળ કરતાંયે કાંઈક અધિક થઈ છે એમ કહેવું જોઇએ. જોસભેર અફવા ચાલી રહી છે કે મને દેશપાર કરવા માટે કલકત્તાની પોલિસે સરકાર આગળ કેસ રજુ કર્યો છે. જો કે દેશમાં સંપૂર્ણ શાન્તિ પ્રવર્તે છે અને અમારી કાર્યપ્રણાલી સંપૂર્ણ કાયદેસર છે, છતાંયે સરકારના સર્વશક્તિમાન શિકારી કૂતરા (સી. આઈ. ડી.) સીમલાના સલાહકારોની આનાકાનીને શમાવી દે એ સંભવિત છે. આ સ્થિતિમાં મારા દેશબંધુઓ જોગ આ પત્ર લખવાનું મેં ઉચિત ધાર્યું છે. ખાસ કરીને જે બંધુઓએ સાંપ્રત જરૂરીઆત અને ભવિષ્યની રૂપરેખા વિષેના રાષ્ટ્રપક્ષના સિદ્ધાંતો સ્વીકાર્યા

છે તે બંધુઓ જોગ હું આ પત્ર પાઠવું છું. મને દેશપાર કરવામાં આવશે તો આ પત્ર શંકિત હૃદયોનું સમાધાન કરશે. મારા નિર્વાસિત સ્થાનમાંથી હું પાછો ન ફરૂં તો આ પત્ર મારા દેશબંધુઓ માટે મારા રાજકીય વિચારોનું છેલ્લું વિલ અને ટેસ્ટામેન્ટ ગણાશે.

રાષ્ટ્રપક્ષની સ્થિતિ મુશ્કેલ છે ખરી, પણ અશક્ય નથી. રાષ્ટ્રપક્ષના આગેવાનોને સરકારે દેશપાર કર્યા કે જેલમાં પૂર્યા તેથી રાષ્ટ્રપક્ષ નાબૂદ થયો એમ કેટલાક માને છે પણ તે એમની ભૂલ છે, કારણ કે તેઓ માત્ર ઉપરચોટીઉં જ જુએ છે. રાષ્ટ્રપક્ષ જીવતોજોધ છે. એની શક્તિ કે વિસ્તાર જરાયે ઘટ્યાં નથી. એને જરૂર છે માત્ર પૉલિસીની અને નેતાની. પૉલિસી તો એને મળી રહેશે અને નેતા પ્રભુ આપશે. દુનિયા પરની તમામ લડત પ્રભુએ યોજી રાખેલા નેતાની રાહ જુએ છે. જ્યારે પ્રભુનો પયગામ લેઈ નેતા પેદા થાય છે ત્યારે એ લડત જય મેળવતી આગળ વધવા માંડે છે. અત્યારસુધીના નેતાઓ ઉચ્ચગુણસંપન્ન, પ્રતિભાશાળી મહાન્ પુરુષો છે. દુનિયાની કોઈ પણ લડતના સરદાર થવાને તેઓ યોગ્યતા ધરાવે છે. પણ દુનિયાભરનું રૂપ બદલી નાંખે એવી આ લડતના નાયક થવાને તેમનામાંયે કચાશ છે. તેથી જેના હાથમાં રાષ્ટ્રનું ભવિષ્ય મૂકાયું છે એવા રાષ્ટ્રપક્ષે આવો માણસ પેદા થાય ત્યાંસુધી સબૂરી પકડવી જોઇશે, આફતમાં પણ શાન્તિ ધારણ કરવી જોઇશે, અંતે પોતાનો જ જય છે એની દૃઢ ખાત્રી રાખી પરાજય વેળા પણ આશા રાખવી જોઈશે અને ભવિષ્યની સંતતિ તથા જગત પ્રત્યેની પોતાની જવાબદારી હરઘડી સ્મરણમાં રાખવી જોઈશે.

દરમિયાન આપણા માર્ગની મુશ્કેલીઓને લીધે આપણે સાવચેતીથી અને હિંમતભેર ડગલાં ભરવાં જોઇશે. આપણું બળ પશુબળ નહિ પણ નીતિબળ છે. પશુબળ તો આપણી સરકારમાં જઈ વસ્યું છે. આપણી જીત થાય તો એ સરકારનું રૂપ આપણે એવું બદલી

નાંખીએ કે એ કોઈથી ઓળખાય નહિ. તો પછી સરકાર આવો કાયાપલટ અટકાવવા પોતાના તમામ પશુબળનો ઉપયોગ કરે એમાં શી નવાઈ? દેશનું સમગ્ર નીતિબળ આપણી બાજુ છે, કુદરત આપણી બાજુ છે. મનુષ્યના કોઈ પણ કાયદા કરતાં ઈશ્વરનો કાયદો મોટો છે; એ કાયદો આપણી બાજુ છે. આપણા કાર્યને તે વ્યાજબી લેખે છે. જુવાનવર્ગ આપણી બાજુ છે, ભવિષ્ય પણ આપણી બાજુ છે. એ નીતિબળ જ આપણો એકમાત્ર આધાર છે. એ જ આપણો તારક મંત્ર છે, એ જ આપણી ફતેહની ચાવી છે. એના પર ઉભવાથી આપણે બળવાન છીયે. એને છોડવાથી આપણે નિર્બળ છીયે. આપણા ધ્યેયને કોઈ કાયદો ગુન્હો ઠરાવી શકે એમ નથી. આપણી કામ કરવાની રીતને કોઈ અર્વાચીન સરકાર ગેરકાયદે ઠરાવી શકે એમ નથી, અને જો ઠરાવે તો સુધરેલી સરકાર તરીકે ગણાવાનો દાવો રાખી શકે એમ નથી. એ ધ્યેય અને એ રીતને આપણે વળગી રહેવું જોઇયે, અને આપણી આખરી ફતેહનો આધાર એના પર જ રાખવો જોઇયે. પ્રજા તરીકે જીવવું હોય તો કાયદાને માન આપવું એ આવશ્યક ગુણ છે. એ ગુણ હિન્દીઓમાં વિશિષ્ટરૂપે જોવામાં આવે છે. આથી આપણે ચુસ્તરીતે કાયદાને માન આપવું જોઇયે. સાથે કાયદાથી જે રક્ષણ મળે છે એ રક્ષણનો અને એ કાયદાની છૂટનો લાભ ઉઠાવી આપણા કાર્યને આગળ ધકેલવું જોઇયે. દેશમાં જે છૂટાંછવાયાં ખૂન થયાં છે એની સાથે અમારે લેવાદેવા નથી. એ ખૂનરેજીની સાથે અમારે નિસબત નથી એ અમે સ્પષ્ટ અને ચોકસ રીતે જણાવ્યું છે, એટલે હવે ફરીથી એની નોંધ લેવાની અમારે જરૂર નથી. એ ઝેરી અને કડવી પૉલિસીનાં ઝેરી અને કડવાં ફળ છે. જ્યાં સુધી એ પૉલિસીના ઉત્પાદક પોતાની ભૂલ નહિ સુધારે ત્યાંસુધી એ ઝેરી ઝાડને ઝેરી ફળ ફળ્યાં વિના રહેનાર નથી. એ તો કુદરતનો કાયદો છે. કાયદા બનાવવામાં કે રાજકારભાર ચલાવવામાં અમારો અવાજ નથી, એટલે આ બાબતમાં અમે નિરુપાય

છીયે. જે લોકો ખબરદારીથી અને બુદ્ધિપૂર્વક રાજ્ય નથી ચલાવી શકતા તેમને દેશપાર અને સભાબંધીના હુકમ બહુ કાઢવા પડે છે. આવા હુકમોની સામે અમારો એક જ ઇલાજ છે કે અમારે કાયદેસર ચળવળ અને ખાનદાનીભર્યા આદર્શને વધારે ચુસ્તપણે અને વધારે નિર્ભયતાથી વળગી રહેવું.

સ્વરાજ્ય અમારૂં ધ્યેય છે. સ્વરાજ્ય એટલે પરદેશના કાબૂ વિનાની સંપૂર્ણ સ્વતંત્ર રાજ્યવ્યવસ્થા. અમારો એ દાવો છે કે દરેક પ્રજાને નિજ ધર્મ પ્રમાણે, નિજ શક્તિ પ્રમાણે રહેવાનો હક છે. અમારાથી હલકા પ્રકારની સંસ્કૃતિ અમારા પર જોરજબરાઇથી ઠોકી બેસાડવાના પરદેશીઓના દાવાની અમે ના પાડીએ છીએ. અમે ના પાડીએ છીએ કે પોતાની સંસ્કૃતિને ઉંચા પ્રકારની કહી અમારા વારસાથી અમને વંચિત રાખવાનો કોઈ પણ પરદેશીને હક છે. અમે કબૂલ કરીએ છીએ કે લાંબા વખત સુધી પરદેશીની ધુંસરી નીચે રહેવાથી અમારી જન્મસિદ્ધ શક્તિઓ પર કાટ ચઢયો છે, છતાં અમારૂં હૃદય સાક્ષી પૂરે છે કે અમારી એ શક્તિઓ ફરીથી ઉજ્જવળ થવાની છે. અમારી વાતના પૂરાવા તરીકે અમે એ બાબત પર લક્ષ દોરીએ છીએ કે જે દેશે આફત અને પરાજયનાં સૈકાંઓ વેઠયાં છે અને હજીયે વિદ્યમાન છે તે દેશની જતન કરવાની શક્તિ કેટલી હોવી જોઇયે ? જે દેશમાં અદ્યાપિપર્યંત વીર નરો ઉત્પન્ન થતા આવ્યા છે, પરાધીન દશામાંયે જે દેશે અસંખ્ય પ્રતિભાશાળી અને ચારિત્ર્યવાન મહાપુરુષોને જન્મ આપ્યો છે—જે કોઇ પરાધીન દેશથી બન્યું નથી—અને જે દેશે કાને નથી સાંભળી અને આંખે નથી દેખી એવી અદ્દભૂત શક્તિ બતાવી છે એ દેશની પ્રજા અબુદ્ધ બાળકોની અને અશક્તિમાનોની બનેલી છે એમ ન જ કહેવાય. અમારા બાપદાદાથી અમે કોઈ રીતે ઉતરતા નથી. અમારાંયે માથામાં ભેજાં છે; અમારાંયે દિલમાં હિંમત છે, અમારાંયે બાવડામાં શક્તિ છે; જરૂર

છે માત્ર અજમાયશની અને અવકાશની. આ અજમાયશ અને આ અવકાશ અમારા દેશની સરકાર, અમારો સ્વતંત્ર સમાજ અને અમારી પ્રાચીન સંસ્કૃતિ જ અમને આપી શકે. એથી જ્યાં સુધી અમને આ મળ્યાં નથી ત્યાં સુધી એને મેળવવાના પ્રયાસ સિવાય અમારાં ભેજાં, અમારી હિંમત અને અમારી શક્તિનો બીજો ઉપયોગ ન હોઈ શકે.

અમે સ્વરાજ્ય માગીયે છીયે એટલે અમે બીજી કોઈ પ્રજાને કે કાયદાથી આ દેશમાં ચાલી રહેલા રાજકારભારને ધિક્કારીએ છીએ એમ નથી. અમારા દેશમાં નોકરશાહીનું રાજ્ય ચાલે છે; અમે એ નોકરશાહીને પ્રજાશાહી બનાવવા માગીએ છીએ. અમારા દેશમાં પરદેશીનું રાજ્ય ચાલે છે; અમે એ પરદેશી રાજ્યને બદલે સ્વદેશી રાજ્ય ચલાવવા માગીયે છીયે. અમારા દેશમાં અંગ્રેજોની આણ વર્તે છે; અમે અંગ્રેજોની આણને બદલે હિન્દીઓની આણ વર્તાવવા માગીએ છીએ. આવી ઇચ્છા રાખવામાં હિંસા અને ધિક્કાર સમાયેલો છે એમ કહેનાર સાવ જૂઠા છે. પ્રેમ અને બંધુત્વ અમારા દેશપ્રેમના આદર્શના પાયા છે. તેત્રીશ કરોડ ભારતવાસીઓની એકતાથીયે આગળ સમસ્ત માનવજાતિની એકતા, એ અમારા દેશપ્રેમના આદર્શનું લક્ષ્યબિંદુ છે. પણ જે એકતા માટે અમે ઝંખી રહ્યા છીયે એ એકતા ભાઈ ભાઈ વચ્ચેની છે, સમોવડીઆની છે, સ્વતંત્ર મનુષ્યોની છે. શેઠ અને ગુલામ વચ્ચેની, ભક્ષક અને ભક્ષ્ય વચ્ચેની એ એકતા નથી. અમે અમારી પૃથક્ જાતિ અને પ્રજા તરીકેના સંપૂર્ણ જીવનવિકાસે પહોંચવા અર્થે અમારો જાતિય હક્ક માગીયે છીયે, કારણ કે એ જ રીતે માનવજાતિની એકતાનો સાક્ષાત્કાર થવો સંભવ છે. પ્રજાઓનો કે બાહ્ય ભેદોનો નાશ કરવાથી માનવજાતિની એકતા સધાવાની નથી. માનવજાતિની એકતા તો ત્યારે જ સધાશે જ્યારે એ એકતાને આડખીલીરૂપ થઈ પડેલા

પ્રજા પ્રજા વચ્ચેનાં ધિક્કાર, વેર અને ગેરસમજનાં કારણોને દૂર કરવામાં આવશે. અમારા હક્કને માટે લડવું એનો અર્થ એ નથી કે એ હક્કની ના પાડનારાઓનો ધિક્કાર કરવો. એનો અર્થ તો એ જ છે કે અમારા હક્કને માટે અમારે પ્રયાસ કરવો અને દુઃખ પડે તો દુઃખ સહન કરવું, અડગ હિંમત રાખી, નાના કે મોટાની પરવા કર્યા વિના સત્ય વચન બોલવું અને પ્રગતિની આડે આવનાર શક્તિને સ્થાને પ્રગતિશીલ શક્તિને સ્થાપવા હરેક જાતનું કાયદેસર દબાણ લાવવું અને નૈતિકબળ વાપરવું.

અમારો રસ્તો સ્વાવલંબનનો અને સત્યાગ્રહનો છે. અમારા ઉદ્યોગહુન્નરને અમે કેવી રીતે ખીલવી શકીએ છીએ એ સાબીત કરવા અમારે એકત્ર થઈ પ્રયાસ કરવો, અમારા અંદરઅંદરના કજીઆ ઘરમેળે પતવવા, જાહેર સભાઓમાં અને જાહેર કામ પ્રસંગે સુલેહશાંતિ જાળવવી, જનસુખાકારી સાચવવી, માંદાની માવજત કરવી, દુકાળપીડિત લોકોની સહાય કરવી, માનસિક, ઔદ્યોગિક અને શારીરિક શિક્ષણ રાષ્ટ્રીય બનાવવું અને નોકરશાહીના કાયદાનું અપમાન કર્યા સિવાય બની શકે ત્યાંસુધી આંતરિક સ્વરાજ્ય સ્થાપવું— આ રાષ્ટ્રપક્ષની છડેચોક અને સ્પષ્ટ રીતે સ્વીકારેલી પૉલિસી હતી. આ સર્વ બાબતોમાં અમારી શક્તિ સ્પષ્ટ રીતે પૂરવાર કરવા જેટલી અમે બંગાળમાં પ્રગતિ કરી હતી અને એકત્ર, સુવ્યવસ્થિત અને સુદૃઢ બંગાળ હસ્તિમાં આવવાની અણી પર હતું, ત્યાં તો સુરતમાં તોફાન જાગ્યું, નોકરશાહીએ જાસાની નીતિ શરૂ કરી, અમારી સમિતિઓ અને સ્વયંસેવકમંડળોનો વિનાશ થયો, છોટાબડા અમલદારોએ સ્વદેશી પ્રચારકોને ડરાવી કામ કરતા રોક્યા, અમારી પ્રગતિ અટકી ગઈ અને અમારી આશા ફળીભૂત થવાની ઘડી વરસોને માટે દૂર ઠેલાઈ. પણ આ અટકાવ સામયિક છે, સદાનો નથી; પ્રજામાં પાછાં વિશ્વાસ અને ઉત્સાહ આણવાને માત્ર આગેવાનોમાં

હિંમત અને ઠંડા રાજ્યકૌશલ્યની જરૂર છે. આગેવાનોમાં જરૂર એ કળા આવી જવી જોઇયે કે સરકારના જાળાના કાયદામાં ન ફસાય એવી યુક્તિઓ શોધી કાઢી યોજનાનું કામ શરૂ કરે.

કંઇક સ્વાવલંબનની પૂર્તિ તરીકે અને કંઇક સરકાર પર દબાણ લાવવાના હથિયાર તરીકે સત્યાગ્રહની રીત યોજવામાં આવી હતી. આ રીતનો મુદ્દો એ છે કે રાજકારભારમાં, કાયદા ઘડવામાં અને પ્રજાનાં નાણાં ખર્ચવામાં પ્રજાને અસરકારક કાબૂ ન મળે, ત્યાં સુધી રાજ્યકર્તાઓ સાથે સહકાર કરવાની આપણે ના પાડવી. જેમ "પ્રતિનિધિ નહિ તો કર નહિ" (No Representation, no Taxation) એ અઢારમી સદીના અમેરિકનોનો મુદ્રાલેખ હતો તેમ "કાબૂ નહિ તો સહકાર નહિ" (No Control, no Cooperation) એ વીસમી સદીના હિન્દીઓનો મુદ્રાલેખ હોવો જોઇયે. આપણા દેશમાં પરદેશીઓની ઔદ્યોગિક જમાવટમાં અને દ્રવ્ય-શોષણમાં સહકાર કરવાની ના પાડવી, શિક્ષણમાં સહકાર કરવાની ના પાડવી, રાજકારભારમાં સહકાર કરવાની ના પાડવી, ન્યાય કારો-બારમાં સહકાર કરવાની ના પાડવી, અમલદારોના અરસપરસ વહી-વટમાં સહકાર કરવાની ના પાડવી. આ બધા સહકારના નકારના સરવાળાને હું સગવડને ખાતર "બહિષ્કાર"નું નામ આપું છું. જરૂર આપણે સહકારના નકારને સંપૂર્ણ અડગ રૂપ નથી આપી શક્યા, પણ જેમ જેમ નૈતિક દબાણ લાવવાની જરૂર વધારે ને વધારે લાગતી જશે તેમ તેમ આ નકારનો વિસ્તાર વધારવાનો આપણો રસ્તો મોકળો થતો જશે. આ બહિષ્કારનું એક દૃષ્ટિબિન્દુ છે. બીજું દૃષ્ટિબિન્દુ સ્વાધીન બની આપણી ઉગતી શક્તિઓને પોષવાનું છે. સ્વદેશી ઉદ્યોગહુન્નરને ઉત્તેજન આપવાને ખાતર પરદેશી માલનો બહિષ્કાર જરૂરી છે, રાષ્ટ્રીય શિક્ષણને પોષણ આપવાને ખાતર સરકારી શાળાઓનો બહિષ્કાર (ત્યાગ) જરૂરી છે, પંચાયત-

નો પ્રચાર કરવાને ખાતર બ્રિટિશ અદાલતોનો બહિષ્કાર જરૂરી છે. સવાલ માત્ર એ જ રહે છે કે બહિષ્કારની શરતો કયી કયી છે અને તેને ક્યાં સુધી લઇ જવો? બહિષ્કારની શરતો અને મર્યાદા દરેક પ્રસંગની સ્થિતિ પર આધાર રાખે છે. પહેલાં તો સત્યાગ્રહનો (બહિષ્કારનો) જુસ્સો ઉભો કરવો જોઇયે. પછી તેની યોજના થાય, નિયમન થાય, અને જરૂર પડયે મર્યાદા બંધાય.

આપણી પ્રગતિનો સૌથી પહેલો અવરોધ આપણો અંદર અંદરનો કુસંપ છે. એ કુસંપને લીધે મહાસભાનું વહાણ ભાંગીને ભૂકો થયું છે. અને તેની જગ્યાએ જે પોકળ અવશેપ રહ્યું છે તે ગઈ સાલ મદ્રાસ ભેગું થયું પણ મદ્રાસના પ્રતિષ્ઠિત આગેવાનો તેનાથી અલિપ્ત રહ્યા. છતાંયે તે ફરીથી લાહોર ભેગું થવાનું છે. આગેવાનોના અંગત સવાલોને લીધે કે નજીવા મતભેદોને લીધે આ કુસંપ ઉભો થયો છે એમ માનવું સરાસર ભૂલભર્યું છે. આવી બાબતોમાં બનતું આવે છે તેમ અંગત સવાલો અને નજીવા મતભેદો વચ્ચે ઘુસી ગયા ખરા, અને કુસંપની કડવાશ અને સમાધાનીની ભૂલભૂલામણીમાં એથી ઉમેરો થયો, પણ જે અગત્યના પ્રશ્નપર વાટાઘાટ ચાલી એ તો એ હતો કે આ દેશમાં સ્વરાજ્યનું સ્વરૂપ અને ભાવના કેવાં રાખવાં અને કેવી રીતે તેનો વિકાસ કરવો? એ સ્વરૂપ અને ભાવના પ્રજાકીય રાખવાં કે વ્યક્તિગત રાખવાં? કાયદાકાનૂન મુજબ, બંધારણસર વહીવટ કરવો કે વ્યક્તિની ઇચ્છા મુજબ મનસ્વી વહીવટ કરવો? વિકાસ પ્રગતિશીલ અને રાષ્ટ્રીય રાખવો કે પ્રગતિરોધક અને સંકીર્ણ રાખવો? આ અને એવા બીજા પ્રશ્નો મહાસભાની આગળ ઉપસ્થિત થયા. રાષ્ટ્રપક્ષ પ્રજામત, કાયદા-કાનૂન અને પ્રગતિની બાજુ ઉભો રહ્યો. વિનીતપક્ષને પાકટ અને વયોવૃદ્ધ આગેવાનોને માટે મોહ હતો. આથી એ પક્ષ વ્યક્તિમત, મનસ્વી વહીવટ અને અવગતિની બાજુ ઉભો રહ્યો. વ્યક્તિઓની ધૂન, પ્રીતિઅપ્રીતિનું વાદળ જામી ગયું. વજૂદવાળા કે વજૂદવિનાના

દરેક મતભેદપર પ્રતિદ્વંદ્વીઓ ભૂખ્યા વરૂની માફક તૂટી પડ્યા, પક્ષાપક્ષીનો છૂટથી ઉપયોગ થયો, તીવ્ર મતભેદના વિષયો ઉડાવી દેવાની કેટલાક વિનીત આગેવાનોએ હઠ પકડી અને બન્ને પક્ષના યુવાન યોદ્ધાઓ પોતાનો મિજાજ કાબૂમાં ન રાખી શક્યા એથી સુરતમાં ભારે તોફાન થયું, અને મહાસભા વીંખેરાઈ ગઈ. જ્યારે અંગત અને નજીવા મતભેદ ભૂલાઈ જશે અને ખરા મતભેદના વિષયોપર ખુલ્લા દિલથી અને નિષ્પક્ષપાતપણે વિચાર કરવામાં આવશે ત્યારે જ આ કોકડું ઉકેલાશે અને દેશનું હિત જળવાશે.

સત્યાગ્રહ કરવા કે નહિ, મહાસભાના ધ્યેય તરીકે સ્વરાજ્યનું સ્વરૂપ કેવું રાખવું, ઠરાવોને કેવા રૂપમાં પસાર કરવા એ તીવ્ર મતભેદના મુખ્ય વિષયો છે. ઠરાવોને કેવા રૂપમાં પસાર કરવા એ તો મહાસભાના હાથની વાત છે. આ વિષયમાં રાષ્ટ્રપક્ષની માત્ર એટલીજ માગણી છે કે વિષયની ચર્ચા નહિ રોકવા અને એમના વિચાર મહાસભા આગળ જાહેર કરવાની એમને છૂટ આપવી. બીજી બાબતોમાં તેઓ તેમનું ધ્યેય કે પોલિસી બદલી શકે એમ નથી, પણ એથી દેશના સર્વ વિચારોનો પડઘો પાડનાર અને સ્વતંત્રરીતે ચર્ચા ચલાવનાર મહાસભામાં તેમના વિચારોનો સમાવેશ ન થાય, અને સર્વની એક સાથે પ્રગતિ ન થાય એમ તેઓ માનતા નથી. તેમના સ્વતંત્ર વિચારોને લીધે મહાસભાની પ્રગતિને કેવી રીતે આંચ આવે એ તેઓ સમજી શકતા નથી. સ્વરાજ્યના ઠરાવમાં " સંસ્થાનોના જેવું સ્વરાજ્ય " (Self-Government on Colonial lines) એ શબ્દો કાઢીને " સંપૂર્ણ સ્વરાજ્ય " (Full and complete Self-Government) શબ્દો મૂકવાથી સમાધાન થઈ શકે તેમ છે. સત્યાગ્રહના વિષયમાં જે મતભેદ છે તે હાલ તો બહિષ્કારના ઠરાવને અંગે ઉભો થયો છે. બહિષ્કારના વિષયમાં ઘણા વિનીત પક્ષવાદીઓનો પણ ટેકો છે, અને એથી એ વિષય રાષ્ટ્રપક્ષવાદીઓ છોડી શકે એમ

નથી. મહાસભાની હાલની ખીચોખીચ ભરેલી વિષયવિચારિણી સમિતિને છેવટની સત્તા તરીકે કબૂલ રાખવાની અમે ના પાડીએ છીએ. છતાં છૂટથી ચૂંટાયેલી મહાસભાની બેઠક આગળ અમારો કેસ રજૂ કરવા અમે તૈયાર છીએ. આ પરથી જોઈ શકાશે કે સઘળો મતભેદ મહાસભાના બંધારણને (Constitution) અંગે છે. જે સંસ્થા હાલ પોતાને મહાસભાના નામથી ઓળખાવે છે તે પ્રજા તરફથી પ્રતિનિધિઓની ચૂંટણી છૂટથી થતી અટકાવે છે, અને પ્રતિનિધિઓનાં માર્ગમાં વિરોધ મૂકી તે એકતરફી અને અ–પ્રજાકીય બની છે. એ સંસ્થા પ્રતિનિધિ થવા ઇચ્છનાર દરેક શખ્સ પાસે અમુક જ પ્રકારના સોગન્દ લેવડાવે છે, અને તે પછી જ તેને તેની જગ્યાપર બેસવા દે છે. આ રીતે તે પોતાનું ક્ષેત્ર સંકુચિત કરે છે. પ્રજાજન પ્રતિનિધિઓને ચૂંટે તેને બદલે અમુક સંસ્થાઓ મારફત જે ચૂંટાય તે જ પ્રતિનિધિ ગણાય એવો તેણે નિયમ રાખ્યો છે. કેટલાક શખ્સોને ચૂંટાયા વિના જ પ્રતિનિધિ તરીકે ગણવામાં આવે છે, એટલે એમને કોઈ પણ સંસ્થા મારફત ચૂંટાવાની પીડામાંથી મુક્ત કરવામાં આવે છે. આ શખ્સોને સભાના કામમાં હદથી જ્યાદે સત્તા આપવામાં આવે છે. આ અને આવી બીજી ગેરરીતિઓ કોઈ પણ પ્રજાકીય સંસ્થા ન ચલાવી લે. રાષ્ટ્રપક્ષવાદીઓની કૉન્ફરન્સ કે વિનીતપક્ષવાદીઓની કન્વેન્શન પોતાની આવી મર્યાદા ભલે બાંધે, પણ મહાસભા તો પ્રજાકીય છે, અને પ્રજાકીય જ રહેવી જોઇએ. પ્રજા તરફથી સ્વતંત્ર રીતે ચૂંટાયેલા તમામ પ્રતિનિધિઓને મહાસભામાં સ્થાન હોવું જ જોઇએ. આથી કોઈ સંકુચિત સંસ્થા આવું ગેરરીતિભર્યું બંધારણ પસાર કરે તેથી કાંઈ બંધારણ સુધરે ? એ તો જૂની રીતે જ મહાસભાની ચૂંટણી થાય અને એવી મહાસભા પોતાનું બંધારણ નક્કી કરે તો જ તે સર્વમાન્ય થાય.

એટલે વિનીતપક્ષની કન્વેન્શનને મહાસભાનું મોટું નામ આપવાથી આ સવાલનું સમાધાન થાય તેમ નથી. જૂદી જૂદી પ્રાન્તિક પરિષદો

બન્ને પક્ષના આગેવાનોની એક કમિટી નીમે અને એ કમિટી એક બીજાના મતભેદોનું સમાધાન કરી એવો કોઇ તોડ કાઢે જેથી મહાસભાનું નાવ મજેથી અને છૂટથી ચાલી શકે તો જ આ સવાલનું સમાધાન થઈ શકે તેમ છે. જો કોઈ અલ્પમતિપક્ષ આવું સમાધાન સ્વીકારવાની ના પાડે તો પ્રાન્તિક પરિષદો મારફત ચૂંટાયેલો બહુમતિપક્ષ એ પક્ષની અવગણના કરી પ્રજામતને માન આપે. એકવાર બંધારણની દિશા નક્કી થઈ અને તેનું ખોખું ઘડાઇને તૈયાર થયું એટલે તે ખોખું છૂટથી ચૂંટાયેલી મહાસભાની બેઠક આગળ રજૂ કરવામાં આવે, અને મહાસભા મન ફાવે તો તેને સ્વીકારે, સુધારે કે રદ કરે. આ રીતે સુંદર બંધારણ વાળી મહાસભા ઉપજાવી શકાય, અને આશા રાખી શકાય કે આવી મહાસભામાં પહેલાંની જીદ અને હઠીલાઈની પુનરાવૃત્તિ નહિ થાય, અને સુરતની માફક પ્રજા સમક્ષના સવાલોનું નિરાકરણ આગળ પર નહિ હડસેલાય.

મહાસભાની અંદર કરતાંયે મહાસભાની બહાર એકત્ર કામ કરવાનો વધારે અવકાશ રહે છે. એકત્ર કામમાં ખલેલ કરે એવા માત્ર બે જ પ્રશ્નો છે. એક પ્રશ્ન એ છે કે હમણાં અપાએલા સુધારાનો સ્વીકાર કરવો કે નહિ? આ સુધારાથી પ્રજાને કોઈ પણ રીતનો કાબૂ નથી મળતો. માત્ર એક કોમને (મુસલમાન) જૂદા પ્રતિનિધિત્વનો હક્ક આપવામાં આવ્યો છે, અને એ રીતે એક નાદુરસ્ત સિદ્ધાંત હિન્દુસ્તાનના બંધારણમાં દાખલ કરવામાં આવ્યો છે. તે સિવાય કોઈ સારો સિદ્ધાંત બંધારણમાં ઉમેર્યો હોય એ અમારી જાણમાં નથી. આ પ્રશ્નપર વિચાર કરતાં સહકારનો પ્રશ્ન ખડો થાય છે. સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે જ્યાં સુધી હિન્દુસ્તાનને સંપૂર્ણ સ્વરાજ્ય ન મળે ત્યાં સુધી કોઈ પણ રીતે સરકાર સાથે સહકાર કરવાની રાષ્ટ્રપક્ષવાદીઓ ના પાડશે. રાષ્ટ્રપક્ષવાદીઓએ આ ભૂલને સુધારવાની દરકાર નથી કરી, કારણ કે આવા અજુગતા પ્રશ્નના

વિવેચનમાં પડ્યા કરતાં પ્રજા પાસે પોતાનો ધ્યેય સ્વીકારાવવાની, પોતાની સત્યાગ્રહની અને સંપૂર્ણ સ્વાવલંબનની પોલિસી સ્વીકારાવવાની એમને વધારે ચીવટ છે. છતાં એ તો સ્પષ્ટ છે કે આવો સિદ્ધાંત રજૂ કરનાર પક્ષ અમલી કાર્યકર્તાઓ અને વિચારકોનો નથી પણ ગગનવિહારી શાસ્ત્રીઓ અને આદર્શભકતોનો છે. રાષ્ટ્રપક્ષનો સિદ્ધાંત તો એ છે કે "કાબૂ નહિ તો સહકાર નહિ" (No Control, no Cooperation). જ્યાં સુધી પ્રજાના હાથમાં કાબૂ આપવાની સરકાર ના પાડે છે, અને જ્યાં સુધી ના પાડશે ત્યાં સુધી રાષ્ટ્રપક્ષ એ સરકારની સાથે સહકાર કરશે નહિ. અને પોતાથી બની શકશે એટલા સંપૂર્ણ અંશે એ સરકારથી અલિપ્ત રહેશે. એતો દીવા જેવું સ્પષ્ટ છે કે આપણા પ્રજાકીય પ્રતિનિધિઓની બનેલી ધારાસભાઓને પરદેશથી આવતો માલ અટકાવવાને માટે જકાત નાંખવાની સત્તા આપવામાં આવે તો પછી એ સત્તાનો ઉપયોગ કરવાને બદલે પરદેશી માલનો બહિષ્કાર કરવાની કોઈ પક્ષ હીમાયત ન કરે. તેમ જ લોર્ડ રીએ ધાર્યું હતું તેમ શિક્ષણના વિષયને સરકારના કાબૂમાંથી મુક્ત કરવામાં આવે, અને પ્રજાકીય ધારાસભાઓને સોંપવામાં આવે તો દેશમાં કોઈ એવો અક્કલહીણ માણસ નહિ નીકળે જે એવા પ્રજાકીય શિક્ષણનો બહિષ્કાર કરવાની હીમાયત કરે. અદાલતોમાં અંગ્રેજ ન્યાયાધીશોને બદલે હિન્દી ન્યાયાધીશો નીમવામાં આવે અને સરકારના કારોબારી મંડળને નહિ પણ પ્રજા તરફથી ચૂંટાએલા પ્રતિનિધિઓને ન્યાયાધીશો જવાબદાર બનાવવામાં આવે તો સરકારની અદાલતોની સાથે સાથે પંચાયતો અને પંચની વ્યવસ્થા ઉભી થાય અને એ પંચાયતો અદાલતોના કાર્યમાં સહાય કરે. તેમ જ પ્રજાના અવાજને અવગણનારી રાજ્યપદ્ધતિ ચલાવવામાં સહકાર કરવાની આપણે ના પાડીએ છીએ તેથી પ્રજાના અવાજને માન આપનારી અને પ્રજાના કાબૂને સ્વીકારનારી રાજ્યપદ્ધતિ ચલાવવામાં પણ સહકાર કરવાની આપણે ના પાડીએ છીએ એમ નથી.

જુલ્મગારની બક્ષિસ સ્વીકારવાની આપણે ના પાડીએ છીએ તેથી પ્રજાના ઈશ્વરદત્ત હક્કો સ્વીકારવાની આપણે ના પાડીએ છીએ એમ નથી. શાન્તિમય, નૈતિક દબાણથી પ્રજાના સ્વરાજ્યના હક્ક હાંસલ કરવા, અને એવા હક્ક ન મળે તો ધીરે ધીરે નોકરશાહીની રાજ્યવ્યવસ્થાનો બહિષ્કાર કરી એને બદલે પ્રજાનું આંતરિક સ્વરાજ્ય સ્થાપવું એ ઉદ્દેશથી સ્વાવલંબનની અને સત્યાગ્રહની યોજના થઈ છે. સરકારે આપેલા પ્રજાકીય હક્કો સ્વીકાર્યા એટલે પ્રજાએ સંપૂર્ણ સ્વરાજ્યનું પોતાનું ધ્યેય છોડી દેવું કે ભવિષ્યમાં પ્રજાકીય હક્કોપર સરકાર તરાપ મારે ત્યારે પ્રજાએ સત્યાગ્રહ ન આદરવો એમ નથી. એનો અર્થ તો માત્ર એ જ થાય છે કે સંપૂર્ણ સ્વરાજ્ય મેળવવાને માટે આ અપૂર્ણ સ્વરાજ્યનો ઉપયોગ કરવાનો પ્રજાએ વિચાર કર્યો છે. અમારા ધ્યેયથી અમને ચલિત કરે, કે અમને સાચા હક્ક મળ્યા છે એવી ભ્રમણામાં નાંખે એવા નજીવા, ભ્રમમૂલક સુધારા સ્વીકારવાની અમે ના પાડીએ છીએ, અને ત્યાં જ રાષ્ટ્રપક્ષવાદીઓને લાગવગવાળા વિનીતપક્ષવાદીઓથી છૂટા પડવું પડે છે.

બીજો પ્રશ્ન બહિષ્કારને વળગી રહેવાનો અને અમલમાં મૂકવાનો છે. બંગાળામાં કેટલાક એવા ભડવીરો છે કે જેઓ બહિષ્કારના નામથી ભડકે છે. પણ સામાન્ય પ્રજામત સંપૂર્ણરીતે તેની તરફેણમાં છે. બહિષ્કારને કેવી રીતે અમલમાં મૂકવો એ સવાલપર વિચાર કરવાનો સમય હવે આવી લાગ્યો છે. સ્વદેશીના ઠરાવમાં "બની શકે ત્યાં સુધી" (as far as possible) એ શબ્દો રાખવા પ્રત્યે રાષ્ટ્રપક્ષવાદીઓ પહેલેથી જ પોતાનો વાંધો પ્રદર્શિત કરતા આવ્યા છે અને તેને બદલે "ભોગ આપીને પણ" (at a sacrifice) એવા શબ્દો રાખવાની હીમાયત કરતા આવ્યા છે. કારણ કે પ્રથમ શબ્દોથી નબળા મનના અને ઢચુપચુ માણસોને છટકવાની ખાસી બારી મળી જાય છે. જે સ્વદેશી ચીજો મળી શકે

તેવી છે અથવા તો જેના વિના આપણે ચલાવી શકીએ એવી મોજશોખની ચીજો છે એમાં તો સ્વદેશીધર્મ પળાવો જ જોઇએ. પણ જીંદગીની જરૂરીઆતની જે ચીજોને માટે પરદેશ પાસે ગયા વિના આપણો છૂટકો નથી એ ચીજો પરદેશથી મંગાવવાનો સ્વીકાર થવો જોઇએ. છતાં એવી ચીજોયે કયા દેશની લેવી અને કયા દેશની ન લેવી, એ બાબતમાં પ્રજાને ઉપદેશ આપવો જ જોઇએ. જરૂર આપણે એ જ દેશની બનાવટની ચીજો ખરીદીશું જે દેશ આપણા દેશની મહત્વાકાંક્ષાઓ પ્રત્યે સહાનુભૂતિ રાખે છે. આપણે આ સવાલને બરાબર ન ઉપાડયો એથી જ આપણો રાજકીય બહિષ્કાર મંદો પડયો અને બંગાળાના ભાગલા કાયમ રહ્યા. દુકાનદારો અને વેપારીઓ દેશી માલ તરીકે પરદેશી માલને જથાબંધ ખપાવવા લાગ્યા છે. બહિષ્કારની અને સ્વદેશીની ચળવળને જો પાછી ન પાડવી હોય તો આ સવાલ આપણે હાથ ધરવો જોઇએ.

પણ એક મુશ્કેલી તો રહી જ જાય છે. આ સવાલોનો ફડચો થાય તે પછી આપણે કયાં મંડળો અને કયી સમિતિઓદ્વારા આપણું કામ આગળ ચલાવીશું ? મહાસભાની પુનર્રચના કરી એક કારોબારી સમિતિ સ્થાપવી એ રાષ્ટ્રપક્ષવાદીઓનો કાર્યક્રમ હતો. હાલ પણ એજ રસ્તે દેશમાં રચનાત્મક કાર્ય થઈ શકે તેમ છે. જો એકત્ર મહાસભા ન જ થઈ શકતી હોય તો જૂદા જૂદા પ્રાન્તોએ પોતપોતાની જૂદી જૂદી સમિતિઓ સ્થાપી દેવી જોઇએ. કદાચ એ સમિતિઓમાંથી જ મહાસભાનો જન્મ થશે. નૌજવાનોની સભાઓ અને સમિતિઓ મારફત અમે બંગાળામાં ચોતરફ જાગૃતિ ફેલાવી. આજે એ સભાઓ અને સમિતિઓને સરકારે દબાવી દીધી છે. આપણી જીલ્લાસમિતિઓ નૌજવાનોની મદદ વિના કામ ન કરી શકે. આથી સરકારના આ નિશાનથી બચવાને માટે આપણે કાંઇ નવો માર્ગ કાઢવો જોઇએ. નૌજવાનોની સભા કે સમિતિ ન રાખતાં નૌજવાનોની છૂટી છૂટી

ટુકડીઓ રાખવામાં આવે અને એ ટુકડીઓ અંદર અંદર સમજીને પોતાનું કામ વહેંચી લે તો આપણે સભાઓ અને સમિતિઓની ખોટ પૂરી પાડી શકીએ. જે પ્રાન્તોમાં સંપ અને એકતા છે તે પ્રાન્તોના આગેવાનો માટે વિચાર કરવા મેં ઉપરના સૂચના રજૂ કરી છે.

મને દેખાઈ છે તે રીતે મેં સ્થિતિ રજૂ કરી છે. રાષ્ટ્રપક્ષ માટે નીચેનો કાર્યક્રમ હું સૂચનારૂપે રજુ કરૂં છું:—

૧. કાયદાને ચુસ્તપણે માન આપીને સ્વાવલંબન અને સત્યાગ્રહનો શાન્તિમય માર્ગ સ્વીકારવો.

૨. " કાબૂ નહિ તો સહકાર નહિ " એ ન્યાયે જ સરકાર સાથે આપણો વહેવાર રાખવો.

૩. જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં વિનીતપક્ષ સાથે મળી કામ કરવું, અને એકત્ર મહાસભાની પુનર્રચના કરવી.

૪. રાજ્યદ્વારી ક્ષેત્રમાં તેમ જ ઉદ્યોગહુન્નરના ક્ષેત્રમાં બહિષ્કાર અસરકારક અને સફળ થાય એવી રીતે બહિષ્કારની ચળવળ ખીલવવી.

૫. આપણા અસલી કાર્યક્રમ મુજબ સમસ્ત દેશની ન બને તો પ્રાન્તવાર સમિતિઓ સ્થાપવી.

૬. પ્રજાના ચેતનનું અને સ્વાવલંબનનું કાર્ય કાર્યકર્તાઓ સફળતાથી કરી શકે અને કાયદાનું ઉલ્લંઘન ન થાય એવી સહકારની નીતિ અખ્તિયાર કરવી.

૩. મારા દેશબંધુઓ પ્રત્યે

(કર્મયોગી—૨૫ ડીસેમ્બર, ૧૯૦૯)

રાહ જોવાનો વખત વહી ગયો છે. બે બાબતો દીવા જેવી સ્પષ્ટ થઈ ગઈ છે. એક એ કે આપણા રાષ્ટ્રનું ભવિષ્ય આપણા પોતાના હાથમાં છે. બીજી એ કે એ ભવિષ્ય ઘડવામાં આપણા મોડરેટ ભાઇઓ પાસેથી હાર્દિક સહકારની આપણે આશા છોડી દેવી. આપણે જે કંઇ કરીએ તે આપણે જ હાથે કરીએ, આપણાં જ બળ અને હિંમત પર ભરોસો રાખી કરીએ. તો પછી રાહ કોની જુઓ છો ? બહાદુર, એકટેકીલા, દેશપ્રેમી શૂરવીરની માફક પ્રભુ નિર્મિત કામે લાગી જાઓ, અને જેમ કામ ભારે છે તેમ કુરબાની પણ ભારે બતાવો, હિંમત પણ ભારે બતાવો. જેમને દપટશાહીની બ્હીક લાગતી હોય તે કોરે ખસી જાઓ. ઍન્ગ્લોઇન્ડિયનોની ખુશામદ કરીને કે લીબરલપક્ષના અંગ્રેજોનાં વખાણ કરીને જેમને કામમાંથી છટકવાની ઇચ્છા હોય, ભયમાંથી ઉગરવાની ધારણા હોય તે કોરે ખસી જાઓ. નજીવી ચીજોથી કે નમાલા પુરસ્કારોથી જેમને રીઝવાની ઇચ્છા હોય તે કોરે ખસી જાઓ. પણ જે સાચા રાષ્ટ્રજાયા છે તે તમામ આગળ આવો અને ધુંસરી ઉપાડો.

કાયદાની બ્હીક કાયદો તોડે તેને છે. આપણા હેતુઓ નિર્દોષ, નિષ્કલંક, ઉદાત્ત અને ગૌરવભર્યા છે. આપણી કામ કરવાની રીત જોરદાર, નિશ્ચયભર્યાં છતાં શાન્તિમય છે. આપણે કાયદો તોડવો નથી અને તેથી કાયદાથી આપણે બ્હીવાનું નથી. પણ લાંચરૂશ્વતથી

સડેલી પોલીસ, ખૂરૂ કરતાં જરાયે આઘું પાછું ન જુએ એવા નિઃસંકોચ અમલદારો અને એકતરફી ન્યાયાધિકારીઓ અમારા વિચારોના ગૌરવભર્યા પ્રકાશનનો દુરૂપયોગ કરે, અને જૂઠા સાક્ષીઓ ઉભા કરીને, ગેરકાયદે હુકમો કાઢીને અને અન્યાયી ફેંસલાઓ આપીને અમારા લડાઈની મોખરે ઉભેલા સુભટોને હેરાન કરે તો સ્વાતંત્ર્ય-મંદિરના શિખરે પહોંચતાં ચૂકવવું પડતું આ દાપુ આપતાં અમે શું અચકાશું કે ? અમે શું એનાથી ડરીને ગુપ્તસમિતિઓની ખીણોમાં ભરાઈ બેસશું કે બેઆબરૂ થઈ કામ કરતાં અટકશું ? કદી નહિ. અમારે અમારી જાહેર સમિતિઓ જોઇશે જ, અમારાં સ્વયંસેવકમંડળો જોઇશે જ, અમારા પ્રચારકાર્યનાં સાધનો જોઇશે જ. અને જો સરકાર તે સમિતિઓ, સ્વયંસેવકમંડળો અને સાધનોને જહાંગીરી હુકમથી દબાવી દેશે તો પછી દોષ અમારે માથે રહેશે નહિ, અમે તો અમારૂં માતૃભૂમિ પ્રત્યેનું ઋણ અદા કર્યું હશે. જો સરકાર ગાંડી બની જાહેર, કાયદેસર હિલચાલને દબાવી દેશે અને દેશને ઉદાસીન અને મરણીઓ બનાવી ભયાનક ઉત્સાહભર્યા, અને કાંઈ પણ કરતાં આંચકો ન ખાય એવા બેપરવા મનુષ્યોના હાથમાં ધકેલી દેશે તો તેની જવાબદારી અમારે શિર નહિ પણ એ ગાંડી સરકારને શિર રહેશે. આવા બેપરવા અને ભયાનક મનુષ્યો હિન્દુસ્તાનની અંદર અને બહાર ખૂબ ઉભરાય છે. છતાં જ્યાં સુધી શાન્તિમય યુદ્ધને માટે એક પણ બારી ખુલ્લી રહેશે ત્યાંસુધી અમે શાન્તિનાં હથિયાર હેઠાં મૂકીશું નહિ. અમારી સ્થિતિ ચાહે તેટલી મુશ્કેલ અને કફોડી કાં ન બનાવવામાં આવે પણ તે ટ્રાન્સવાલના અમારા ભાઇઓના કરતાં તો બદતર નજ થઈ શકે. તો શું હિન્દુસ્તાનની યુનિવર્સિટીના ચુનંદા યુવાનો એ કુલીઓ અને દુકાનદારોના હાથે હાર પામશે અને દેશની ઈજ્જતને ખાતર, કોમની આબરૂને ખાતર એ કુલીઓ અને દુકાનદારો જેટલી પણ જાનફિશાની નહિ બતાવી શકે ?

આપણે શાને માટે મથીએ છીએ : હિન્દુસ્તાનના સંપૂર્ણ

આત્મવિકાસ માટે, અને એ આત્મવિકાસ માટેના જરૂરી સ્વાતંત્ર્ય માટે: દરમિયાન જે અપૂર્ણ આત્મવિકાસ અને અધૂરૂં સ્વરાજ્ય મળે તે મેળવવું, અને અંતિમ ધ્યેયે પહોંચવામાં તેનો ઉપયોગ કરવો. કાયદાથી સ્થાપિત સંસ્થાઓ દ્વારા કે આપણી પોતાની સંસ્થાઓ દ્વારા સ્વરાજ્યની ખીલવણી કરવી એ આપણો હેતુ છે. રાજકારભારપર અંકુશ મળ્યા વિના કાયદાથી સ્થાપિત સંસ્થાઓ દ્વારા સ્વરાજ્યની ખીલવણી અશક્ય છે. આથી અમારે લૉર્ડ મોરલીના તાડ જેવા લાંબા, અનીતિમાન સુધારા નથી જોઈતા, કારણકે એમાં પ્રજામતના સિદ્ધાંતોને કોરે મૂકવામાં આવ્યા છે. અમારે તો એ પ્રજામતના સિદ્ધાંતોપર સ્થાપિત સુધારા જોઇએ છે, ન્યાત જાત કે રંગનો ભેદ રાખ્યા વિના દરેક ભણેલા માણસને મત આપવાનો અધિકાર જોઇએ છે, કોઇ પણ જાતના કાયદાકાનૂનના બાદ વિના મનપસંદ માણસને ચૂંટી કાઢવાનો હક જોઇએ છે, કાયદા ઘડનારી મંડળી અને પ્રજાનાં નાણાં પર પ્રજાનો કાબૂ જોઇએ છે, કારભારી મંડળની જહાંગીરીને ખેંચી પકડવાની લગામ જોઇએ છે, અને રફ્તે રફ્તે રાજકારભારની સત્તા નોકરશાહીના હાથમાંથી સરી પ્રજાના હાથમાં આવેલી જોઇએ છે. જ્યાંસુધી અમારી આ માગણીઓ સંતોષાશે નહિ ત્યાંસુધી અમે આ સરકારની સાથે સહકાર કરવાની ના પાડીશું અને સત્યાગ્રહ કરીશું, અને એ રીતે કાયદાની હદમાં રહીને અમારૂં દબાણ સરકાર પર લાવીશું. જેમ જેમ જરૂર લાગશે અને અમારી સામેનો વિરોધ વધતો જશે તેમ તેમ એ વિરોધના જોરને દબાવવાને સારૂ અમારૂં દબાણ પણ વધતું જશે.

ઘરમેળે અમારે મોટા, ગંભીર પ્રશ્નોનો ઉકેલ કરવો રહ્યો છે. પૈસાની મદદ અને નૈતિક જોર વિના રાષ્ટ્રીય શિક્ષણ કથળતું જાય છે. રાષ્ટ્રીય શિક્ષણના વિકાસ અને રચનાની આડે આવતાં વિઘ્નોને વિદારનાર તીક્ષ્ણ અને તેજ ભેજાંનો દુકાળ પડયો લાગે છે. ગ્રામપંચાયતની ચળવળ આરંભમાં ઠીક ઠીક ચાલી પણ જમાની નીતિને લીધે

પાછળથી મંદ પડી ગઈ લાગે છે. સ્વદેશી–બહિષ્કારની ચળવળ પોતાના ધક્કાના જોરે હજીયે ધપ્યે જાય છે. પણ પહેલાની ચાલની ઝડપ અને પહેલાના પ્રવાહની સહેતુક, અસ્ખલિત ધારા હવે નથી દેખાતી. સામાજિક પ્રશ્નો પણ આપણી સામે ઘુરકી રહ્યા છે. તેની અવગણના હવે વધારેવાર થઈ શકે તેમ નથી. ગઈ આખી સદીમાં આપણે શિક્ષણના કાર્યને ખોરંભે નાંખ્યું. આથી આખા દેશના શિક્ષણ-પ્રચારનું કાર્ય હવે તો આપણે ઉપાડી લેવું જોઇએ. આપણા સામાજિક અને વેપારધંધાના ઝઘડાઓને અંદર અંદર ઘરમેળે જ પતવવા જોઇએ, અને બ્રિટિશ સરકારની કોર્ટકચેરીઓના જીવલેણ ભથ્થાં અને ફીમાંથી એમને ઉગારી લેવા જોઇએ. આર્થિક સ્વાવલંબન અને ઔદ્યોગિક સ્વાતંત્ર્યની ચળવળને આગળ ધકેલવા આપણે પાછો ફરીથી પ્રયત્ન કરવો જોઇએ.

આ હેતુઓ બર લાવવા માટે આપણે રાષ્ટ્રના વિરાટબળને એકત્રિત કરવું જોઇએ. રાષ્ટ્રનો બોજો આપણે શિર લદાયો છે. આ બેડો પાર ઉતારવાને જોઇતો આત્મત્યાગ. નૈતિક જુસ્સો અને શ્રદ્ધા આપણામાં જ છે. પહેલી જરૂર રાષ્ટ્રપક્ષને વ્યવસ્થિત કરવાની છે. રાષ્ટ્રપક્ષના કાર્યની શરૂઆત કરવા શાં પગલાં લેવાં તે વિષે વિચાર કરવા તે પક્ષના આગેવાનો થોડા સમયમાં એકઠા થનાર છે. દેશના જૂદા જૂદા શહેરોમાં વસતા રાષ્ટ્રપક્ષના અનુયાયીઓને આ કાર્ય ઉપાડી લેઈ આગેવાનોના કામમાં મદદ કરવા હું નિમંત્રણ કરૂં છું. રાષ્ટ્રપક્ષની એક કૌન્સિલ (મહાસમિતિ) સ્થાપી તેની સભા આવતી સાલ માર્ચ કે એપ્રિલ માસમાં બોલાવવાની જરૂર છે. સમસ્ત દેશમાં રાષ્ટ્રપક્ષની સમિતિઓ અને પેટાસમિતિઓ સ્થાપવાની પણ જરૂર છે. આપણે જ્યારે આ બધું કરી લેઈશું ત્યારે આપણે આપણો કાર્યક્રમ દેશની આગળ રજુ કરી શકીશું અને હિન્દુસ્તાનના રાજકીય જીવનમાં આપણું સ્થાન પામીશું.

પરિશિષ્ટ क

અરવિંદ ઘોષ

(સંત પૉલ રીચર્ડ–૩ મે, ૧૯૦૯)

અનેરી આવતી કાલને માટે તમારી જાતને તૈયાર કરો. એ અનેરો દિન તમારી અંદર જ તૈયાર કરો, કારણ કે મહાન ઘટનાઓનો, મહાન પુરૂષોનો એ દિન નજીક આવતો જાય છે. આવા પુરૂષોનો, આવા દૈવી પુરૂષોનો જન્મ એશિયામાં થઈ ચૂકયો છે. એમની શોધમાં હું આખું જગત ઘૂમી વળ્યો. મને થયાં જ કરતું કે આવા પુરૂષો જગતમાં કયાંક હોવા જોઇએ, એ ન હોય તો જગતનો અંત આવે. કારણ કે એવા પુરૂષો જ જગતનું જીવન છે, તેજ છે, પ્રકાશ છે. એશિયામાં મને એવા પુરૂષોનો મુખી મળી ગયો છે, નેતા મળી ગયો છે, આવતી કાલનો મહાન પુરૂષ મળી ગયો છે.

એ જાતે હિન્દુ છે. એનું નામ અરવિન્દ ઘોષ છે. એનો જન્મ ૧૮૭૨ ના ઓગસ્ટની ૧૫ મી તારીખે કલકત્તામાં થએલો. હાલ એની ઉમ્મર ૪૭ વરસની છે. એ (૭ વરસનો) નાનો બાળક હતો ત્યારથી જ એને વિલાયત ભણવા મોકલેલો. ૧૪ વરસ એ ત્યાં રહ્યો. ત્યાં રહી ત્યાંનું બધું ભણતર ભણ્યો, પણ એથી એને સંતોષ ન થયો. એણે પોતાના દેશની અસલ વિદ્યા પણ બરાબર શીખી લીધી.

એ ૨૦ વરસનો થયો એટલે પાછો પોતાને દેશ હિન્દુસ્તાન આવ્યો. વડોદરાનરેશ સયાજીરાવની એનાપર નજર ઠરી. એમણે એને પોતાના ખાસ માણુસની જગ્યા આપી. ધીરે ધીરે એને રાજ્યની મોટી જગ્યા મળી ગઈ. ગમે તેવો માણુસ આથી સંતોષ માની બેસી રહેત પણુ એને સંતોષ થયો નહિ. એના દિલમાં તો અનેરી આશાઓ હતી. એના હૃદયમાં હિન્દમૈયાનો પ્રેમ કોતરાયો હતો. એથી એણે પણુ લીધું: "મારી માતાની છાતી પર બોજો છે. એને છૂટી ન કરૂં ત્યાં સુધી આરામ હરામ છે." એણે વળી એથીયે આકરૂં પણુ લીધું: "પ્રભુને બસ એકવાર નજરોનજર જોઉં ત્યારે રહું." આથી એણે એક દિન મહારાજાની કચેરી છોડી દીધી. બુદ્ધની માફક એણે આ દુનિયાના ભોગવિલાસ અને સુખસંપદ્‌નો ત્યાગ કર્યો. એ પોતાના કામે નીકળી પડયો.

વડોદરા છોડી એ કલકત્તે આવ્યો. કલકત્તામાં આવીને નૌજવાનોના આત્માઓને પરદેશી કાબૂમાંથી છોડવવાનું કામ હાથ લીધું. રાષ્ટ્રીય મહાવિદ્યાલયનો પાયો નાંખવામાં એ શરીક બન્યો. પોતે જ એનો આચાર્ય બન્યો. બન્દેમાતરમ્ નામનું પત્ર હાથમાં લીધું અને ઉત્સાહથી ઉભરાતા જુવાનોને સંગઠિત કર્યા. એણે લખવા માંડયું, અને બોલવા માંડયું. એનો બોલ આત્માના ઉંડાણુમાંથી નીકળતો, ભૂત અને ભવિષ્યના ઉંડાણુમાંથી નીકળતો. બંગાળ એનો બોલ સાંભળીને ઝબકયું; ઝબકીને જાગી ઉઠયું. હિન્દુ નવચેતનનો, રાષ્ટ્રીય નવજીવનનો પાયો ખોદાયો. ધીરે ધીરે એ નવચેતન પ્રાન્તે પ્રાન્તે પ્રસર્યું, એ નવજીવન આખા દેશમાં રેલાયું અને આજના અમોઘ ધસારાનો અને કાલના વિજયનો પાયો રોપાયો.

પછી એને જેલમાં નાંખ્યો. જેલ તો સંતપુરૂષોની શાળા છે ને. હિન્દમૈયાનો ઉદ્ધાર કરવા નારાયણુનો એ દૂત હતો. એ સિવાય બીજો કોઈ ગુન્હો એની સામે પૂરવાર થઈ શકયો નહિ. એટલે વરસ પૂરૂં

થયે એને જેલમાંથી છોડી મૂક્યો. પણ જેલમાં રહીને એને માલૂમ પડયું કે એનું માનવજોર કામમાં નહિ લાગે, દૈવીજોર જોઇશે. સાક્ષાત્ નારાયણ સ્વર્ગમાંથી ઉતરી એની સાથે વાતો કરવા લાગ્યા. પછી તો એ નારાયણ ભણી જ નજર ફેરવતો. સર્વ સ્થળે, સર્વ જીવોમાં નારાયણનાં જ દર્શન કરતો. ન્યાયાસન આગળ એની તપાસ ચાલતી હતી ત્યાંયે એને ન્યાયાધીશ, જેલર કે કેદી કોઈ દેખાયું નહિ, નાના મોટા સર્વેમાં નારાયણ નજરે પડયો. . . . . . .

જેલમાંથી છૂટીને એણે લખવાનું ચાલુ રાખ્યું. કર્મયોગી નામનું એણે નવું પત્ર કાઢયું, અને લોકોને સંદેશો આપ્યો: "આત્માની મુક્તિ વિના જડની મુક્તિ નથી." આટલું કહી એ એકાંતસ્થાનમાં ચાલ્યો ગયો. હિન્દુસ્તાનની દક્ષિણે આવેલું પોન્ડીચેરીનું સ્થળ એને પસંદ પડયું. દશ વર્ષ પર મારો ને એનો પ્રભુપ્રતાપે અહીંઆ જ પહેલીવાર ભેટો થયો. તે વખતે તે યોગસમાધિમાં બેઠો હતો. પાંચ વરસ સુધી એની યોગસમાધિ ચાલુ રહી. પાંચ વરસ પછી જ્યારે હું એને ફરીથી મળ્યો ત્યારે એણે દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, દિવ્ય શક્તિ મેળવી હતી. એ જ્ઞાનથી આ દુનિયાની કે બીજી દુનિયાની કોઈ પણ ચીજ એનાથી છૂપી રહી નથી. એ શક્તિથી મહેનત વિના, વગર સંકોચે, વગર ઇચ્છાએ એનો આત્મા પ્રભુની ઇચ્છા જાણી શકે છે.

તે પછી તો બીજાં પાંચ વરસો વહી ગયાં છે. આ પાંચ વરસોમાં મારી વિનતિ ધ્યાનમાં લેઈ આર્ય નામના માસિકમાં મનુષ્યોને કર્ણે નથી પડયું એવા દૈવી જ્ઞાનનું એણે રહસ્ય સમજાવ્યું છે, અને ઉંડામાં ઉંડા તત્ત્વજ્ઞાનનો પરિચય કરાવ્યો છે. હાલ એ એના એકાંત-સ્થાનની નિર્જનતામાં હિન્દનો ઉદ્ધારક બન્યો છે. એ દિન પણ નજીક આવ્યો છે જ્યારે તે દિવસના ઝળહળતા પ્રકાશમાં અખીલ એશિયાનો ગુરૂ બનશે—જગતગુરૂ બનશે. કારણ કે જગતના ઉદ્ધારક અને પયગમ્બરો એશિયામાં જ જન્મ્યા છે.

આજે જગતની આગળ પહેલી જ વાર હું એનું નામ બહાર પાડું છું. એ તો નિઃસન્દેહ છે કે એનું નામ પહેલું તમારા (ટોકીઓના એશિયાટિક યુનિયનના વિદ્યાર્થીઓને) કર્ણે પડવું જોઈએ. હવેથી એનું નામ તમારૂં, તમારા યુનિયનનું, એશિયાના નૌજવાનોનું, અખીલ એશિયાનું સ્મરણ ચિહ્ન હો, સમર ચિહ્ન હો! કારણ કે એ નામજ સ્વતંત્ર એશિયા, એકત્ર એશિયા, સંજીવન એશિયા છે. એશિયા! તારૂં સૌભાગ્ય અખંડ હો!

વાંચકોને

શ્રી. અરવિંદ ઘોષનું નામ સુપરિચિત છે. તેમના મુખ્ય મુખ્ય રાજદ્વારી લેખો, ભાષણો, પત્રો વગેરેનું તારણ કરીને આ પુસ્તક પ્રગટ કર્યું છે. તેમની રચનાઓમાં મૂળથી રાજપ્રકરણની સાથે ધર્મ ગુંથાએલો રહ્યો છે, એટલે કેટલોક ભાગ કેવળ ધાર્મિક લાગે એવો છે; પણ તે રાજકીય સંગોગોમાંથી થોડે ઘણે અંશે સ્ફુરેલો છે તેથી તેનો આ સંગ્રહમાં સમાવેશ કર્યો છે.

આમાંના લેખોના અનુવાદની મૂળ જવાબદારી તો ભાઇ નવલરામે લીધી હતી.તે તેમણે કેવી રીતે અદા કરી છે તે વાંચકો વિચારી લેશે. અનુવાદ કરવામાં અને પુસ્તક પ્રગટ કરવામાં ભાઈ નંદલાલ શાહે જે અમૂલ્ય મદદ કરી છે, તે બન્ને ભાઇઓનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

ભાઈ કનૈયાલાલ મુન્શીએ પ્રસ્તાવના લખીને આ પુસ્તકની ઉપયોગિતામાં વધારો કર્યો છે તે માટે તેમનો પણ ઋણી છું.

ભાઈ રમણિયરામ ત્રિપાઠીએ અરવિંદ ઘોષની તૈયાર કરાવેલી છબીની નકલો વખતસર મોકલી છે તે માટે તેમનો પણ ઉપકાર માનવો ઘટે છે.

આ પુસ્તકના સુધારાવધારા વિષે વાંચકો સૂચના કરશે તો બીજી આવૃત્તિ પ્રકટ કરતી વખતે તેનો લાભ લઈ શકાશે.

અમદાવાદ,
ફાગણ વદ ૧૧ ને ગુરૂવાર.

ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક.

પ્રસ્તાવના

મારા જાણવા પ્રમાણે અરવિંદ ઘોષના લખાણોમાંના કેટલાકને ગુજરાતીમાં પુસ્તક રૂપે પ્રગટ કરવાનો આ પહેલો પ્રયત્ન છે.

આ જમાનામાં બનાવો એટલા ઝડપથી બને છે કે અરવિંદનું નામ ભૂતકાળનું થઇ ગયું છે. થોડાંક વર્ષો પૂર્વે, એ અમારા વડોદરા કોલેજમાં પ્રોફેસર હતા; બારિસાલ કોન્ફરન્સ પછી વડોદરા રાજ્યની નોકરી છોડતાં એમણે આપેલા છેલ્લા ભાષણના પડઘા હજુ મારા કાનમાં પડી રહ્યા છે; સુરતમાં તેમના મેલાપનાં મને તાજાં સ્મરણો છે: 'વન્દે માતરમ્'નાં ઉત્સાહપ્રેરક લખાણોની દર અઠવાડીએ જોવાતી વાટ તે હજીયે યાદ છે.

અને છતાં એ સમયના અરવિંદ બાબુ લગભગ ઇતિહાસ-કાળમાં ભળી જવા લાગ્યા છે. યૂરોપીય ઘોર વિગ્રહ, હિન્દની સચેત થયેલી આશાઓ ને તેનો વિનાશ, મોન્ટેગ્યુનો અસાધારણ પ્રયત્ન ને તેનો પરિણામે હિન્દને મળેલું નવું રાજ્યતંત્ર, રોલેટએક્ટનો કેર ને તેનો પંજાબમાં થયેલો પ્રતિશબ્દ, અને ગાંધીજીના અસહકાર મંત્રનો દિગ્વિજય—આ વસ્તુઓની વિશાળ છાયાઓએ અરવિન્દના સમય વચ્ચે પડદો કર્યો છે, ને તેની રેખાઓને ઝાંખી કરી ભૂતકાળમાં મેળવી દીધી છે. અને પોંડીચેરીનો યોગેન્દ્ર આત્મસિદ્ધિની શોધમાં મથી રહ્યો છે.

પણ અરવિંદનો સંદેશો જેવો પંદર વર્ષ પહેલાં હતો તેવોજ આજે ઉપયોગી છે. રાષ્ટ્રધર્મના મહામંત્રનો તે દ્રષ્ટા હતો. હિન્દના ઇતિહાસમાં પહેલી વખતે ધર્મથી, સંપ્રદાયથી, પ્રાન્તિક પ્રેમથી નિરાળો રાષ્ટ્રધર્મ એણે શીખવ્યો; અને શુદ્ધ ને સબળ એવી રાષ્ટ્રીય અસ્મિતા અનુભવવાના લ્હાવા લેતાં હિન્દીવાનોને શીખવ્યું. ધગધગતા લાવા સમા તેના લેખોએ ચારે દિશામાં પ્રાન્તિકતા, જાતિવિરોધ, ધર્મવિરોધના સંસ્કારોને બાળી મૂક્યા.

બંગાલના ભાગલા વખતની ચળવળમાં ભાગ લેનાર બધા આગેવાનો—સુરેદ્રનાથ, પાલ, અશ્વિનિકુમારઘોષ—માં અરવિન્દનું સ્થાન નિરાળું હતું. તેનો ઉદ્દેશ નિઃસ્વાર્થ હતો; તેની નજર રાષ્ટ્રકર્તાની હતી; તેનો પ્રયાસ ભગીરથનો હતો. તે સામાન્ય આગેવાન નહોતા—પણ આર્યસંસ્કૃતિના સનાતન સત્યને સતેજ રાખનાર અગ્નિહોત્રી હતા.

આર્યસંસ્કૃતિના જીવનમાં ઘણી વખત એવા પ્રસંગ આવ્યા છે કે જ્યારે પરસંસ્કારે તેનો પ્રાણ કાઢવાની તૈયારી કરી હોય; પણ તેવે વખતે હંમેશા આર્યસંસ્કૃતિએ એક મહાપ્રયત્ને પ્રતાપી વ્યક્તિઓ પ્રગટાવી છે, અને પરસંસ્કારના મોહને પ્રાબલ્યનષ્ટ કરી, તેમનો પોતાનાં અંગ તરીકે પોતાનામાં સમાવેશ કર્યો છે. યૂરોપીય સંસ્કારના પ્રાબલ્યને વશ કરવા, આર્યસંસ્કારનું સામ્રાજ્ય સ્થાપવા આપણા દેશમાં જે મહાત્માઓ થયા છે તેમાં દયાનંદ, વિવેકાનંદ, અરવિંદ, અને ગાંધીજી—એ ચાર એ આર્યસંસ્કૃતિની પ્રાગતિક પુનઃસિદ્ધિ કરવામાં સાધનભૂત થયા છે. આ ચારમાં અરવિંદનું સ્થાન વિચારવું જોઇએ. દયાનંદનો મંત્ર આપણા ઐતિહાસિક સાતત્ય (historic continuity) નું આપણને ભાન કરાવવું એ હતો. વિવેકાનંદે આપણા સંસ્કારની સમૃદ્ધિમાં ગર્વ પેદા કરવાનો પ્રયત્ન આદર્યો હતો. પણ અરવિંદ આપણને એક ડગલું આગળ લઇ ગયા.

રાષ્ટ્રને ઇશ્વર તરીકે પૂજવો, તેના ભૂત વર્તમાન ને ભાવીમાં ગૌરવ ધારવું, તેની ખુબીઓને બહાર લાવવી, ને તેનાં દૂષણોને વિસારવાં એ શીખ એ સદાય દેતા. આપણી સંસ્કૃતિ સબળ ને સચોટ સ્વરૂપ પકડે, હિન્દીઓને પ્રતાપી ને દુર્જય કરે અને દેશની અંદર ને બહાર પોતાની સત્તા બેસાડે એવો એનો સંદેશ હતો. દરેક રીતે, દરેક પ્રકારે રાષ્ટ્રીય અસ્મિતા ખીલે, દરેક ક્ષેત્રમાં આપણા રાષ્ટ્રીય ગૌરવ ને મહત્તાનું આપણને ભાન થાય એ એમનું અંતિમ લક્ષ્ય હતું.

આ લક્ષ્ય સધાય તે પહેલાં પરસત્તા કરતાં પરસંસ્કારનો બહિષ્કાર થવો જોઇએ એમ તે માનતા હતા. જ્યાં સુધી પરદેશી માલનો ને પરસંસ્કારનો બહિષ્કાર થાય નહિ, ત્યાં સુધી રાષ્ટ્રીય સ્વમાન કે અસ્મિતા પ્રગટે નહિં એમ તેમનો સિદ્ધાન્ત હતો. અને તેથી "Boycott" "બહિષ્કાર" ને તે અનુપમ હથિયાર ગણતા.

વર્ષો થયાં આત્મનિર્ણિત એકલતા અરવિંદ ભોગવે છે; અને આપણા આધ્યાત્મિક ગૌરવના સાક્ષીભૂત સંદેશા અવારનવાર પોંડીચેરીથી પ્રગટ થાય છે. પંદર વર્ષપર અરવિંદ હતા, તે હાલ છે નહિં; પહેલાં તેમના સિદ્ધાન્તો હતા તે અચળ રહ્યા છે કે કેમ એ શંકાભરી વાત છે; એ પાછા આવે તો શો મંત્ર ઉચ્ચારશે એ પણ કળી શકાય એમ નથી. છતાં ઘણીવાર આખા દેશની નજર પોંડિચેરી તરફ ફરે છે, ને કાંઈક અદ્ભૂત નવીન આશા રાખે છે. પોલ રિશાર્ડ એને 'એશિયાનો ભાવિ નેતા' લેખે છે; ઘણા એને હિન્દના ભાવીના અવતાર લેખે છે; પણ અમેયને શબ્દથી માપવાના પ્રયત્ન વ્યર્થ છે.

અરવિંદના જુના રાજકીય વિચારો હાલની પરિસ્થિતિને લાગુ પડે કે કેમ, અને વ્યવહારૂ નીતિમાં ઉતારાય કે કેમ એ જુદી વાત;

પરિશિષ્ટ ख

અરવિંદના જીવનના મુખ્ય પ્રસંગો

૧૮૭૨ ઓગસ્ટની ૧૫ મી તારીખે કલકત્તામાં જન્મ થયો. પિતાનું નામ ડૉ. કૃષ્ણધન ઘોષ. માતામહનું નામ રાજનારાયણ બોસ–રાષ્ટ્રવાદના આદ્ય પિતા.

૧૮૭૭ દાર્જીલીંગની સેન્ટ પૉલ્સ સ્કુલમાં અભ્યાસ શરૂ કર્યો.

૧૮૭૯ આગળ અભ્યાસ કરવા પિતાએ વિલાયત મોકલ્યા. પહેલાં માનચેસ્ટરમાં કોઈ ખાનગી શાળામાં અભ્યાસ કર્યો.

૧૮૮૪ પછીથી લન્ડનની સેન્ટ પૉલ્સ સ્કુલમાં દાખલ થયા. ત્યાં લગભગ ૭ વરસ સુધી અભ્યાસ કર્યો.

૧૮૯૦ ઇન્ડિયન સિવિલ સર્વિસની (આઈ. સી. એસ.) પરીક્ષામાં બેઠા. પરીક્ષામાં ૧૦ મા નંબરે પાસ થયા, પણ ઘોડેસ્વારીમાં નાપાસ થયા. ગ્રીકના પેપરમાં પોતે પહેલા નંબરે આવ્યા. મિ. બીચક્રાફ્ટ બીજે નંબરે આવ્યા. પછીથી તેઓ કેમ્બ્રીજની કિન્ગ્સ કૉલેજમાં દાખલ થયા. તે દરમિયાન પિતાનો દેહાંત થયો એટલે પોતાને મળતી સ્કૉલરશીપ પર જ ગુજરો કરવો પડયો.

૧૮૯૨ બી. એ. ની પરીક્ષામાં બેઠા. ખાસ વિષય તરીકે ગ્રીક, લેટીન વગેરે પ્રાચીન ભાષાઓ પસંદ કરી. પહેલા વર્ગમાં પાસ થયા. મહારાજા સયાજીરાવ સાથે મેળાપ થયો. એમણે એમને પોતાના ખાસ માણસની જગ્યા આપી.

૧૮૯૩ વિલાયતથી વડોદરા આવ્યા, અને મહારાજાની હજૂરમાં નોકરી કરવા લાગ્યા. ત્યાંથી દિવાની ખાતામાં એમની બદલી થઈ અને પછીથી બરોડા કૉલેજના ભાષા અને ઇતિહાસના પ્રોફેસર નીમાયા. એમની અસાધારણ પ્રતિભા જોઈ પાછળથી એમને રૂા. ૭૫૦) ના માસિક પગારવાળી વાઇસ–પ્રિન્સિપાલની જગ્યા આપી. ૧૮૯૪ માં ઇન્દુપ્રકાશમાં મહાસભાની નીતિપર ટીકા કરનારા લેખો લખ્યા. આવી રીતે વડોદરા રાજ્યમાં એમણે ૧૨ વરસ વ્યતીત કર્યાં.

૧૯૦૫ બંગભંગનું બિલ ધારાસભામાં રજૂ થયું. અરવિન્દ વડોદરા છોડી બંગાળા આવ્યા. ઓગસ્ટની ૫ મી તારીખે બંગાળીઓએ બ્રિટિશ માલના બહિષ્કારનો ઠરાવ પસાર કર્યો. સરકારે વિદ્યાર્થીઓને જાહેર સભાઓમાં ભાષણ સાંભળવા જવાનો અને “ બન્દે માતરમ્ ! ” બોલવાનો નિષેધ કર્યો. અકટોમ્બરની ૧૬ મી તારીખે બંગભંગનું બિલ ધારાસભામાંથી પસાર થયું અને એ કાયદો થયો. પોલિસે જાહેર સભાઓ જોરજુલમથી વિખેરવા માંડી, અને લાઠીઓ અને દંડુકાનો છૂટથી ઉપયોગ થયો. ૧૭ મી નવેમ્બરે નેશનલ કૌન્સિલ ઓફ એજ્યુકેશનની બંગાળામાં સ્થાપના થઈ. ડીસેમ્બર મહીનાની આખરે કાશીમાં શ્રી ગોપાળ કૃષ્ણ ગોખલેના પ્રમુખપણા નીચે મહાસભાની બેઠક થઈ, અને એ સભાએ બંગાળીઓના બહિષ્કારને ટેકો આપ્યો.

૧૯૦૬ માર્ચ મહિનામાં બારીસાલમાં બંગાળ પ્રાન્તિક પરિષદની બેઠક મળી. ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ મિ. ઇમર્સને લાઠી અને દંડુકાથી

પરિષદ્‌ને વિખેરી નાંખી, અને બાબુ સુરેન્દ્રનાથ બેનરજીનું અપમાન કર્યું. છેવટે તેમનાપર કેસ ચલાવી કોરટનું અપમાન કરવા બદલ ૨૦૦) રૂપિયા દંડ કર્યો. અરવિન્દ આ પરિષદ્‌માં હાજર હતા. એમણે વડોદરા આવી જાહેરસભા ભરી, પરિષદ્‌ની વિતક વાર્તા કહી સંભળાવી. જુલાઇમાં તેમણે વડોદરા રાજ્યની નોકરીનું રાજીનામું આપી રૂ. ૧૫૦) ના માસિક પગારથી કલકત્તામાં સ્થપાએલા રાષ્ટ્રાય મહાવિદ્યાલયનું આચાર્યપદ સ્વીકાર્યું. પણ એ મહાવિદ્યાલયને પૈસા આપનાર લોકો સરકારથી ડરતા હતા, એટલે જે અભિલાષથી અરવિન્દે પોતાની નોકરી છોડી એ અભિલાષ સિદ્ધ થાય એમ ન લાગ્યું. આથી એમણે શિક્ષણનું કામ છોડીને બાબુ બિપિનચન્દ્ર પાલે શરૂ કરેલા 'બન્દેમાતરમ્' પત્રમાં લખવાનું કામ હાથ ધર્યું. ધીરે ધીરે 'બન્દેમાતરમ્' પત્રના શેર કાઢયા, અને લીમીટેડ કંપની ઉભી કરી; અને અરવિન્દ બાબુ સ્યામસુન્દર ચક્રવતી વગેરેની સહાયથી એ પત્રના અધિપતિ થયા. ડીસેમ્બર માસની આખરે દેશભક્ત દાદાભાઇ નવરોજજીના પ્રમુખપણા નીચે કલકત્તામાં મહાસભાની બેઠક થઈ, અને લો. મા. ટિળક, અરવિન્દ બાબુ વગેરેની તનતોડ મહેનતથી રાષ્ટ્રીય શિક્ષણ, બહિષ્કાર, સ્વદેશી વગેરેના ઠરાવો પસાર થયા.

૯૦૭ અરવિન્દ બાબુ પર 'બન્દેમાતરમ્' પત્રમાં આવેલા લેખો માટે ફીતૂરના આરોપપર પોલિસ કોરટમાં કામ ચાલ્યું. બાબુ બિપિનચન્દ્ર પાલે કોરટમાં જુબાની આપવાની ના પાડી, આથી એમને ૭ માસની જેલ મળી. છેવટે આરોપ પૂરવાર નહિ થવાથી અરવિન્દ બાબુ છૂટી ગયા. નવેમ્બર માસમાં મીદનાપુર જીલ્લા પરિષદ્ મળી. તેમાં બંગાળના રાષ્ટ્રપક્ષવાદીઓ અને વિનીતપક્ષવાદીઓ વચ્ચે ચકમક ઝરી. અરવિન્દ બાબુ બંગાળના

રાષ્ટ્રપક્ષના નેતા બન્યા અને ડીસેમ્બર માસમાં સુરતની કોન્ગ્રેસમાં ભાગ લેવા સુરત આવ્યા. સુરત કૉન્ગ્રેસના પ્રમુખ તરીકે ડૉક્ટર રાશબિહારી ઘોષને વિનીતપક્ષ તરફથી પસંદ કરવામાં આવ્યા હતા. પ્રમુખે પોતાના ભાષણમાં રાષ્ટ્રપક્ષને ખૂબ ગાળો દીધી હતી. અરવિન્દ બાબુ લો. મા. ટિળક અને મોતીબાબુને લેઇને કૉન્ગ્રેસના આગલે દિવસે, તા. ૨૬ મીએ, બાબુ સુરેન્દ્રનાથ બેનરજીના તંબુમાં ગયા અને તેમને સમજાવ્યા કે પ્રમુખના ભાષણમાંથી રાષ્ટ્રપક્ષને ઉતારી પાડનારો ભાગ કાઢી નાંખો, અને કલકત્તાવાળા રાષ્ટ્રીય શિક્ષણ, સ્વદેશી અને બહિષ્કારવાળા ઠરાવો પસાર કરવાનું વચન આપો; નહિ તો અમે પ્રમુખની દરખાસ્તની સામે થઇશું. સુરેન્દ્ર બાબુએ ન માન્યું અને બીજે દિવસે લો. મા. ટિળક પ્રમુખની દરખાસ્તની સામે થવા વ્યાખ્યાનપીઠ પર ઉભા થયા. વિનીતપક્ષવાળાઓએ એમને બેસી જવાની બૂમો મારી, પણ લો. મા. ટિળકે બેસી જવાને બદલે પોતાનું ભાષણ શરૂ કર્યું. આથી ઘોંઘાટ વધી ગયો, કોઈ બદમાશે સર ફીરોઝશાહ મહેતાપર પંજાબી જોડા ફેંકયો, આથી બન્ને પક્ષ વચ્ચે મારામારી શરૂ થઇ, ખુરસીઓ ઉછળી અને છેવટે પોલિસે આવી મહાસભાને વિખેરી નાંખી. બીજે દિવસે તા. ૨૮ મીએ અરવિન્દ બાબુના પ્રમુખપણા નીચે રાષ્ટ્ર-પક્ષવાદીઓએ પોતાની સભા ભરી અને લો. મા. ટિળકે પોતાનો પક્ષ સમજાવ્યો.

૧૯૦૮ સુરતથી નીકળ્યા બાદ અરવિન્દ બાબુએ પુના, મુંબાઈ, નાસિક, નાગપૂર વગેરે સ્થળોમાં રાષ્ટ્રીય શિક્ષણ, સાંપ્રત પરિસ્થિતિ, ભવિષ્યનું કાર્ય વગેરે વિષયોપર વ્યાખ્યાનો આપ્યાં અને તે પછી કલકત્તા આવ્યા. એપ્રિલની ૩૦ મી તારીખે મુઝફ્ફરપુરમાં બોમ્બગોળો પડ્યો અને બે મડમોનાં ખૂન થયાં. મેની ૨ જી

તારીખે અરવિન્દ બાબુને ઘેર જડતી આવી, એમની બેન સરોજિનીની છાતી પર પોલિસ સુપ્રીન્ટેન્ડન્ટ ક્રેગને બન્દુક તાકી, અને અરવિન્દ બાબુને હાથકડી કરી લાલબજારની ચોકીપર લેઇ ગયા. કલકત્તાના પોલિસ માજીસ્ટ્રેટ મિ. થોર્નહીલ આગળ તેમને પાછળથી ખડા કરવામાં આવ્યા, અને મેની ૧૮ મી તારીખે અલિપુરના જોડીઆ ન્યાયાધીશ મિ. બર્લે આગળ તેમનું અને બીજા ૩૯ આરોપીઓનું કામ ચાલ્યું. કામ ચાલતું હતું તે દરમિયાન નરેન્દ્ર ગુંસાઈ નામનો એક આરોપી પોલિસનો સાક્ષી બન્યો. આથી ક્ષયરોગથી પીડાતા સત્યેન્દ્ર બોસ નામના આરોપીએ તેને સમજાવ્યો કે "મારે પણ તારી સાથે સાક્ષી બનવું છે." દરમિયાન માંદગીનું બહાનું બતાવી કનૈયાલાલદત્ત જેલની ઇસ્પિતાલમાં દાખલ થઈ ગયો. વાત કરતાં કરતાં નરેન્દ્ર ગુંસાઈપર સત્યેન્દ્રે ગોળી છોડી, પણ બ્હાર ખાલી ગયો. ગુંસાઈ બહાર દોડયો. ત્યાં કનૈયાલાલ પૂંઠે પડયો. એક સાર્જન્ટે કનૈયાલાલને પકડી લીધો, પણ એના હાથમાં ગોળી મારી કનૈયાલાલ છૂટી ગયો. છેવટે ઇસ્પિતાલના કમ્પાઉન્ડની અંદર દોડતા ગુંસાઈ પર એણે છનાછન ગોળીઓ છોડી, અને કમ્પાઉન્ડની બહાર નીકળતાં નીકળતાં ગુંસાઇ પટકાઇ પડયો. ગોળીઓ ખૂટી ગઇ એટલે રીવોલ્વરનો બ્હાર સાંભળી આગળ પાછળ ભરાઇ ગએલા જેલના અધિકારીઓ બહાર નીકળ્યા, અને કનૈયાલાલ અને સત્યેન્દ્રને પકડી લીધા. બન્નેને ફાંસીની સજા થઈ. ૨૨ મી ઓગસ્ટે મિ. બર્લે આગળથી કામ છૂટીને મિ. બીચક્રાફ્ટ આગળ ૨૩ મી ઓકટોબરથી સેશનમાં કામ ચાલ્યું.

૧૯૦૯ ફેબ્રુઆરીની ૧૦ મી તારીખે સરકારી વકીલ બાબુ અસુતોષ બિશ્વાસનું ખુન થયું. અસંખ્ય સાક્ષીઓની જુબાનીઓ લેવાયા

બાદ સરકારી પ્રોસીક્યુટર મિ. અર્ડલી નૉર્ટને ૧૬ દિવસ ભાષણ કર્યું અને અરવિન્દ બાબુના ખુદાને ખાતર કામ કરનાર બારિષ્ટર બાબુ ચિત્તરંજન દાસે ૮ દિવસ ભાષણ કર્યું. એપ્રિલની ૧૩ મી તારીખે એસેસરોએ અરવિન્દને નિર્દોષ જાહેર કર્યા. મે ની ૬ ઠ્ઠી તારીખે ગ્રીકની પરીક્ષામાં અરવિન્દથી બીજે નંબરે આવનાર માજીસ્ટ્રેટ મિ. બીચક્રાફ્ટે પોતાનું જજમેન્ટ આપ્યું, અને એસેસરો સાથે પોતાનો સહમત જાહેર કરી અરવિન્દને છોડી મૂક્યા. ૩૦ મી મેએ અરવિન્દે કલકત્તા પાસે આવેલા ઉત્તરપાડામાં પોતાનો 'આશ્રમનિવાસ'નો અનુભવ કહી સંભળાવ્યો, અને જુન મહિનામાં અંગ્રેજીમાં કર્મયોગી અને બંગાળીમાં ધર્મ નામનાં સાપ્તાહિક પત્રોનો લેખનભાર હાથમાં લીધો. ૨૫ મી ડીસેમ્બરના કર્મયોગીમાં છપાએલા " મારા દેશબંધુઓ પ્રત્યે " વાળા લેખ પર સરકારનું ધ્યાન ખેંચાયું અને એ લેખ માટે અરવિન્દપર કામ ચલાવવું કે નહિ, એ માટે સરકારી ધારાશાસ્ત્રીનો મત પૂછ્યો.

૧૯૧૦ માર્ચ મહિનામાં અરવિન્દ બાબુપર વારંટ નીકળ્યું. અરવિન્દ બાબુને લાગ્યું કે પાછા જેલમાં પૂરાવાથી દેશનો ઉદ્ધાર નહિ થાય, એને માટે દૈવી શક્તિની જરૂર છે. આથી પોતાના અંતરનો નાદ સાંભળી તેઓ ફ્રેન્ચ સંસ્થાનમાં પોંડીચેરી નાસી ગયા, અને ત્યાં જેલમાં અધૂરી રહેલી યોગસાધનાની પૂર્ણાહૂતિમાં કાળક્ષેપ કરવા લાગ્યા. પાંચ વરસ સુધી એમણે યોગસાધના કરી. પછીથી સંત પોલરિચર્ડની વિનંતિને વશ થઈ તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કરતા 'આર્ય' નામના અંગ્રેજી માસિકનો ભાર ઉપાડવાનું પોતે કબૂલ કર્યું.

૧૯૧૬ 'આર્ય' અંગ્રેજી અને ફ્રેન્ચ બન્ને ભાષામાં પ્રગટ થવા માંડયું, અને હિન્દુધર્મના ઉંડા તત્ત્વજ્ઞાનના ભેદનો સ્ફોટ થવા માંડયો. પોતાના જાતિ અનુભવથી તત્ત્વજ્ઞાનની જટિલમાં જટિલ સમ-

સ્યાઓનો ઉકેલ કરવામાં, જ્ઞાનના ઉંડામાં ઉંડા જળમાં ડુબકી મારી પરમ આનંદ અનુભવવામાં અને વિશ્વની લીલાનું આંતરરહસ્ય સમજવામાં એમને ઘણી સહાય મળી.

૧૯૨૧ બાકીનું એક વરસ પૂર્ણ સિદ્ધિ મેળવવા માટે યોગસાધનામાં ગાળવાનું હોવાથી એમણે આ સાલમાં આર્ય માસિક બંધ કર્યું, અને હાલ તેઓ એ સિદ્ધિ મેળવવા માટે પોંડીચેરીમાં યોગ-સાધના કરી રહ્યા છે. એમના વ્રતની અવધ પૂરી થશે એટલે તેઓ બહાર નીકળશે, અને જગતને પોતાનો સંદેશ સંભળાવશે. પ્રભુ સર્વેનાં હૃદય નિર્મળ બનાવો કે એમનો સંદેશ ઝીલી શકે!

અમારાં પુસ્તકો

---

१ હિન્દ સ્વરાજ્ય

એક સત્યવીરની આત્મકથા અને સર્વોદય

લેખકઃ મહાત્મા મોહનદાસ ક. ગાંધી ૦—૮—૦

૨ રાષ્ટ્રગીત બંગાળી, હિન્દી, હિન્દુસ્તાની, મરાઠી અને ગુજરાતી ગીતોનો સંગ્રહ.

સંગ્રહકર્ત્તાઃ ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક.

(છપાય છે.) ૦—૦૧—૦

૩ સત્યાગ્રહીના સ્વાતંત્ર્યમંત્રો	૮—૦—૩
૪ લાલા લાભસિંગ	૦—૩—૦
૫ ગુલામ જીલાની	૦—૨—૦
૬ ઈજીપ્તનો અસહકાર	૦—૧—૬
૭ અમૃતસરની વીરાંગના	૦—૧—૦
૮ પંજાબના અત્યાચારો	૦—૧—૦
૯ કાયદાની સામે થવાની ફરજ	૦—૧—૦

પ્રકાશકઃ ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક,

રાષ્ટ્રીય સાહિત્ય કાર્યાલય—અમદાવાદ